લઘુહારિભદ્ર ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત સ્વોપજ્ઞ ટીકા યુક્ત

# ભાષારહસ્ય પ્રકરણ

શબ્દશઃ વિવેચન

ભાગ-૨



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ભાષારહસ્ય પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૨

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલન-સંશોધનકારિકા ✪

પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા
પરમપૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના
શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.
ગીતાર્થ ગંગા

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૪૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

**પરમપૂજ્ય શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી શ્રી મહાવીર શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ, વડાલા, મુંબઈ.**

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૫૪

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**
**ગીતાર્થ ગંગા,**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**
**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**
**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**
**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ જામનગર :**
**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સી-૯, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**
**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**❖ રાજકોટ :**
**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન

૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫

૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બાર ભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

## 'ભાષારહસ્ય પ્રકરણ' શબ્દશઃ વિવેચન ભાગ-રની

# સંકલના

વળી અસત્યભાષાના દશ ભેદો ગાથા-૩૮માં બતાવેલ છે. તે દશ ભેદો આ પ્રમાણે છે :-

(૧) ક્રોધનિઃસૃતઅસત્યાભાષા, (૨) માનનિઃસૃતઅસત્યાભાષા, (૩) માયાનિઃસૃતઅસત્યાભાષા, (૪) લોભનિઃસૃતઅસત્યાભાષા, (૫) રાગનિઃસૃતઅસત્યાભાષા, (૬) દ્વેષનિઃસૃતઅસત્યાભાષા, (૭) હાસ્યનિઃસૃતઅસત્યાભાષા, (૮) ભયનિઃસૃતઅસત્યાભાષા, (૯) આખ્યાયિકાનિઃસૃતઅસત્યાભાષા અને (૧૦) ઉપઘાતનિઃસૃતઅસત્યાભાષા.

આનાથી એ ફલિત થાય કે કષાયાદિને વશ થઈને જે ભાષા બોલાય તે સર્વ મૃષાભાષા છે.

વળી ગાથા-૪૬માં સત્યામૃષા નામની ત્રીજી ભાષા બતાવેલ છે અને ગાથા-૪૭માં તેના દશભેદો બતાવે છે. તે આ પ્રમાણે છે :-

(૧) ઉત્પન્નમિશ્રિતામિશ્રભાષા, (૨) વિગતમિશ્રિતામિશ્રભાષા, (૩) ઉત્પન્ન વિગતમિશ્રિતામિશ્રભાષા, (૪) જીવમિશ્રિતામિશ્રભાષા, (૫) અજીવમિશ્રિતામિશ્રભાષા, (૬) જીવાજીવમિશ્રિતામિશ્રભાષા, (૭) અનંતમિશ્રિતા-મિશ્રભાષા, (૮) પ્રત્યેકમિશ્રિતામિશ્રભાષા, (૯) અદ્ધામિશ્રિતામિશ્રભાષા, (૧૦) અદ્ધાઅદ્ધામિશ્રિતામિશ્રભાષા.

આ દશ પ્રકારની ભાષા યથાર્થ બોધના અજ્ઞાનને કારણે બોલાય છે અને મૃષાભાષા બહુલતાએ કષાયને વશ થઈને બોલાય છે. આ પ્રકારે મૃષાભાષા અને મિશ્રભાષા વચ્ચે સામાન્યથી ભેદ છે.

વળી અસત્યામૃષારૂપ અનુભયભાષાના ૧૨ ભેદો છે જેને ગાથા-૬૯થી ૭૧માં બતાવેલ છે તે આ પ્રમાણે :

(૧) આમન્ત્રણીભાષા, (૨) આજ્ઞાપનીભાષા, (૩) યાચનીભાષા, (૪) પૃચ્છનીભાષા, (૫) પ્રજ્ઞાપનીભાષા, (૬) પ્રત્યાખ્યાનીભાષા, (૭) ઇચ્છાનુલોમભાષા, (૮) અનભિગૃહીતાભાષા, (૯) અભિગૃહીતાભાષા, (૧૦) સંશયકરણીભાષા, (૧૧) વ્યાકૃતાભાષા, (૧૨) અવ્યાકૃતાભાષા.

સત્યાદિ ચાર ભાષામાંથી કયા જીવોને કઈ ભાષા સંભવે ? તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ ગાથા-૮૧માં કરેલ છે. તે પ્રમાણે દેવતા, નારક અને મનુષ્યોને સર્વ ભાષા સંભવે છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોને અસત્યામૃષાભાષા નામથી ચોથી ભાષા સંભવે છે, તેના બાર ભેદોમાંથી પણ અવ્યાકૃતા અર્થાત્ અવ્યક્તભાષા સંભવે છે. પંચેન્દ્રિયતિર્યંચોમાં પણ શિક્ષા અને લબ્ધિરહિત જીવોને અવ્યક્તભાષા જ હોય છે. જ્યારે શિક્ષા અને લબ્ધિવાળા તિર્યંચોને યથાયોગ્ય ચારેય ભાષાનો સંભવ છે.

બાહ્ય વસ્તુને આશ્રયીને દ્રવ્યભાવભાષાના ચાર ભેદો બતાવ્યા પછી ગ્રંથકારશ્રીએ શ્રુતભાવભાષાના ૩ ભેદો ગાથા-૮૨માં બતાવેલ છે. તે પ્રમાણે શ્રુતજ્ઞાનના ઉપયોગને આશ્રયીને બોલાતી ભાષા સત્યાભાષા, મૃષાભાષા, કે અસત્યામૃષાભાષા એમ ત્રણ ભેદથી પ્રાપ્ત થાય છે. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ જીવ હોય, જિનવચનાનુસાર

શાસ્ત્રનો બોધ હોય તેથી બહુશ્રુતત્વાદિથી યુક્ત હોય તેવા પણ મહાત્મા ઉપયોગપૂર્વક બોલે તો જિનવચનાનુસાર યથાર્થ શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોવાથી સંવેગથી ગર્ભિત એવી ભાષા બોલે છે તે શ્રુત વિષયક સત્યભાષા છે.

વળી બહુશ્રુતત્વાદિ ગુણવાળા મહાત્મા સમ્યગ્દૃષ્ટિ પણ હોય છતાં જિનવચનાનુસાર શ્રુતજ્ઞાનનો ઉપયોગ ન હોય તો શ્રુતવિષયક અસત્યભાષાની પ્રાપ્તિ થાય છે. વળી જેઓ બહુશ્રુતત્વાદિ ગુણવાળા નથી, સમ્યગ્દૃષ્ટિ નથી તેઓ ઘુણાક્ષરન્યાયથી ભગવાનના કહેલા પદાર્થો જ બોલતા હોય તોપણ તેઓની સર્વ ભાષા શ્રુતવિષયક અસત્યભાષામાં જ અંતર્ભાવ પામે છે અને જેઓ શ્રુત વિષયક અસત્યભાષા બોલે છે તેઓ શ્રુતજ્ઞાનના વિરાધક છે. વળી જે મહાત્મા શ્રુતજ્ઞાનનું પરાવર્તન કરતાં ઉપયોગપૂર્વક=પરાવર્તન કરાતાં સૂત્રોના યથાર્થ અર્થમાં ઉપયુક્ત થઈને, બોલે છે તે ભાષા અસત્યામૃષા ભાષા છે. વળી અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનમાં ઉપયુક્ત મહાત્મા જે બોલે છે તે અસત્યામૃષાભાષા છે.

કેમ અવધિજ્ઞાની આદિ ત્રણેય મહાત્માની અને શ્રુત પરાવર્તન કરનાર ઉપયુક્ત સાધુની અસત્યામૃષાભાષા છે ? તેની સ્પષ્ટતા ગાથા-૮૪માં ગ્રંથકારશ્રીએ કરેલ છે.

વળી ગાથા-૮૫માં ચારિત્રભાવભાષાના બે ભેદો ગ્રંથકારશ્રીએ બતાવ્યા છે : સત્યભાષા અને મૃષાભાષા. તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્મા ચારિત્રના પરિણામને અવલંબીને ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને તેવી ભાષા બોલે તે ચારિત્રની વિશુદ્ધિ કરનાર હોવાથી સત્યભાષા છે.

આનાથી એ ફલિત થાય કે જે મહાત્મા શ્રુતજ્ઞાનમાં ઉપયુક્ત થઈને પરાવર્તન કરે છે એ ભાષા શ્રુતને આશ્રયીને=શ્રુતજ્ઞાનના ઉપયોગને આશ્રયીને અસત્યામૃષાભાષા હોવા છતાં ચારિત્રની વિશુદ્ધિનું કારણ હોવાથી ચારિત્રને આશ્રયીને તે સત્યભાષા બને છે. આથી જ જિનકલ્પી આદિ મહાત્માઓ શ્રુતનું પરાવર્તન કરીને ઉપયુક્ત અંતર્જલ્પાકારરૂપ જે બોલતા હોય તે ભાષા શ્રુતજ્ઞાનને આશ્રયીને અસત્યામૃષાભાષામાં અંતર્ભાવ હોવા છતાં ચારિત્રની વિશુદ્ધિ કરનાર હોવાથી સત્યભાષામાં અંતર્ભાવ પામે છે.

વળી જે મહાત્મા ભાવ ચારિત્રી હોય છતાં પ્રમાદવશ હોય તે વખતે જે કોઈ ભાષા બોલે છે તે ભાષા પ્રમાદથી યુક્ત હોવાને કારણે સંવેગની વૃદ્ધિનું કારણ બનતી નથી પરન્તુ પ્રમાદના પરિણામના સંશ્લેષને કારણે ચારિત્રના અપકર્ષનું જ કારણ બને છે તેથી તે ભાષા ચારિત્રને આશ્રયીને મૃષાભાષા જ છે.

વળી દ્રવ્યને આશ્રયીને ભાવભાષાના જે સત્યાદિ ચાર ભેદો બતાવ્યા તેમાંથી સાધુને અપવાદિક કારણ વગર સત્ય ભાષા કે અસત્યામૃષાભાષા જ બોલવાની અનુજ્ઞા છે, અને તે પ્રમાણે જ સાધુ તે બેમાંથી કોઈ ભાષા બોલતા હોય છતાં પ્રમાદવશ હોય તો સંક્લેશ કરનારી તે ભાષા ચારિત્રને આશ્રયીને મૃષા બને અને સંવેગગર્ભ તે ભાષા હોય તો ચારિત્રને આશ્રયીને સત્યભાષા બને.

વળી પૂર્વમાં ભાવભાષાના ત્રણભેદો બતાવ્યા — (૧) દ્રવ્યભાવભાષા, (૨) શ્રુતભાવભાષા અને (૩) ચારિત્રભાવભાષા. તેમાંથી દ્રવ્યભાવભાષાના જે ચાર ભેદો છે (૧) સત્યા, (૨) અસત્યા, (૩) મિશ્ર, (૪) અનુભય, તેમાંથી ચારિત્રીને પ્રથમ અને ચરમ ભાષા બોલવાની અનુજ્ઞા છે, અપવાદથી લાભાલાભને અર્થે વચલી બે ભાષા પણ અનુજ્ઞાત છે.

દ્રવ્યભાવભાષામાં અપવાદ સિવાય સામાન્યથી અનુજ્ઞાત પહેલી અને છેલ્લી ભાષા વિષયક પણ કયા પ્રસંગે

કઈ કઈ ભાષા સાધુએ બોલવી જોઈએ નહિ ? તેનો સંક્ષેપથી બોધ કરાવવા અર્થે ગાથા-૮૭થી ૯૬ સુધી બતાવેલ છે. તેમાં કયા કયા સંયોગમાં બોલવાનું પ્રયોજન ઉપસ્થિત થાય અને તે બોલવાથી અન્ય સાધુનો ઉપકાર થતો હોય ત્યારે પણ સાધુના વચન નિમિત્તે કે સાધુનું વચન સાંભળીને કોઈ અન્ય જીવો સાવદ્ય પ્રવૃત્તિ કરે તેના પરિહાર અર્થે કેવી ભાષા સાધુએ બોલવી જોઈએ, જેથી કોઈ સાવદ્ય પ્રવૃત્તિમાં અનાભોગથી સાધુ નિમિત્ત ન બને તે વિષયક અનેક પ્રકારની યતનાઓ બતાવેલી છે. જેથી સાધુને બોલવા વિષયક સર્વ ઉચિત પ્રવૃત્તિનું જ્ઞાન તે ગાથાઓથી થાય છે.

વળી ગાથા-૮૭થી ૯૬માં બતાવેલ વચનોની મર્યાદાને જાણીને સાધુ તે પ્રકારે જ બાહ્યથી ભાષા બોલતા હોવા છતાં ચારિત્રની વિશુદ્ધિમાં ઉપયોગ ન હોય તો બાહ્યથી તે ભાષા શાસ્ત્રવચનાનુસાર ઉપયોગવાળી હોવા છતાં ચારિત્રનો અપકર્ષ કરનારી બને તો ચારિત્રને આશ્રયીને તે ભાષા મૃષા જ બને છે. તેથી જેમ સાધુ ભિક્ષા માટે જાય છે ત્યારે સંકલ્પ કરે છે કે ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે અને તે પ્રમાણે જે સાધુ અંતરંગ દૃઢ પ્રણિધાનવાળા છે તેઓને ભિક્ષાની પ્રાપ્તિકૃત રતિ કે અપ્રાપ્તિકૃત દીનતા થતી નથી, અને શુદ્ધ ભિક્ષાની ગવેષણાની જિનવચનાનુસાર મનોગુપ્તિ હોવાથી ચારિત્રની વૃદ્ધિ થાય છે, તેમ જે સાધુ સમભાવના કંડકમાં ઉપયુક્ત થઈને સંવેગગર્ભ ઉચિત સ્થાને ઉચિત ભાષણ કરીને અન્ય સાધુની સંયમની પ્રવૃત્તિમાં ઉપષ્ટંભક થવા અર્થે શાસ્ત્રમર્યાદાનું સ્મરણ કરીને તે તે નિમિત્તે તે તે ભાષા બોલે છે ત્યારે ચારિત્રની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે તેથી ગાથા-૮૭થી ૯૬માં બતાવેલ મર્યાદા અનુસાર બોલનાર પણ સાધુ સાધુને અનુજ્ઞાત એવી સત્ય કે અનુભય ભાષામાંથી ઉચિત ભાષા બોલતા હોય ત્યારે પણ અંતરંગ રીતે સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉપયોગ ન હોય તો અંતરંગ ગુણસ્થાનકની વૃદ્ધિના પ્રમાદના આશ્લેષવાળી તે ભાષા ચારિત્રને આશ્રયીને મૃષા ભાષા જ બને છે.

વળી ગ્રંથના કથનથી પ્રાપ્ત થતા સારને સંક્ષેપથી બતાવતાં ગ્રંથકારશ્રી ગાથા-૯૭માં કહે છે – સાધુએ જે પ્રમાણે ચારિત્રના પરિણામની વૃદ્ધિના હેતુઓ અપકર્ષને પામે નહિ તે પ્રમાણે શાસ્ત્રવચનથી અને યુક્તિથી ભાષાના ગુણોને અને દોષોને જાણીને બોલવું જોઈએ જેથી ભાષા બોલીને પણ સંયમની વૃદ્ધિની જ પ્રાપ્તિ થાય. તેથી સામાન્યથી સાધુને સર્વક્રિયામાં સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ વગેરે સર્વભાવો પ્રત્યે સમભાવનો પરિણામ રહે અને તેની વૃદ્ધિ થાય તેવો જ પ્રયત્ન કરવો જોઈએ, તેમ ભાષા બોલતી વખતે પણ માત્ર કહેવાનું પ્રયોજન છે માટે કહેવું જોઈએ તેમ વિચારીને બોલવું જોઈએ નહિ, પરન્તુ અંતરંગ રીતે વાગ્ગુપ્તિથી યુક્ત થઈને અને બોલતી વખતે ભાષાસમિતિમાં ઉપયુક્ત થઈને બોલવું જોઈએ તેથી સાધુની અન્ય પ્રવૃત્તિ જેમ ગુણવૃદ્ધિ દ્વારા મોહના નાશનું કારણ છે તેમ બોલવાની પ્રવૃત્તિ પણ સમિતિ-ગુપ્તિની વૃદ્ધિ દ્વારા મોહના નાશનું જ કારણ બને છે.

વળી પ્રસ્તુત ગ્રંથ ભાષાના રહસ્યને બતાવીને પણ ચારિત્ર માટે ઉપયોગી ભાષાનો બોધ કરાવવા અર્થે જ નિર્માણ થયેલો છે તેથી કેવા પ્રકારની પરિણતિવાળા સાધુ ભાષાને બોલીને ચારિત્રની વિશુદ્ધિ કરે છે તે ગાથા-૯૮માં ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. જે મહાત્મા હંમેશાં અસંગભાવના કંડકોની વૃદ્ધિમાં ઉપયોગવાળા છે તેથી આત્માની મોહથી અનાકુળ અવસ્થામાં સ્થિર થવા માટે અંતરંગ પ્રયત્નવાળા છે તેથી તે મહાત્માના મન, વચન ને કાયાના યોગો મોહથી અનાકુળ અવસ્થાને અતિશયિત કરવા અર્થે જ વ્યાપૃત છે તેવા મહાત્મા ત્રણ ગુપ્તિથી

ગુપ્ત છે અને પોતાની ગુપ્તિના પરિણામને અતિશયિત કરવા અર્થે અવસર ઉચિત ગુણને કરનાર પરિમિત શબ્દોથી બોલે છે તે મહાત્મા તે ભાષાના પ્રયોગ દ્વારા પણ પોતાનામાં વર્તતા ગુપ્તિના પરિણામને જ અતિશયિત કરે છે, જેથી વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરીને અસંગભાવની પરિણતિરૂપ ચારિત્રની વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે. આવા મહાત્મા પ્રસંગે સંયમના કંડકોની વૃદ્ધિ દ્વારા ઉચિત ઉપદેશ આદિની પ્રવૃત્તિ કરતા હોય તોપણ ચારિત્રની વિશુદ્ધિ દ્વારા મોહનો નાશ કરીને કેવળજ્ઞાનને પામે છે અને અંતે યોગનિરોધ કરીને સર્વશ્રેષ્ઠ એવા મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે એમ ગ્રંથકારશ્રીએ ગાથા-૯૯માં સ્પષ્ટ કરેલ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે પ્રસ્તુત ગ્રંથના હાર્દને જાણીને જે મહાત્મા પ્રસ્તુત ગ્રંથના વચનના બળથી વાગ્ગુપ્તિમાં અને ભાષાસમિતિમાં દૃઢ વ્યાપાર કરશે તે મહાત્માને વર્તમાનભવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ નહિ હોવા છતાં કેવળજ્ઞાનની આસન્નતર આસન્નતર ભૂમિકાને પામીને ચારગતિની વિડંબના રૂપ સંસારનો અવશ્ય ક્ષય કરશે.

અહીં કહ્યું કે ચારિત્રસંપન્ન મહાત્મા ભાષા દ્વારા ચારિત્રની વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે તેથી વિચારકને પ્રશ્ન થાય કે ચારિત્રાચારથી ચારિત્રની વિશુદ્ધિ થાય, જ્ઞાનાચારથી જ્ઞાનની વિશુદ્ધિ થાય અને દર્શનાચારથી દર્શનની વિશુદ્ધિ થાય અને તે ત્રણ આચારની વિશુદ્ધિથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે પરન્તુ માત્ર ભાષાની વિશુદ્ધિથી કઈ રીતે સર્વકર્મનો નાશ થઈ શકે ? તેથી ગાથા-૧૦૦માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે આ ભાષારહસ્યને જાણીને રાગદ્વેષનો વિલય થાય તે રીતે કોઈ સમ્યક્ યત્ન કરે તો ભાષાના બળથી પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે; કેમ કે પ્રવૃત્તિમાં આ પ્રવૃત્તિ જ્ઞાનાવરણીયકર્મના નાશ પ્રત્યે કારણ છે. આ પ્રવૃત્તિ દર્શનાવરણીયકર્મના નાશ પ્રત્યે કારણ છે ઇત્યાદિ એકાન્ત નથી પરન્તુ કોઈપણ ઉચિત પ્રવૃત્તિથી રાગદ્વેષનો વિલય થાય તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. વસ્તુતઃ વ્યવહારનયથી જ્ઞાનની આરાધનાથી જ્ઞાનાવરણીયકર્મ તૂટે છે, દર્શનની આરાધનાથી દર્શનમોહનીયકર્મ તૂટે છે અને ચારિત્રની આરાધનાથી ચારિત્રમોહનીયકર્મ તૂટે છે. આ પ્રકારનો સ્થૂલ વ્યવહાર હોવા છતાં પરમાર્થથી તો જે અનુષ્ઠાનથી, જેટલા રાગાદિનો વિલય થાય તેટલી રત્નત્રયી પ્રગટે છે. સંપૂર્ણ રાગાદિનો વિલય થાય તો ક્ષાયિકભાવની રત્નત્રયી પ્રગટે છે અને ક્ષાયિકભાવની રત્નત્રયીની પ્રાપ્તિ પ્રત્યે ધર્મનું કોઈપણ અનુષ્ઠાન વીર્યના પ્રકર્ષ દ્વારા કારણ બની શકે છે. આથી જ નાગકેતુને પુષ્પપૂજા કરતી વખતે પણ કેવળજ્ઞાન પ્રગટ થયું. આ કથનની વિશેષ ચર્ચા ગાથા-૧૦૦થી જિજ્ઞાસુએ જાણવી.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**આસો સુદ-૧૫ (શરદપૂર્ણિમા), વિ. સં. ૨૦૬૮,** **- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**
**તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# 'ભાષારહસ્ય પ્રકરણ' શબ્દશઃ વિવેચન ભાગ-૨ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી મહારાજાની** સ્વોપજ્ઞવિવરણ સહિત પ્રસ્તુત **'ભાષારહસ્ય'** નામની આ કૃતિ છે. તેઓશ્રીમદે 'રહસ્ય' પદથી અંકિત ૧૦૮ કૃતિઓ રચવાની અભિલાષા સેવી હતી તે મુજબ એમણે રચેલી અત્યાર સુધીમાં નિમ્નલિખિત ચાર કૃતિઓ ઉપલબ્ધ થઈ છે :-

(૧) ઉપદેશરહસ્ય, (૨) નયરહસ્ય, (૩) ભાષારહસ્ય અને (૪) સ્યાદ્વાદરહસ્ય (લઘુ, મધ્યમ અને બૃહત્ ટીકા).

આ પૈકી ઉપાંત્ય કૃતિ અત્રે પ્રસ્તુત છે તેમાં પ્રાકૃતભાષામાં રચાયેલાં ૧૦૧ પદ્યો છે.

વાણી એ માનવજાતિની વિશિષ્ટ સંપત્તિ છે, એનો સદુપયોગ થવો ઘટે. શ્રમણોની વાણી-ભાષા ભાષાસમિતિ અને વચનગુપ્તિથી સદાયે વિભૂષિત હોવી જોઈએ. એમની ભાષા કેવી હોવી જોઈએ ? એ વિષે અનેક પ્રાચીન ગ્રંથોમાં નિરૂપણ કરાયું છે. દા.ત. શ્રી પ્રજ્ઞાપનાસૂત્રનું 'ભાષા'પદ, શ્રી દશવૈકાલિકસૂત્રનું વાક્યશુદ્ધિ નામનું સાતમું અધ્યયન અને તેની નિર્યુક્તિ, ચૂર્ણિ તથા આ. ભ. હરિભદ્રસૂરિજી આદિ કૃત ટીકાઓ, શ્રી આચારાંગસૂત્રનું ભાષાજાતઅધ્યયન વગેરે વિવિધ ગ્રંથોના સારરૂપે ભાષાનું રહસ્ય પ્રસ્તુત કૃતિમાં ઉપસ્થિત કરાયું છે.

ભાષારહસ્યગ્રંથમાં નીચે મુજબના વિષયોને સ્થાન અપાયું છે :-

ભાષાના નામભાષા ઇત્યાદિ ચાર નિક્ષેપ, દ્રવ્યભાષાના ગ્રહણ, નિસરણ અને પરાઘાત એ ત્રણ પ્રકારો, ગ્રાહ્યભાષાની દ્રવ્યાદિની અપેક્ષાએ વિચારણા, ભાષાદ્રવ્યનાં સ્પૃષ્ટ, અવગાઢ ઇત્યાદિ નવ દ્વારો, નિસૃતભાષાના ખંડભેદ ઇત્યાદિ પાંચ ભેદ અને એનાં ઉદાહરણ, પરાઘાતભાષાનું સ્વરૂપ, ભાષાના દ્રવ્ય, શ્રુત અને ચારિત્રને અનુલક્ષીને ત્રણ પ્રકાર, દ્રવ્યને આશ્રયીને ભાષાના સત્યા, અસત્યા, સત્યામૃષા અને અસત્યાઅમૃષા એમ ચાર પ્રકાર, વ્યવહારનય પ્રમાણે આ ચાર પ્રકાર અને નિશ્ચયનય પ્રમાણે પહેલા બે જ પ્રકાર, આરાધનાને આશ્રીને ભાષાના આરાધનીભાષા આદિ ચાર પ્રકાર, સત્યાભાષાના દસ પ્રકારનાં લક્ષણ, એ દસે પ્રકારના ચાર-ચાર ઉપપ્રકાર, અસત્યાભાપાના દ્રવ્યાદિની અપેક્ષાએ ચાર ભેદ, આ અસત્યાભાષાના તેમજ મિશ્રાભાષાના દસ દસ પ્રકારો, અસત્યામૃષાના બાર પ્રકારો, કયા જીવને કઈ ભાષા સંભવે ? તેમજ સાધુઓનો ભાષા પરત્વે વિવેક - એમણે કેવું વચન ઉચ્ચારવું અને કેવું નહિ ? ઇત્યાદિ.

**સ્વોપજ્ઞવિવરણ :** 'ભાષારહસ્ય' ગ્રંથરત્ન ઉપર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ જાતે સંસ્કૃતમાં આ વિવરણ રચ્યું છે જેમાં ૬૭ સાક્ષીપાઠો નજરે પડે છે. અંતમાં નવ પદ્યની પ્રશસ્તિ છે, અને એ દ્વારા કર્તાએ પોતાની ગુરુપરંપરાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

ભાષારહસ્ય ગ્રંથ - સ્વોપજ્ઞવિવરણનું આ શબ્દશઃ વિવેચન તૈયાર કરવામાં આવેલ છે. આ શબ્દશઃ વિવેચન ભાગ-૧/૨માં વિભાજિત કરવામાં આવેલ છે. **ભાગ-૨માં** ૩૮થી ૧૦૧ પદ્યોનું શબ્દશઃ વિવેચન આપવામાં આવેલ છે.

**'ભાષારહસ્ય' શબ્દશઃ વિવેચન ભાગ-૨માં આવતાં પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન :**

**ગાથા-૩૮માં** અસત્યભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૩૯માં** અસત્યભાષાના દસ ભેદો બતાવેલ છે.

**ગાથા-૪૦માં** ક્રોધનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૧માં** ક્રોધનિઃસૃતભાષા વ્યવહારથી સત્ય હોવા છતાં પરમાર્થથી અસત્યભાષા હોવાનું કારણ બતાવેલ છે.

**ગાથા-૪૨માં** ભદ્રકપ્રકૃતિજીવોના ક્રોધનિઃસૃત અસત્ય કરતાં મિથ્યાભિનિવિષ્ટજીવોનું ક્રોધનિઃસૃત સત્ય દુષ્ટતર છે એ પ્રમાણે કહેલ છે.

**ગાથા-૪૩માં** માનનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૪માં** માયાનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૫માં** લોભનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૬માં** પ્રેમનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૭માં** દ્વેષનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૮માં** હાસ્યનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૪૯માં** ભયનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૫૦માં** આખ્યાયિકાનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૫૧માં** ઉપઘાતનિઃસૃતમૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૫૨માં** હિતાર્થે પ્રયોજાયેલ અસત્યભાષા પરમાર્થથી સત્યભાષા છે એ પ્રમાણે કહેલ છે.

**ગાથા-૫૩માં** વચનપ્રયોગ કરનાર રાગથી કે દ્વેષથી કે મોહથી મૃષાભાષાને બોલે છે તોપણ અનાદિનિર્દેશ સંસિદ્ધ મૃષાભાષાના દસ પ્રકારનો વિભાગ છે એ પ્રમાણે કહેલ છે.

**ગાથા-૫૪માં** પ્રકારાંતરે ચાર પ્રકારની મૃષાભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૫૫માં** મૃષાભાષાના નિરૂપણનું નિગમન અને સત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞા કરેલ છે.

**ગાથા-૫૬માં** મિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૫૭માં** મિશ્રભાષાના દસ ભેદો બતાવેલ છે.

**ગાથા-૫૮માં** ઉત્પન્નમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૫૯માં** વિગતમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૦માં** ઉત્પન્નવિગતમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૧માં** જીવમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૨માં** અજીવમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૩માં** જીવાજીવમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૪માં** અનંતમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૫માં** પરિત્તમિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૬માં** અદ્ધામિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૭માં** અદ્ધાદ્ધામિશ્રિતમિશ્રભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૬૮માં** સત્યામૃષાભાષાના નિરૂપણનું સિદ્ધપણું અને અસત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞા બતાવેલ છે.

**ગાથા-૬૯માં** અસત્યામૃષાભાષાનું લક્ષણ બતાવેલ છે.

**ગાથા-૭૦-૭૧માં** અસત્યામૃષાભાષાના બાર ભેદો બતાવેલ છે.

**ગાથા-૭૨માં** આમંત્રણીભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૩માં** આજ્ઞાપનીભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૪માં** યાચનીભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૫માં** પૃચ્છનીભાષાનું સ્વરૂપ અને પ્રજ્ઞાપનીભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૬માં** પ્રત્યાખ્યાનીભાષાનું સ્વરૂપ અને ઇચ્છાનુંલોમભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૭માં** અનભિગૃહીતભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૮માં** અભિગૃહીતભાષાનું સ્વરૂપ અને સંશયકરણીભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૭૯માં** વ્યાકૃતભાષાનું સ્વરૂપ અને અવ્યાકૃતભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૮૦માં** અસત્યામૃષાભાષાના કથનનો ઉપસંહાર કરેલ છે.

**ગાથા-૮૧માં** ચતુર્ગતિમાં ચાર ભાષાઓનું યોજન કરેલ છે.

**ગાથા-૮૨માં** ભાવભાષાના બીજા ભેદરૂપ શ્રુતભાવભાષાનું સ્વરૂપ અને શ્રુતભાવભાષાના ત્રણ ભેદોમાંથી સત્યશ્રુતભાવભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૮૩માં** શ્રુતભાવભાષા અંતર્ગત બીજી મૃષાશ્રુતભાવભાષાનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૮૪માં** શ્રુતભાવભાષા અંતર્ગત ત્રીજી અસત્યામૃષાભાવભાષાનું સ્વરૂપ અને તેના સ્વામી બતાવેલ છે.

**ગાથા-૮૫માં** ચારિત્રભાવભાષાનું સ્વરૂપ અને તેના બે ભેદો બતાવેલ છે.

**ગાથા-૮૬માં** દ્રવ્યથી સાધુને બોલવા માટે કઈ ભાષા અનુજ્ઞાત છે ? તેનું કથન કરેલ છે.

**ગાથા-૮૭માં** સાધુને અનુમત જે બે ભાષા છે તેનો શુદ્ધપ્રયોગ કઈ રીતે થઈ શકે ? તેના વિષયમાં દિશાસૂચન કરેલ છે.

**ગાથા-૮૮માં** સાધુએ શું ન બોલવું જોઈએ ? તેનું કથન કરેલ છે.

**ગાથા-૮૯થી ૯૪માં** સાધુને બોલવા યોગ્ય બે ભાષામાંથી કેવી ભાષા ન બોલવી જોઈએ ? અને તેના સ્થાને કેવી ભાષા બોલવી જોઈએ ? તેનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૯૫માં** સાધુએ અન્ય શું શું ન બોલવું જોઈએ ? તે બતાવેલ છે.

**ગાથા-૯૬માં** સાધુ શું બોલે અને શું ન બોલે ? તેનું કથન કરેલ છે.

**ગાથા-૯૭માં** ભાષાવિષયક ચારિત્રની મર્યાદાના રહસ્યને કહેનારો ઉપદેશ બતાવેલ છે.

**ગાથા-૯૮માં** કેવા મહાત્માની ભાષા ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને છે ? તેનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા-૯૯માં** ચારિત્રની વિશુદ્ધિથી મોહનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શૈલેશીના યોગથી સુસંવૃત આત્માને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે તે બતાવેલ છે.

**ગાથા-૧૦૦માં** મોક્ષપ્રાપ્તિ પ્રત્યે ભાષારહસ્યગ્રંથનો ઉપયોગ શું છે ? તે બતાવેલ છે.

**ગાથા-૧૦૧માં** ગ્રંથકારશ્રીએ રચેલા ગ્રંથને વિશેષ જાણનારા પ્રસાદપર એવા ગીતાર્થોને શોધન કરવા માટે પ્રાર્થના કરેલ છે.

છેલ્લે ૧થી ૯ શ્લોકોમાં પ્રકરણકાર શ્રી યશોવિજયજી મહારાજાએ પોતાની ગુરુપરંપરારૂપ પ્રશસ્તિ બતાવેલ છે.

ભાષારહસ્યનું આ વિવેચન પંડિતવર્ય શ્રી **પ્રવીણભાઈ** પાસે ભાષારહસ્ય ગ્રંથ વાંચતી વખતે સ્વાધ્યાય જિજ્ઞાસુ એક પૂ. વિદુષી સાધ્વીજી ભગવંતે નોટરૂપે તૈયાર કરેલ. (તેઓએ નિઃસ્પૃહભાવે પોતાનું નામ લખવાની 'ના' કહેલ છે.) ત્યારપછી આની વ્યવસ્થિત પ્રેસકોપી તૈયાર કરીને અનેક તત્ત્વજિજ્ઞાસુવર્ગની માંગણી હોવાથી આ ભાષારહસ્યગ્રંથનું શબ્દશઃ વિવેચન ભાગ-૧/૨માં વિભાજિત કરીને ગીતાર્થગંગા સંસ્થા તરફથી પ્રકાશિત કરવામાં આવે છે. ભાષારહસ્યના આ વિવેચનને ભાવવાહી અને સરળ બનાવવામાં મુખ્ય ફાળો પંડિતવર્ય શ્રી **પ્રવીણભાઈ મોતાનો** છે. શબ્દશઃ વિવેચનના આધારે અનેક તત્ત્વજિજ્ઞાસુઓ ગ્રંથના પદાર્થોનો સારી રીતે બોધ કરી શકે છે.

મારી નાદુરસ્ત રહેતી તબિયતમાં પૂજ્યોની આજ્ઞાથી રાજનગર - અમદાવાદ મુકામે સ્થિરવાસ કરવાનું થયું છે તે દરમિયાન યોગગ્રંથો અને અધ્યાત્મગ્રંથો વાચન કરવાનો, આલેખન કરવાનો અને સ્વાધ્યાય કરવાનો સુઅવસર **પં. પ્રવીણભાઈ મોતા** પાસે સાંપડ્યો એના ફળસ્વરૂપે આંશિક યોગમાર્ગનો વિશદ બોધ

પ્રાપ્ત થયો અને યોગમાર્ગની પરિણતિનો આંશિક વિકાસ થયો છે. વિશેષમાં પરમપૂજ્ય, પરમારાધ્યપાદ, વ્યાખ્યાનવાચસ્પતિ સુવિશાલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની જે ભાવના હતી કે સમર્થશાસ્ત્રશિરોમણિ સુરિપુરંદર આ. ભ. શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** અને ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ ઉપાધ્યાયજી શ્રી **યશોવિજયજી મહારાજા**, આ બે મહાપુરુષોના ગ્રંથોનું સરળ ભાષામાં વિવેચન તૈયાર થાય કે જેના દ્વારા અનેક તત્ત્વજિજ્ઞાસુઓ આગમના રહસ્યોનો બોધ કરી શકે અને યોગમાર્ગનું સાચા સ્વરૂપે આરાધન કરી શકે એ ભાવનાની ગીતાર્થ ગંગા સંસ્થા દ્વારા પ્રકાશિત થતાં વિવેચનોના પુસ્તકોના આધારે આંશિક પૂર્તિ થઈ રહી છે જે પરમાનંદનો વિષય બને છે. એ મહાપુરુષના ઉપકારના સ્મરણપૂર્વક એમના ચરણે નતમસ્તકે વંદના કરી કૃતજ્ઞભાવ વ્યક્ત કરું છું.

આ સર્વના મૂળરૂપે યોગમાર્ગના ગ્રંથોમાં પ્રવેશ કરાવનાર અને રુચિ પેદા કરનાર પ.પૂ. અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી **ભદ્રંકરવિજયમહારાજ સાહેબનો** તથા પ્રવચનપ્રભાવક પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્વિજય **કીર્તિયશસૂરિમહારાજ સાહેબનો** વિશેષ ઉપકાર હોવાથી આ અવસરે કૃતજ્ઞભાવે તેઓશ્રીનું સ્મરણ કરું છું.

પ્રસ્તુત ભાષારહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ના સંકલનકાર્યમાં છદ્મસ્થતાને કારણે અનાભોગાદિથી કાંઈ પણ સ્ખલના થયેલ હોય, પ્રૂફવાચનમાં કાંઈ પણ ક્ષતિઓ રહેલ હોય, ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ વિવેચન થયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાંતે મોક્ષપ્રાપ્તિના અર્થીએ ભાષાની વિશુદ્ધિનો અવશ્ય આશ્રય કરવો જોઈએ અને તેના માટે ભાષાવિશુદ્ધિના ઉપાયભૂત પ્રસ્તુત ગ્રંથના રહસ્યને જાણવા સમ્યક્ યત્ન કરવો જોઈએ; કેમ કે ભાષાનું જ્ઞાન મોક્ષનું કારણ છે એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ સ્વયં કહેલ છે. તેથી આ ગ્રંથના બોધ દ્વારા ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરી ભાષાની શુદ્ધિ દ્વારા ભાષાસમિતિ અને વચનગુપ્તિનું સુંદર પાલન કરી હું અને સૌ કોઈ લઘુકર્મી ભવ્યાત્માઓ રત્નત્રયીનું આરાધન કરી અસંગભાવને પ્રાપ્ત કરી ક્ષપકશ્રેણીના આરોહણ દ્વારા ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનને પામી યોગનિરોધ કરી અઘાતીકર્મોને ખપાવી અષ્ટકર્મથી વિનિર્મુક્ત બની સિદ્ધસ્વરૂપના ભોક્તા બનીએ એ જ શુભકામના !!

✦ **'कल्याणमस्तु सर्वजीवानाम्'** ✦

**આસો સુદ-૧૫ (શરદપૂર્ણિમા), વિ. સં. ૨૦૬૮,**
**તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીજી રોહિતાશ્રીજી મહારાજના શિષ્યરત્ના સાધ્વીજી ચંદનબાલાશ્રી**

## અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **દ્વિતીય સ્તબક** | **૧-૩૪** |
| ૩૮. | અસત્યભાષાનું સ્વરૂપ. | ૧-૬ |
| ૩૯. | અસત્યભાષાના દશ ભેદો. | ૧-૬ |
| ૪૦. | ક્રોધનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૬-૮ |
| ૪૧. | ક્રોધનિઃસૃત સત્યભાષામાં પણ કર્મબંધની પ્રાપ્તિ. | ૮-૧૦ |
| ૪૨. | ક્રોધાવિષ્ટ સત્યભાષા દુષ્ટતર. | ૧૦-૧૨ |
| ૪૩. | માનનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૧૨-૧૪ |
| ૪૪. | માયાનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૧૪-૧૫ |
| ૪૫. | લોભનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૧૫-૧૬ |
| ૪૬. | પ્રેમનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૧૬-૧૭ |
| ૪૭. | દ્વેષનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૧૭-૧૯ |
| ૪૮. | હાસ્યનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૧૯-૨૦ |
| ૪૯. | ભયનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૨૧-૨૨ |
| ૫૦. | આખ્યાયિકાનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૨૨-૨૩ |
| ૫૧. | ઉપઘાતનિઃસૃત મૃષાભાષાનું સ્વરૂપ. | ૨૩-૨૫ |
| ૫૨. | વિવેકસંપન્નની અસત્યભાષા પણ નિર્જરાનું કારણ. | ૨૫-૨૭ |
| ૫૩. | અન્ય પ્રકારે અસત્યભાષાનું સ્વરૂપ. | ૨૭-૩૧ |
| ૫૪. | અપેક્ષાએ ચાર પ્રકારની મૃષાભાષાનું સ્વરૂપ. | ૩૧-૩૩ |
| ૫૫. | અસત્યભાષાના નિરૂપણનું નિગમન અને સત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞા. | ૩૩-૩૪ |
| | **તૃતીય સ્તબક** | **૩૫-૬૫** |
| ૫૬. | મિશ્રભાષાનું સ્વરૂપ. | ૩૫-૪૧ |
| ૫૭. | મિશ્રભાષાના દશભેદો. | ૩૫-૪૧ |
| ૫૮. | ઉત્પન્નમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૪૧-૪૫ |
| ૫૯. | વિગતમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૪૫-૪૬ |
| ૬૦. | ઉત્પન્નવિગતમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૪૬-૪૮ |
| ૬૧. | જીવમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૪૮-૫૧ |
| ૬૨. | અજીવમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૫૧-૫૨ |
| ૬૩. | જીવાજીવમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૫૨-૫૩ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૬૪. | અનંતમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૫૪-૫૬ |
| ૬૫. | પરિત્તમિશ્રિતામિશ્રભાષાનું સ્વરૂપ. | ૫૬-૫૯ |
| ૬૬. | અદ્ધામિશ્રભાષાનું સ્વરૂપ. | ૬૦-૬૨ |
| ૬૭. | અદ્ધાદ્ધામિશ્રભાષાનું સ્વરૂપ. | ૬૨-૬૪ |
| ૬૮. | સત્યામૃષાભાષાના નિરૂપણનું સિદ્ધપણું અને અસત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞા. | ૬૪-૬૫ |
| | **ચતુર્થ સ્તબક** | **૬૬-૧૨૧** |
| ૬૯. | અસત્યામૃષાભાષાનું લક્ષણ. | ૬૬-૬૯ |
| ૭૦-૭૧. | અસત્યામૃષાભાષાના બાર ભેદો. | ૬૬-૬૯ |
| ૭૨. | આમંત્રણીભાષાનું સ્વરૂપ. | ૬૯-૭૧ |
| ૭૩. | આજ્ઞાપનીભાષાનું સ્વરૂપ. | ૭૧-૭૬ |
| ૭૪. | યાચનીભાષાનું સ્વરૂપ. | ૭૬-૮૧ |
| ૭૫. | પૃચ્છનીભાષાનું સ્વરૂપ અને પ્રજ્ઞાપનીભાષાનું સ્વરૂપ. | ૮૧-૮૭ |
| ૭૬. | પ્રત્યાખ્યાનીભાષાનું સ્વરૂપ અને ઇચ્છાનુલોમભાષાનું સ્વરૂપ. | ૮૭-૯૨ |
| ૭૭. | અનભિગૃહીતભાષાનું સ્વરૂપ. | ૯૨-૯૫ |
| ૭૮. | અભિગૃહીતભાષાનું સ્વરૂપ અને સંશયકરણીભાષાનું સ્વરૂપ. | ૯૫-૯૯ |
| ૭૯. | વ્યાકૃતભાષાનું સ્વરૂપ અને અવ્યાકૃતભાષાનું સ્વરૂપ. | ૧૦૦-૧૦૨ |
| ૮૦. | અસત્યામૃષાભાષાના કથનનો ઉપસંહાર. | ૧૦૨-૧૦૩ |
| ૮૧. | ચાર પ્રકારની દ્રવ્યભાવભાષામાંથી કયાં જીવોને કઈ ભાષાનો સંભવ. | ૧૦૪-૧૦૬ |
| ૮૨. | શ્રુતભાવભાષાનું સ્વરૂપ અને શ્રુતભાવભાષાના ત્રણભેદોમાંથી સત્યભાષાનું સ્વરૂપ. | ૧૦૬-૧૦૮ |
| ૮૩. | શ્રુતભાવભાષા અંતર્ગત અસત્યભાષાનું સ્વરૂપ. | ૧૦૮-૧૧૪ |
| ૮૪. | શ્રુતભાવભાષા અંતર્ગત અસત્યામૃષાભાષાનું સ્વરૂપ. | ૧૧૪-૧૧૭ |
| ૮૫. | ચારિત્રભાવભાષાનું સ્વરૂપ અને બે ભેદો. | ૧૧૭-૧૧૯ |
| ૮૬. | દ્રવ્યથી સાધુને સત્ય અને અસત્યામૃષા બે ભાષા બોલવાની અનુજ્ઞા. | ૧૨૦-૧૨૧ |
| | **પંચમ સ્તબક** | **૧૨૨-૧૮૨** |
| ૮૭-૮૮. | સાધુને અનુમત એવી પણ બે ભાષામાં નહિ બોલવા યોગ્ય ભાષાનું સ્વરૂપ. | ૧૨૨-૧૩૧ |
| ૮૯-૯૪. | સાધુને બોલવા યોગ્ય બે ભાષામાંથી પણ કેવી ભાષા ન બોલવી ? અને તેના સ્થાને કેવી ભાષા બોલવી જોઈએ ? તેનું સ્વરૂપ. | ૧૩૧-૧૫૭ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૫. | સાધુને બોલવા યોગ્ય બે ભાષામાં પણ કેવી ભાષા ન બોલવી જોઈએ ? તેનું સ્વરૂપ. | ૧૫૭-૧૬૬ |
| ૯૬. | સાધુને બોલવા યોગ્ય બે ભાષામાંથી પણ બોલવાના પ્રસંગે કેવી ભાષા ન બોલાય ? અને તેના સ્થાને કેવી ભાષા બોલવી જોઈએ ? તેનું સ્વરૂપ. | ૧૬૬-૧૬૮ |
| ૯૭. | ભાષા વિષયક ઉત્સર્ગ-અપવાદને યોજીને કવી રીતે બોલવું જોઈએ ? તેનું સ્વરૂપ. | ૧૬૮-૧૭૦ |
| ૯૮. | કેવા મહાત્માની ભાષા ચારિત્રની વિશુદ્ધિનું કારણ તેનું સ્વરૂપ. | ૧૭૦-૧૭૨ |
| ૯૯. | ભાષાની વિશુદ્ધિથી મોહનો નાશ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ. | ૧૭૨-૧૭૩ |
| ૧૦૦. | પ્રકૃત ગ્રંથના બળથી કઈ રીતે ચારિત્રની શુદ્ધિની પ્રાપ્તિ તેનું સ્વરૂપ. | ૧૭૩-૧૮૧ |
| ૧૦૧. | ગ્રંથકારશ્રીએ રચેલા ગ્રંથને વિશેષ જાણનારા પ્રસાદપર એવા ગીતાર્થોને શોધન કરવા માટે પ્રાર્થના. | ૧૮૧-૧૮૨ |
| | ગુરુપરંપરારૂપ પ્રશસ્તિ. | ૧૮૩-૧૮૬ |


❊ ❊ ❊

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

લઘુહરિભદ્ર ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત સ્વોપજ્ઞ ટીકા યુક્ત

# ભાષારહસ્ય પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૨

## દ્વિતીય સ્તબક

**અવતરણિકા :-**

तत्र पूर्वं लक्षणाभिधानपूर्वमसत्याया भेदानाह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=ગાથા ૩૭માં કરેલી અસત્યભાષા કહેવાની પ્રતિજ્ઞામાં, પ્રથમ લક્ષણના અભિધાનપૂર્વક અસત્યભાષાના ભેદોને કહે છે –

**ગાથા :-**

सच्चाए विवरीया, होइ असच्चा विराहिणी तत्थ ।
दव्वाई चउभंगा, दसहा सा पुण सुए भणिआ ।।३८।।
कोहे माणे माया लोभे पिज्जे तहेव दोसे अ ।
हासभए अवखाइअ, उवघाए णिस्सिया दसमा ।।३९।।

**છાયા :-**

सत्याया विपरीता भवत्यसत्या विराधिनी तत्र ।
द्रव्यादयश्चत्वारो भङ्गा दशधा सा पुनः श्रुते भणिता ।।३८।।

क्रोधान्मानान्मायाया लोभात्प्रेम्णस्तथैव द्वेषाच्च ।
हास्याद् भयादाख्यायिकादुपघातान्निश्रिता दशमा ।।३९।।

**અન્વયાર્થ :-**

सच्चाए विवरीया=સત્યથી વિપરીત, असच्चा विराहिणी=અસત્યવિરાધિની ભાષા, होइ=છે. तत्थ=ત્યાં= અસત્યભાષામાં, दव्वाई चउभंगा=દ્રવ્યાદિ ચાર ભંગો છે. सा=તે=અસત્યભાષા, पुण=વળી, सुए=શ્રુતમાં दसहा=દશ પ્રકારની, भणिआ=કહેવાઈ છે. कोहे=ક્રોધથી, माणे=માનથી, माया=માયાથી, लोभे=લોભથી, पिज्जे=પ્રેમથી=રાગથી, तहेव=તે પ્રમાણે, दोसे=દ્વેષથી, हासभए=હાસ્યથી, ભયથી, अवखाइअ= આખ્યાયિકાથી, अ=અને, दसमा=દશમી उवघाए णिस्सिया=ઉપઘાતથી નિઃસૃત છે. ।।૩૮-૩૯।।

**ગાથાર્થ :-**

**સત્યથી વિપરીત અસત્યવિરાધિની ભાષા છે. ત્યાં=અસત્યભાષામાં, દ્રવ્યાદિ ચાર ભંગો છે. તે=અસત્યભાષા, વળી શ્રુતમાં દશ પ્રકારની કહેવાઈ છે – ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, પ્રેમથી=રાગથી, તે પ્રમાણે દ્વેષથી, હાસ્યથી, ભયથી, આખ્યાયિકાથી, અને દશમી ઉપઘાતથી નિઃસૃત છે. ।।૩૮-૩૯।।**

**ટીકા :-**

**सत्यातो विपरीताऽसत्या भवति, अतस्मिंस्तद्वचनमिति यावत्, न च चरितोपमाद्यतिव्याप्तिः, यथार्थतात्पर्यविरहेण तद्वचनमिति गाथार्थात्, परिभाषानुरोधादाह, विराहिणि त्ति विराधिकेत्यर्थः, लक्षणान्तरं चेदम्, विराधकत्वं च सद्भूतप्रतिषेधत्वादिनेति नानुपपत्तिः, तत्र द्रव्यादयश्चत्वारो भङ्गाः, ज्ञातव्या इति शेषः ।**

**तथाहि–चतुर्द्धाऽसत्या भाषा प्रवर्त्तते, द्रव्यतः क्षेत्रतः कालतो भावतश्चेति । द्रव्यतः सर्वेषु द्रव्येषु, क्षेत्रतो लोकेऽलोके वा, लोकेऽनन्तप्रदेशमयो लोक इत्यादिः, अलोके च वसन्ति जीवाः पुद्गला वा, न वाऽलोक इत्यादिः, कालतो दिवा रात्रौ वा, भावतस्तु क्रोधाद्वा लोभाद्वा भयाद्वा हास्याद्वा, अत्र 'एकग्रहणे तज्जातीयानां ग्रहणमि'ति न्यायात् क्रोधग्रहणान्मानग्रहः, लोभग्रहणाच्च मायाग्रहः, भयहास्यग्रहणेन च प्रेमद्वेषकलहाभ्याख्यानादिग्रह इति वृद्धसम्प्रदायः । भावाऽसत्यभेदा एव च दश अनन्तरं निर्युक्तिगाथया दर्शयिष्यन्त इति ध्येयम् ।**

**अत्र द्रव्यभावसंयोगे विधिप्रतिषेधाभ्यामपि चतुर्भङ्गी भावनीया । तथाहि–**"दव्वओ णाम एगे मुसावाए णो भावओ? भावओ णाम एगे मुसावाए नो दव्वओ, एगे दव्वओ वि भावओ वि, एगे णो दव्वओ णो भावओ । तत्थ दव्वओ मुसावाओ णो भावओ, जहा कोई भणिज्जा-अत्थि ते कहिं पसुमिगाइणो दिट्ठा ? ताहे

भणइ-णत्थि, एस दव्वओ मुसावाओ, णो भावओ १। भावओ णो दव्वओ जहा मुसं भणिहामि त्ति, तओ तस्स वंजणाणि सहसत्ति सच्चगाणि विणिग्गयाणि ताणि, एस भावओ णो दव्वओ २ । दव्वओ वि भावओ वि जहा मुसावायपरिणओ कोई तमेव मुसावायं वदेज्जा ३ । चउत्थो भंगो सुण्णो त्ति" ।।૩૮।।

**सा पुनरुक्तलक्षणाऽसत्या दशधा । तथाहि–कोहे त्ति, अत्र सप्तमी पञ्चम्यर्थे तथा च क्रोधान्निःसृता=निर्गता इत्यादि व्याख्येयम् अथवा निश्रा जाताऽस्याः सा निश्रिता, क्रोधे निश्रिता=क्रोधनिश्रितेति यथाश्रुतमेव क्रोधे इति । शिष्टं स्पष्टम् ।।३९।।**

**ટીકાર્થ :-**

**सत्यातः ..... स्पष्टम् ।। સત્યથી વિપરીત અસત્યભાષા થાય છે. અતદ્‌માં તદ્‌વચન એ પ્રકારનો વિપરીતનો અર્થ છે. અને ચરિતઉપમાદિમાં અતિવ્યાપ્તિ નથી=અસત્યભાષાના લક્ષણની અતિવ્યાપ્તિ નથી; કેમ કે યથાર્થ તાત્પર્યના વિરહથી તદ્‌વચન=અતદ્‌માં તદ્‌વચન, એ પ્રકારે ગાથાનો અર્થ છે=ગાથામાં કરેલા અસત્યના લક્ષણનો અર્થ છે. પરિભાષાના અનુરોધથી કહે છે=પરિભાષાને આશ્રયીને અસત્યભાષાના લક્ષણને કહે છે – વિરાધિકાભાષા અસત્યભાષા છે એ પ્રકારનો અર્થ છે. આ=વિરાધિકા અસત્યભાષા છે એ, લક્ષણાન્તર છે=અસત્યભાષાનું લક્ષણાન્તર છે, અને વિરાધકપણું સદ્‌ભૂતના પ્રતિષેધત્વાદિથી છે એથી અનુપપત્તિ નથી=અસત્યભાષામાં વિરાધકત્વરૂપ લક્ષણની અનુપપત્તિ નથી, ત્યાં=અસત્યભાષામાં દ્રવ્યાદિ ચારભંગો જાણવા. ગાથામાં જ્ઞાતવ્યા શબ્દ અધ્યાહાર છે તે બતાવવા ટીકામાં 'ज्ञातव्या इति शेषः' એ પ્રમાણે કહેલ છે. એ ચાર ભાંગાઓ 'तथाहि'થી બતાવે છે – ચાર પ્રકારની અસત્યભાષા પ્રવર્તે છે – (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાલથી અને (૪) ભાવથી.**

**'इति' શબ્દ ચાર ભેદોની કથનની સમાપ્તિ માટે છે.**

**દ્રવ્યથી સર્વદ્રવ્યના વિષયમાં અસત્યભાષા હોય છે. ક્ષેત્રથી લોકના કે અલોકના વિષયમાં અસત્યભાષા હોય છે.**

કઈ રીતે ક્ષેત્રથી લોકના વિષયમાં અસત્યભાષા હોય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**અનંતપ્રદેશમય લોક છે ઈત્યાદિ લોકવિષયક અસત્યભાષા છે અને અલોકમાં જીવ અને પુદ્‌ગલો રહેલા છે અથવા અલોક નથી ઈત્યાદિ અલોકવિષયક અસત્યભાષા છે.**

**કાલથી દિવસવિષયક કે રાત્રિવિષયક અસત્યભાષા પ્રવર્તે છે. ભાવથી વળી ક્રોધથી અથવા લોભથી અથવા ભયથી અથવા હાસ્યથી અસત્યભાષા પ્રવર્તે છે એમ અન્વય છે. અહીં 'એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ છે' એ ન્યાયથી ક્રોધના ગ્રહણથી માનનું ગ્રહણ અને લોભના ગ્રહણથી માયાનું ગ્રહણ છે. ભય-હાસ્યના ગ્રહણથી પ્રેમ-દ્વેષ કલહ અભ્યાખ્યાનાદિનું ગ્રહણ છે એ પ્રકારે વૃદ્ધ સંપ્રદાય છે.**

**અને ભાવઅસત્યભાષાના ભેદો જ દશ અનંતર નિર્યુક્તિ ગાથાથી બતાવશે એ પ્રમાણે જાણવું.**

**અહીં=અસત્યભાષાના વિષયમાં, દ્રવ્ય અને ભાવના સંયોગમાં વિધિ-પ્રતિષેધ દ્વારા પણ ચતુર્ભંગી ભાવન કરવી=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તો ચતુર્ભંગી ભાવન કરવી, પરંતુ દ્રવ્ય અને ભાવના સંયોગમાં વિધિ-પ્રતિષેધ દ્વારા પણ ચતુર્ભંગી ભાવન કરવી. તે આ પ્રમાણે –**

"(૧) દ્રવ્યથી એક મૃષાવાદ છે ભાવથી નથી. (૨) ભાવથી એક મૃષાવાદ છે દ્રવ્યથી નથી. (૩) એક દ્રવ્યથી અને ભાવથી મૃષાવાદ છે અને (૪) એક દ્રવ્યથી નથી અને ભાવથી મૃષાવાદ નથી. ત્યાં=ચાર ભાંગામાં (૧) દ્રવ્યથી મૃષાવાદ છે ભાવથી મૃષાવાદ નથી જે પ્રમાણે કોઈ કહે અહીં તારા વડે કોઈ પશુ-મૃગાદિ જોવાયાં છે ? ત્યારે કહે નથી અર્થાત્ મેં જોયાં નથી. આ દ્રવ્યથી મૃષાવાદ છે ભાવથી નથી. (૨) ભાવથી મૃષાવાદ છે. અને દ્રવ્યથી નથી જે પ્રમાણે હું મૃષા બોલું ત્યારપછી તેના વ્યંજનો=શબ્દો સહસા તે સત્ય વિનિર્ગત થયા આ ભાવથી મૃષાવાદ છે દ્રવ્યથી નથી. (૩) દ્રવ્યથી પણ છે અને ભાવથી પણ મૃષાવાદ છે જે પ્રમાણે મૃષાવાદ પરિણત કોઈક પુરુષ તે જ મૃષાવાદને બોલે. ચોથો ભાંગો શૂન્ય છે."

**'ત્તિ'='इति' શબ્દ ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.**

**તે વળી ઉક્ત લક્ષણ અસત્યભાષા દશ પ્રકારની છે. તે આ પ્રમાણે – ક્રોધથી, અહીં=ગાથામાં સપ્તમી પંચમી અર્થમાં છે અને તે રીતે=સપ્તમી પંચમી અર્થમાં છે તે રીતે, ક્રોધથી નિઃસૃત=નિર્ગત, ભાષા અસત્ય છે ઈત્યાદિ વ્યાખ્યાન કરવું, અથવા=સપ્તમી પંચમી અર્થમાં ન ગણો અને સપ્તમી અર્થે જ ગ્રહણ કરવા કરવામાં આવે તો, નિશ્રા થઈ છે આને તે નિશ્રિત, ક્રોધમાં નિશ્રિત એવી ભાષા તે ક્રોધનિશ્રિત છે એ પ્રમાણે યથાશ્રુત જ=ગાથામાં જે પ્રમાણે સપ્તમી સંભળાય છે એ પ્રમાણે જ, ક્રોધમાં બોલાયેલી ભાષા મૃષાભાષા છે એમ અર્થ કરવો. શેષ ભાગ સ્પષ્ટ છે. ॥૩૮-૩૯॥**

**ભાવાર્થ :-**

જે વસ્તુ જેવી ન હોય તે સ્વરૂપે કહેવું તે અતસ્મિન્ એવી તે વસ્તુમાં તદ્વચનરૂપ છે માટે મૃષાભાષા છે. આ પ્રકારે અસત્યભાષાનું લક્ષણ કરવાથી પ્રશ્ન થાય કે ચરિતઉપમાદિ સત્યભાષાઓ છે તેમાં પણ અસત્યભાષાનું લક્ષણ જશે; કેમ કે ચરિતઉપમામાં સંપૂર્ણ તે વસ્તુ તેવી નથી જેમ ચન્દ્રમુખી કહેવાથી સંપૂર્ણ સ્વરૂપ તેના મુખમાં પ્રાપ્ત થતું નથી તેથી ચન્દ્ર સરખું મુખ નથી એવા અતસ્મિન્‌માં ચન્દ્રમુખીનો પ્રયોગ થયેલો હોવાથી અસત્યભાષાનું લક્ષણ ચરિતઉપમાદિમાં અતિવ્યાપ્ત થશે. તેનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

યથાર્થ તાત્પર્યના વિરહથી અતસ્મિન્‌માં તદ્વચન મૃષાવાદ છે.

જેમ ઘટને પટ કહેવામાં આવે ત્યારે તે ઘટમાં પટનો વિપરીત બોધ થાય છે માટે અસત્યરૂપ છે. જ્યારે ચન્દ્રમુખી કહેવાથી કહેનારનું જે તાત્પર્ય છે તે તાત્પર્યપૂર્વક તે વચન છે માટે ત્યાં મૃષાવાદનું લક્ષણ જશે નહિ. ઘટને પટ કહેવામાં યથાર્થ તાત્પર્યના વિરહવાળું તે વચન હોવાને કારણે તે અસત્યભાષા છે. આ

અસત્યભાષાનું લક્ષણ ઉચ્ચારણ કરાયેલી દ્રવ્યભાષાને આશ્રયીને છે તેથી જે વસ્તુ જેવી ન હોય તે વસ્તુને તે સ્વરૂપે કહેનારનું વચન અસત્યભાષારૂપ છે તેવો અર્થ પ્રાપ્ત થાય.

હવે પરિભાષાનાં અંગોથી અસત્યભાષાનું અન્ય પ્રકારે લક્ષણ કરે છે –

જે વિરાધક ભાષા હોય તે અસત્યભાષા છે અર્થાત્ જે ભાષા બોલવાથી કર્મબંધની પ્રાપ્તિ થાય તેવી વિરાધિકી ભાષા અસત્યભાષા છે. આ અસત્યભાષાનું લક્ષણાન્તર છે.

વળી આ વિરાધિકીભાષા ક્યારેક સદ્ભૂત પદાર્થના પ્રતિષેધરૂપ હોવાથી અસત્યરૂપ છે. સદ્ભૂત-પ્રતિષેધત્વાદિમાં આદિ પદથી પ્રાપ્ત અગુપ્તિના પરિણામથી બોલાયેલી હોવાને કારણે અસત્યભાષા છે તેથી એ પ્રાપ્ત થાય કે જિનવચનથી ભાવિત થઈને સંવેગપૂર્વક બોલાયેલી યથાર્થ ભાષા સત્યભાષા છે. જે ભાષા બોલતી વખતે સંવેગનો પરિણામ નથી તે ભાષા કષાયથી આવિષ્ટ હોવાને કારણે કર્મબંધનું કારણ હોવાથી અસત્યભાષાના ફળની જનક સ્થૂલથી સત્યભાષા પણ હોય તોપણ તે વિરાધક ભાષા પરમાર્થથી અસત્યભાષા જ છે, માટે તે ભાષામાં વિરાધકત્વરૂપ લક્ષણની અનુપપત્તિ નથી.

ત્યાં=અસત્યભાષાના વિષયમાં દ્રવ્યાદિ ચારભંગો જાણવા. તે આ પ્રમાણે –

**અસત્યભાષાના ભેદો :-**

**(૧) દ્રવ્યઅસત્યભાષા :-**

કોઈક અસત્યભાષા દ્રવ્યવિષયક હોય છે અને તે સર્વદ્રવ્યોમાં સંભવે છે. જેમ ઘટને પટ કહેવામાં આવે તો તે દ્રવ્યવિષયક અસત્યભાષા બને છે, આથી જ અનાભોગથી પણ દ્રવ્યથી અસત્યભાષાની પ્રાપ્તિ ન થાય તદ્ અર્થે દૂરવર્તી જતી ગાયને જોઈને સુસાધુ માર્ગનો નિર્દેશ કરવાની આવશ્યકતા જણાય ત્યારે પેલી ગાય જાય છે તેમ કહેવાને બદલે ગોજાતીય જાય છે તેમ કહે છે; કેમ કે દૂરથી ગાય અને બળદના ભેદનો સ્પષ્ટ નિર્ણય નહિ હોવાથી બળદમાં ગાયનો પ્રયોગ થાય તો અસત્યભાષા બોલવાનો પ્રસંગ આવે અને અનાભોગથી પણ અસત્ય કહેવાનો પ્રસંગ ન આવે તેના પરિહાર અર્થે સાધુ તે પ્રકારની વિશેષભાષાનો પ્રયોગ કરે છે.

**(૨) ક્ષેત્રઅસત્યભાષા :-**

વળી ક્ષેત્રને આશ્રયીને અસત્યભાષા લોકના અને અલોકના સ્વરૂપના વિષયમાં વિપરીત પ્રરૂપણાથી થાય છે. આથી જ ક્ષેત્રના વિષયમાં લોક અને અલોકવિષયક અસત્યભાષા છે એમ પક્ખીસૂત્રમાં કહેવાયું છે.

**(૩) કાલઅસત્યભાષા :-**

કાળથી દિવસના કે રાત્રિના વિષયમાં અથવા પોરિસી આદિના વિષયમાં વિપરીત બોલવાથી કાળને આશ્રયીને અસત્યભાષાનો પ્રયોગ થાય છે.

**(૪) ભાવઅસત્યભાષા :-**

ભાવથી ક્રોધાદિ ચાર કષાયો અને હાસ્યાદિ નવ નોકષાયોને વશ થઈને જે ભાષા બોલાય છે તે ભાષા સત્ય હોય કે અસત્ય હોય તોપણ કર્મબંધનું કારણ હોવાથી અસત્યભાષા છે, આથી જ સાધુ જ્યારે ગુપ્તિના પરિણામમાં નથી ત્યારે ક્રોધાદિ કોઈ કષાય કે નોકષાય આદિનો ઉપયોગ પ્રવર્તે છે, તેથી તે વખતે બોલાયેલી ભાષા અસત્યભાષા બને છે; કેમ કે કષાયોથી સંવલિત વચનપ્રયોગનો ઉપયોગ ક્લિષ્ટ કર્મબંધનું કારણ બને છે. જે સાધુ ગુપ્તિના પરિણામવાળા છે તેઓનો ઉપયોગ વીતરાગના વચનથી ભાવિત થઈને પ્રવર્તતો હોવાથી અનાભોગ આદિથી ક્યારેક દ્રવ્યાદિના વિષયમાં વિપરીત કથન થાય તોપણ જિનવચનાનુસાર સ્વપરના કલ્યાણના આશયથી સંવલિત ગુપ્તિના પરિણામપૂર્વક વચનપ્રયોગ હોવાથી તે ભાષા સત્યભાષા બને છે.

વળી અહીં દ્રવ્યના અને ભાવના સંયોગને આશ્રયીને ભાષાની ચતુર્ભંગીની પ્રાપ્તિ થાય છે ત્યાં દ્રવ્યશબ્દથી બાહ્ય ઉચ્ચારણરૂપ શબ્દોનું ગ્રહણ છે અને ભાવશબ્દથી ગુપ્તિના અને અગુપ્તિના પરિણામનું ગ્રહણ છે, તેથી દ્રવ્યથી મૃષાવાદની ભાષા હોય અને ભાવથી મૃષાવાદની ભાષા ન હોય તે સ્થાનમાં ગુપ્તિપૂર્વક બોલાયેલી અનાભોગથી કે સકારણથી મૃષાભાષા છે તે મૃષાભાષા દ્રવ્યથી મૃષાભાષા છે, જ્યારે ભાવથી ગુપ્તિનો અધ્યવસાય હોવાથી કષાયના ઉન્મૂલનને અનુકૂળ અધ્યવસાયથી સંવલિત તે વચનપ્રયોગ છે, માટે ભાવથી મૃષાભાષા નથી.

વળી કોઈ ભાવથી મૃષાવાદ બોલે અને દ્રવ્યથી મૃષાવાદ બોલતો ન હોય ત્યારે ગુપ્તિના પરિણામપૂર્વક સત્યભાષા બોલવાનો અધ્યવસાય નથી પરંતુ અનાભોગ આદિથી સત્યભાષા બોલાઈ જાય ત્યારે પ્રરૂપણાની અપેક્ષાએ દ્રવ્યથી સત્યભાષા હોય તોપણ ભાવથી તે મૃષાભાષા બને છે.

જે ભાષામાં ગુપ્તિનો પરિણામ નથી અને વિપરીત કથન પણ છે તે ભાષા દ્રવ્યથી પણ મૃષાવાદરૂપ છે અને ભાવથી પણ મૃષાવાદરૂપ છે.

વળી ચોથો ભાંગો પ્રાપ્ત થતો નથી તેથી અસત્યભાષાને આશ્રયીને દ્રવ્ય અને ભાવના સંયોગથી સર્વ અસત્યભાષાનો સંગ્રહ થાય છે પરંતુ દ્રવ્યથી બોલતો ન હોય અને બોલવાનો ભાવ પણ ન હોય તેવી અસત્યભાષાની પ્રાપ્તિ નથી.

વળી તે અસત્યભાષા દશ પ્રકારની છે. ક્રોધથી નિશ્રિત અથવા ક્રોધમાં નિશ્રા કરાયેલી ભાષા તે ક્રોધનિઃસૃતભાષા છે અને તેના દશ ભેદો ગ્રંથકારશ્રી સ્વયં આગળમાં બતાવે છે. **॥૩૮-૩૯॥**

**અવતરણિકા :-**

**अत्र पूर्वं क्रोधनिःसृतामेव निरूपयति –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=ભાવમૃષાવાદના ભેદમાં, પ્રથમ ક્રોધનિઃસૃતા જ=ક્રોધનિઃસૃતમૃષાભાષાનું જ, નિરૂપણ કરે છે –**

**ગાથા :-**

**सा कोहणिस्सिया खलु कोहाविट्ठो कहेइ जं भासं ।**
**जह ण तुमं मम पुत्तो अहवा सव्वं पि तव्वयणं ।।४०।।**

**છાયા :-**

**सा क्रोधनिश्रि(निःसृ)ता खलु क्रोधाविष्टः कथयति यां भाषाम् ।**
**यथा न त्वं मम पुत्रोऽथवा सर्वमपि तद्वचनम् ।।४०।।**

**અન્વયાર્થ :-**

कोहाविट्ठो=ક્રોધાવિષ્ટ પુરુષ, जं भासं=જે ભાષાને, कहेइ=કહે છે, सा=તે, खलु=ખરેખર, कोहणिस्सिया= ક્રોધનિઃસૃતભાષા છે. जह=જે પ્રમાણે, तुमं मम पुत्तो ण=તું મારો પુત્ર નથી अहवा=અથવા सव्वं पि तव्वयणं=સર્વ પણ તેનું વચન=ક્રોધાવિષ્ટ પુરુષનું વચન, ક્રોધનિઃસૃતમૃષાભાષા છે એમ અન્વય છે. ।।૪૦।।

**ગાથાર્થ :-**

**ક્રોધાવિષ્ટ પુરુષ જે ભાષાને કહે છે તે ખરેખર ક્રોધનિઃસૃતભાષા છે. જે પ્રમાણે તું મારો પુત્ર નથી અથવા સર્વ પણ તેનું વચન=ક્રોધાવિષ્ટ પુરુષનું વચન, ક્રોધનિઃસૃતમૃષાભાષા છે એમ અન્વય છે. ।।૪૦।।**

**ટીકા :-**

**सा क्रोधनिःसृता खलु यां भाषां क्रोधाविष्टः कथयति यथा न त्वं मम पुत्र इति, इदं हि कुपितस्य पितुः पुत्रं प्रति वचनम्, अथवा सर्वमपि तस्य=क्रोधाविष्टस्य वचनम् ।**

**नन्विदमयुक्तं क्रोधाविष्टस्याऽपि गां गामेव वदतोऽसत्यत्वाऽभावादिति चेत् ? न, क्रोधाकुलचित्तत्वेन तस्य गवि (ग्रन्थाग्रं-६०० श्लोक) गवाभिधानस्याऽप्यप्रमाणत्वादिति सम्प्रदायः ।**

**इदन्तु ध्येयम् – तत्र सम्मुग्धव्यवहारौपयिकसत्यत्वेऽपि फलौपयिकं न सत्यत्वम्, संक्लिष्टाचरणस्य निष्फलत्वादिति ।।४०।।**

**ટીકાર્થ :-**

सा ..... निष्फलत्वादिति ।। તે ખરેખર ક્રોધનિઃસૃત ભાષા છે જેને ક્રોધાવિષ્ટ પુરુષ કહે છે જે પ્રમાણે તું મારો પુત્ર નથી. આ કુપિત એવા પિતાનું પુત્ર પ્રત્યે વચન છે અથવા સર્વ પણ તેનું= ક્રોધાવિષ્ટ પુરુષનું, વચન ક્રોધનિઃસૃત અસત્યભાષા છે એમ અન્વય છે.

'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે –

**આ પણ અયુક્ત છે; કેમ કે ક્રોધાવિષ્ટ પુરુષનું પણ ગાયને ગાય જ બોલનારાના વચનમાં અસત્યત્વનો અભાવ છે.**

**તેને ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે ક્રોધાકુળચિત્તપણું હોવાને કારણે તેનું ગાયમાં ગાયના અભિધાનનું પણ અપ્રમાણપણું છે એ પ્રમાણે સંપ્રદાય છે.**

**વળી આ જાણવું ત્યાં=ક્રોધાવિષ્ટ પુરુષની સત્યભાષામાં, સંમુગ્ધ વ્યવહારના ઔપયિકસત્યપણામાં પણ ફળઔપયિકસત્યપણું નથી=ફળને ઉપયોગી સત્યપણું નથી; કેમ કે સંક્લિષ્ટ આચરણનું=ક્રોધના આવશેથી સંક્લિષ્ટ એવા વચનપ્રયોગ રૂપ આચરણનું, નિષ્ફળપણું છે=સત્યભાષાજન્ય નિર્જરારૂપ ફળનું અજનકપણું છે.**

**'इति' શબ્દ 'इदन्तु ध्येयम्'ના કથનની સમાપ્તિ માટે છે. ॥૪૦॥**

**ભાવાર્થ :-**

**(૧) ક્રોધનિઃસૃત અસત્યભાષા :-**

કોઈ પિતા કુપિત થઈને પુત્રને કહે કે 'તું મારો પુત્ર નથી' તે સ્થાનમાં સ્થૂલ વ્યવહારથી તે તેનો પુત્ર હોવા છતાં ક્રોધથી બોલાયેલું તે વચન હોવાથી ક્રોધજન્ય કર્મબંધના ફળમાં પર્યવસાન પામે છે; કેમ કે બોલનારના હૈયામાં વર્તતો ક્રોધ તે વચનપ્રયોગ દ્વારા વર્ધમાન થાય છે, તેથી તે વચનપ્રયોગ દ્વારા જીવને વિશેષ કર્મબંધ થાય છે તેથી સત્યભાષાજન્ય ગુપ્તિની વૃદ્ધિ અને નિર્જરાફળની પ્રાપ્તિ ક્રોધથી યુક્ત ભાષાથી થતી નથી, માટે ક્રોધાવિષ્ટ પુરુષની અન્ય કોઈ સત્યભાષા પણ મૃષાભાષા છે આથી સહેજ પણ અરુચિ, દ્વેષ, ઈર્ષ્યા આદિથી બોલાયેલાં સત્યવચનો પણ સાધુની ગુપ્તિને મલિન કરીને કર્મબંધની પ્રાપ્તિનું કારણ બને છે. વળી, કષાયને વશ અસત્ય બોલે ત્યારે તે કષાયનો પરિણામ અધિક તીવ્ર બને છે અને કષાયને વશ સત્ય પણ બોલતો હોય તોપણ જેટલી કષાયની સંક્લિષ્ટતા તેટલા અંશમાં કર્મબંધની પ્રાપ્તિ છે, તેથી કષાયને વશ સાધુ સત્ય પણ વચન કહે તો તે વખતે સત્યભાષાજન્ય નિર્જરાની પ્રાપ્તિ થતી નથી. **॥૪૦॥**

**અવતરણિકા :-**

**ननु कुपितस्य घुणाक्षरन्यायेनाऽपि सत्यभाषणेनाऽप्रशस्तक्रोधवशात् क्लिष्टकर्म बध्नतोऽपि सत्यभाषाप्रत्ययं शुभं कर्म किमिति न बध्यत इति मुग्धाशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે – કુપિત પુરુષ ઘુણાક્ષરન્યાયથી પણ સત્યભાષણ દ્વારા અપ્રશસ્ત ક્રોધના વશને કારણે ક્લિષ્ટ કર્મને બાંધતો પણ સત્યભાષા નિમિત્તક શુભ કર્મ કેમ નથી બાંધતો ? એ પ્રકારની મુગ્ધની આશંકામાં કહે છે –**

ગાથા :-

ठिइरसबन्धकराणं हंदि कसायाण चेव अणुरूवं ।
पयडिप्पएसकम्मं जोगा बज्झंति ण विरूपं ।।४१।।

છાયા :-

स्थितिरसबन्धकराणां हन्दि कषायाणामेवानुरूपम् ।
प्रकृतिप्रदेशकर्म योगा बध्नन्ति न विरूपम् ।।४१।।

અન્વયાર્થ :-

हंदि=ખરેખર, ठिइरसबन्धकराणं=સ્થિતિ-રસબંધને કરનારા એવા, कसायाण=કષાયોને, अणुरूवं चेव=અનુરૂપ જ, पयडिप्पएसकम्मं=પ્રકૃતિ અને પ્રદેશરૂપ કર્મને, जोगा=યોગો, बज्झंति=બાંધે છે. विरूपं ण=વિરૂપ બાંધતા નથી. ।।૪૧।।

ગાથાર્થ :-

**ખરેખર સ્થિતિબંધ અને રસબંધને કરનારા એવા કષાયોને અનુરૂપ જ પ્રકૃતિ અને પ્રદેશરૂપ કર્મને યોગો બાંધે છે, વિરૂપ બાંધતા નથી ।।૪૧।।**

ટીકા :-

हन्दीत्युपदर्शने, योगाः स्थितिरसबन्धकराणां कषायाणामनुरूपमेव प्रकृतिप्रदेशकर्म बध्नन्ति न विरूपम् एवं च व्यवहारतः सत्याया अपि कस्याश्चिद्भाषायाः क्लिष्टकर्मबन्धसामग्रीभूत-कषायाद्यन्तर्गताया न स्वातन्त्र्येण शुभकर्मबन्धहेतुत्वेन फलवत्त्वं तथा च क्रोधाभिभूतस्य सर्वाऽपि भाषाऽसत्यैवेति स्थितम् ।।४१।।

ટીકાર્થ :-

हन्दीत्युपदर्शने ..... स्थितम् ।। 'हन्दि' શબ્દ ઉપદર્શનમાં છે=શ્રોતાને સન્મુખભાવ કરીને વસ્તુનો નિર્દેશ કરાવવા અર્થે છે. યોગો=મન, વચન કાયાના વ્યાપારો, સ્થિતિ અને રસબંધને કરનારા એવા કષાયોને અનુરૂપ જ પ્રકૃતિ અને પ્રદેશરૂપ કર્મને બાંધે છે. વિરૂપ=કષાયોથી અન્ય પ્રકારે, કર્મ બાંધતા નથી અને એ રીતે=કષાયોને અનુરૂપ જ કર્મબંધ થાય છે એ રીતે જ, ક્લિષ્ટ કર્મબંધરૂપ સામગ્રીભૂત કષાય આદિ અંતર્ગત એવી કોઈક વ્યવહારથી સત્ય પણ ભાષાનું સ્વતન્ત્રપણાથી શુભકર્મ બંધના હેતુપણારૂપે ફળવત્ત્વ નથી અને તે રીતે=કષાયયુક્ત સત્ય પણ ભાષા શુભકર્મબંધનો હેતુ નથી તે રીતે, ક્રોધથી અભિભૂત જીવની સર્વ પણ ભાષા=સત્ય કે અસત્ય સર્વ પણ ભાષા, અસત્ય જ છે એ પ્રમાણે સ્થિત છે. ।।૪૧।।

**ભાવાર્થ :-**

**ક્રોધનિઃસૃતભાષા વ્યવહારથી સત્ય હોવા છતાં પરમાર્થથી અસત્યભાષા હોવાનું કારણ :-**

યોગની માત્રાથી કર્મના ગ્રહણરૂપ કર્મબંધ હોવા છતાં કર્મોની સ્થિતિ અને કર્મોના રસબંધનું કારણ કષાયો જ છે, એથી જે પ્રકારનો કષાય વર્તતો હોય તેને અનુરૂપ જ યોગોથી પ્રકૃતિ અને પ્રદેશરૂપ કર્મનો બંધ થાય છે પરંતુ કષાય કરતાં અન્ય પ્રકારે યોગ અનુસાર કર્મબંધ થતો નથી, આથી કોઈ પુરુષ ઘુણાક્ષરન્યાયથી કે સત્ય બોલવાના પક્ષપાતપૂર્વક પણ સત્યભાષા બોલે છે ત્યારે, તે વ્યવહારથી પદાર્થના યથાર્થ સ્વરૂપને કહેનાર હોવાથી સત્યભાષા છે તોપણ, ક્રોધથી અભિભૂત થયેલા પુરુષની તે ભાષાથી તેના કષાયને અનુરૂપ જ અશુભ પ્રકૃતિઓ, અશુભ રસ અને અશુભ સ્થિતિવાળાં કર્મો બંધાય છે પરંતુ તે કષાય સહવર્તી સત્ય બોલવાનો વચનનો પ્રયોગ સ્વતંત્રથી શુભકર્મબંધનો હેતુ બનતો નથી. પરંતુ કષાયના પરિણામથી યુક્ત તે સત્યવચનનો પ્રયોગ હોય તોપણ અશુભ કર્મબંધ જ થાય છે. કેવલ અકષાયના પરિણામરૂપ ગુપ્તિના પરિણામથી બોલાયેલ સત્યવચન શુભકર્મના બંધમાં હેતુ બને છે, માટે ક્રોધાવિષ્ટ વ્યક્તિ ઘુણાક્ષરન્યાયથી સત્યભાષા બોલતો હોય કે સ્થૂલ વ્યવહારથી સત્યભાષા બોલવાનો આગ્રહી હોય તેથી સત્યભાષા બોલતો હોય તોપણ, કર્મબંધના કારણીભૂત સંક્લેશના વર્જનના અભિપ્રાયવાળો પરિણામ નહિ હોવાથી તેની બોલાયેલી તે સત્યભાષા પણ પરમાર્થથી અસત્ય જ છે; કેમ કે અસત્યભાષાના કાર્યરૂપ કર્મબંધની પ્રાપ્તિ કરાવે છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**न तावदस्याः शुभफलाहेतुत्वमेव प्रत्युताऽशुभफलजनकत्वमपीत्याह –**

**અવતરણિકાર્થ :-**

**વળી આનું=ઘુણાક્ષર ન્યાયથી પણ બોલાયેલી સત્યભાષાનું, શુભફળ અહેતુપણું જ નથી પરંતુ અશુભફળજનકત્વ પણ છે એને કહે છે –**

**ગાથા :-**

**दुट्ठयरा वा सच्चा कोहाविट्ठाण जेण सप्पसरा ।**
**मिच्छाभिणिवेसकए, जीवाण हंदि सा होइ ।।४२।।**

**છાયા :-**

**दुष्टतरा वा सत्या क्रोधाविष्टानां येन सप्रसरा ।**
**मिथ्याभिनिवेशकृते जीवानां हन्दि सा भवति ।।४२।।**

**અન્વયાર્થ :-**

वा=અથવા, कोहाविट्ठाणे=ક્રોધાવિષ્ટ જીવોની, सच्चा=સત્યભાષા, दुट्ठयरा=દુષ્ટતર છે=અસત્યભાષા બોલનારા કરતાં પણ અધિક દુષ્ટ છે. जेण=જે કારણથી, सप्पसरा=પ્રસરણયુક્ત, सा=તે=સત્યભાષા, मिच्छाभिणिवेसकए=મિથ્યા અભિનિવેશ માટે, जीवाण=જીવોને, होइ=થાય છે. ॥૪૨॥

❖ 'हन्दि' ઉપપ્રદર્શનમાં છે.

**ગાથાર્થ :-**

**અથવા ક્રોધાવિષ્ટ જીવોની સત્યભાષા દુષ્ટતર છે=અસત્યભાષા બોલનારા કરતાં પણ અધિક દુષ્ટ છે. જે કારણથી પ્રસરણયુક્ત તે=સત્યભાષા, મિથ્યા અભિનિવેશ માટે જીવોને થાય છે. ॥૪૨॥**

**ટીકા :-**

क्रोधाविष्टानां वा=अथवा, दुष्टतरा सत्या=अतिशयिता दुष्टा=दुष्टतरा, कुतः ? इत्याह – हन्दीत्युपदर्शने येन कारणे सप्रसरा=प्रसरणयुक्ता सा=सत्या भाषा जीवानां मिथ्याभिनिवेशकृते भवति, क्लिष्टाशयानां सत्यभाषणं 'सम्यगिदं मयोक्तं' इति दुर्भाषितानुमोदनं जनयन् महाकर्मबन्ध-हेतुरिति परमार्थतोऽसत्यमित्यर्थ इति किमतिविस्तरेण ?॥४२॥

**ટીકાર્થ :-**

क्रोधाविष्टानां ..... किमतिविस्तरेण ?॥ અથવા ક્રોધાવિષ્ટ જીવોની દુષ્ટતર સત્યભાષા છે=અતિશય દુષ્ટ છે=અસત્યભાષા કરતાં પણ અતિશય દુષ્ટ છે.

કેમ અતિશય દુષ્ટ છે ? તેથી કહે છે –

ગાથામાં 'हन्दि' શબ્દ ઉપદર્શનમાં છે. જે કારણથી સપ્રસરવાળી=પ્રસરણયુક્ત એવી, તે=સત્યભાષા, જીવોના મિથ્યાભિનિવેશ માટે થાય છે. ક્લિષ્ટ આશયવાળા જીવોનું સત્યભાષણ 'સમ્યક્ આ મારા વડે કહેવાયું છે.' એ પ્રમાણે દુર્ભાષિતના અનુમોદનને કરતું મહાકર્મબન્ધનો હેતુ છે એથી પરમાર્થથી અસત્ય છે એ પ્રકારનો અર્થ છે એથી અધિક વિસ્તારથી સર્યું. ॥૪૨॥

**ભાવાર્થ :-**

**ભદ્રકપ્રકૃતિ જીવોના ક્રોધનિઃસૃત અસત્ય કરતાં મિથ્યાભિનિવિષ્ટ જીવોનું ક્રોધનિઃસૃત સત્ય દુષ્ટતર :**

અસત્યભાષા બોલનારા કેટલાક જીવો પ્રકૃતિભદ્રક હોય છે તેથી પોતે ક્રોધાદિ વશ અસત્ય બોલે છે તેમ જાણે છે, તેથી તેમની અસત્યની પ્રવૃત્તિ ક્રોધથી અભિભૂત હોવાને કારણે કર્મબંધનું જ કારણ છે તોપણ પોતાના અસત્યભાષાના અનુમોદનનો પરિણામ નથી તેથી તેઓની અસત્યભાષા દુષ્ટતર નથી. જેઓ

ક્રોધના વશ સત્યભાષા બોલે છે તેઓને મિથ્યા અભિનિવેશ હોય છે કે હું સત્યભાષા બોલું છું; કેમ કે ક્રોધના વશ બોલાયેલી તે ભાષા પરમાર્થથી અસત્ય હોવા છતાં મારા વડે આ સમ્યક્ કહેવાયું છે એ પ્રકારના ક્રોધયુક્ત સત્ય એવા દુર્ભાષિત વચનમાં અનુમોદનનો પરિણામ વિદ્યમાન હોવાથી સામાન્યથી બોલાતી અસત્યભાષા કરતાં પણ મહાકર્મબંધના હેતુરૂપ તે સ્થૂલથી સત્યભાષા છે, પરમાર્થથી તો ક્લિષ્ટકર્મબંધનું કારણ હોવાથી અસત્ય જ છે.

જે સાધુને વાગ્ગુપ્તિથી અને ભાષાસમિતિથી બોલાયેલી સત્યભાષા કેવા સ્વરૂપવાળી હોય છે તેનો પરમાર્થથી બોધ નથી તેથી સંવેગથી યુક્ત અને સ્વપરના કલ્યાણનું કારણ બને તેવી પોતાની સત્યભાષા નહિ હોવા છતાં સ્થૂલથી પોતાની બોલાયેલી ભાષા સત્ય છે તેમ નિર્ણય કરીને સાધ્વાચારની મર્યાદાથી વિરુદ્ધ એવું દુર્ભાષિત પોતાનું વચન હોવા છતાં "મારા વડે સમ્યક્ કહેવાયું છે" એ પ્રકારની અનુમોદનાને કરતાં તે સાધુ મહાકર્મબંધને પ્રાપ્ત કરે છે.

વિવેકસંપન્ન શ્રાવક પણ સ્થૂલથી અસત્યનો વિરામ કરીને સૂક્ષ્મ અસત્યના વિરામવાળી ભાષા સુસાધુની કેવી હોય, તેનો પરમાર્થ જાણનારા હોવાથી પોતે જે સ્થૂલ અસત્યના વિરામપૂર્વક જે સત્યભાષા બોલે છે તે સત્યભાષાકાલીન વર્તતા પોતાના ક્રોધાદિ ભાવોને કે અરુચિ આદિના ભાવોને જાણીને પોતાની તે ભાષા દુર્ભાષિત છે તેવું જાણતા હોવાને કારણે તેની અનુમોદના કરતા નથી પરંતુ ક્રોધાદિવશ જે કાંઈ સત્યભાષા બોલે છે અથવા અસત્યભાષા બોલે છે તે પણ ભાષામાં ક્રોધાદિના પરિહારનો સંકલ્પ હોવાથી મહાકર્મબંધનો હેતુ તે ભાષા થતી નથી અને ક્વચિત્ સંયોગવશ વિવેકી શ્રાવક અસત્યભાષા બોલે તોપણ તે દુર્ભાષિતની નિંદા આદિનો પરિણામ હોવાથી તે ભાષા દુષ્ટતર બનતી નથી જ્યારે મિથ્યાભિનિવેશપૂર્વક બોલનારાની સત્યભાષા પણ દુષ્ટતર છે. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**उक्ता क्रोधनिःसृता । अथ माननिःसृतामाह -**

**અવતરણિકાર્થ :-**

**ક્રોધનિઃસૃતભાષા કહેવાઈ. હવે માનથી નિઃસૃત=માનથી બોલાયેલી, અસત્યભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा माणणिस्सिया खलु, माणाविट्ठो कहेइ जं भासं ।**
**जह बहुधणवंतोऽहं अहवा सव्वं पि तव्वयणं ।।४३।।**

**છાયા :-**

सा माननिश्रि(निःसृ)ता खलु मानाविष्टः कथयति यां भाषाम् ।
यथा बहुधनवानहं अथवा सर्वमपि तद्वचनम् ।।४३।।

**અન્વયાર્થ :-**

माणाविट्ठो=માનથી આવિષ્ટ જીવ, जं भासं=જે ભાષાને, कहेइ=કહે છે, सा=તે, खलु=ખરેખર, माणणिस्सिया=માનનિઃસૃતભાષા છે, जह=જે પ્રમાણે, बहुधणवंतोऽहं=બહુધનવાળો હું છું=અલ્પધનવાળો પણ માનથી કહે કે હું બહુધનવાળો છું अहवा=અથવા, सव्वं पि तव्वयणं=સર્વ પણ તેનું વચન=માનથી બોલાયેલું સર્વ પણ તેનું વચન, માનનિશ્રિત અસત્યભાષા છે, એમ અન્વય છે. ॥૪૩॥

**ગાથાર્થ :-**

**માનથી આવિષ્ટ જીવ જે ભાષાને કહે છે તે ખરેખર માનનિઃસૃતભાષા છે જે પ્રમાણે બહુધનવાળો હું છું=અલ્પધનવાળો પણ માનથી કહે કે હું બહુધનવાળો છું અથવા સર્વ પણ તેનું વચન=માનથી બોલાયેલું સર્વ પણ તેનું વચન, માનનિશ્રિત અસત્યભાષા છે. ॥૪૩॥**

**ટીકા :-**

**स्पष्टा । नवरं यथा बहुधनवानहमिति वचनमल्पधनस्याऽपि मानिनः क्वचित्केनचित्पृष्टस्येत्यवधेयम् । शेषं प्राग्वत् २ ।।४३।।**

**ટીકાર્થ :-**

स्पष्टा .... प्राग्वत् २ ।। ગાથા સ્પષ્ટ છે. ફક્ત જે પ્રમાણે – બહુધનવાળો હું છું તે અલ્પધનવાળા પણ માનીનું વચન ક્યારેક કોઈકના વડે પુછાયેલાનું જાણવું. શેષ અંશ=ગાથામાં બતાવેલ સર્વ પણ તેનું વચન એ રૂપ શેષ અંશ, પૂર્વની જેમ જાણવું=માનાવિષ્ટ પુરુષની સત્યભાષા દુષ્ટતર છે એ પ્રમાણે ક્રોધની જેમ જાણવું. ॥૪૩॥

**ભાવાર્થ :-**

**(૨) માનનિઃસૃત અસત્યભાષા :-**

માનને વશ જે કાંઈ ભાષા બોલાય તે માનનિઃસૃત ભાષા કહેવાય.

માનને વશ કોઈક અસત્યભાષા બોલે તે વ્યવહારથી પણ અસત્ય છે. જેમ અલ્પધનવાળો માનને વશ કોઈકને કહે કે હું ઘણા ધનવાળો છું. વળી આત્મકલ્યાણનું કારણ નહિ હોવાથી અને કર્મબંધનું કારણ હોવાથી પરમાર્થથી પણ અસત્ય છે.

વળી માનને વશ ક્વચિત્ સત્યભાષા બોલે તોપણ પરમાર્થથી તે અસત્યભાષા છે, આથી જ આરાધક સાધુ ક્વચિત્ માનને વશ થઈને પોતાની વિદ્વત્તા બતાવવાના પરિણામથી નિપુણતાપૂર્વક જિનવચનનું યથાર્થ કથન કરતા હોય તોપણ તે ભાષા અસત્યભાષા છે, તેથી કર્મબંધનું જ કારણ છે, છતાં અનાભોગથી કે સહસાત્કારથી તેવો પરિણામ થયો હોય અને સૂક્ષ્મબોધને કારણે પોતાની તે સ્ખલના છે તેવું જાણીને નિંદા ગર્હા કરતા હોય તો તે પરિણામના અનુમોદનની પ્રાપ્તિ થતી નથી તેથી અભિનિવેશની પ્રાપ્તિ થાય

નહિ પરંતુ પોતે માનને વશ પોતાની નિપુણતા બતાવવાના પરિણામથી બોલે છે તેની ઉપસ્થિતિ થાય નહિ અને મેં તો જિનવચનનું જ સમ્યક્ નિરૂપણ કર્યું છે એવો પરિણામ થાય તો પોતાના દુર્ભાષિતનું અનુમોદન થવાથી કર્મબંધના કારણીભૂત પરિણામમાં સત્યપણાનો મિથ્યાભિનિવેશ પ્રાપ્ત થાય તેથી મહાકર્મબંધની પ્રાપ્તિ થાય. ॥૪૩॥

**અવતરણિકા :-**

उक्ता माननिःसृता । अथ मायानिःसृतामाह –

**અવતરણિકાર્થ :-**

માનનિઃસૃતભાષા કહેવાઈ. હવે માયાનિઃસૃત કહેવાય છે –

**ગાથા :-**

**मायाइ णिस्सिया सा, मायाविट्ठो कहेइ जं भासं ।**
**जह एसो देविंदो अहवा सव्वं पि तव्वयणं ।।४४।।**

**છાયા :-**

मायया निश्रि(निःसृ)ता खलु सा मायाविष्टः कथयति यां भाषाम् ।
यथैष देवेन्द्रोऽथवा सर्वमपि तद्वचनम् ।।४४।।

**અન્વયાર્થ :-**

मायाविट्ठो=માયાવિષ્ટ, जं भासं=જે ભાષાને, कहेइ=કહે છે, सा=તે, मायाइ णिस्सिया=માયાનિઃસૃત અસત્યભાષા છે, जह=જે પ્રમાણે, एसो देविंदो=આ દેવેન્દ્ર છે, अहवा=અથવા, सव्वं पि तव्वयणं=સર્વ પણ તેનું વચન=માયાવિષ્ટનું સર્વ પણ વચન અસત્યભાષા છે. ॥૪૪॥

**ગાથાર્થ :-**

**માયાવિષ્ટ જે ભાષાને કહે છે તે માયાનિઃસૃત અસત્યભાષા છે. જે પ્રમાણે આ દેવેન્દ્ર છે અથવા સર્વ પણ તેનું વચન=માયાવિષ્ટનું સર્વ પણ વચન, અસત્યભાષા છે. ॥૪૪॥**

**ટીકા :-**

स्पष्टा । नवरं यथा-'एष देवेन्द्र' इति ऐन्द्रजालिकस्याऽवास्तवशक्रप्रदर्शकस्य मायावचनम् । शेषं प्राग्वत् ३ ।।४४।।

**ટીકાર્થ :-**

स्पष्टा ..... प्राग्वत् ३ ।। ગાથા સ્પષ્ટ છે. ફક્ત જે પ્રમાણે – આ દેવેન્દ્ર છે એ પ્રકારનું અવાસ્તવ

**શક્ના પ્રદર્શક એવા ઈન્દ્રજાલિકનું માયા વચન અસત્યભાષા છે. શેષ પૂર્વની જેમ=સર્વ પણ તેનું વચન અસત્ય છે એમ ગાથા-૪૨ની જેમ જાણવું. ॥૪૪॥**

**ભાવાર્થ :-**

**(3) માયાનિઃસૃત અસત્યભાષા :-**

જેમ કોઈ ઇન્દ્રજાલિક કહે કે હું સાક્ષાત્ ઇન્દ્રને ઉપસ્થિત કરી શકું છું તેમ કહીને આ દેવેન્દ્ર છે એમ કહે ત્યારે વાસ્તવિક દેવેન્દ્ર નથી છતાં લોકોને ઠગવા માટે માયાથી કહે છે તે વચન માયાનિશ્રિત અસત્યવચન છે અથવા માયાપરિણતિવાળા સાધુનાં સર્વ વચનો માયાનિશ્રિત હોવાથી અસત્ય વચન છે. જેમ શાસ્ત્રના કોઈ પદાર્થમાં પોતાને સ્પષ્ટ નિર્ણય ન હોય છતાં સ્વમતિ અનુસાર અર્થો કરીને લોકોને તે અર્થો કહે ત્યારે તે વચનો અન્યથા હોવાને કારણે માયાનિશ્રિત મૃષા વચનો છે. ક્વચિત્ માયા પરિણામને કારણે સત્યવચન બોલે તોપણ તે માયાનિશ્રિત તેમનું વચન અસત્યવચન છે.

આથી જ સુસાધુ પણ માયાપરિણામથી જ્યારે તેવું કોઈ સત્યવચન કહે તોપણ કર્મબંધનું કારણ હોવાથી તે વચન મૃષા જ બને છે. ક્વચિત્ તે પરિણામને કારણે આકર્ષ દ્વારા ગુણસ્થાનકથી પણ પાત પામે છે. જેમ મલ્લિનાથ ભગવાને પૂર્વભવમાં માયા કરીને સ્ત્રીવેદ બાંધ્યું. ત્યારે ક્ષણભરના પ્રમાદને કારણે મિથ્યાત્વની પ્રાપ્તિ પણ થઈ. માટે માયાનિશ્રિત સત્ય કે અસત્ય સર્વવચન મૃષા વચન જ છે. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**उक्ता मायानिःसृता । अथ लोभनिःसृतामाह –**

**અવતરણિકાર્થ :-**

**માયાનિઃસૃતભાષા કહેવાઈ. હવે લોભનિઃસૃતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा लोभणिस्सिया खलु लोभाविट्ठो कहेइ जं भासं ।**
**जह पुण्णमिणं माणं अहवा सव्वं पि तव्वयणं ।।४५।।**

**છાયા :-**

**सा लोभनिःसृता खलु लोभाविष्टः कथयति यां भाषाम् ।**
**यथा पूर्णमिदं मानं अथवा सर्वमपि तद्वचनम् ।।४५।।**

**અન્વયાર્થ :-**

**लोभाविट्ठो=લોભાવિષ્ટ પુરુષ, जं भासं=જે ભાષાને, कहेइ=કહે છે, खलु=ખરેખર, सा लोभणिस्सिया=તે લોભનિઃસૃતભાષા છે, जह=જે પ્રમાણે, पुण्णमिणं माणं=પૂર્ણ આ પ્રમાણ છે, अहवा=અથવા, सव्वं पि तव्वयणं=સર્વ પણ તેનું વચન=લોભાવિષ્ટ પુરુષનું સર્વ પણ વચન, અસત્યભાષા છે. ॥૪૫॥**

**ગાથાર્થ :-**

**લોભાવિષ્ટ પુરુષ જે ભાષાને કહે છે ખરેખર તે લોભનિઃસૃતભાષા છે જે પ્રમાણે પૂર્ણ આ પ્રમાણ છે અથવા સર્વ પણ તેનું વચન=લોભાવિષ્ટ પુરુષનું સર્વ પણ વચન અસત્યભાષા છે. ॥૪૫॥**

**ટીકા :-**

**स्पष्टा । नवरं पूर्णमिदं मानमिति कूटतुलादौ ग्राहकं प्रति लुब्धस्य वणिजो वचनं शेषं प्राग्वत् ४ ।।४५।।**

**ટીકાર્થ :-**

**स्पष्टा ..... प्राग्वत् ४ ।। ટીકા સ્પષ્ટ છે. કેવલ આ પૂર્ણ માન છે એ પ્રમાણે કૂટતુલાદિમાં ગ્રાહક પ્રત્યે લુબ્ધ એવા વાણિયાનું વચન=લોભને વશ એવા વાણિયાનું વચન, અસત્યભાષા છે. શેષ પૂર્વની જેમ=સર્વ પણ તેનું વચન અસત્ય છે એમ ગાથા-૪૨ની જેમ, જાણવું. ॥૪૫॥**

**ભાવાર્થ :-**

**(૪) લોભનિઃસૃત અસત્યભાષા :-**

કોઈ સુસાધુ હોય આમ છતાં પ્રમાદને વશ પર્ષદાનો લોભ થાય, શિષ્યનો લોભ થાય કે અન્ય કોઈ સુંદર વસ્તુ પ્રત્યે લોભ થાય અને તેને વશ સત્યવચન બોલે તોપણ લોભના પરિણામને અનુકૂળ કર્મબંધનું કારણ હોવાથી તે લોભનિઃસૃત અસત્યવચન છે, આથી જ કોઈ સાધુ સંવેગપૂર્વક ગુણસ્થાનકની વૃદ્ધિમાં ઉપયુક્ત થઈને સ્વપરના કલ્યાણનું કારણ બને તેવું ઉચિત વચન બોલે તો જ તે સત્યવચન બને અન્યથા જે વચન બોલતી વખતે જે પ્રકારનો પર્ષદાદિના લોભકષાયનો ઉપયોગ પ્રવર્તતો હોય તે કષાયને અનુરૂપ તે વચનપ્રયોગ કર્મબંધનું કારણ હોવાથી સત્ય પણ હોય અથવા અસત્ય પણ હોય પરંતુ પરમાર્થથી તો તે અસત્યવચન જ છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**उक्ता लोभनिःसृता । अथ प्रेमनिःसृतामाह –**

**અવતરણિકાર્થ :-**

**લોભનિઃસૃતભાષા કહેવાઈ. હવે પ્રેમનિઃસૃતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा पेम्मणिस्सिया खलु पेम्माविट्ठो कहेइ जं भासं ।**
**जह तुज्ज अहं दासो अहवा सव्वं पि तव्वयणं ।।४६।।**

**છાયા :-**

**सा प्रेमनिःसृता खलु प्रेमाविष्टः कथयति यां भाषाम् ।**
**यथा तवाहं दासोऽथवा सर्वमपि तद्वचनम् ।।४६।।**

**અન્વયાર્થ :-**

**पेम्माविट्ठो=પ્રેમથી આવિષ્ટ પુરુષ जं भासं कहेइ=જે ભાષા બોલે છે, सा=તે खलु=ખરેખર, पेम्मणिस्सिया= પ્રેમનિઃસૃત અસત્યભાષા છે. जह=જેમ, अहं तुज्ज दासो=હું તારો દાસ છું, अहवा=અથવા, सव्वं पि तव्वयणं=સર્વ પણ તેનું વચન=પ્રેમનિઃસૃતભાષા બોલનારનું વચન, અસત્યભાષા છે. ॥૪૬॥**

**ગાથાર્થ :-**

**પ્રેમથી આવિષ્ટ પુરુષ જે ભાષા બોલે છે તે ખરેખર પ્રેમનિઃસૃત અસત્યભાષા છે. જેમ હું તારો દાસ છું અથવા સર્વ પણ તેનું વચન=પ્રેમનિઃસૃતભાષા બોલનારનું વચન, અસત્યભાષા છે. ॥૪૬॥**

**ટીકા :-**

**स्पष्टा । नवरं 'तवाहं दास' इति स्नेहाकुलस्य प्रियतमस्य प्रियतमां प्रति वचनं, प्रेम च तीव्रतरमोहोदयजनितः परिणामविशेष इति ध्येयम् । शेषं स्पष्टम् ५ ।।४६।।**

**ટીકાર્થ :-**

**स्पष्टा ..... स्पष्टम् ५ ।। ગાથા સ્પષ્ટ છે. ફક્ત તારો હું દાસ છું એ પ્રમાણે સ્નેહથી આકુળ પ્રિયતમ પુરુષનું પ્રિયતમા પત્ની પ્રત્યે વચન છે જે અસત્યભાષારૂપ છે અને પ્રેમ તીવ્રતર મોહના ઉદયથી જનિત પરિણામવિશેષ છે એ પ્રમાણે જાણવું. શેષ સ્પષ્ટ છે. ॥૪૬॥**

**ભાવાર્થ :-**

**(૫) પ્રેમનિઃસૃત અસત્યભાષા :-**

કોઈ સાધુ ભાવથી સંયમના પરિણામવાળા હોય તેથી ગુપ્તિથી ગુપ્ત થઈને ભાષાસમિતિની મર્યાદાથી સંયમની વૃદ્ધિના પ્રયોજનથી સંવેગપૂર્વક બોલતા હોય છતાં કોક નિમિત્તને પામીને કોઈક શિષ્યાદિ પ્રત્યે સ્નેહનો પરિણામ થાય અને સ્નેહથી આકુળ થઈને કંઈક સત્યવચન પણ કહે કે ક્યારેક અસત્યવચન પણ કહે તે સર્વ વચન પ્રેમનિઃસૃતભાષા થવાથી અસત્યભાષારૂપ બને છે. તે પ્રેમ કામરાગ આદિરૂપ હોય તો તીવ્ર મોહોદયજનિત જીવનો પરિણામ વિશેષ છે. **॥૪૬॥**

**અવતરણિકા :-**

**उक्ता प्रेमनिःसृता । अथ द्वेषनिःसृतामाह –**

**અવતરણિકાર્થ :-**

પ્રેમનિઃસૃતભાષા કહેવાઈ. હવે દ્વેષનિઃસૃતભાષાને કહે છે –

**ગાથા :-**

सा दोसणिस्सिया खलु दोसाविट्ठो कहेइ जं भासं ।
जह न जिणो कयकिच्चो, अहवा सव्वं पि तव्वयणं ।।४७।।

**છાયા :-**

सा द्वेषनिःसृता खलु द्वेषाविष्टः कथयति यां भाषाम् ।
यथा न जिनः कृतकृत्योऽथवा सर्वमपि तद्वचनम् ।।४७।।

**અન્વયાર્થ :-**

दोसाविट्ठो=દ્વેષથી આવિષ્ટ પુરુષ, जं भासं=જે ભાષા, कहेइ=કહે છે, सा=તે, खलु=ખરેખર, दोसणिस्सिया=દ્વેષનિઃસૃત અસત્યભાષા છે. जह=જે પ્રમાણે, जिणो कयकिच्चो न=જિન કૃતકૃત્ય નથી, अहवा=અથવા, सव्वं पि तव्वयणं=સર્વ પણ તેનું વચન=દ્વેષાવિષ્ટ પુરુષનું વચન, મૃષાભાષા છે. ।।૪૭।।

**ગાથાર્થ :-**

**દ્વેષથી આવિષ્ટ પુરુષ જે ભાષા કહે છે તે ખરેખર દ્વેષનિઃસૃત અસત્યભાષા છે. જે પ્રમાણે જિન કૃતકૃત્ય નથી અથવા સર્વ પણ તેનું વચન=દ્વેષાવિષ્ટ પુરુષનું વચન, મૃષાભાષા છે. ।।૪૭।।**

**ટીકા :-**

स्पष्टा । नवरं 'न जिनः कृतकृत्य' इत्यभिनिविष्टपाखण्डिकस्य 'इन्द्रजालकल्पया विद्ययाऽतिशयेनैव वाऽयमैश्वर्यं दर्शयति न तु कर्मक्षयेण कृतार्थोऽयम्' इति भगवद्गुणमत्सरिणो वचनम्, द्वेषश्चात्र मात्सर्यं, क्रोधस्तु तदतिरिक्तोऽप्रीतिपरिणाम इति भेदः । शेषं प्राग्वत् ६ ।।४७।।

**ટીકાર્થ :-**

स्पष्टा ..... प्राग्वत् ६ ।। ટીકા સ્પષ્ટ છે. ફક્ત જિન કૃતકૃત્ય નથી એ પ્રકારે અભિનિવિષ્ટ પાખંડીનું વચન=ઇન્દ્રજાળકલ્પ વિદ્યા વડે અથવા અતિશયથી જ આ ઐશ્વર્યને બતાવે છે પરંતુ કર્મક્ષયથી આ કૃતાર્થ નથી એ પ્રકારે ભગવાનના ગુણોમાં મત્સરીનું વચન, અહીં=દ્વેષનિઃસૃતભાષામાં દ્વેષ માત્સર્ય છે. વળી ક્રોધ તેનાથી અતિરિક્ત છે=માત્સર્યથી ભિન્ન અપ્રીતિનો પરિણામ છે એ પ્રકારે ભેદ છે=દ્વેષ અને ક્રોધ વચ્ચે ભેદ છે. શેષ પૂર્વ જેમ=સર્વ પણ તેનું વચન અસત્ય છે એમ ગાથા ૪૨ની જેમ જાણવું. ।।૪૭।।

**ભાવાર્થ :-**

**(૬) દ્વેષનિઃસૃત અસત્યભાષા :-**

કોઈ અન્યદર્શનવાળા જિનના અતિશયને જોઈને મત્સરવાળા થઈને કહે કે ઇન્દ્રજાલરૂપ વિદ્યાથી અથવા તેવા પ્રકારની કોઈક અતિશય શક્તિથી લોકોને પોતાનું ઐશ્વર્ય બતાવે છે પરંતુ કર્મક્ષયથી કૃતાર્થ થયેલા નથી. આ પ્રમાણે ભગવાનના ગુણ પ્રત્યેના મત્સરથી કોઈક પોતાના ભક્તને કહે જેમ ગોશાળો વીર ભગવાન પ્રત્યેના મત્સરથી એ પ્રમાણે કહેતો હતો તે દ્વેષનિઃસૃત અસત્યભાષા છે.

વળી કોઈના પ્રત્યેના માત્સર્યને કારણે તેનું જેવું સ્વરૂપ હોય તેવું યથાર્થ સ્વરૂપ કોઈ કહે ત્યારે સ્થૂલથી સત્ય બોલાતી પણ તે ભાષા દ્વેષનિઃસૃત હોવાથી અસત્યભાષા છે. આથી જ માત્સર્યને વશ કોઈ સુસાધુ કોઈકને હીન દેખાડવા માટે તેની હીનતાનું સ્વરૂપ જેવું હોય તેવું સત્ય પણ કહે તોપણ તે દ્વેષનિઃસૃત અસત્યભાષા બને છે. ફક્ત વાગ્ગુપ્તિના અને ભાષાસમિતિના પરિણામથી નિયંત્રિત થઈને કોઈકના હિતના પ્રયોજનથી સાધુ બોલે તો જ તે સત્યભાષા બને. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**उक्ता द्वेषनिःसृता । अथ हास्यनिःसृतामाह –**

**અવતરણિકાર્થ :-**

**દ્વેષનિઃસૃતભાષા કહેવાઈ. હવે હાસ્યનિઃસૃતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा हासणिस्सिया खलु हासपरिणओ कहेइ जं भासं ।**
**जह पेच्छगहासट्ठा, दिट्ठे वि न दिट्ठमियवयणं ।।४८।।**

**છાયા :-**

**सा हास्यनिःसृता खलु हास्यपरिणतः कथयति यां भाषाम् ।**
**यथा प्रेक्षकहास्यार्थाय दृष्टेऽपि न दृष्टमिति वचनम् ।।४८।।**

**અન્વયાર્થ :-**

**हासपरिणओ=હાસ્યપરિણત પુરુષ, जं भासं=જે ભાષાને, कहेइ=કહે છે, सा=તે, खलु=ખરેખર, हासणिस्सिया=હાસ્યનિશ્રિત મૃષાભાષા છે. जह=જે પ્રમાણે, पेच्छगहासट्ठा=પ્રેક્ષકોના હાસ્ય માટે, दिट्ठे वि=સ્પષ્ટ પણ વસ્તુમાં, न दिट्ठं=જોવાયું નથી, इयवयणं=એ પ્રકારનું વચન=હાસ્યપરિણત પુરુષનું વચન, અસત્યભાષા છે. ।।૪૮।।**

**ગાથાર્થ :-**

**હાસ્યપરિણત પુરુષ જે ભાષા કહે છે તે ખરેખર હાસ્યનિશ્રિત મૃષાભાષા છે. જે પ્રમાણે**

**પ્રેક્ષકોના હાસ્ય માટે સ્પષ્ટ પણ વસ્તુમાં જોવાયું નથી એ પ્રકારનું વચન=હાસ્યપરિણત પુરુષનું વચન, અસત્યભાષા છે. ॥૪૮॥**

**ટીકા :-**

**खलु निश्चये, सा हास्यनिःसृता हास्यं नाम हास्यमोहोदयजनितः परिणामविशेषः, तत्र परिणतः=हास्यपरिणतः, यन्मृषां बाधितार्थं कथयेत्, यथा प्रेक्षकहास्यार्थं विलोकमानस्त्रीजन-मित्रादिहास्योत्पादनकृते, कान्दर्पिकाणां दृष्टेऽपि वस्तुनि न दृष्टमिति वचनं, तथावचन एव परस्य प्रवृत्तिनिवृत्त्या हासोत्पत्तेः ७ ।।४८।।**

**ટીકાર્થ :-**

**खलु ..... हासोत्पत्तेः ७ ।। ગાથામાં 'खलु' શબ્દ નિશ્ચય અર્થમાં છે અર્થાત્ નક્કી મૃષાભાષા છે એ બતાવવા અર્થે છે.**

તે હાસ્યનિઃસૃત ભાષામાં હાસ્ય શું છે ? તે કહે છે –

**હાસ્યમોહનીયના ઉદયથી જનિત પરિણામવિશેષ હાસ્ય છે. તેમાં પરિણત=હાસ્યમોહના ઉદયમાં પરિણત=હાસ્યપરિણત. જે મૃષાને=બાધિત અર્થને, કહે છે તે હાસ્યનિઃસૃત મૃષાભાષા છે એમ અન્વય છે.**

તેમાં 'यथा'થી દૃષ્ટાંત બતાવે છે –

**પ્રેક્ષકના હાસ્ય માટે=દેખાતા સ્ત્રીજન મિત્રાદિના હાસ્યના ઉત્પાદન માટે, કાંદર્પિકોની દૃષ્ટ પણ વસ્તુમાં જોવાયું નથી એ પ્રકારનું વચન તે હાસ્યનિઃસૃત મૃષા વચન છે એમ અન્વય છે; કેમ કે તેવા પ્રકારના વચનમાં જ=કાંદર્પિકના તેવા પ્રકારના વચનમાં જ, પરની=પૃચ્છા કરનાર પુરુષની, પ્રવૃત્તિની નિવૃત્તિ થવાથી=પોતાની વસ્તુની પ્રાપ્તિ અર્થે જે પ્રવૃત્તિ હતી તેની નિવૃત્તિ થવાથી, હાસ્યની ઉત્પત્તિ છે=પ્રેક્ષકોને હાસ્યની ઉત્પત્તિ છે. ॥૪૮॥**

**ભાવાર્થ :-**

**(૭) હાસ્યનિઃસૃત અસત્યભાષા :-**

કોઈ સાધુને કોઈક નિમિત્તે હાસ્યમોહનો ઉદય થાય ત્યારે તે મોહના ઉદયને વશ રમૂજ અર્થે અન્યોને હાસ્ય ઉત્પન્ન થાય તેવું વચન બોલે તે વચન ક્યારેક અસત્ય હોય ત્યારે તે ભાષા વ્યવહારથી પણ અસત્ય છે અને હાસ્યના પરિણામથી બોલાયેલી હોવાથી પરમાર્થથી પણ અસત્ય છે અને ક્યારેક હાસ્યમોહના ઉદયવાળા સાધુ વ્યવહારથી સત્ય પણ વચન તે પ્રકારે લહેકાથી બોલે જેથી શ્રોતાને હાસ્ય ઉત્પન્ન થાય તેવી ભાષા હાસ્યનિઃસૃત હોવાથી વ્યવહારથી સત્ય હોવા છતાં પણ પરમાર્થથી નક્કી મૃષાભાષા છે. **॥૪૮॥**

**અવતરણિકા :-**

उक्ता हास्यनिःसृता । अथ भयनिःसृतामाह –

**અવતરણિકાર્થ :-**

હાસ્યનિઃસૃતા કહેવાઈ. હવે ભયનિઃસૃતાને કહે છે –

**ગાથા :-**

**सा य भयणिस्सिया खलु, जं भासइ भयवसेण विवरीयं ।**
**जह णिवगहिओ चोरो नाहं चोरो त्ति भणइ नरो ।।४९।।**

**છાયા :-**

सा च भयनिःसृता खलु यां भाषते भयवशेन विपरीताम् ।
यथा नृपगृहीतश्चौरो नाहं चौर इति भणति नरः ।।४९।।

**અન્વયાર્થ :-**

य=અને, भयवसेण=ભયના વશથી, विवरीयं=વિપરીત, जं भासइ=જે બોલે છે सा=તે, खलु=ખરેખર, भयणिस्सिया=ભયનિઃસૃત મૃષાભાષા છે. जह=જે પ્રમાણે, णिवगहिओ चोरो नरो =રાજાથી ગૃહીત ચોર એવો પુરુષ, अहं चोरो न=હું ચોર નથી, त्ति=એ પ્રમાણે, भणइ=બોલે છે. ।।૪૯।।

**ગાથાર્થ :-**

ભયના વશથી વિપરીત જે બોલે છે તે ખરેખર ભયનિઃસૃત મૃષાભાષા છે. જે પ્રમાણે રાજાથી ગૃહીત ચોર એવો પુરુષ 'હું ચોર નથી' એ પ્રમાણે બોલે છે. ।।૪૯।।

**ટીકા :-**

**भाषामित्यस्याऽनिबद्धस्य ग्रहणात् यां भाषां, भयवशेन विपरीतां=असदर्थां, भाषते सा च खलु भयनिःसृता, यथा नृपगृहीतश्चौरो नरो 'नाहं चौर' इति भणति ८ ।।४९।।**

**ટીકાર્થ :-**

भाषामित्यस्य ..... भणति ८ ।। ભાષા એ પ્રમાણે આનું=ભાષાશબ્દનું, અનિબદ્ધનું=ગાથામાં અનિબદ્ધનું, ગ્રહણ હોવાને કારણે 'यां' શબ્દથી 'જે ભાષાને' ગ્રહણ કરવું. તેથી ભયના વશથી જે વિપરીત ભાષાને બોલે છે=અસદ્અર્થવાળી ભાષાને બોલે છે, તે નક્કી ભયનિઃસૃતભાષા છે. જે પ્રમાણે રાજાથી ગ્રહણ કરાયેલો ચોર એવો પુરુષ 'હું ચોર નથી' એમ કહે છે. ।।૪૯।।

**ભાવાર્થ :-**

**(૮) ભયનિઃસૃત અસત્યભાષા :-**

કોઈ સાધુ સંયમનાશના ભયથી સંયમની રક્ષા અર્થે અસત્યભાષા કહે તોપણ સંયમરક્ષાનો શુભ અધ્યવસાય હોવાથી તે ભાષા પરમાર્થથી અસત્યભાષા નથી પરંતુ લોકમાં પોતાના માનહાનિના ભયથી કે તેવા પ્રકારના કોઈ અન્યભયથી અસત્યભાષા કહે તો તે ભયનિશ્રિત મૃષાભાષા છે અને ઉપલક્ષણથી માનહાનિના ભયથી પોતાની વાસ્તવિક વિદ્વત્તા આદિને કહે તોપણ તે સત્યભાષા પરમાર્થથી અસત્યભાષા જ બને છે. ॥૪૯॥

**અવતરણિકા :-**

उक्ता भयनिःसृता । अथाख्यायिकानिःसृतामाह –

**અવતરણિકાર્થ :-**

ભયનિઃસૃતભાષા કહેવાઈ. હવે આખ્યાયિકાનિઃસૃતમૃષાભાષાને કહે છે –

**ગાથા :-**

**जा कूडकहाकेली, अक्खाइअणिस्सिया हवे एसा ।**
**जह भारहरामायणसत्थेऽसंबद्धवयणाणि ।।५०।।**

**છાયા :-**

या कूटकथाकेलिराख्यायिकानिःसृता भवेदेषा ।
यथा भारतरामायणशास्त्रेऽसम्बद्धवचनानि ।।५०।।

**અન્વયાર્થ :-**

जा=જે પ્રમાણે, कूडकहाकेली=કૂટકથાકેલી એવી, एसा=આ=ભાષા, अक्खाइअणिस्सिया=આખ્યાયિકા નિઃસૃત, हवे=થાય, जह=જે પ્રમાણે, भारहरामायणसत्थेऽसंबद्धवयणाणि=ભારત-રામાયણ શાસ્ત્રોમાં અસંબદ્ધ વચનો છે. ।।૫૦।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે કૂટકથાકેલી એવી આ=ભાષા, આખ્યાયિકા નિઃસૃત થાય જે પ્રમાણે ભારત-રામાયણ શાસ્ત્રોમાં અસંબદ્ધ વચનો છે. ।।૫૦।।**

**ટીકા :-**

**या कूटकथाकेलिरेषाऽऽख्यायिकानिःसृता भवेत्, यथा भारतरामायणशास्त्रेऽसम्बद्धवचनानि,**

**वेदादौ विध्यादिवचनानि तु परप्रतारणार्थं कालासुरादिकृतत्त्वेन मायानिःसृतायामन्तर्भवन्तीत्यवधेयम् ९ ।।५०।।**

**ટીકાર્થ :-**

**या ..... अवधेयम् ९ ।। જે કૂટકથાના રમૂજવાળી આ આખ્યાયિકાનિઃસૃતભાષા થાય તે આખ્યાયિકાનિઃસૃતમૃષાભાષા છે, જે પ્રમાણે ભારત-રામાયણ શાસ્ત્રોમાં અસંબદ્ધ વચનો છે. વળી વેદાદિમાં વિધિ આદિનાં વચનો=યજ્ઞ આદિની વિધિ વગેરેનાં વચનો, પરને ઠગવા માટે કાલાસુર આદિ કૃતપણું હોવાને કારણે માયાનિઃસૃતભાષામાં અંતર્ભાવ પામે છે એ પ્રમાણે જાણવું. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

**(૯) આખ્યાયિકાનિઃસૃત અસત્યભાષા :-**

જેમ કોઈ સાધુ કૂટકથા કરવાના પ્રીતિવાળા હોય તેઓ જિનવચનની મર્યાદાને સ્પર્શ્યા વગર કાંઈક અપૂર્વ કહેવાના આશયથી કથન કરે છે તે આખ્યાયિકાનિઃસૃતમૃષાભાષા છે. જેમ કેટલાક સાધુ કહે છે કે ભગવાનની પ્રતિમાની આ સિદ્ધમુદ્રા છે, તેને અલંકાર આદિ પહેરાવવાથી સિદ્ધમુદ્રાની વિકૃતિ થાય છે; માટે સિદ્ધાવસ્થાવાળા ભગવાનને આભૂષણ આદિ કે અભિષેક આદિ કરી શકાય નહિ. આ પ્રકારે કૂટકથા કરવામાં પ્રીતિવાળા જે સાધુઓ જિનવચનથી અસંબદ્ધ વચનો બોલે છે તે મહાભારત-રામાયણ શાસ્ત્રોમાં જે પ્રકારનાં અસંબદ્ધ વચનો છે તેના જેવાં અસંબદ્ધ વચનો હોવાથી મૃષાભાષારૂપ છે. આ પ્રકારની કથા કરવામાં કોઈક અપૂર્વ પદાર્થને લોક આગળ કહેવાની પરિણતિને કારણે આ પ્રકારનાં અસંબદ્ધ વચનો તેઓ કહે છે.

અહીં પ્રશ્ન થાય કે મહાભારત, રામાયણ આદિમાં જેમ અસંબદ્ધ વચનો છે તેમ વેદમાં પણ યજ્ઞવિષયક અસંબદ્ધ વચનો છે, જેનો અંતર્ભાવ આખ્યાયિકાનિઃસૃતઅસત્યભાષામાં થશે. તેના નિવારણ માટે કહે છે -

વેદમાં યજ્ઞવિષયક વિધિ આદિ વચનો પરને ઠગવા માટે કાલાસુર આદિ વડે કરાયાં છે. તેથી તેનો માયાનિઃસૃતભાષામાં અંતર્ભાવ થાય છે. જ્યારે વાસ્તવિક અવલોકન વગર અસંબદ્ધ વચનો જેઓ કહે છે તે આખ્યાયિકાનિઃસૃતમૃષાભાષારૂપ છે. **।।૫૦।।**

**અવતરણિકા :-**

**उक्ताऽऽख्यायिकानिःसृता । अथोपघातनिःसृतामाह –**

**અવતરણિકાર્થ :-**

**આખ્યાયિકા નિઃસૃતભાષા કહેવાઈ. હવે ઉપઘાતનિઃસૃત ભાષાને કહે છે –**

ગાથા :-

**जं उपघायपरिणओ भासइ वयणं अलीअमिह जीवो ।**
**उवघायणिस्सिआ सा, जहा अचोरे वि चोरो त्ति ।।५१।।**

છાયા :-

यदुपघातपरिणतो भाषते वचनमलीकमिह जीवः ।
उपघातनिःसृता सा यथाऽचौरेऽपि चौर इति ।।५१।।

**અન્વયાર્થ :-**

उपघायपरिणओ जीवो=ઉપઘાતપરિણત જીવ, इह=અહીં=જગતમાં, जं अलीअं वयणं भासइ=જે અલીક વચન=મૃષા વચન, બોલે છે, सा उवघायणिस्सिआ=તે ઉપઘાતનિઃસૃતમૃષાભાષા છે, जहा=જે પ્રમાણે, अचोरे वि=અચોરમાં પણ, चोरो त्ति=ચોર એ પ્રકારનું વચન. ।।૫૧।।

ગાથાર્થ :-

**ઉપઘાતપરિણત જીવ અહીં=જગતમાં, જે અલીક વચન=મૃષા વચન, બોલે છે તે ઉપઘાતનિઃસૃત-મૃષાભાષા છે. જે પ્રમાણે અચોરમાં પણ ચોર એ પ્રકારનું વચન. ।।૫૧।।**

**ટીકા :-**

**उपघातपरिणतः=पराशुभचिन्तनपरिणतः, इह=जगति जीवो यदलीकं=अनृतं, वचनं भाषते सा उपघातनिःसृता यथाऽचौरे 'चोर' इति, वचनमिति शेषः १० ।।५१।।**

**ટીકાર્થ :-**

उपघातपरिणतः ..... इति शेषः १० ।। **ઉપઘાતપરિણત=પરના અશુભના ચિંતનમાં પરિણત, જીવ અહીં=જગતમાં, જે અલીક=અસત્યવચન, બોલે છે તે ઉપઘાતનિઃસૃત અસત્યભાષા છે. જે પ્રમાણે અચોરમાં ચોર એ પ્રકારનું વચન. ગાથામાં વચન એ પ્રમાણે શબ્દ અધ્યાહાર છે એ બતાવવા માટે 'वचनमिति शेषः' એ પ્રમાણે કહેલ છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

**(૧૦) ઉપઘાતનિઃસૃત અસત્યભાષા :-**

કોઈક કષાયને વશ પરનું અશુભ કરવાના પરિણામથી પરિણત જીવ જે બોલે છે તે ઉપઘાતનિઃસૃત અસત્યભાષા છે. સામાન્યથી રાગથી. દ્વેષથી ક્રોધથી જે ભાષા બોલાય છે તે સર્વ ભાષામાં બીજાને ઉપઘાત કરવાનો પરિણામ ન પણ હોય તેથી તે તે કષાયવશ તે તે ભાષા અસત્ય બને છે. જ્યારે ઉપઘાતનિઃસૃતભાષામાં તો કોઈકનું અહિત કરવાનો અધ્યવસાય સાક્ષાત્ રહેલો હોય છે. સામાન્યથી સુસાધુ બીજાનું અહિત કરવાનો અધ્યવસાય ધરાવતા નથી છતાં કોઈક નિમિત્તથી કોઈક પ્રત્યે દ્વેષ થયો હોય ત્યારે તે જીવને અન્ય

લોકો આગળ ખરાબ બતાવવા અર્થે કોઈક ભાષા બોલે તો સાધુને પણ ઉપઘાતનિઃસૃતઅસત્યભાષાની પ્રાપ્તિ થાય છે.

અસત્યભાષાના પરિણામના પરમાર્થને જાણીને સંવૃતપરિણામવાળા સાધુ સર્વપ્રકારની અસત્યભાષાનો પરિહાર કરી શકે છે. **॥૫૧॥**

**અવતરણિકા :-**

उक्तोपघातनिःसृता । तदेवमुपदर्शिता दशाऽप्यसत्याभेदा इत्युपसंहरति –

**અવતરણિકાર્થ :-**

**ઉપઘાતનિઃસૃતભાષા કહેવાઈ. આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે દશે પણ અસત્યભાષાના ભેદો બતાવાયા એ પ્રકારે ઉપસંહાર કરે છે=અસત્યભાષાના કથનનું નિગમન કરે છે.**

**ગાથા :-**

**एवं दसहाऽसच्चा भासा उवदंसिया जहासुत्तं ।**
**एसा वि होइ सच्चा पसत्थपरिणामजोगेणं ।।५२।।**

**છાયા :-**

एवं दशधाऽसत्या भाषोपदर्शिता यथासूत्रम् ।
एषाऽपि भवति सत्या प्रशस्तपरिणामयोगेन ।।५२।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે, दसहा=દશ પ્રકારની, असच्चा भासा=અસત્યભાષા, जहासुत्तं=યથાસૂત્ર=શાસ્ત્રમર્યાદા અનુસાર, उवदंसिया=બતાવાઈ. एसा=આ=દશે પ્રકારની અસત્યભાષા, पसत्थपरिणामजोगेणं=પ્રશસ્ત પરિણામના યોગથી, सच्चा वि होइ=સત્ય પણ થાય છે=સત્યભાષારૂપે પણ થાય છે. ।।૫૨।।

**ગાથાર્થ :-**

**આ રીતે દશ પ્રકારની અસત્યભાષા યથાસૂત્ર=શાસ્ત્રમર્યાદા અનુસાર, બતાવાઈ. આ=દશે પ્રકારની અસત્યભાષા, પ્રશસ્ત પરિણામના યોગથી સત્ય પણ થાય છે=સત્યભાષારૂપે પણ થાય છે. ।।૫૨।।**

**ટીકા :-**

एवं=उक्तप्रकारेण, दशधा=दशभिः प्रकारैः, असत्या भाषा उपदर्शिता, कथं? यथासूत्रं=समयपरिभाषामनुल्लंघ्येत्यर्थः, दर्शनीयशेषमाह – एषा=उपदर्शिताऽसत्या, सत्याऽपि प्रशस्तपरिणाम-

**योगेन । तथाहि – प्रवचनप्रद्विष्टनृपादिकं प्रति लब्धिमतो महर्षेः-'न त्वं नृप' इत्यादिक्रोधनिःसृतं वचनं सत्यमेव, न चाऽत्र नृपपदस्य प्रशस्तनृपे लक्षणा, अन्यत्राऽपि तत्प्रसक्तेरित्येवमन्यत्राप्यूह्यम् ।।५२।।**

**ટીકાર્થ :-**

एवं ..... ऊह्यम् ।। **આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, દશ પ્રકારે અસત્યભાષા બતાવાઈ.**

કેવી રીતે બતાવાઈ ? એથી કહે છે –

**યથાસૂત્ર=શાસ્ત્રની પરિભાષાનું ઉલ્લંઘન કર્યા વગર, બતાવાઈ એમ અન્વય છે. દર્શનીય શેષને= અસત્યભાષાવિષયક કથન શેષને, કહે છે. આ બતાવાયેલી અસત્યભાષા પ્રશસ્તપરિણામના યોગથી સત્ય પણ થાય છે. તે આ પ્રમાણે –**

**ભગવાનના શાસન પ્રત્યે પ્રદ્વેષવાળા રાજા વગેરે પ્રત્યે લબ્ધિવાળા મહર્ષિની 'તું રાજા નથી' ઈત્યાદિ ક્રોધનિઃસૃત વચન સત્ય જ છે. અને અહીં નૃપપદની પ્રશસ્ત રાજામાં લક્ષણા નથી જેથી તે સત્યવચન છે તેમ કહી શકાય; કેમ કે અન્યત્ર પણ=અસત્યભાષા પ્રશસ્તપરિણામ વગર બોલાયેલી હોય છે તેમાં પણ, તેની પ્રસક્તિ છે=લક્ષણાની પ્રસક્તિ છે. એથી આ રીતે=મહર્ષિના ક્રોધનિઃસૃત અસત્ય વચનને સત્ય કહ્યું એ રીતે, અન્યત્ર પણ ઊહ કરવો. ।।૫૨।।**

**ભાવાર્થ :-**

**હિતાર્થે પ્રયોજાયેલ અસત્યભાષા પરમાર્થથી સત્યભાષા :-**

દશ પ્રકારની અસત્યભાષાનું ગાથાના પૂર્વાર્ધથી નિગમન કરે છે અને ગાથાના ઉત્તરાર્ધથી તે દશ પ્રકારની ભાષાવિષયક કથનીયશેષને કહે છે –

કોઈ મહાત્મા યોગ્ય જીવોના હિતના અર્થે કે પ્રવચનના અનર્થના નિવારણ અર્થે પૂર્વમાં કહેલી દશ અસત્યભાષામાંથી કોઈ ભાષા કહે તો તે ભાષા સત્ય પણ બને છે; કેમ કે સામે વ્યક્તિના હિતાર્થે કે અન્ય કોઈ યોગ્ય જીવના હિતાર્થે તે ભાષા બોલાયેલી છે. જેમ કોઈક રીતે પ્રવચન પ્રત્યે દ્વેષને પામેલા રાજાદિને તેના પ્રતિબોધ અર્થે કે તેનાથી થતા યોગ્ય જીવના અનર્થના નિવારણ અર્થે કોઈ લબ્ધિવાળા સાધુ કહે કે 'તું રાજા નથી' એ વચનમાં તે રાજાના અનુચિત વચન પ્રત્યે દ્વેષથી યુક્ત અસત્યવચન કહેવાયું છે, છતાં તેના ફળરૂપે તે રાજાનું હિત થાય તેમ હોય કે રાજાકૃત સુસાધુ આદિને થતા અનર્થોનું નિવારણ થતું હોય તો કહેનાર મહર્ષિનો પ્રશસ્ત પરિણામ હોવાથી કર્મબંધ થતો નથી, પરંતુ અહિતના નિવારણનો શુભ અધ્યવસાય વર્તે છે તેથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે માટે સ્વરૂપથી અસત્યભાષા પણ ફળથી સત્યભાષા છે.

અહીં કોઈ કહે કે 'તું રાજા નથી' એ વચનપ્રયોગમાં રાજા શબ્દ પ્રશસ્ત રાજામાં લક્ષણાને કહેનાર છે. તેથી 'તું રાજા નથી' એ વચન સત્યવચન છે. તેને ગ્રંથકારશ્રી કહે છે એમ ન કહેવું; કેમ કે લક્ષણાના

પ્રયોજનના અસ્થાનમાં લક્ષણા કરવામાં આવે તો સર્વત્ર અસત્યભાષામાં પણ લક્ષણા કરવાનો પ્રસંગ આવે. વસ્તુતઃ રાજાને જ 'તું રાજા નથી' એ પ્રકારના પ્રયોજનથી જ મહાત્માએ તે વચનપ્રયોગ કર્યો છે અને લોકમાં તે રાજારૂપે પ્રસિદ્ધ છે માટે તેને રાજા નથી તેમ કહેવાય નહિ, તોપણ તેને સુધારવાના પ્રયોજનથી કે તેનાથી થતા અનર્થને નિવારવાના પ્રયોજનથી રાજાને તે શબ્દો આકરા લાગે તેવા જ આશયથી તે વચનો કહેવાયાં છે. એ રીતે સર્વસ્થાનોમાં અસત્ય બોલાયેલી ભાષા પ્રશસ્તપરિણામથી સત્ય બને છે તેમ યોજન કરવું. આથી જ ક્યારેક સામી વ્યક્તિનો કાંઈક ઉપઘાત થાય તેમ છે એ પ્રકારે બોલાયેલી ભાષા તેના હિતની સંભાવના હોય તો તે સત્યભાષા બને છે. જેમ યોગ્ય શિષ્ય પણ કંઈક વક્રતાના કારણે અન્યથા પ્રવૃત્તિ કરે ત્યારે શિષ્યના હિતના અર્થી ગુરુ તેના ચિત્તને ઉપઘાત થાય તેવાં કઠોર વચન કહે તોપણ ફળથી હિતનું કારણ હોવાથી સત્યભાષા બને છે. **॥૫૨॥**

**અવતરણિકા :-**

**नन्वयं कारणभेदकृतः कार्यविभागः, कारणानि च करणाऽपाटवादीन्यतिरिच्यन्तेऽपि अन्तर्भवन्ति च रागद्वेषमोहेष्वपीत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**આ કાર્યવિભાગ=અસત્યભાષાનો કાર્યવિભાગ, કારણભેદકૃત છે=ક્રોધાદિ અસત્યભાષા બોલવાનાં કારણોના ભેદકૃત છે અને કારણો=અસત્યભાષા બોલવાનાં કારણો, કરણઅપાટવાદિ અધિક પણ છે અને રાગ, દ્વેષ, મોહમાં અંતર્ભાવ પામે છે=કરણઅપાટવાદિ રાગ, દ્વેષ, મોહમાં અંતર્ભાવ પામે છે. એથી ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં મૃષાભાષાનો જે વિભાગ બતાવ્યો એ ક્રોધાદિ કષાયના કારણભેદ કૃત હતો. ક્રોધથી, માનથી કે અન્ય અન્ય કષાયોથી બોલાયેલી સર્વ પ્રકારની ભાષાઓનો વિભાગ દશમાં સંગ્રહ કરેલો છે તેથી કષાયોના કારણને વશ જ જે કોઈ ભાષા બોલાઈ હોય તે ભાષા તે તે ક્રોધાદિ ભેદમાં સંગૃહીત થાય છે.

વળી મૃષાભાષાના બોલવાનાં કારણો કરણની અપટુતા આદિ અન્ય પણ છે અર્થાત્ કરણની અપટુતા, બોધની અપટુતા, અજ્ઞાન કે અન્ય પણ કોઈક કારણે મૃષાભાષા થાય છે તેથી તે સર્વ કારણોની અપેક્ષાએ વિભાગ કરીએ તો મૃષાભાષાના દશથી અધિક ભેદો થઈ શકે છે.

વળી કરણઅપટુતા આદિ મૃષાભાષાનાં કારણો રાગ, દ્વેષ, મોહમાં અંતર્ભાવ થાય છે તેમ સ્વીકારીએ તો જે દશ પ્રકારની મૃષાભાષા કહી તે સર્વ કષાયકૃત ભાષાનો વિભાગ રાગ, દ્વેષ, મોહમાં અંતર્ભાવ પામે છે. છતાં દશ પ્રકારનો વિભાગ ગ્રંથકારશ્રીએ કેમ કર્યો છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અહીં વિશેષ એ છે જેઓ પાસે કરણની અપટુતા છે, કોઈક સ્થાને પદાર્થનું અજ્ઞાન છે કે કોઈ અન્ય

કારણે અસત્યભાષા થવાનો પ્રસંગ છે તેવા મહાત્માઓ મૃષાવાદના પરિહાર અર્થે ક્યારેય બોલતા નથી. આથી વચનગુપ્તિની પરિણતિવાળા અને ભાષાસમિતિના અર્થી સાધુ ગીતાર્થ ગુરુ સિવાય અન્ય સાથે કોઈ આલાપ-સંલાપ પણ કરતા નથી કે જેથી મૃષાભાષાનો સંભવ થાય. ક્યારેક અનાભોગ આદિથી કરણ-અપટુતા આદિને કારણે મૃષાભાષા થાય ત્યારે જિનવચનનું અનિયંત્રણ હોવાને કારણે રાગ, દ્વેષ કે મોહમાંથી કોઈક પરિણતિને વશ મહાત્માથી તેવો પ્રયોગ થાય છે, તેથી કરણ અપટુતા કે અજ્ઞાન આદિ મૃષાભાષાનાં કારણો રાગાદિ પરિણામમાં અંતર્ભાવ પામે છે.

**ગાથા :-**

**रागेण व दोसेण व मोहेण व भासई मुसं भासं ।**
**तहवि दसहा विभागो अणाइणिद्देससंसिद्धो ।।५३।।**

**છાયા :-**

**रागेण वा द्वेषेण वा मोहेन वा भाषते मृषां भाषाम् ।**
**तथाऽपि दशधा विभागोऽनादिनिर्देशसंसिद्धः ।।५३।।**

**અન્વયાર્થ :-**

रागेण व=રાગથી, दोसेण व=અથવા દ્વેષથી, मोहेण व=અથવા મોહથી मुसं भासं भासई=મૃષાભાષાને બોલે છે=વચનપ્રયોગ કરનાર મૃષાભાષાને બોલે છે, तहवि=તોપણ, अणाइणिद्देससंसिद्धो=અનાદિ-નિર્દેશસંસિદ્ધ, दसहा=દશ પ્રકારનો, विभागो=વિભાગ છે. ।।૫૩।।

**ગાથાર્થ :-**

**રાગથી અથવા દ્વેષથી અથવા મોહથી મૃષાભાષાને બોલે છે=વચનપ્રયોગ કરનાર મૃષાભાષાને બોલે છે, તોપણ અનાદિનિર્દેશસંસિદ્ધ દશ પ્રકારનો વિભાગ છે. ।।૫૩।।**

**ટીકા :-**

**रागेण वा द्वेषेण वा मोहेन वा भाषते मृषां भाषाम् । यदुक्तम्–**

"रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।
यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ।।" ( ) **इति ।**

**इदं चावधारणमितरासाधारणकारणनिषेधार्थम्, क्रोधभयादिकषायनोकषायाणां द्वेषे, माया-हास्यादिकषायनोकषायाणां च रागे एवान्तर्भावात्, पराभिमतानां भ्रमप्रमादविप्रलिप्साकरणा-पाटवहेतूनामपि मध्ये, अतस्मिंस्तदध्यवसायरूपस्य भ्रमस्य, चित्तानवधानतारूपप्रमादस्य, इन्द्रिया-**

ऽसामर्थ्यरूपकरणाऽपाटवस्य च फलतो मोहे विप्रलिप्यायाश्च द्वेष एवान्तर्भावात्, यद्येवं तर्हि त्रिधैव विभागः क्रियतामत आह- तथापि दशधा विभागोऽनादिनिर्देशसंसिद्धः । अयं भावः – संग्रहाभिप्रायेण त्रिधाविभागसंक्षेपेऽप्यनतिविस्तरसंक्षेपरुचिनयाभिप्रायसिद्धोऽनादिर्दशधा विभागः यथाप्रयोगमेव प्रयोगार्हः, तथैव व्यवहारसिद्धेरिति ।।५३।।

**ટીકાર્થ :-**

रागेण ..... व्यवहारसिद्धेरिति ।। **રાગથી દ્વેષથી અથવા મોહથી મૃષાભાષાને બોલે છે=વચનપ્રયોગ કરનાર પુરુષ બોલે છે. જે કારણથી કહેવાય છે –**

"રાગથી, દ્વેષથી કે મોહથી=અજ્ઞાનથી, મૃષાવાક્ય બોલાય છે. જેને આ દોષો નથી=જેને રાગ, દ્વેષ કે અજ્ઞાનરૂપ દોષો નથી તેને મૃષાભાષાનું કારણ શું થાય ? અર્થાત્ કેવલી ક્યારેય મૃષાભાષા કહે નહિ." ()

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**અને આ=રાગ, દ્વેષ અને મોહથી અનૃતવાક્ય બોલાય છે એ, અવધારણ ઇતર અસાધારણ કારણના નિષેધાર્થ છે અર્થાત્ મૃષાભાષાનાં આ ત્રણથી અન્ય કોઈ અસાધારણ કારણ નથી એ બતાવવા માટે છે; કેમ કે ક્રોધ-ભય આદિ કષાય-નોકષાયોનો દ્વેષમાં અંતર્ભાવ છે, માયા-હાસ્યાદિ કષાય-નોકષાયોનો રાગમાં અંતર્ભાવ છે. અને પર અભિમત=અન્યદર્શનને અભિમત, ભ્રમ, પ્રમાદ, વિપ્રલિપ્સા, કરણ અપટુ આદિ હેતુઓના પણ મધ્યમાં અતસ્મિન્ તદ્ અધ્યવસાયરૂપ ભ્રમનું ફળથી મોહમાં, ચિત્તના અનવધાનતારૂપ પ્રમાદનો ફળથી મોહમાં, અને ઇન્દ્રિયના અસામર્થ્યરૂપ કરણ અપાટવનો ફળથી મોહમાં અને બીજાને ઠગવાની ઇચ્છાનો દ્વેષમાં જ અંતર્ભાવ છે.**

**જો આમ છે=રાગ, દ્વેષ અને મોહમાં કરણ અપાટવાદિ હેતુઓનો અંતર્ભાવ છે એમ છે, તો ત્રણ પ્રકારનો જ વિભાગ કરાવો=અસત્યભાષા કારણને આશ્રયીને રાગ, દ્વેષ, મોહરૂપ ત્રણ કારણોથી જ થાય છે એ પ્રકારનો વિભાગ કરાવો. એથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

**તો પણ અનાદિનિર્દેશથી સંસિદ્ધ દશધા વિભાગ છે. આ ભાવ છે=ગાથાના ઉત્તરાર્ધનો આ ભાવ છે – સંગ્રહ અભિપ્રાયથી ત્રણ પ્રકારના વિભાગના સંક્ષેપમાં પણ અનતિવિસ્તર સંક્ષેપરુચિ એવા નય અભિપ્રાયસિદ્ધ અનાદિ દશ પ્રકારનો વિભાગ છે=દશ પ્રકારની મૃષાભાષાનો વિભાગ છે.**

કેમ દશ પ્રકારનો વિભાગ છે ? એથી કહે છે –

**જે પ્રકારનો પ્રયોગ જ છે=જે પ્રકારના ક્રોધાદિ ભાવોથી મૃષાભાષાનો પ્રયોગ જ છે, તે પ્રયોગ યોગ્ય છે=તે રીતે ભાષાને કહેવા માટે યોગ્ય છે; કેમ કે તે પ્રકારે જ વ્યવહારની સિદ્ધિ છે=ક્રોધનિઃસૃત, મૃષાભાષા છે, માનનિઃસૃતમૃષાભાષા છે, તે પ્રકારે જ વ્યવહારની સિદ્ધિ છે. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

**વચનપ્રયોગ કરનાર રાગથી કે દ્વેષથી કે મોહથી મૃષાભાષાને બોલે છે તોપણ અનાદિનિર્દેશ-સંસિદ્ધ દશ પ્રકારનો વિભાગ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે ક્રોધાદિ કારણના ભેદથી મૃષાભાષારૂપ કાર્યનો વિભાગ ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ દશ ભેદો મૃષાભાષાના બતાવ્યા. પરંતુ જેમ ક્રોધાદિ મૃષાભાષાનાં કારણો છે તેમ ભ્રમ, પ્રમાદ બીજાને ઠગવાની ઇચ્છા, કરણની અપટુતા પણ મૃષાભાષાનાં કારણો છે એમ અન્યદર્શનકારો માને છે. તેથી તેને આશ્રયીને પણ મૃષાભાષાના ભેદો સ્વીકારવા જોઈએ. જો આમ સ્વીકારીએ તો મૃષાભાષાના ક્રોધાદિકૃત દશ વિભાગો છે તેમ કહી શકાય નહિ. તેનો ઉત્તર આપતાં ગાથામાં ગ્રંથકારશ્રી કહે છે –

મૃષાભાષાનાં ત્રણ કારણો છે – રાગ, દ્વેષ અને મોહ=જ્ઞાનનો અભાવ, આ ત્રણ કારણથી અતિરિક્ત મૃષાભાષાનું કારણ કોઈ નથી. આથી જ કહેવાયું છે કે વીતરાગ સર્વજ્ઞ એવા તીર્થંકરો કેવળજ્ઞાન પછી જે માર્ગ બતાવે છે તે વખતે વીતરાગ હોવાથી રાગ, દ્વેષ નથી અને જ્ઞાનાવરણીયનો ક્ષય થયેલો હોવાથી મોહ નથી તેથી તેમનું વચન લેશ પણ મૃષા બને નહિ અને એ રીતે જ ભગવાનના વચનને પરતન્ત્ર જે સાધુ બોલે છે તેઓ વીતરાગ નહિ હોવા છતાં રાગાદિના ઉન્મૂલનનો યત્ન કરનારા હોવાથી વચનપ્રયોગકાળમાં રાગથી કે દ્વેષથી બોલતા નથી અને સર્વજ્ઞના વચનથી નિર્ણીત વસ્તુ જ બોલે છે માટે અજ્ઞાનથી પણ બોલતા નથી તેથી તેમનું વચન મૃષા સંભવે નહિ અને ક્રોધ, ભય આદિ દશ પ્રકારો જે પૂર્વમાં બતાવ્યા તે સર્વ રાગ-દ્વેષમાં અંતર્ભાવ પામે છે અને પરદર્શનને અભિમત ભ્રમ, પ્રમાદ, કરણની અપટુતા=ઇન્દ્રિયનું અસામર્થ્ય મોહમાં જ અંતર્ભાવ પામે છે અર્થાત્ અજ્ઞાનમાં જ અંતર્ભાવ પામે છે; કેમ કે ભ્રમ અજ્ઞાનને કારણે થાય છે અને ચિત્તના અનુપયોગરૂપ પ્રમાદ પણ અજ્ઞાનને કારણે થાય છે અને ઇન્દ્રિયોની અપટુતાને કારણે જે વિપરીત બોધ થાય છે તે અજ્ઞાનને કારણે થાય છે અને બીજાને ઠગવાનો પરિણામ દ્વેષમાં અંતર્ભાવ પામે છે, તેથી પૂર્વમાં વર્ણન કરાયેલા ક્રોધાદિને આશ્રયીને દશ ભેદો અને અન્યદર્શનને અભિમત ભ્રમાદિને કારણે થતા મૃષાભાષાના ભેદો પરમાર્થથી રાગ, દ્વેષ અને મોહમાં જ અંતર્ભાવ પામે છે તેથી પરમાર્થથી મૃષાભાષાનાં કારણોના ભેદથી મૃષાભાષાનો ભેદ કરવામાં આવે તો મૃષાભાષા ત્રણ પ્રકારે જ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે જો મૃષાભાષાના કારણને આશ્રયીને ત્રણ જ ભેદો હોય તો પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કારણોને આશ્રયીને દશ ભેદો કેમ બતાવ્યા ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે –

અનાદિ નિર્દેશથી સંસિદ્ધ મૃષાભાષાના દશ ભેદોનો વિભાગ છે.

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

સંગ્રહનયના અભિપ્રાયથી મૃષાભાષાનો સંગ્રહ ત્રણ ભેદોથી જ થાય છે.

વળી અતિવિસ્તાર નહિ અને અતિસંક્ષેપ નહિ એ પ્રકારના પદાર્થને જોનાર જે દૃષ્ટિ તે દૃષ્ટિરૂપ નયના

અભિપ્રાયથી અનાદિ કાળથી પૂર્વમાં વર્ણન કરાયેલ દશ પ્રકારનો વિભાગ છે; કેમ કે અતિસંક્ષેપ નહિ અને અતિવિસ્તાર નહિ તે દૃષ્ટિથી વિચાર કરનારને જે પ્રકારનો પ્રયોગ થાય છે તે પ્રમાણે જ તે ભાષાના વિભાગને સ્વીકારે છે. જેમ કોઈ ક્રોધથી બોલતું હોય, કોઈ માનથી બોલતું હોય, કોઈ ઉપઘાતના પરિણામથી બોલતું હોય, તે પ્રકારના તેના પ્રયોગને આશ્રયીને તે મૃષાભાષાનો ભેદ કરે છે; કેમ કે તે પ્રકારે જ વિભાગ કરવાથી વ્યવહારની સિદ્ધિ થાય છે અર્થાત્ લોકવ્યવહારમાં પ્રતીતિ થાય છે કે આ ક્રોધથી મૃષા બોલે છે, આ માનથી મૃષા બોલે છે કે આ અન્યને ઉપઘાત કરવાના આશયથી મૃષા બોલે છે ઇત્યાદિ વ્યવહારની સિદ્ધિ થાય છે. જ્યારે બોલાયેલા વચનને આશ્રયીને વિભાગ કરવામાં આવે તો જેમ સ્થાપનાસત્ય આદિ ભાષાના વિભાગો છે તે વિભાગો અનુસાર સ્થાપનાઅસત્ય આદિ મૃષાભાષાના ભેદો પ્રાપ્ત થાય. જેમ જિનપ્રતિમાને જિન કહેવાથી સ્થાપનાસત્યભાષા છે તેના બદલે જિનપ્રતિમાને જ આ ઇન્દ્ર છે ઇત્યાદિ અન્યરૂપે કહેવામાં આવે તો તો વચનપ્રયોગને આશ્રયીને મૃષાભાષા બને છતાં તે સર્વ મૃષાભાષાનો અંતર્ભાવ રાગ, દ્વેષ અને મોહમાં જ થાય છે, માટે મૃષાભાષાના પરિહારના અર્થી સાધુએ રાગાદિ આકુળતા વગર અને વીતરાગના વચનમાં મોહ ધારણ કર્યા વગર ભાષાસમિતિની અને વચનગુપ્તિની વૃદ્ધિ થાય તે રીતે જ બોલવું જોઈએ. એ પ્રકારનો પરમાર્થ છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

**भङ्ग्यन्तरेण चतुर्द्धाऽपि मृषाभाषाविभागमाह –**

**અવતરણિકાર્થ :-**

**ભંગ્યન્તરથી ચાર પ્રકારની પણ મૃષાભાષાના વિભાગને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કારણના ભેદકૃત કાર્યરૂપ મૃષાભાષાનો ભેદ સ્વીકારીને મૃષાભાષાના દશ પ્રકાર અથવા ત્રણ પ્રકાર બતાવ્યા. હવે વચનપ્રયોગને આશ્રયીને મૃષાભાષાના ચાર પ્રકારના ભેદોને બતાવે છે –

**ગાથા :-**

**सब्भावस्स णिसेहोऽसब्भूयुब्भावणं च अत्थम्मि ।**
**अत्थंतरं च गरहा, इय चउहा वा मुसा भासा ।।५४।।**

**છાયા :-**

**सद्भावस्य निषेधोऽसद्भूतोद्भावनं चार्थे ।**
**अर्थान्तरं च गर्हा इति चतुर्धा वा मृषाभाषा ।।५४।।**

**અન્વયાર્થ :-**

**सब्भावस्स णिसेहोऽसब्भूयुब्भावणं च अत्थम्मि अत्थंतरं च गरहा, इय चउहा वा मुसा भासा=અથવા**

સદ્ભાવનો નિષેધ, અર્થમાં=પદાર્થમાં, અસદ્ભૂતનું ઉદ્ભાવન, અર્થાન્તર અને ગર્હા આ ચાર પ્રકારની મૃષાભાષા છે. ।।૫૪।।

**ગાથાર્થ :-**

**અથવા સદ્ભાવનો નિષેધ, અર્થમાં=પદાર્થમાં, અસદ્ભૂતનું ઉદ્ભાવન, અર્થાન્તર અને ગર્હા આ ચાર પ્રકારની મૃષાભાષા છે. ।।૫૪।।**

**ટીકા :-**

**सद्भावस्य निषेधः=धर्मिमात्रे नास्तिप्रतिपादनम्, यथा-नास्ति जीवः, नास्ति पुण्यं, नास्ति पापमित्यादि १। असद्भूतोद्भावनम्=अभ्युपगते धर्मिणि विरुद्धधर्मप्रतिपादनम्, धर्म्यभ्युपगम-दर्शनायैवार्थ इति पदम् । यथा-'अस्ति जीवः परं अणुपरिमाणो व्यापको वा' इत्यादि २ । अर्थान्तरं नाम 'अन्यत्र वस्तुनि अन्यशब्दप्रयोगो यथा गव्यश्वशब्दाभिधानम् ३ । च=पुनः, गर्हा=निन्दाभिप्रायेण नीचत्वव्यञ्जकाणां सतामप्यशोभनधर्माणामभिधानम्, यथा काणोऽयं, बधिरोऽयमित्यादिः ४ । इति=अमुना प्रकारेण, चतुर्धा वा मृषा भाषा, इत्थं च यथायोगं विभागान्तरमपि विभावनीयम् ।।५४।।**

**ટીકાર્થ :-**

सद्भावस्य ..... विभावनीयम् ।। સદ્ભાવનો નિષેધ=ધર્મિમાત્રમાં નાસ્તિનું પ્રતિપાદન અર્થાત્ ધર્મીમાત્રનો સર્વથા અપલાપ જે પ્રમાણે જીવ નથી, પુણ્ય નથી, પાપ નથી ઈત્યાદિ પ્રયોગો. અસદ્ભૂતનું ઉદ્ભાવન=સ્વીકારાયેલા ધર્મીમાં વિરુદ્ધ ધર્મનું પ્રતિપાદન, ધર્મીનો સ્વીકાર બતાવવા માટે 'अर्थे' એ પ્રકારનું પદ છે=ગાથામાં 'अत्थम्मि' એ પદ છે. જે પ્રમાણે જીવ છે પરંતુ અણુપરિમાણવાળો છે અથવા વ્યાપક છે=સર્વત્ર વ્યાપક છે ઈત્યાદિ પ્રયોગ. અર્થાન્તર=અન્ય વસ્તુમાં અન્ય શબ્દનો પ્રયોગ, જે પ્રમાણે ગાયમાં અશ્વ શબ્દનું કથન. વળી ગર્હા=નિંદાના અભિપ્રાયથી નીચપણાનું વ્યંજક સત્ય પણ અશોભન ધર્મનું કથન. જે પ્રમાણે આ કાણો છે આ બહેરો છે ઈત્યાદિ પ્રયોગ. એ પ્રકારથી ચાર પ્રકારની મૃષાભાષા છે. 'वा'=પ્રકારાંતરે, અને આ રીતે=અત્યાર સુધી મૃષાભાષાના ચાર ભેદો બતાવ્યા એ રીતે, યથાયોગ્ય વિભાગાન્તર પણ વિભાવન કરવો. ।।૫૪।।

**ભાવાર્થ :-**

**પ્રકારાંતરે ચાર પ્રકારની મૃષાભાષા :-**

પૂર્વમાં દશ પ્રકારની મૃષાભાષા અને ત્રણ પ્રકારની મૃષાભાષા કઈ અપેક્ષાએ છે ? તે બતાવી. હવે ગાથાના 'वा'કાર દ્વારા મૃષાભાષાનો ભાષાને આશ્રયીને અન્ય વિકલ્પ બતાવે છે અને તે પ્રકારે મૃષાભાષાના ચાર ભેદો પ્રાપ્ત થાય છે.

**(૧) સદ્ભૂત પદાર્થનો નિષેધ :-**

જેમ કોઈ જગતમાં વિદ્યમાન વસ્તુનો નિષેધ કરે ત્યારે તે બોલાયેલી ભાષા વચનપ્રયોગને આશ્રયીને મૃષાભાષા છે અને તે ભાષામાં ધર્મીરૂપ વસ્તુમાત્રમાં નાસ્તિનું પ્રતિપાદન કરાય છે. જેમ જગતમાં જીવ છે, પુણ્ય છે, પાપ છે, છતાં મંદબુદ્ધિવાળા કે વિપર્યાસબુદ્ધિવાળા કહે છે કે જીવ નથી, પુણ્ય નથી, પાપ નથી, એ પ્રકારના વચનપ્રયોગો સદ્ભાવરૂપ વસ્તુના નિષેધ પર હોવાથી મૃષાભાષારૂપ છે.

**(૨) અર્થમાં અસદ્ભૂત પદાર્થનું ઉદ્ભાવન :-**

વળી કેટલાક દર્શનકારો જીવને સ્વીકારે છે પરંતુ તેને અણુપરિમાણવાળો માને છે તો કેટલાક દર્શનકારો તેને વ્યાપક માને છે, તેઓ જીવરૂપ અર્થમાં અસદ્ભૂત અર્થનું ઉદ્ભાવન કરે છે, આથી જ સ્વમતિકલ્પના અનુસાર જીવરૂપ વસ્તુ જે સ્વરૂપે નથી તે સ્વરૂપે જીવને પ્રતિપાદન કરે છે. આ પ્રકારનો વચનપ્રયોગ અર્થમાં અસદ્ભૂતના ઉદ્ભાવનરૂપ મૃષાભાષા છે.

**(૩) અર્થાંતરનું સ્થાપન :-**

અર્થાન્તરરૂપ ત્રીજો ભેદ છે. જેમ અન્ય વસ્તુમાં અન્ય શબ્દનો પ્રયોગ કરાય તે અર્થાન્તરરૂપ મૃષાભાષા છે. જેમ ગાયને અશ્વ કહેવામાં આવે આ પ્રકારનો પ્રયોગ ભ્રમાદિને કારણે થાય તે પણ મૃષાભાષા જ છે. આથી જ સુસાધુ દૂર જતી ગાયને જોઈને તેને આશ્રયીને કોઈ વચનપ્રયોગ કરવાનું પ્રયોજન હોય ત્યારે આ ગોજાતીય છે તેવો ઉલ્લેખ કરે છે જેથી બળદમાં ગાયનો પ્રયોગ ન થાય. જો આ પ્રકારની ઉચિત યતના ન કરે તો મૃષાભાષાના પરિહાર પ્રત્યેનો ઉપેક્ષાભાવ વર્તે છે તેથી કર્મબંધની પ્રાપ્તિ થાય.

**(૪) નિંદાકારી વચનપ્રયોગ :-**

વળી સત્ય પણ વચન ગર્હાના અભિપ્રાયથી કહેવામાં આવે તો તે મૃષાભાષારૂપ છે. જેમ કાણાને આ કાણો છે એમ કહેવામાં આવે ત્યારે તે સત્યવચન તેના નીચપણાનો અભિવ્યંજક હોવાથી અસત્યરૂપ છે.

આ પ્રકારે વચનપ્રયોગને આશ્રયીને ચાર પ્રકારની મૃષાભાષા ગ્રંથકારશ્રીએ બતાવી એ રીતે યથાયોગ્ય અન્ય રીતે વચનપ્રયોગને આશ્રયીને સર્વ મૃષાભાષાનો સંગ્રહ થાય તે રીતે વિચારણા કરવી જોઈએ, તેથી સર્વ પ્રકારની મૃષાભાષાનો બોધ થાય, જેના બળથી સાધુ ભાષાસમિતિના અને વચનગુપ્તિના પાલનમાં યત્ન કરવા અર્થે સર્વ પ્રકારના મૃષાભાવોને સ્મૃતિમાં રાખીને તે પ્રકારે વચનપ્રયોગ કરે કે જેથી કોઈ પણ પ્રકારે બોલાયેલું વચન ભાષાસમિતિનું અને વચનગુપ્તિનું વ્યાઘાતક બને નહિ. **॥૫૪॥**

**અવતરણિકા :-**

**अथ मृषाभाषानिरूपणस्य सिद्धत्वं सत्यामृषानिरूपणप्रतिज्ञां चाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે મૃષાભાષાના નિરૂપણનાં સિદ્ધપણાને અને સત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞાને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૫માં કહેલ કે દ્રવ્યભાષામાં ચાર પ્રકારની ભાષા છે. ત્યારપછી તે ચાર ભાષામાંથી સત્યભાષાનું અને અસત્યભાષાનું નિરૂપણ અત્યાર સુધી કર્યું. હવે અસત્યભાષાના નિરૂપણના નિગમનને અને સત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞાને બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**एवमसच्चा भाषा, निरूविया पवयणस्स नीईए ।**
**सच्चामोसं भासं, अओ परं कित्तइस्सामि ।।५५।।**

**છાયા :-**

**एवमसत्या भाषा निरूपिता प्रवचनस्य नीत्या ।**
**सत्यामृषां भाषामतः परं कीर्तयिष्यामि ।।५५।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=અત્યાર સુધી નિરૂપણ કર્યું એ રીતે, पवयणस्स नीईए=પ્રવચનની નીતિથી, असच्चा भाषा=અસત્યભાષા, निरूविया=નિરૂપણ કરાઈ. अओ परं=હવે પછી, सच्चामोसं भासं=સત્યામૃષાભાષાને, कित्तइस्सामि=હું કહીશ. ।।૫૫।।**

**ગાથાર્થ :-**

**આ રીતે=અત્યાર સુધી નિરૂપણ કર્યું એ રીતે, પ્રવચનની નીતિથી અસત્યભાષા નિરૂપણ કરાઈ. હવે પછી સત્યામૃષાભાષાને હું કહીશ. ।।૫૫।।**

**ટીકા :-**

**स्पष्टा ।।५५।।**

**ટીકાર્થ :-**

**स्पष्टा ।। સ્પષ્ટ છે. ।।૫૫।।**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ વર્ણન કર્યું એ રીતે શાસ્ત્રનીતિથી અસત્યભાષાનું નિરૂપણ થયું. તેથી કલ્યાણના અર્થીએ તેના પરમાર્થને જાણવા સમ્યક્ યત્ન કરવો જોઈએ. હવે ગ્રંથકારશ્રી ભાષાના ત્રીજા ભેદરૂપ સત્યામૃષાભાષાને કહેવાની પ્રતિજ્ઞા કરે છે. **।।૫૫।।**

❋❖❋❖❋

# તૃતીય સ્તબક

**અવતરણિકા :-**

प्रतिज्ञातनिरूपणाया एव सत्यामृषाभाषाया लक्षणपूर्वं विभागमाह –

**અવતરણિકાર્થ :-**

પ્રતિજ્ઞાતના નિરૂપણરૂપ જ સત્યામૃષાભાષાના લક્ષણપૂર્વક વિભાગને કહે છે –

**ભાવાર્થ :-**

ગાથા ૫૫માં પ્રતિજ્ઞા કરેલ કે હવે પછી સત્યામૃષાભાષાનું હું કીર્તન કરીશ એ પ્રતિજ્ઞાના નિરૂપણરૂપ જ સત્યામૃષાભાષાનું લક્ષણ બતાવવાપૂર્વક તેના ભેદોને કહે છે –

**ગાથા :-**

**अंसे जीसे अत्थो विवरीओ होइ तह तहारूवो ।**
**सच्चामोसा मीसा, सुअंमि परिभासिआ दसहा ।।५६।।**
**उप्पन्नविगयमीसग, जीवमजीवे अ जीवअज्जीवे ।**
**तहणंतमीसिया खलु, परित्त अद्धा य अद्धद्धा ।।५७।।**

**છાયા :-**

अंशे यस्या अर्थो विपरीतो भवति तथा तथारूपः ।
सत्यामृषा मिश्रा श्रुते परिभाषिता दशधा ।।५६।।
उत्पन्नविगतमिश्रके जीवेऽजीवे च जीवाजीवे ।
तथाऽनन्तमिश्रिता खलु प्रत्येकाद्धा चाऽद्धाद्धा ।।५७।।

**અન્વયાર્થ :-**

जीसे=જે ભાષામાં, अत्थो=અર્થ, अंसे=અંશમાં=દેશમાં, विवरीओ=વિપરીત होइ=છે, तह=વળી, तहारूवो=તથારૂપ છે=અન્ય અંશમાં તથારૂપ છે, (તે) सच्चामोसा=સત્યામૃષા=અંશથી સત્યા અને અંશથી મૃષા એ રૂપ સત્યામૃષા, मीसा=મિશ્ર, सुअंमि=શ્રુતમાં, परिभासिआ=પરિભાષિત છે. (તે) दसहा=દશ પ્રકારની છે=સત્યામૃષાભાષા, દશ પ્રકારની છે. ।।૫૬।।

उप्पन्न-विगय-मीसग=ઉત્પન્ન=ઉત્પન્નમિશ્રિતા, વિગત=વિગતમિશ્રિતા, મિશ્રક=ઉત્પન્નવિગતમિશ્રિતા, जीवमजीवे=જીવ=જીવમિશ્રિતા, અજીવ=અજીવમિશ્રિતા, अ=અને, जीवअज्जीवे=જીવ અજીવ=જીવઅજીવ-

મિશ્રિતા, तह=તથા, अणंतमीसिया=અનંતમિશ્રિતા, परित्त=પ્રત્યેક=પ્રત્યેકમિશ્રિતા, अद्धा=અદ્ધા=અદ્ધા મિશ્રિતા, य=અને, अद्धद्धा=અદ્ધાદ્ધા=અદ્ધાઅદ્ધામિશ્રિતા. ।।૫૭।।

❖ खलु શબ્દ પાદપૂર્તિ અર્થે છે.

**ગાથાર્થ :-**

**જે ભાષામાં અર્થ અંશમાં=દેશમાં, વિપરીત છે વળી તથારૂપ છે=અન્ય અંશમાં તથારૂપ છે, તે સત્યામૃષા=અંશથી સત્યા અને અંશથી મૃષા એ રૂપ સત્યામૃષા, મિશ્ર શ્રુતમાં પરિભાષિત છે. તે દશ પ્રકારની છે=સત્યામૃષાભાષા દશ પ્રકારની છે. ।।૫૬।।**

**ઉત્પન્ન=ઉત્પન્નમિશ્રિતા, વિગત=વિગતમિશ્રિતા, મિશ્રક=ઉત્પન્નવિગતમિશ્રિતા, જીવ=જીવમિશ્રિતા, અજીવ=અજીવમિશ્રિતા અને જીવઅજીવ=જીવઅજીવમિશ્રિતા, તથા અનંતમિશ્રિતા, પ્રત્યેક= પ્રત્યેકમિશ્રિતા, અદ્ધા=અદ્ધામિશ્રિતા, અને અદ્ધાદ્ધા=અદ્ધાઅદ્ધામિશ્રિતા. ।।૫૭।।**

**ટીકા :-**

**यस्या भाषायाः, अर्थः=विषयः, अंशे=देशे, विपरीतः=बांधितसंसर्गो भवति, तथा=पुनः, तथारूपः=अबाधितसंसर्गो भवति, तच्छब्दस्य यच्छब्देनाऽऽक्षेपात् सा सत्यामृषा श्रुते मिश्रेति परिभाषिता, सत्यत्वेन स्वरूपत आराधकत्वात्, असत्यत्वेन स्वरूपतो विराधकत्वात्, युगपत्फलद्वयानुत्पत्तेस्तु कारणान्तरविरहप्रयोज्यत्वादिति दिग् ।**

**सा च दशधा, उत्पन्नमिश्रिता, विगतमिश्रिता, उत्पन्नविगतमिश्रिता, जीवमिश्रिता, अजीवमिश्रिता, जीवाजीवमिश्रिता, अनन्तमिश्रिता, प्रत्येकमिश्रिता, अद्धामिश्रिता, अद्धाऽद्धामिश्रिता चेति ।**

**ननु शतरूप्यकेषु देयेषु पञ्चाशत्सु दत्तेषु 'शतं दत्ता' इत्यादीनां, धवखदिराशोकद्रुमसमूहे चाऽशोकवनमित्याद्यानां भाषाणां क्वान्तर्भावः ? उत्पत्तिजीवादिमिश्रितादिनिदर्शनस्याऽतत्त्वादिति चेत् ? सत्यम्, उत्पत्तिजीवादीनां क्रियान्तरवस्त्वन्तराद्युपलक्षणत्वात्, विशेषस्यैव वा विभागाश्रयणात् ।**

**एतेन ज्ञाने यथाऽतस्मिंस्तदवगाहित्वरूपं भ्रमत्वं तद्वति तदवगाहित्वरूपं प्रमात्वं चैकत्रैव, 'इदं रजतं' इति ज्ञानस्य धर्म्यंशे प्रमात्वाद्रजतांशे च भ्रमत्वात्, एवं अघटवत्यपि भूतले 'भूतलं घटवदि'ति भाषाया भूतलांशे प्रमाजनकत्वात् घटांशे च भ्रमजनकत्वात् सत्यामृषात्वं इत्युक्तावपि न क्षतिः ।**

**वस्तुतस्तु एवं सत्यो (? सति) मृषाभेदोच्छेदापत्तिः, सर्वस्या अप्यसत्याया अंशे सत्यत्वात् सर्वं ज्ञानं धर्मिण्यभ्रान्तं इति न्यायाद् धर्म्यंशे प्रमाजनकत्वात्, तस्माद्धर्म्यंशविनिर्मोकेन परिस्थूरभ्रमप्रमाजनकत्वमादायैवैतद्भेदातिरेक इति ध्येयम् ।**

ननु तथापि 'मूले वृक्षः कपिसंयोगी' इत्यत्र मूलस्य कपिसंयोगावच्छेदकत्वांशेऽसत्यत्वेऽपि वृक्षस्य कपिसंयोगवत्त्वांशे सत्यत्वात्सत्यामृषात्वं स्यादिति चेत् ? न, मूलावच्छिन्नकपिसंयोगवत्त्वांशे मूलावच्छिन्नसमवायसम्बन्धेन वा तदंशेऽप्रमात्वादेवेति दिग् ।।५६-५७।।

**ટીકાર્થ :-**

यस्या ..... दिग् ।। જે ભાષાનો અર્થ=વિષય, અંશમાં=દેશમાં, વિપરીત છે=બાધિતસંસર્ગવાળો છે, વળી તથારૂપ છે=અન્ય અંશમાં અબાધિતસંસર્ગવાળો છે.

'यत्' શબ્દથી=ટીકાના પ્રારંભમાં 'यस्याः' શબ્દ છે તેમાં રહેલ 'यत्' શબ્દથી 'तत्' શબ્દનો આક્ષેપ હોવાથી ગાથામાં 'सा' અધ્યાહાર છે.

તેથી કહે છે – તે સત્યામૃષા શ્રુતમાં મિશ્ર એ પ્રમાણે પરિભાષિત કરાઈ છે; કેમ કે સત્યત્વને કારણે સ્વરૂપથી આરાધકપણું છે=ફળથી નહિ પરંતુ સ્વરૂપથી આરાધકપણું છે, અને અસત્યપણાને કારણે સ્વરૂપથી વિરાધકપણું છે. વળી યુગપત્ફલદ્વયની અનુપપત્તિ હોવાને કારણે=એક ભાષાપ્રયોગથી આરાધકત્વ-વિરાધકત્વરૂપ ફળદ્વયની અનુપપત્તિ હોવાને કારણે, કારણાન્તરવિરહપ્રયોજ્યપણું છે= આરાધક-વિરાધકથી અન્ય કોઈ કારણના વિરહથી સત્યામૃષાભાષાનું પ્રયોજ્યપણું છે. એ પ્રમાણે દિશાસૂચન છે.

અને તે દશ પ્રકારે છે : (૧) ઉત્પન્નમિશ્રિત, (૨) વિગતમિશ્રિત, (૩) ઉત્પન્નવિગતમિશ્રિત, (૪) જીવમિશ્રિત, (૫) અજીવમિશ્રિત, (૬) જીવાજીવમિશ્રિત, (૭) અનંતમિશ્રિત, (૮) પ્રત્યેકમિશ્રિત, (૯) અદ્ધામિશ્રિત અને (૧૦) અદ્ધાઅદ્ધામિશ્રિત.

'इति' શબ્દ દશ ભેદની સમાપ્તિ માટે છે.

'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે –

સો રૂપિયા દેય હોતે છતે પચાસ આપવામાં 'સો અપાયા' ઇત્યાદિ મિશ્રભાષાનો, ધવ, ખદિર, અશોકના વૃક્ષના સમૂહમાં અશોકવન ઇત્યાદિ મિશ્રભાષાનો ક્યાં અંતર્ભાવ છે ? અર્થાત્ આ દશ ભાષામાં ક્યાંય અંતર્ભાવ થતો નથી; કેમ કે ઉત્પત્તિ-જીવાદિ મિશ્રિત આદિ દૃષ્ટાંતનું અતત્ત્વપણું છે=સો રૂપિયાના સ્થાને પચાસ રૂપિયા એ સ્થાનમાં તેનું દર્શનનું અવિદ્યમાનપણું છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –તારી વાત સાચી છે=કથંચિત્ તારું કથન સત્ય છે તોપણ તેનો સંગ્રહ થાય છે તે બતાવતાં કહે છે –

ઉત્પત્તિજીવાદિનું ક્રિયાંતરનું વસ્તુઅંતર આદિનું ઉપલક્ષણપણું છે=ઉત્પત્તિનું ક્રિયાંતરનું ઉપલક્ષણપણું છે અને જીવાદિનું વસ્તુઅંતર આદિનું ઉપલક્ષણપણું છે. માટે પૂર્વપક્ષીએ કહેલાં સ્થાનોનો સંગ્રહ છે અથવા વિશેષના જ વિભાગનું આશ્રયણ છે. આના દ્વારા=ઉત્પત્તિજીવાદિનું ક્રિયાંતરનું વસ્તુઅંતર

**આદિનું ઉપલક્ષણપણું છે એમ કહ્યું એના દ્વારા, જ્ઞાનમાં જે પ્રમાણે અતદ્‌માં તદ્‌અવગાહિત્વરૂપ ભ્રમત્વ અને તદ્‌વાનમાં તદ્‌અવગાહિત્વરૂપ પ્રમાત્વ એકત્ર જ છે=એક જ જ્ઞાનમાં છે, આ રજત છે એ જ્ઞાનનું ધર્મી અંશમાં પ્રમાપણું હોવાથી અને રજત અંશમાં ભ્રમપણું હોવાથી એ રીતે અઘટવાળા પણ ભૂતલમાં ભૂતલ ઘટવાળું છે એ ભાષાનું ભૂતલ અંશમાં પ્રમાજનકપણું હોવાથી અને ઘટાંશમાં ભ્રમજનકપણું હોવાથી સત્યામૃષાપણું છે એ પ્રમાણે કહેવા છતાં પણ ક્ષતિ નથી.**

**કોઈક નયની દૃષ્ટિથી તે કથન સંગત હોવા છતાં સર્વથા સંગત નથી તે બતાવવા અર્થે 'वस्तुतः'થી કહે છે –**

**વળી આ રીતે હોતે છતે=અતદ્‌માં તદ્‌અવગાહિ મિથ્યાજ્ઞાનને પણ સત્ય કહ્યું એ રીતે હોતે છતે, મૃષાભેદના ઉચ્છેદની આપત્તિ છે=સર્વ મૃષાભાષા મિશ્રભાષામાં અંતર્ભાવ થવાથી મૃષાભેદના ઉચ્છેદની આપત્તિ છે; કેમ કે સર્વ પણ અસત્યભાષાનું અંશમાં સત્યપણું છે.**

કેમ સર્વ અસત્યભાષાનું અંશમાં સત્યપણું છે ? એથી કહે છે –

**સર્વજ્ઞાન ધર્મી અંશમાં અભ્રાન્ત છે એ ન્યાયથી ધર્મી અંશમાં પ્રમાજનકપણું છે. તે કારણથી=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે મૃષાભાષાને પણ મિશ્રભાષામાં અંતર્ભાવ કરવામાં આવે તો મૃષાભેદના ઉચ્છેદની આપત્તિ છે તે કારણથી, ધર્મી અંશના વિનિર્મોકથી પરિસ્થૂલ ભ્રમ-પ્રમાજનકત્વને ગ્રહણ કરીને જ આ ભેદ=મિશ્રભાષાનો ભેદ, અતિરેક છે=મૃષાભાષાથી ભિન્ન છે એ પ્રમાણે જાણવું.**

**'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે –**

**તો પણ "મૂલમાં વૃક્ષ કપિસંયોગવાળો છે" એ પ્રકારના પ્રયોગમાં મૂલના કપિસંયોગ અવચ્છેદકત્વના અંશમાં અસત્યપણું હોવા છતાં પણ વૃક્ષના કપિસંયોગત્વ અંશમાં સત્યપણું થવાથી સત્યામૃષાપણું થાય=મૂળમાં વૃક્ષ કપિસંયોગવાળું છે એ વચનનું સત્યામૃષાપણું થાય. એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે મૂલાવચ્છિન્ન કપિસંયોગવત્ત્વ અંશમાં અથવા મૂલાવચ્છિન્ન સમવાયસંબંધથી તદ્ અંશમાં=કપિસંયોગના અંશમાં, અપ્રમાપણું જ છે, એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૫૬-૫૭॥**

**ભાવાર્થ :-**

**સત્યામૃષાભાષાનું લક્ષણ :-**

સત્ય હોતે છતે જે મૃષાભાષા તે સત્યામૃષાભાષા છે, જેને શાસ્ત્રમાં મિશ્રભાષા કહેવાય છે. મિશ્રભાષામાં એક અંશ બાધિત હોય છે અને અન્ય અંશ અબાધિત હોય છે. મિશ્રભાષામાં જે અંશ અબાધિત છે તે અંશથી વિચારીએ તો સત્ય હોવાને કારણે સ્વરૂપથી આરાધક કહેવાય અને જે અંશ અસત્ય છે તે અંશથી તે ભાષા સ્વરૂપથી વિરાધક કહેવાય. અર્થાત્ પરિણામની અપેક્ષાએ ગુપ્તિના પરિણામવાળા મહાત્મા ભાષાસમિતિની મર્યાદાથી જે ભાષા બોલે તે નિર્જરાનું કારણ હોવાથી આરાધક છે અને ભાષાસમિતિની

મર્યાદા વગરની ભાષા કર્મબંધનું કારણ હોવાથી વિરાધક છે. તોપણ બોલાયેલી ભાષા વિષયભૂત પદાર્થને આશ્રયીને જે અંશ યથાર્થ છે તે અંશથી તે ભાષા સ્વરૂપથી આરાધક છે અને જે અંશથી પદાર્થને અયથાર્થ કહે છે, તે અંશથી વિરાધક છે.

સામાન્યથી વચનગુપ્તિવાળા મુનિ ભાષાસમિતિપૂર્વક બોલે ત્યારે વિશેષ કારણ ન હોય તો સ્વરૂપથી આરાધક જ ભાષા કહે પરંતુ સ્વરૂપથી વિરાધક ભાષા કહે નહિ. આથી જ દૂરથી ગાયને જોઈને સ્વરૂપથી વિરાધકભાષાનો પ્રયોગ ન થાય તદ્ અર્થે સાધુ તેને ગોજાતીયથી ઉલ્લેખ કરે છે. પ્રસ્તુતમાં જે મિશ્રભાષા છે તેમાં સ્વરૂપથી આરાધક અંશ છે અને સ્વરૂપથી વિરાધક અંશ છે તોપણ તે ભાષા બોલનારને એક સાથે આરાધકત્વ-વિરાધકત્વરૂપ ફળની ઉપપત્તિ થતી નથી; કેમ કે ભાષાસમિતિની મર્યાદાથી બોલાઈ હોય તો આરાધકત્વ ફળની પ્રાપ્તિ થાય અને ભાષાસમિતિની મર્યાદા વગર બોલાઈ હોય તો વિરાધકત્વરૂપ ફળની પ્રાપ્તિ થાય; પરંતુ કરાયેલ વચનપ્રયોગના વિષયભૂત સત્યાંશને અને અસત્યાંશને આશ્રયીને આરાધકત્વ-વિરાધકત્વરૂપ બે ફળની પ્રાપ્તિ એક અધ્યવસાયથી થઈ શકે નહિ. તેથી જેમ આરાધકત્વ બુદ્ધિથી સત્યભાષા બોલાય છે કે કોઈકને ઠગવા આદિના પ્રયોજનથી અસત્યભાષા બોલાય છે તે બે પ્રકારના પરિણામથી પ્રયોજ્ય મિશ્રભાષા નથી, પરંતુ કોઈક અન્ય કારણાન્તરનો વિરહ હોવાને કારણે તે પ્રયોજનથી મિશ્રભાષા બોલાય છે. જેમ કોઈકને ઠગવાનો આશય ન હોવા છતાં તથાપ્રકારના બોધના અભાવને કારણે કે વિપરીત બોધને કારણે મિશ્રભાષા બોલાય છે તેથી સમ્યગ્ ભાષા બોલવાના અધ્યવસાયવાળા પણ જીવો સમ્યક્ બોલવાનાં જે કારણો છે તેના વિરહને કારણે મિશ્રભાષા બોલે છે, તેથી કારણાન્તર વિરહ પ્રયોજ્ય મિશ્રભાષા છે, તે દશ પ્રકારની છે; જેનું વર્ણન ગ્રંથકારશ્રી સ્વયં આગળની ગાથામાં કરે છે.

અહીં દશ પ્રકારના મિશ્રભાષાના ભેદો બતાવ્યા ત્યાં કોઈકને શંકા થાય કે કોઈ વ્યક્તિને ૧૦૦ રૂપિયા આપવાના હોય અને ૫૦ રૂપિયા આપ્યા પછી તે કહે કે મેં સો રૂપિયા આપ્યા છે તે વખતે તે વચનપ્રયોગમાં રૂપિયા આપ્યા છે એ વચન અંશ સત્ય છે અને સો આપ્યા છે એ અંશ અસત્ય છે તેથી સ્વરૂપને આશ્રયીને તે મિશ્રભાષા છે; છતાં ગ્રંથકારશ્રીએ બતાવેલા દશ ભેદોમાં તેનો અંતર્ભાવ જણાતો નથી, એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉત્પન્નમિશ્ર ઇત્યાદિ ભેદોમાં ઉત્પન્ન શબ્દ છે તેમાં રહેલ ઉત્પત્તિરૂપ ક્રિયા તે ક્રિયાન્તરનું ઉપલક્ષણ છે, તેથી ઉપલક્ષણથી દેયક્રિયામાં જે મિશ્રપણું છે તેનો સંગ્રહ થાય છે.

વળી કોઈક વન ધવ, ખદિર, અશોકવૃક્ષોવાળું હોય અને કોઈ કહે કે આ અશોકવન છે તો તે વચનપ્રયોગમાં પણ વનમાં રહેલા અશોકવૃક્ષના અંશથી તે વચનપ્રયોગ સ્વરૂપથી સત્ય છે અને ધવ, ખદિર આદિના અંશથી તે વચનપ્રયોગ સ્વરૂપથી અસત્ય છે માટે તે મિશ્રભાષા છે અને તેનો અંતર્ભાવ પૂર્વમાં કહેલા દશ ભેદોમાં થતો નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જીવમિશ્રિત આદિમાં રહેલ જીવાદિ શબ્દ વસ્ત્વંતરનું ઉપલક્ષણ છે તેથી વસ્ત્વન્તર શબ્દથી વનને ગ્રહણ કરીને પણ જે મિશ્રભાષા બોલાય તેનું ગ્રહણ છે.

તેથી એ ફલિત થાય કે લોકવ્યવહારના જે મિશ્રભાષાના પ્રયોગો થાય છે તેનું ઉપલક્ષણથી ગ્રહણ છે માટે શાસ્ત્રમાં મિશ્રભાષાના દશ ભેદો કહ્યા છે તે સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી અથવા વિશેષ પ્રકારનાં મિશ્રવચનોને જ ગ્રહણ કરીને દશ પ્રકારની મિશ્રભાષા શ્રુતમાં કહેલ છે, તેથી લોકવ્યવહારમાં પ્રચલિત સો રૂપિયા આપવાના સ્થાને પચાસ રૂપિયા આપીને મેં સો રૂપિયા આપ્યા છે ઇત્યાદિ પ્રયોગોનો સંગ્રહ નથી; કેમ કે તે ઠગવા આદિના પ્રયોજનથી બોલાય છે. જ્યારે શાસ્ત્રીય પદાર્થોની પ્રરૂપણામાં ઉપયોગી હોય તેવા જ મિશ્રના ભેદોનો અહીં સંગ્રહ કરેલ છે.

પૂર્વમાં કહ્યું કે દશ પ્રકારની મિશ્રભાષામાં જે ભાષાઓનો અંતર્ભાવ દેખાતો નથી તેનું ઉપલક્ષણથી ગ્રહણ કરવું એ કથનથી આગળમાં કહે છે એ પ્રમાણે કહેવામાં પણ કોઈ ક્ષતિ થતી નથી.

શું કહેવામાં ક્ષતિ નથી ? તે સ્પષ્ટ કરે છે –

જેમ કોઈને બે વસ્તુનું એક સાથે જ્ઞાન થાય તેમાં એક વસ્તુનું ભ્રમાત્મક જ્ઞાન થાય અને બીજી વસ્તુનું પ્રમાત્મકજ્ઞાન થાય તે વખતે એક જ જ્ઞાનમાં ભ્રમત્વ અને પ્રમાત્વ છે તેથી તે જ્ઞાનથી બોલાયેલી ભાષાને સત્યામૃષાભાષા કહેવામાં આવે તોપણ કોઈ ક્ષતિ નથી.

વળી પુરોવર્તી શુક્તિને જોઈને કોઈ કહે કે આ રજત છે એ પ્રકારના જ્ઞાનમાં પણ ધર્મી અંશથી પ્રમાપણું છે અને રજત અંશમાં ભ્રમપણું છે; કેમ કે પુરોવર્તી દેખાતી વસ્તુ "આ" શબ્દથી વાચ્ય છે તે સત્ય છે અને તેમાં રજતત્વનો બોધ ભ્રમાત્મક છે માટે તે પ્રકારે બોલાયેલી ભાષાને મિશ્રભાષા કહેવામાં ક્ષતિ નથી.

વળી ઘટવગરના ભૂતલને કોઈ કહે કે ભૂતલ ઘટવાળું છે ત્યાં તે વચન ભૂતલ અંશ પ્રમાજનક છે અને ઘટાંશ ભ્રમજનક છે તેથી તે ભાષાને મિશ્ર કહેવામાં પણ કોઈ ક્ષતિ નથી આ પ્રકારનું કથન એક ઉપયોગમાં વર્તતા સત્ય અંશનો અને અસત્ય અંશનો ભેદ કરનારી નયદૃષ્ટિથી છે તેથી તે સર્વભાષાનો મિશ્રભાષામાં અંતર્ભાવ થાય છે, છતાં તેમ સ્વીકારવાથી મૃષાભાષાના ભેદના ઉચ્છેદની આપત્તિ આવે છે, તેથી વ્યવહારથી મિશ્રભાષા કરતાં મૃષાભાષાનો ભેદ કરવા અર્થે 'वस्तुतः'થી કહે છે –

પૂર્વમાં કહ્યું એમ સ્વીકારવામાં આવે તો સર્વ મૃષાભાષાનો અંતર્ભાવ મિશ્રભાષામાં થવાથી મૃષા ભાષાના ઉચ્છેદની પ્રાપ્તિ થાય માટે ધર્મી અંશના ગ્રહણ કર્યા વગર સ્થૂલ દૃષ્ટિથી જે ભાષામાં ભ્રમ અને પ્રમાજનકત્વ હોય તે ભાષા મિશ્રભાષા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્થૂલ દૃષ્ટિથી જે વચનપ્રયોગ દ્વારા ભ્રમાત્મક જ્ઞાન થાય તે અસત્યભાષા છે. જેમ ઘટ વગરના ભૂતલને ઘટવાળું ભૂતલ કહેવામાં આવે ત્યારે બોધ કરનારને ભૂતલમાં ઘટ છે એવો ભ્રમાત્મક બોધ થાય છે માટે તેવો વચનપ્રયોગ અસત્યભાષા કહેવાય. અને જે ભાષાના પ્રયોગમાં સ્થૂલ દૃષ્ટિથી ભ્રમ અને પ્રમાજનક હોય તે મિશ્રભાષા કહેવાય. જેમ અશોકવન કહેવામાં આવે ત્યારે તે વચનથી શ્રોતાને તે વનમાં માત્ર અશોકવૃક્ષ છે એવો બોધ થાય ત્યારે અંશથી ભ્રમજનક અને અંશથી પ્રમાજનક તે વચન હોવાથી મિશ્રભાષા છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ પરિસ્થૂલ દૃષ્ટિથી ભ્રમ-પ્રમાજનક વચનને મિશ્રભાષારૂપે અને પરિસ્થૂલ દૃષ્ટિથી ભ્રમજનક વચનને મૃષાભાષારૂપે બતાવ્યું. ત્યાં 'तथापि'થી કોઈક શંકા કરે છે –

શાખામાં કપિસંયોગ હોય અને કોઈ વ્યક્તિ વચનપ્રયોગ કરે કે મૂળમાં વૃક્ષ કપિસંયોગવાળું છે તે સ્થાનમાં મૂળમાં કપિસંયોગ નહિ હોવાથી તે વચન ભ્રમજનક છે અને વૃક્ષમાં કપિસંયોગ હોવાથી પ્રમાજનક છે એમ અર્થ કરીને કોઈ તેને મિશ્રભાષામાં ગ્રહણ કરે. વસ્તુતઃ તે વચન મૃષા જ છે તેથી તે સ્થાનમાં તે વચન મૃષા કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

તે વચનથી મૂલાવચ્છિન્ન કપિસંયોગનો બોધ વૃક્ષમાં થયેલો હોવાથી અને કપિસંયોગવાળું વૃક્ષનું મૂલ નહીં હોવાથી તે વચન અપ્રમાણ જ છે અથવા મૂલાવચ્છિન્ન સમવાયસંબંધથી કપિનો સંયોગ નથી, છતાં કપિનો સંયોગ મૂલમાં છે એ પ્રમાણેનું વચન હોવાથી અપ્રમાણ છે અર્થાત્ સંયોગ સમવાય સંબંધથી ઉત્પન્ન થાય છે અને મૂલાવચ્છિન્ન સમવાય સંબંધથી કપિનો સંયોગ નથી અને વચનપ્રયોગ કરનારના વચનથી તે પ્રકારની ઉપસ્થિતિ થાય છે કે વૃક્ષના મૂળમાં કપિનો સંયોગ છે માટે તે વચનને મિશ્રવચન કહી શકાય નહિ, પરંતુ વૃક્ષના મૂળમાં કપિસંયોગ છે એ વચનપ્રયોગથી માત્ર ભ્રમાત્મક જ બોધ થાય છે, માટે મૃષાભાષા જ છે. **॥૫૬-૫૭॥**

**અવતરણિકા :-**

**तत्रादावुत्पन्नमिश्रितामेवाऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=મિશ્રભાષામાં દશ ભેદો બતાવ્યા ત્યાં, આદિમાં ઉત્પન્નમિશ્રિતભાષાને જ કહે છે –**

**ગાથા :-**

**उप्पन्नमीसिया सा उप्पन्ना जत्थ मीसिया हुंति ।**
**संखाइ पूरणत्थं सद्धिमणुप्पन्नभावेहिं ।।५८।।**

**છાયા :-**

**उत्पन्नमिश्रिता सा उत्पन्ना यत्र मिश्रिता भवन्ति ।**
**संख्यायाः पूरणार्थं सार्धमनुत्पन्नभावैः ।।५८।।**

**અન્વયાર્થ :-**

जत्थ=જ્યાં=જે **વચનપ્રયોગમાં,** अणुप्पन्नभावेहिं सद्धिम्=**અનુત્પન્નભાવોની સાથે,** संखाइ=**સંખ્યાના,** पूरणत्थं=**પૂરણ માટે,** उप्पन्ना=**ઉત્પન્ન,** मीसिया=**મિશ્રિત,** हुंति=**થાય છે,** सा=**તે,** उप्पन्नमीसिया=**ઉત્પન્નમિશ્રિતભાષા છે. ।।૫૮।।**

**ગાથાર્થ :-**

**જ્યાં=જે વચનપ્રયોગમાં, અનુત્પન્નભાવોની સાથે સંખ્યાના પૂરણ માટે ઉત્પન્ન મિશ્રિત થાય છે તે ઉત્પન્નમિશ્રિતભાષા છે. ।।૫૮।।**

**ટીકા :-**

सा उत्पन्नमिश्रितेति विधेयनिर्देशः, यत्राऽनुत्पन्नभावैः सार्द्धं संख्यायाः पूरणार्थं उत्पन्ना मिश्रिता भवन्तीत्यनूद्यनिर्देशः, उदाहरणं तु क्वचिदुत्पन्नेषु पञ्चसु दारकेषु दशाऽभ्यधिकेषु वाऽद्य दश दारका जाता इति स्वयमेव द्रष्टव्यम्, अत्र च दशसंख्यायाः पञ्चसंख्याद्वयाऽऽत्मिकाया अंशयोरेव बाधाबाधाभ्यां सत्यासत्यत्वं न तु कार्त्स्न्येनाऽन्यतररूपानुप्रवेशः, अत एव 'श्वस्ते शतं दास्यामि' इति प्रतिज्ञाय पञ्चाशद्ददानोऽपि नाऽदातृवत्सर्वथा मृषाभाषित्वेन व्यवह्रियते इति प्रकृते तथाविध-व्यवहारानुरोधान्नानुपपत्तिः ।

ननु 'शतं दास्यामि' इति प्रतिज्ञाय पञ्चाशद्दानेऽमृषाभाषित्वं न वास्तवं व्यवह्रियते किन्तु तत्कार्यकारित्वादिरूपं भाक्तमेव, अत एव तस्य पञ्चाशद्दत्वा 'शतं दत्तं' इति गिरा लोकान् साक्षी-कुर्वतो मृषाभाषित्वेनैव निग्रह इति चेत् ? न, तत्रांऽऽशिकमृषाभाषित्वस्याऽप्यदत्तापलापद्वारा निग्रहप्रयोजकत्वात् अन्यथा जाताजातविषयभेदेन प्रकृतप्रयोगोच्छेदप्रसङ्गात् ।

न च दशसंख्यापर्याप्तेरद्य जातेषु बाधात्सर्वथा मृषात्वम्, अन्यथा 'एको न द्वौ' इति न स्यादिति वाच्यम्, दशस्वेतत्कालोत्पत्तिकाभेदांशेन संवादादिति दिग्, एवमन्यत्राऽप्यूह्यम् १ ।।५८।।

**ટીકાર્થ :-**

सा ..... ऊह्यम् १ ।। તે ઉત્પન્ન મિશ્રિત છે એ વિધેય નિર્દેશ છે=ગાથામાં એ અંશ વિધેયનો નિર્દેશ કરે છે. જ્યાં અનુત્પન્નભાવોની સાથે સંખ્યાના પૂરણ માટે ઉત્પન્ન મિશ્રિત થાય છે એ=ગાથાનો એ અંશ, અનૂદ્યનો નિર્દેશ છે=ઉદ્દેશ્ય અંશ છે. વળી ક્વચિત્=કોઈક સ્થાનમાં, પાંચ પુત્રો ઉત્પન્ન હોતે છતે દશ પુત્રો થયા એમ કહેવામાં આવે અથવા દશથી અધિક પુત્રો ઉત્પન્ન થયા હોય અને 'આજે દશ પુત્રો થયા' એમ કહેવામાં આવે એ ઉત્પન્નમિશ્રિતનું ઉદાહરણ છે, એ પ્રમાણે સ્વયં જ જાણવું=ગાથાના કથનથી પ્રથમ ઉદાહરણ જ પ્રાપ્ત થાય છે, બીજું ઉદાહરણ સ્વયં જ જાણવું, અને અહીં=પ્રથમ ઉદાહરણમાં, દશ સંખ્યાના પંચ સંખ્યાદ્વયાત્મક અંશોનું જ બાધ-અબાધ દ્વારા સત્યાસત્યપણું જાણવું, પરંતુ કાર્ત્સ્ન્યથી અન્યતરરૂપ પ્રવેશથી નહિ. આથી જ 'કાલે તને સો રૂપિયા આપીશ' એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને પચાસ રૂપિયા આપવા છતાં પણ અદાતાની જેમ સર્વથા મૃષાભાષિત્વનો વ્યવહાર કરાતો નથી. એ રીતે પ્રકૃતમાં પણ=દશ પુત્રો થયા એ રૂપ પ્રકૃતમાં પણ, તેવા પ્રકારના વ્યવહારના અનુરોધથી=અર્ધ સત્ય છે અને અર્ધ અસત્ય છે તેવા પ્રકારના વ્યવહારના અનુરોધથી, અનુપપત્તિ નથી=મિશ્રભાષાની અનુપપત્તિ નથી.

'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે –

સો રૂપિયા આપીશ એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને પચાસ રૂપિયા આપવામાં અમૃષાભાષીપણું વાસ્તવિક વ્યવહાર કરાતું નથી પરંતુ તત્કાર્યકારિત્વાદિરૂપ ગૌણ જ અમૃષાભાષીપણું વ્યવહાર કરાય છે. આથી જ=સો રૂપિયા આપવાનું કહીને પચાસ રૂપિયા આપવામાં વાસ્તવિક મૃષાપણું છે જ આથી જ, તેનું=પચાસ રૂપિયા આપીને સો રૂપિયા આપ્યા છે એ વાણીથી લોકોને સાક્ષી કરતા એવા તેનું, મૃષાભાષીપણાથી જ નિગ્રહ છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે તે સ્થાનમાં=સો રૂપિયા કહીને પચાસ રૂપિયા આપે તે સ્થાનમાં, આંશિક મૃષાભાષીપણું નહિ અપાયેલાના અપલાપ દ્વારા નિગ્રહનું પ્રયોજકપણું છે. અન્યથા=આંશિક મૃષાભાષિત્વથી અદત્તના અપલાપ દ્વારા નિગ્રહનું પ્રયોજકપણું ન સ્વીકારવામાં આવે તો, થયેલા અને નહિ થયેલાના વિષયના ભેદથી=ઉત્પન્ન મિશ્રભાષામાં થયેલા બાળકના અને નહિ થયેલા બાળકના વિષયના ભેદથી, પ્રકૃત પ્રયોગના ઉચ્છેદનો પ્રસંગ આવે=ઉત્પન્ન મિશ્રિતરૂપ મિશ્રભાષાના પ્રયોગના ઉચ્છેદનો પ્રસંગ આવે.

અને દશસંખ્યાની પર્યાપ્તિનો આજે થયેલા બાળકોમાં બાધ હોવાથી સર્વથા મૃષાપણું છે, એવું ન માનવામાં આવે તો=પાંચ ઉત્પન્ન થયેલા બાળકોમાં દશ સંખ્યાની પર્યાપ્તિ નહિ હોવાને કારણે તે ભાષાને મૃષાભાષા સ્વીકારવામાં ન આવે તો એક બે નથી એવો પ્રયોગ થાય નહિ, એમ ન કહેવું; કેમ કે દશમાં=દશ બાળકોમાં, આ કાળમાં ઉત્પત્તિરૂપ અભેદ અંશથી સંવાદ છે એ પ્રકારે દિશાસૂચન છે=દશ બાળકોમાં વર્તમાનકાળની ઉત્પત્તિનો અભેદ અંશ કરવાથી કંઈક સત્ય અને કાંઈક અસત્ય અંશરૂપ મિશ્રભાષાની પ્રાપ્તિ છે. એ રીતે=જે રીતે દશ સંખ્યામાં ઉત્પન્ન મિશ્રભાષા બતાવી એ રીતે, અન્યત્ર પણ ઊહ કરવો જોઈએ. ।।૫૮।।

**ભાવાર્થ :-**

**(૧) ઉત્પન્નમિશ્રિતમિશ્રભાષા :-**

ઉત્પન્નમિશ્રભાષાનું લક્ષણ કરવા અર્થે 'जत्थ'થી માંડીને ગાથાનો અવશેષ અંશ ઉદ્દેશ્યનો નિર્દેશ કરે છે. તેથી તે અંશને ઉદ્દેશીને ગાથાના પૂર્વાર્ધમાં કહેલ અંશ ઉત્પન્ન મિશ્રભાષાનું વિધાન કરે છે, જેનાથી ઉત્પન્ન મિશ્રભાષાના લક્ષણની પ્રાપ્તિ છે. જેમ કોઈક સ્થાનમાં પાંચ પુત્રો ઉત્પન્ન થયા હોય અને પાંચ અન્ય પુત્રો હજુ થયા નથી તોપણ નજીકમાં થવાની સંભાવનાને સામે રાખીને કહે કે આજે દશ પુત્રો થયા છે. તેથી તેનું વચન અર્ધસત્ય છે; કેમ કે આજે પાંચ જ પુત્રો થવા છતાં અનુત્પન્નભાવની સંખ્યાને ગ્રહણ કરીને દશ પુત્રો થયા છે એમ કહેવામાં આવે ત્યારે ઉત્પન્ન અને અનુત્પન્ન એ બે અંશોથી મિશ્રિત વસ્તુમાં ઉત્પન્ન થયા છે એ પ્રકારનો પ્રયોગ હોવાથી તે ભાષા મિશ્રભાષા છે.

વળી ક્યારેક દશથી અધિક પુત્રો થયા હોય તોપણ કોઈક વિચાર્યા વગર સામાન્યથી કહે કે દશ પુત્રો થયા છે તે સ્થાનમાં પણ અધિક ઉત્પન્નનો અપલાપ કરનાર તે વચનપ્રયોગ હોવાથી ઉત્પન્ન મિશ્રભાષા છે; કેમ કે દશ અંશમાં સત્ય છે અને અધિક અંશમાં અસત્ય છે. પાંચ પુત્રો થયા હોય અને દશ થયા

છે એ પ્રયોગમાં પાંચસંખ્યાદ્વયમાંથી એક અંશનો બાધ છે અન્ય અંશનો અબાધ છે માટે સત્યાસત્યત્વરૂપ મિશ્ર છે પરંતુ સર્વાંશથી અન્યતરનો અનુપ્રવેશ કરીને કહેવામાં આવે ત્યારે તે ભાષા અસત્ય જ બને છે. જેમ સર્વાંશથી દશનો પ્રવેશ કરીને કહેવામાં આવે કે દશ પુત્રો થયા ત્યારે તે વચન અસત્ય બને છે અથવા સર્વાંશથી દશેય પુત્રો થયા નથી તેમ અનુપ્રવેશ કરીને કહેવામાં આવે ત્યારે પણ તે ભાષા અસત્ય જ બને છે; કેમ કે સર્વાંશથી દશ થયા છે એ પણ મૃષારૂપ છે અને સર્વાંશથી દશ થયા નથી એ પણ વચનમૃષારૂપ છે.

વળી પાંચ પુત્રો થયા હોય અને દશ પુત્રો થયા છે એ સ્થાનમાં બાધ અબાધરૂપ બે અંશોને આશ્રયીને સત્યાસત્યત્વ છે, તેની જ પુષ્ટિ કરવા અર્થે કહે છે –

આથી જ કાલે હું સો રૂપિયા આપીશ એમ કહીને પચાસ રૂપિયાના દાનમાં પણ નહિ આપનારની જેમ મૃષાભાષિત્વનો વ્યવહાર થતો નથી પરંતુ તે કાંઈક સત્ય બોલે છે એ પ્રકારનો જ વ્યવહાર થાય છે. એ રીતે પાંચ પુત્રો થયા હોય અને પાંચ પુત્રો થવાની તૈયારીમાં હોય ત્યારે દશ પુત્રો થયા છે એ પ્રકારના વ્યવહારના અનુરોધથી એમ જ કહેવાય છે કે તેનું કાંઈક વચન સત્ય છે સર્વથા સત્ય નથી.

'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે કોઈકને કોઈક કાર્ય માટે હું સો રૂપિયા આપીશ એમ કહીને પચાસ રૂપિયા જ આપે ત્યાં આ વ્યક્તિ અમૃષા બોલે છે તેવો વાસ્તવિક વ્યવહાર થતો નથી પરંતુ મૃષા જ બોલે છે તેવો વ્યવહાર થાય છે માટે પચાસ રૂપિયા આપવા એ આંશિક કાર્યકારિત્વાદિરૂપ ગૌણ જ અમૃષાવાદ છે. આથી જ લોક સાક્ષી હોય તો પચાસ રૂપિયા આપીને સો રૂપિયા આપવાનું વચન કહેનારને "આ મૃષા બોલે છે" એમ જ નિગ્રહ કરાય છે પરંતુ "કંઈક સત્ય બોલે છે અને કાંઈક અસત્ય બોલે છે" એમ નિગ્રહ કરાતો નથી. માટે અર્ધસત્યવચનને મૃષાવચન જ સ્વીકારવું જોઈએ, મિશ્રવચન સ્વીકારવું ઉચિત નથી એ પ્રકારનો શંકાકારનો આશય છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરાબર નથી; કેમ કે સો રૂપિયા આપીશ એમ કહીને પચાસ રૂપિયા આપે છે તે સ્થાનમાં આંશિક મૃષાભાષાનું નહિ અપાયેલા પચાસના અપલાપ દ્વારા જ આ મૃષા બોલે છે એ પ્રકારે નિગ્રહ કરાય છે છતાં તે સર્વથા મૃષા નથી અને તેવું ન સ્વીકારવામાં આવે તો પાંચ પુત્રો થયા હોય અને પાંચ પુત્રો થયા ન હોય તે પ્રકારના વિષયના ભેદથી ઉત્પન્ન મિશ્રભાષાનો જે પ્રયોગ શાસ્ત્રસંમત છે તેનો ઉચ્છેદ થાય. આથી જ સો રૂપિયા આપીશ એમ કહીને પચાસ રૂપિયા આપ્યા પછી અન્ય પચાસ રૂપિયા આપવાનો અપલાપ કરતો નથી તે સ્થાનમાં આ મૃષા બોલે છે એમ કહેવાતુ નથી પરંતુ મિશ્રભાષા બોલે છે એમ કહેવાય છે.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે પાંચ પુત્ર થયા હોય અને દશ પુત્ર થયા છે એ સ્થાનમાં દશ સંખ્યાની પર્યાપ્તિનો આજે ઉત્પન્ન થયેલા પાંચ છોકરાઓમાં બાધ હોવાથી સર્વથા મૃષાપણું છે અને એવું ન માનો અને એમ કહેવામાં આવે કે કંઈક મૃષા છે અને કાંઈક સત્યભાષા છે એમ કહેવામાં આવે તો એક ઘડાને જોઈને આ બે નથી એ પ્રકારનો પ્રામાણિક વ્યવહાર થાય છે તે થવો જોઈએ નહિ; કેમ કે બે સંખ્યાની

પર્યાપ્તિથી એક ઘડામાં તે વચનનો બાધ છે અર્થાત્ એક સંખ્યાની પર્યાપ્તિથી એક ઘડામાં બે ઘડા નથી એ પ્રયોગનો બાધ નથી, પરંતુ બે સંખ્યાની પર્યાપ્તિથી એક ઘડામાં તે વચનનો બાધ છે માટે તે વચનને મિશ્ર કહેવું જોઈએ.વસ્તુતઃ બે ઘડાની આકાંક્ષા કોઈને હોય અને એક જ ઘડો ત્યાં હોય ત્યારે પ્રામાણિક પુરુષ કહે છે કે અહીંયાં બે ઘડા નથી તે સ્થાનમાં પણ બે ઘડામાંથી એક ઘડો વિદ્યમાન છે એક ઘડો વિદ્યમાન નથી તેને આશ્રયીને બે ઘડા નથી એ વચન મિશ્રભાષા છે તેમ કહેવાતું નથી પરંતુ સત્યભાષા છે તેમ કહેવાય છે. તેથી જેમ એક ઘડો હોવા છતાં બે ઘડા નથી એ વચન સત્ય છે તેમ પાંચ બાળકો જન્મ્યા હોવા છતાં દશ જન્મ્યા નથી તે વચન સત્ય કહી શકાય, પરંતુ તેનાથી વિપરીત વચન મૃષા છે. માટે પાંચ પુત્રોના જન્મમાં દશ પુત્રો જન્મ્યા એ કથનમાં પણ દશ સંખ્યાનો બાધ હોવાથી મૃષાપણું જ સ્વીકારવું જોઈએ. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રમાણે ન કહેવું; કેમ કે દશ પુત્રોની ઉત્પત્તિના વચનમાં વર્તમાનકાલ ઉત્પત્તિવાળા પાંચના અભેદ અંશથી વિચારણા કરીએ તો એક અંશ સત્ય છે અને અન્ય અંશ અસત્ય છે એ પ્રકારનો સંવાદ થાય છે અર્થાત્ એ પ્રકારનો નિર્ણય થાય છે. આ રીતે ઉત્પન્ન મિશ્રભાષાને કહેનારાં સર્વ વચનોમાં ઊહ કરવો જોઈએ જેથી અસત્યભાષા કરતાં મિશ્રભાષાનો ભેદરૂપે સ્પષ્ટ બોધ થાય અને ઉચિતભાષાની મર્યાદાનો બોધ કરીને સાધુ વાગ્ગુપ્તિના પરિણામનું અને ભાષાસમિતિનું રક્ષણ કરી શકે છે. **॥૫૮॥**

**અવતરણિકા :-**

**उक्ता उत्पन्नमिश्रिता । अथ विगतमिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉત્પન્નમિશ્રિતભાષા કહેવાઈ. હવે વિગતમિશ્રિતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा विगयमीसिया खलु, विगया भन्नंति मीसिया जत्थ ।**
**संखाइ पूरणत्थं, सद्धिमविगएहि अन्नेहिं ।।५९।।**

**છાયા :-**

**सा विगतमिश्रिता खलु विगता भण्यन्ते मिश्रिता यत्र ।**
**संख्यायाः पूरणार्थं सार्धमविगतैरन्यैः ।।५९।।**

**અન્વયાર્થ :-**

**जत्थ=જ્યાં=જે ભાષામાં, विगया=વિગત=પ્રધ્વસ્ત પદાર્થો, अविगएहि अन्नेहिं सद्धिं=અવિગત એવા અન્યની સાથે, संखाइ=સંખ્યા, पूरणत्थं=પૂરણ માટે, मीसिया=મિશ્રિત भन्नंति=કહેવાય છે, सा=તે=તે ભાષા, खलु=નક્કી, विगयमीसिया=વિગતમિશ્રિત છે. ।।૫૯।।**

**ગાથાર્થ :-**

**જ્યાં=જે ભાષામાં, વિગત=પ્રધ્વસ્ત પદાર્થો, અવિગત એવા અન્યની સાથે સંખ્યા પૂરણ માટે મિશ્રિત કહેવાય છે તે=તે ભાષા, નક્કી વિગતમિશ્રિત છે. ||૫૯||**

**ટીકા :-**

**खल्विति निश्चये, सा भाषा विगतमिश्रिता भण्यते यत्र=यस्यां, विगताः=प्रध्वस्ताः पदार्थाः, संख्यायाः पूरणार्थमन्यैः अविगतैः=अप्रध्वस्तैः, सार्धं मिश्रिता भण्यन्ते, यथा-एकं ग्राममधिकृत्य यन्न्यूनाधिकेषु विगतेषु 'अद्य दश वृद्धा विगता' इत्युदाहरणम् २।।५९।।**

**ટીકાર્થ :-**

**खल्विति ..... इत्युदाहरणम् २ ।। 'खलु' શબ્દ નિશ્ચય અર્થમાં છે. તે ભાષા વિગતમિશ્રિત કહેવાય છે જે ભાષામાં વિગત=નાશ પામેલા પદાર્થો, નહિ નાશ પામેલા એવા અન્ય પદાર્થોની સાથે સંખ્યા પૂરણ માટે મિશ્રિત કહેવાય છે. જે પ્રમાણે એક ગામને આશ્રયીને જે કારણથી ન્યૂનાધિક વિગત થયે છતે=દશ સંખ્યાથી ન્યૂન સંખ્યામાં કે અધિક સંખ્યામાં મૃત્યુ પામે છતે, આજે દશ વૃદ્ધો મૃત્યો પામ્યા એ પ્રકારનું ઉદાહરણ છે. ||૫૯||**

**ભાવાર્થ :-**

**(૨) વિગતમિશ્રિતમિશ્રભાષા :-**

ઉત્પન્નમિશ્રિત ભાષામાં ઉત્પન્નને આશ્રયીને મિશ્રભાષા બોલાય છે તે પ્રકારે જ નાશ થયેલા પદાર્થોનો સંગ્રહ કરીને જે મિશ્રભાષા બોલાય છે તે વિગતમિશ્રભાષા છે. જેમ કોઈક નગરમાં બે સાધુ કાળ કરી ગયા હોય છતાં બે દિવસ પૂર્વે જે બે સાધુ કાળ કરી ગયા હોય તેનો સંગ્રહ કરીને કોઈ સાધુ કહે કે આજે ચાર સાધુ કાળ કરી ગયા. આ પ્રકારની મિશ્રભાષા બોલવા પાછળ કોઈ ભાવ ન હોય છતાં શિષ્ટ આચાર પ્રમાણે સાધુએ નિષ્પ્રયોજન બોલવું જોઈએ નહિ અને પ્રયોજનથી જે બોલે તે પણ યથાર્થ પદાર્થને સ્પર્શીને જ બોલે જેથી પ્રવચનનું માલિન્ય ન થાય અને મૂઢની જેમ નિર્વિચારક થઈને બોલવાની વૃત્તિ ન થાય. તેથી કહેવાનું પ્રયોજન ઉપસ્થિત થયું હોય તો સુસાધુ હંમેશાં બે સાધુ કાળ કરી ગયા હોય ત્યારે એમ જ કહે કે આજે બે સાધુ કાળ કરી ગયા છે. અનાભોગ આદિથી પણ પૂર્વના કાળ કરી ગયેલા સાધુને મિશ્રિત કરીને કહે તો વિગતમિશ્રિતભાષા બોલવારૂપ કર્મબંધની પ્રાપ્તિ થાય છે. **||૫૯||**

**અવતરણિકા :-**

**उक्ता विगतमिश्रिता । अथोत्पन्नविगतमिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**વિગતમિશ્રિતભાષા કહેવાઈ. હવે ઉત્પન્નવિગતમિશ્રિતભાષાને કહે છે –**

ગાથા :-

**उप्पन्नविगयमीसिअमेयं पभणंति जत्थ खलु जुगवं ।**
**उप्पन्ना विगया वि य, ऊणब्भहिया भणिज्जंति ।।६०।।**

છાયા :-

उत्पन्नविगतमिश्रितामेतां प्रभणन्ति यत्र खलु युगपत् ।
उत्पन्ना विगता अपि च ऊनाऽभ्यधिका भण्यन्ते ।।६०।।

**અન્વયાર્થ :-**

जत्थ=જેમાં=જે ભાષામાં, खलु=નક્કી, जुगवं=એક સાથે, उप्पन्ना विगया वि य=ઉત્પન્ન અને નાશ થયેલા પણ, ऊणब्भहिया=ન્યૂન-અધિક, भणिज्जंति=કહેવાય છે एयं=એ ભાષાને, (શ્રુતધરો) उप्पन्नविगय-मीसिअं=ઉત્પન્નવિગતમિશ્રિતભાષા, पभणंति=કહે છે. ।।૬૦।।

ગાથાર્થ :-

**જે ભાષામાં નક્કી એક સાથે ઉત્પન્ન અને નાશ થયેલા પણ ન્યૂન અધિક કહેવાય છે એ ભાષાને શ્રુતધરો ઉત્પન્નવિગતમિશ્રિતભાષા કહે છે. ।।૬૦।।**

**ટીકા :-**

एतां=भाषां, उत्पन्नविगतमिश्रितां प्रभणन्ति, श्रुतधरा इति शेषः, यत्र=यस्यां भाषायां, खलु=निश्चये, उत्पन्ना विगता अपि च भावा, ऊना अधिका युगपद् भण्यन्ते उदाहरणं चास्मिन् ग्रामे दश जाता दश च मृता इत्यवधारणानुपपत्तौ द्रष्टव्यम् ३।।६०।।

**ટીકાર્થ :-**

एतां ..... द्रष्टव्यम् ३ ।। આ ભાષાને શ્રુતધરો ઉત્પન્નવિગતમિશ્રિત કહે છે જે ભાષામાં નક્કી ઉત્પન્ન વિગત પણ ભાવો ન્યૂન અધિક એક સાથે કહેવાય છે.

અને આ ગામમાં દશ ઉત્પન્ન થયા છે અને દશ મૃત્યુ પામ્યા છે એ પ્રકારની અવધારણની અનુપપત્તિમાં ઉદાહરણ જાણવું. ।।૬૦।।

ભાવાર્થ :-

**(૩) ઉત્પન્નવિગતમિશ્રિતમિશ્રભાષા :-**

કોઈ મહાત્મા કોઈક પ્રસંગે કહેવાનું પ્રયોજન હોય છતાં મુગ્ધતાથી બોલવાના સ્વભાવને કારણે તે નગરમાં સાધુએ પ્રવેશ કર્યો છે અને બે સાધુએ વિહાર કર્યો છે એ પ્રકારની અવધારણની અનુપપત્તિ હોવા છતાં સહસા બેથી અધિક વિહાર કર્યો હોવા છતાં કે ન્યૂન કર્યો હોવા છતાં કે બેથી અધિક કે ન્યૂન સાધુએ

પ્રવેશ કરેલો હોવા છતાં એ પ્રકારનું વચન કહે તો તે વચનપ્રયોગ ઉત્પન્નવિગતમિશ્રિત ભાષા કહેવાય છે; કેમ કે વિહાર કરનાર સાધુ અને નવા પ્રવેશ કરનાર સાધુ તે નગરમાં હોવા છતાં સંખ્યાનું પ્રમાણ અયથાર્થ હોવાથી તે ભાષા મિશ્રભાષા બને છે, માટે ભાષાસમિતિના અર્થી સાધુએ નિષ્પ્રયોજન બોલવું જોઈએ નહિ અને સંયમવૃદ્ધિના પ્રયોજનથી ઉચિત જણાય ત્યારે વાસ્તવિક સ્થિતિનો યથાર્થ નિર્ણય કરીને જે પ્રમાણે જેટલા સાધુએ નગરમાં પ્રવેશ કર્યો હોય અને જેટલા સાધુએ નગરમાંથી વિહાર કર્યો હોય તે પ્રમાણે જ કહેવું જોઈએ, જેથી ભાષાસમિતિની વિરાધના થાય નહિ. **॥૬૦॥**

**અવતરણિકા :-**

**उक्तोत्पन्नविगतमिश्रिता । अथ जीवमिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉત્પન્નવિગતમિશ્રિતભાષા કહેવાઈ. હવે જીવમિશ્રિતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा जीवमिस्सिया खलु जा भन्नइ उभयरासिविसया वि ।**
**वज्जित्तु विसयमन्नं एसो बहुजीवरासि त्ति ।।६१।।**

**છાયા :-**

सा जीवमिश्रिता खलु या भण्यते उभयराशिविषयाऽपि ।
वर्जयित्वा विषयमन्यमेषो बहुजीवराशिरिति ।।६१।।

**અન્વયાર્થ :-**

**उभयरासिविसया वि=ઉભયરાશિના વિષયવાળી પણ=જીવ-અજીવ ઉભયરાશિના વિષયવાળી પણ ભાષા, अन्नं विसयं वज्जित्तु=અન્ય વિષયને છોડીને=જીવથી અન્ય વિષયને છોડીને, एसो=આ, बहुजीवरासि=બહુજીવરાશિ છે, त्ति=એ પ્રમાણે, जा=જે, भन्नइ=કહેવાય છે, सा=તે, खलु=નક્કી, जीवमिस्सिया=જીવ-મિશ્રિતભાષા છે. ॥૬૧॥**

**ગાથાર્થ :-**

**ઉભયરાશિના વિષયવાળી પણ=જીવ-અજીવ ઉભયરાશિના વિષયવાળી પણ ભાષા, અન્ય વિષયને છોડીને=જીવથી અન્ય વિષયને છોડીને, આ બહુજીવરાશિ છે એ પ્રમાણે જે કહેવાય છે તે નક્કી જીવમિશ્રિતભાષા છે. ॥૬૧॥**

**ટીકા :-**

**सा खलु जीवमिश्रिता या (ग्रन्थाग्रम्-श्लो.७००) उभयराशिविषयाऽपि=जीवाजीवसमूहविषयाऽपि,**

अन्यं=अजीवाख्यं विषयं, वर्जयित्वा एष बहुः जीवराशिरिति भण्यते, अत्र हि जीवांशे सत्यत्वमजीवांशे चासत्यत्वम्, न च बहुषु जीवत्सु शङ्खादिष्वल्पेषु च मृतेषु 'महानयं जीवराशिः' इत्यभिधाने जीवप्राधान्यविवक्षणान्न दोषः, बाहुल्येन प्रयोगोपलम्भादिति वाच्यम् एवं हि प्रयोगसमर्थनेऽप्युभयीयसमूहे एकीयत्वाऽसमर्थनात्, उभयीयस्यैकीयत्वनियमेऽपि प्रतिनियतैकत्वानियमात्, न च प्रतिनियतत्वस्याऽबोध एव, बोधे वा मृषात्वमेव स्यादिति वाच्यम् बोधसामग्रीमहिम्नैव तद्बोधात्, समूहस्य सामान्यत एकीकृतस्याऽपि विशेषार्पणया विभेदाच्च न मृषात्वमिति पर्यालोचनीयं सूक्ष्मेक्षिकया नयनिपुणैः, एवमन्यत्राऽप्यवसेयम् ४।।६१।।

**ટીકાર્થ :-**

**सा ..... अवसेयम् ४ ।।** તે નક્કી જીવ મિશ્રિતભાષા છે જે ઉભયરાશિના વિષયવાળી પણ=જીવ અજીવના સમૂહના વિષયવાળી પણ અજીવનામના અન્ય વિષયને છોડીને આ બહુ જીવરાશિ છે એ પ્રમાણે કહેવાય છે. અહીં=જીવમિશ્રિતભાષામાં, જીવાંશમાં સત્યપણું છે, અને અજીવ અંશમાં અસત્યપણું છે. અને બહુ જીવતા શંખાદિમાં અને અલ્પ મરેલામાં 'આ મહાન જીવરાશિ છે' એ પ્રકારના કથનમાં જીવના પ્રાધાન્યની વિવક્ષા હોવાથી દોષ નથી=મિશ્રભાષા નથી પરંતુ સત્યભાષા છે; કેમ કે બાહુલ્યથી પ્રયોગનો ઉપલંભ છે=ઘણા જીવિત હોવાને કારણે તે પ્રકારનો લોકમાં પ્રયોગ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ન કહેવું; કેમ કે આ રીતે=બહુલતાની વિવક્ષા છે એ રીતે, પ્રયોગના સમર્થનમાં પણ=જીવમિશ્રિત-ભાષાને સત્યભાષાના પ્રયોગના સમર્થનમાં પણ, ઉભયીય સમૂહમાં=જીવિત અને અજીવિત-રૂપ ઉભયીયના સમૂહમાં, એકીયત્વનું અસમર્થન છે=જીવિત જીવરાશિરૂપ એકીયત્વનું અસમર્થન છે.

અહીં પ્રશ્ન થાય કે મરેલા શંખલા અને જીવિત શંખલા તે બેમાં શંખલારૂપે ઉભયમાં એકીયત્વનું નિયમન કરી શકાશે, તેથી તે ભાષા સત્ય કહી શકાશે. તેના નિરાકરણ માટે અન્ય હેતુ કહે છે –

ઉભયીય એકીયત્વનું નિયમન કરાયે છતે પણ=જીવિત અજીવિત ઉભયીય શંખલાનું શંખલારૂપે એકીયત્વનું નિયમન કરાયે છતે પણ, પ્રતિનિયત એકત્વનો અનિયમ છે=જીવિતરૂપ કે અજીવિતરૂપ એવા પ્રતિનિયત એકત્વનો અનિયમ છે, માટે મિશ્રભાષા છે એમ અન્વય છે.

અને પ્રતિનિયતનો અબોધ જ છે અર્થાત્ આ સર્વે શંખલા જીવિત જ છે કે અજીવિત છે એ પ્રકારના પ્રતિનિયતત્વનો તે પ્રકારનો વચનપ્રયોગ કરનાર જીવને અબોધ જ છે, અથવા બોધમાં= પ્રતિનિયતત્વના બોધમાં=આ શંખલામાં કેટલાક જીવિત છે અને કેટલાક અજીવિત છે એ પ્રકારે પ્રતિનિયત્વના બોધમાં, અથવા સર્વ અજીવિત જ છે એ પ્રકારના બોધમાં, મૃષાત્વ જ થાય=આ જીવરાશિનો સમૂહ છે એ પ્રકારે બોલનારના વચનનું મૃષાત્વ જ થાય એમ ન કહેવું; કેમ કે બોધ સામગ્રીના મહિમાથી જ તેનો બોધ થાય છે. (તેથી પ્રતિનિયતત્વનો અબોધ છે એ પ્રકારનું પૂર્વપક્ષીનું

**વચન ઉચિત નથી; કેમ કે નિર્ણય કરવાનો અર્થી જીવ તેની બોધસામગ્રીના મહિમાથી તેનો બોધ કરી શકે છે.)**

અહીં પ્રશ્ન થાય કે જેને તે પ્રકારની જિજ્ઞાસા થઈ નથી તેને આટલા જીવો જીવિત છે અને આટલા જીવો મૃત છે તેવો બોધ થયો નથી તેવો પુરુષ આ જીવરાશિનો સમૂહ છે એમ કહે તેને મૃષાત્વની જ પ્રાપ્તિ છે, માટે જીવમિશ્રિત નામના ભેદની પ્રાપ્તિ થશે નહિ. તેથી બીજો હેતુ કહે છે –

**એકીકૃત પણ સમૂહ સામાન્યનું=આ જીવિત છે આ અજીવિત છે એ પ્રકારનો વિભાગ કર્યા વગર શંખલા સામાન્યના સમૂહની વિશેષ અર્પણાથી=કેટલાક જીવિત છે અથવા કેટલાક મૃત છે એ પ્રકારની વિશેષ અર્પણાથી, વિભેદ હોવાને કારણે=જીવિત અને મૃત જીવોનો વિભેદ હોવાને કારણે, મૃષાત્વ નથી પરંતુ મિશ્રપણું છે. એ પ્રમાણે નયનિપુણ પુરુષોએ સૂક્ષ્મદૃષ્ટિથી પર્યાલોચન કરવું જોઈએ. એ રીતે=જે રીતે જીવમિશ્રિતમાં કહ્યું એ રીતે, અન્યત્ર પણ અજીવમિશ્રિત આદિમાં પણ જાણવું. ॥૬૧॥**

**ભાવાર્થ :-**

**(૪) જીવમિશ્રિતમિશ્રભાષા :-**

મિશ્રભાષાના દશ ભેદોમાંથી ચોથો ભેદ જીવમિશ્રિતભાષાનો છે. સાધુએ બોલતી વખતે સંયમનું પ્રયોજન ન હોય તો બોલવું જ જોઈએ નહિ પરંતુ બોલવાને અભિમુખ પરિણામ પણ ન થાય તે પ્રકારે વચનગુપ્તિમાં જ સદા રહેવું જોઈએ અને સંયમવૃદ્ધિના પ્રયોજનથી બોલવાનું પ્રયોજન હોય ત્યારે સત્યાદિભાષાના મર્યાદાના સ્મરણપૂર્વક સંયમની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે સત્યભાષા જ બોલવી જોઈએ પરંતુ મિશ્રભાષા બોલવી જોઈએ નહિ, આથી પરઠવવા આદિના સ્થાને કોઈ જીવરાશિના સમૂહને જોઈને ત્યાં બહુ જીવરાશિ છે એમ કોઈ સાધુ બોલે અને તે જીવરાશિમાં કેટલાક જીવતા હોય અને કેટલાક મરેલા હોય ત્યારે તે વચન જીવ અંશમાં સત્ય બને છે અને અજીવ અંશમાં અસત્ય બને છે માટે મિશ્રભાષા છે.

અહીં કોઈ કહે કે મહાન આ જીવરાશિ છે એ સ્થાનમાં જે જીવો જીવે છે તેના પ્રાધાન્યની વિવક્ષા કરીને પ્રયોગ કરાયેલો હોવાથી દોષ નથી; કેમ કે વ્યવહારમાં બહુલતાને આશ્રયીને એ પ્રકારનો પ્રયોગ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે બહુલતાની અપેક્ષાએ તે પ્રયોગ સત્ય છે તે પ્રકારે સમર્થન કરવા છતાં પણ જીવિત અને મૃત ઉભયના સમૂહમાં જીવિતરૂપ એકત્વનું સમર્થન નહિ હોવાથી તે વચનપ્રયોગ મિશ્રભાષારૂપ છે અને ઉભયનું એકીયત્વનો નિયમ કરવામાં આવે તો પ્રતિનિયત એકત્વનો અનિયમ છે અર્થાત્ બધા જીવિત છે કે બધા મૃત છે એ પ્રકારના પ્રતિનિયત એકત્વનો અનિયમ છે માટે મિશ્રભાષા છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે બોલનાર મહાત્માને દેખાતા જીવોના સમૂહમાં કેટલાક જીવતા છે અને કેટલાક જીવતા નથી તેનો બોધ જ નથી તેથી પ્રતિનિયત એકત્વના નિયમથી તે મહાત્મા બોલતા જ નથી

પરંતુ જીવ પ્રાધાન્યની વિવક્ષાથી જ બોલે છે માટે તે ભાષાને મિશ્રભાષા સ્વીકારવી જોઈએ નહિ પરંતુ સત્યભાષા જ કહેવી જોઈએ એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

બોધસામગ્રીના મહિમાથી જ તેનો બોધ થઈ શકે છે માટે બોધ સામગ્રી દ્વારા નિર્ણય ન થયો હોય છતાં ઘણા જીવો છે તેમ કહેવામાં આવે તો પ્રતિનિયત એવા પ્રાણધારી જીવોના એકત્વનો અનિયમ હોવાથી તે મિશ્રવચન જ બને છે.

અહીં પૂર્વપક્ષી કહે કે કોઈએ બોધસામગ્રીથી તેનો બોધ કર્યો હોય અને ત્યારપછી આ ઘણા જીવોનો સમૂહ છે એમ કહે તો તેના વચનને મૃષા ભાષા જ કહેવી જોઈએ પરંતુ જીવમિશ્રિતભાષા કહી શકાય નહિ એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –

સામાન્યથી એકીકૃત એવા પણ સમૂહને વિશેષ અર્પણાથી વિચારવામાં આવે તો તેમાં કેટલાક જીવો જીવિત છે અને કેટલાક મૃત છે એ પ્રકારે ભેદની પ્રાપ્તિ હોવાથી તે ભાષાને મૃષા કહી શકાય નહિ પરંતુ મિશ્રભાષા કહેવી જોઈએ એ પ્રમાણે પદાર્થને જોવાની નિપુણ દૃષ્ટિવાળા મહાત્માએ સૂક્ષ્મદૃષ્ટિથી પર્યાલોચન કરવું જોઈએ. **॥૬૧॥**

**અવતરણિકા :-**

**उक्ता जीवमिश्रिता ।४। अथाऽजीवमिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**જીવમિશ્રિતભાષા કહેવાઈ. હવે અજીવમિશ્રિતભાષાને કહે છે –**

**ગાથા :-**

**साऽजीवमीसिया वि य, जा भन्नइ उभयरासिविसया वि ।**
**वज्जित्तु विसयमन्नं, एस बहुअजीवरासि त्ति ।।६२।।**

**છાયા :-**

**साऽजीवमिश्रिताऽपि च या भण्यते उभयराशिविषयाऽपि ।**
**वर्जयित्वा विषयमन्यमेषो बह्वजीवराशिरिति ।।६२।।**

**અન્વયાર્થ :-**

**य उभयरासिविसया वि=અને ઉભયરાશિના વિષયવાળી પણ=જીવ અજીવ ઉભયરાશિના વિષયવાળી પણ, विसयमन्नं वज्जित्तु=અન્ય વિષયને વર્જીને=અજીવથી અન્ય એવા જીવના વિષયને વર્જીને, एस बहुअजीवरासि त्ति=આ બહુ અજીવરાશિ છે એ પ્રમાણે, जा भन्नइ=જે કહેવાય છે, साऽजीवमीसिया वि=તે અજીવમિશ્રિત જ ભાષા છે. ।।૬૨।।**

**ગાથાર્થ :-**

**અને ઉભયરાશિના વિષયવાળી પણ=જીવ અજીવ ઉભયરાશિના વિષયવાળી પણ, અન્ય વિષયને વર્જીને=અજીવથી અન્ય એવા જીવના વિષયને વર્જીને, આ બહુ અજીવરાશિ છે એ પ્રમાણે જે કહેવાય છે તે અજીવમિશ્રિત જ ભાષા છે. ।।૬૨।।**

**ટીકા :-**

**स्पष्टा । नवरं बहुषु मृतेषु स्तोकेषु च जीवत्सु शङ्खादिषु 'महानयमजीवराशिः' इत्येवोदाहरणम् ५।।६२।।**

**ટીકાર્થ :-**

**स्पष्टा ..... इत्येवोदाहरणम् ५ ।। ગાથા સ્પષ્ટ છે. ફક્ત ઘણા મરેલા અને થોડા જીવિત શંખાદિમાં મહાન આ અજીવરાશિ છે એ પ્રકારનો વચનપ્રયોગ એ જ ઉદાહરણ છે=અજીવમિશ્રિતભાષાનું ઉદાહરણ છે. ।।૬૨।।**

**ભાવાર્થ :-**

**(૫) અજીવમિશ્રિતમિશ્રભાષા :-**

સામાન્યથી સંયમના પ્રયોજન અર્થે સાધુ ભાષા બોલે છે અને કોઈક મરેલા શંખલા આદિનો સમુદાય જોઈને કોઈક વખતે કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તોપણ ઘણા મૃત અને થોડા જીવિત શંખલાને જોઈને વિચાર્યા વગર મહાન આ અજીવરાશિ છે એ પ્રકારનો પ્રયોગ કરે તો અજીવમિશ્રિત ભાષાની પ્રાપ્તિ થાય તેથી સાવદ્યભાષાના પરિહારના અર્થી સાધુએ વસ્તુનો યથાર્થ નિર્ણય કરીને વસ્તુનો અપલાપ ન થાય તે પ્રકારે જ કથન કરવું જોઈએ. અન્યથા કોઈ મલિન આશય ન હોય તોપણ ભાષાસમિતિના મર્યાદાના સ્મૃતિપૂર્વક બોલાયેલું તે વચન નહિં હોવાથી અગુપ્તિના પરિણામજન્ય અને ભાષાસમિતિના ભંગજન્ય કર્મબંધની પ્રાપ્તિ થાય છે. **।।૬૨।।**

**અવતરણિકા :-**

**उक्ताऽजीवमिश्रिता । अथ जीवाजीवमिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**અજીવમિશ્રિતભાષા કહેવાઈ. હવે જીવાજીવમિશ્રિતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा उभयमिस्सिया वि य, जीवाजीवाण जत्थ रासिम्मि ।**
**किज्जइ फुडो पओगो, ऊणब्भहिआइ संखाए ।।६३।।**

**અવતરણિકા :-**

उक्ता जीवाजीवमिश्रिता । अथाऽनन्तमिश्रितामाह –

**અવતરણિકાર્થ :-**

જીવાજીવમિશ્રિતભાષા કહેવાઈ. હવે અનંતમિશ્રિતભાષાને કહે છે –

**ગાથા :-**

**साऽणंतमीसिया वि य, परित्तपत्ताइजुत्तकंदम्मि ।**
**एसो अणंतकाओत्ति जत्थ सव्वत्थ वि पओगो ।।६४।।**

**છાયા :-**

साऽनन्तमिश्रिताऽपि च परित्तपत्रादियुक्तकन्दे ।
एषोऽनन्तकाय इति यत्र सर्वत्रापि प्रयोगः ।।६४।।

**અન્વયાર્થ :-**

जत्थ=જે ભાષામાં, परित्तपत्ताइजुत्तकंदम्मि=પરિત્તપત્રાદિ યુક્ત કંદમાં=પ્રત્યેકશરીરવાળા પત્રાદિથી યુક્ત અનંતકાયવાળા કંદમાં, एसो अणंतकाओ='આ અનંતકાય છે', त्ति=એ પ્રમાણે, सव्वत्थ वि=સર્વત્ર પણ=સર્વાવચ્છેદથી પણ, पओगो=પ્રયોગ કરાય છે, सा=તે ભાષા अणंतमीसिया वि य=અનંતમિશ્રિત જ છે. ।।૬૪।।

**ગાથાર્થ :-**

**જે ભાષામાં પરિત્તપત્રાદિ યુક્ત કંદમાં=પ્રત્યેકશરીરવાળા પત્રાદિથી યુક્ત અનંતકાયવાળા કંદમાં, 'આ અનંતકાય છે' એ પ્રમાણે સર્વત્ર પણ=સર્વાવચ્છેદથી પણ, પ્રયોગ કરાય છે તે ભાષા અનંત મિશ્રિત જ છે. ।।૬૪।।**

**ટીકા :-**

अनन्तमिश्रिताऽपि च सा भवति, यत्र=यस्यां, परित्तानि यानि पत्रादीनि तद्युक्ते कन्दे=मूलकादौ, सर्वत्राऽपि=सर्वावच्छेदेनाऽपि, 'एषोऽनन्तकाय' इति प्रयोगः ।

नन्वत्र मृषात्वमेव, अन्यथा घटपटयोर्द्वयोः 'इमौ घटौ' इति वचो मृषा न स्यादिति चेत् ? न, द्वित्वावच्छिन्नत्वस्य द्वित्वव्यापकत्वरूपस्यैकत्वव्यापकत्वद्वयरूपत्वेनोक्तवचसोऽप्यांशिकसत्यत्वात्, समुदायावच्छिन्नत्वस्याऽपि प्रकृतेऽवयवावच्छिन्नत्वानतिरेकादिति दिग् ७।।६४।।

**છાયા :-**

**सोभयमिश्रिताऽपि च जीवाजीवयोर्यत्र राशौ ।**

**क्रियते स्फुटः प्रयोगः ऊनाभ्यधिकायाः संख्यायाः ।।६३।।**

**અન્વયાર્થ :-**

जत्थ=જે ભાષામાં, जीवाजीवाण रासिम्मि=જીવ-અજીવરાશિવિષયક, ऊणब्भहिआइ=ન્યૂન અભ્યધિક, संखाए=સંખ્યાનો, फुडो=સ્પષ્ટ, पओगो=પ્રયોગ, किज्जइ=કરાય છે, सा=તે ભાષા, उभयमिस्सिया वि य=ઉભયમિશ્રિત જ છે. ।।૬૩।।

**ગાથાર્થ :-**

**જે ભાષામાં જીવ-અજીવરાશિવિષયક ન્યૂન અભ્યધિક સંખ્યાનો સ્પષ્ટ પ્રયોગ કરાય છે તે ભાષા ઉભયમિશ્રિત જ છે. ।।૬૩।।**

**ટીકા :-**

**उभयं अत्र जीवाजीवौ, तन्मिश्रिता=उभयमिश्रिताऽपि सा भवति, यत्र=यस्यां, जीवाजीवयोः राशौ, ऊनाभ्यधिकायाः संख्यायाः स्फुटः=प्रकटः प्रयोगः क्रियते, यथा मृतेषु जीवत्सु च शङ्खादिषु 'एतावन्तोऽत्र मृता एतावन्तश्च जीवन्ति एव' इति यथोक्तप्रमाणविसंवादे ६ ।।६३।।**

**ટીકાર્થ :-**

उभयं ..... यथोक्तप्रमाणविसंवादे ६ ।। ઉભય અહીં જીવ અજીવ છે તેનાથી મિશ્રિત ઉભયમિશ્રિત જ તે થાય છે. જેમાં=જે ભાષામાં, જીવ-અજીવરાશિ વિષયક ન્યૂન અભ્યધિક સંખ્યાનો સ્પષ્ટ પ્રયોગ કરાય છે. જે પ્રમાણે મરેલા અને જીવતા શંખાદિમાં આટલા અહીં મરેલા છે અને આટલા અહીં જીવે જ છે એ પ્રમાણે યથોક્ત પ્રમાણના વિસંવાદમાં=જીવતા અને મરેલાની ઉચિત સંખ્યાના પ્રમાણની સાથે વિસંવાદવાળા વચનમાં, મિશ્રભાષા પ્રાપ્ત થાય છે એમ અન્વય છે. ।।૬૩।।

**ભાવાર્થ :-**

**(૬) જીવાજીવમિશ્રિતમિશ્રભાષા :-**

સાધુએ સંયમના પ્રયોજનથી ઉચિતભાષાનો પ્રયોગ કરવો જોઈએ છતાં પણ પદાર્થનું પૂર્ણ અવલોકન કર્યા વગર અર્ધ વિચારકતાને કારણે જીવાજીવમિશ્રિત ભાષા સાધુથી બોલાય છે, જે ભાષા બોલવા પાછળ ક્વચિત્ યોગ્ય જીવને તત્ત્વબોધ કરાવવાનો આશય હોય તોપણ પ્રત્યક્ષનો વિસંવાદ થાય તેવો વચનપ્રયોગ સાધુ કરે તો સાધુ માટે તે પ્રયોગ કર્મબંધનું કારણ બને છે, વળી મરેલા અને જીવતા શંખલાની સંખ્યામાં પૂરો નિર્ણય ન હોય ત્યારે વિસંવાદ થાય તે રીતે સાધુ દ્વારા બોલાયેલાં તે વચનો જીવાજીવમિશ્રિતભાષારૂપ બને છે. **।।૬૩।।**

**ટીકાર્થ :-**

**अनन्तमिश्रितापि ..... दिग् ७ ।। અને અનંતમિશ્રિત પણ તે થાય છે=તે ભાષા થાય છે જેમાં પરિત્ત જે પત્રાદિ છે=પ્રત્યેકશરીરવાળા જે પત્રાદિ છે. તેનાથી યુક્ત એવા મૂલાદિ કંદમાં સર્વત્ર પણ=પત્રાદિ અને મૂલનો વિભાગ કર્યા વગર સર્વાવચ્છેદથી પણ, આ અનંતકાય છે એ પ્રકારનો પ્રયોગ.**

**'ननु'થી શંકા કરે છે –**

**અહીં=પ્રત્યેકથી યુક્ત મૂલકંદાદિમાં આ અનંતકાય છે એ પ્રયોગમાં, મૃષાપણું જ છે. અન્યથા=ત્યાં મૃષાપણું ન માનવામાં આવે અને મિશ્રપણું માનવામાં આવે તો, ઘટપટ બેમાં આ બે ઘટ છે એ વચન મૃષા ન થાય, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે દ્વિત્વાવચ્છિન્નનું=પ્રત્યેક અને અનંતકાયરૂપ દ્વિત્વાવચ્છિન્નનું, દ્વિત્વવ્યાપકત્વરૂપનું એકત્વવ્યાપકત્વ દ્વયરૂપપણાથી ઉક્ત વચનનું પણ=પરિત્તપત્રાદિથી યુક્ત કંદમાં આ અનંતકાય છે એ વચનનું પણ, આંશિક સત્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે ઘટપટમાં આ બે ઘટ છે એ પ્રકારના સમુદિત વચનનું જેમ મૃષાપણું છે તેમ પરિત્તપત્રાદિયુક્ત કંદમાં 'તે અનંતકાય છે' એ પ્રયોગ કેમ મૃષા નથી ? તેમાં હેતુ કહે છે –

**સમુદાય અવચ્છિન્નત્વનું પણ=પરિત્તપત્રાદિથી યુક્ત એવા મૂલાદિ કંદરૂપ સમુદાયનું પણ, પ્રકૃતમાં=આ અનંતકાય છે એ પ્રકારના પ્રયોગમાં, અવયવાચ્છિન્નત્વનો અનતિરેક છે=પત્રાદિ અવયવના અવચ્છેદથી મૃષાત્વ છે અને કંદાદિ અવયવના અવચ્છેદથી સત્યત્વ કહ્યું તે દૃષ્ટિથી તે કથન અવયવાચ્છિન્નત્વની સાથે અભેદવાળું છે એ પ્રકારની દિશા છે. ॥૬૪॥**

**ભાવાર્થ :-**

**(૭) અનંતમિશ્રિતમિશ્રભાષા :-**

યોગ્ય જીવને ઉચિત બોધ કરાવવા અર્થે પત્રાદિથી યુક્ત મૂલાદિ કંદને જોઈને સાધુને આ અનંતકાય છે તેવો બોધ કરાવવાનું પ્રયોજન હોય ત્યારે સ્પષ્ટ કહેવું જોઈએ કે આ પત્રાદિ પ્રત્યેક છે અને મૂળ અનંતકાય છે આમ છતાં તેવો કોઈ વિભાગ કર્યા વગર સહસા કે નિર્વિચારક અવસ્થાને વશ થઈને સાધુ આ સર્વ અનંતકાય છે એ પ્રકારનો પ્રયોગ કરે તો અનંતમિશ્રિત ભાષાનો પ્રયોગ થયો કહેવાય, જેનાથી સાધુને કર્મબંધની પ્રાપ્તિ થાય, માટે ગુપ્તિવાળા સાધુએ પ્રયોજનથી બોલવું આવશ્યક જણાય ત્યારે અત્યંત ઉપયુક્ત થઈને એ પ્રકારે વચનપ્રયોગ કરવો જોઈએ કે જે પ્રકારે વસ્તુ સંસ્થિત હોય, તેથી પરિત્ત એવા પાંદડાને આ પ્રત્યેક છે અને મૂળ એવા કંદને આ અનંતકાય છે એમ જ કહેવું જોઈએ.

અહીં કોઈ શંકા કરે છે કે પરિત્ત અને અનંતકાયથી યુક્ત વસ્તુમાં આ અનંતકાય છે એ પ્રયોગને મૃષા જ કહેવો જોઈએ જેમ ઘટ પટને જોઈને આ બે ઘટ છે એમ કોઈ કહે તો તે મૃષા વચન છે. આ પ્રકારની શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

પરિત્ત એવા પત્રાદિથી યુક્ત કંદ દ્વિત્વાવચ્છિન્ન છે અર્થાત્ પરિત્ત અને અનંતકાયરૂપ બે ભાવોથી યુક્ત છે. તે સ્થાનમાં દ્વિત્વવ્યાપકત્વરૂપ તેઓનું સ્વરૂપ છે અર્થાત્ બે ભાવોથી વ્યાપ્ત તે વસ્તુ છે. તે સ્થાનમાં અનંતકાયરૂપ એકત્વવ્યાપકત્વરૂપ દ્વયનું કથન હોવાથી તે વચનમાં આંશિક સત્યપણું છે; કેમ કે મૂળ અંશથી તે અનંતકાય છે માટે સત્ય છે, પત્ર અંશથી અનંતકાય નથી માટે અસત્ય છે. વસ્તુતઃ ઘટ-પટમાં આ બે ઘટ છે ત્યાં સમુદાયરૂપે તે વચન મૃષારૂપ છે પરંતુ મિશ્રભાષાના ભેદમાં અવયવના વિભાગથી તેને ગ્રહણ કરીને મિશ્ર વચન કહેલ છે તેથી પત્રરૂપ અવયવ અવચ્છિન્નત્વ અને મૂળરૂપ અવયવ અવચ્છિન્નત્વનો ભેદ કરીને મિશ્રભાષા કહેલ છે માટે દોષ નથી. **॥૬૪॥**

**અવતરણિકા :-**

**उक्ताऽनन्तमिश्रिता । अथ परित्तमिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**અનંતમિશ્રિતભાષા કહેવાઈ. હવે પરિત્તમિશ્રિતભાષાને કહે છે –**

**ગાથા :-**

**परमपुरिसेहि भणिया, एसा य परित्तमीसिया भासा ।**
**जाऽणंतजुअपरित्ते भण्णई एसो परित्तो त्ति ।।६५।।**

**છાયા :-**

**परमपुरुषैर्भणिता एषा च परित्त(प्रत्येक)मिश्रिता भाषा ।**
**याऽनन्तयुतपरित्ते भण्यते एषः परीत इति ।।६५।।**

**અન્વયાર્થ :-**

**य=અને, परमपुरिसेहि=પરમપુરુષો વડે, एसा=આ, परित्तमीसिया भासा=પરિત્તમિશ્રિત ભાષા, भणिया= કહેવાય છે. जा=જે, अणंतजुअपरित्ते=અનંતથી યુક્ત એવા પરિત્તમાં, एसो परित्तो=આ પરિત્ત છે, त्ति=એ પ્રમાણે, भण्णई=કહેવાય છે. ॥૬૫॥**

**ગાથાર્થ :-**

**અને પરમપુરુષો વડે આ પરિત્તમિશ્રિત ભાષા કહેવાય છે. જે અનંતથી યુક્ત એવા પરિત્તમાં આ પરિત્ત છે એ પ્રમાણે કહેવાય છે. ॥૬૫॥**

**ટીકા :-**

**एषा च भाषा परमपुरुषैः=तीर्थंकरगणधरप्रभृतिभिः परित्तमिश्रिता भणिता, एषा का ? इत्याह -**

**याऽनन्तेन=अनन्तकायलेशेन युते म्लानमूलादौ 'एष परीत' इति भण्यते, इयं हि परीतांशे सत्याऽनन्तांशे चासत्येति सत्यामृषा ।**

**स्यादेतत्–परीतानन्तकायोभयसंवलिते एकत्र 'एतावन्तोऽनन्ता एतावन्तश्च परीता' इति यथोक्तप्रमाणविसंवादे परीतानन्तमिश्रिताऽप्यतिरिच्यते, मैवम् इयत्तायास्तत्र अप्रयोगादेवाऽप्रयोगात्, उभयातिरेकनिमित्तस्य बुद्धिविशेषस्य चाभावात्, प्रत्येकानन्तप्रयोगनिमित्तं तु वैलक्षण्यमस्त्येव ।**

**अत एवाऽऽह चूर्णिकारः –** "अणंतमिस्सिया जहा कोइ मूलगच्छोढं (थूडं) दट्ठूणं अन्नं वा कंचि तारिसं भणिज्जा जहा सव्वो एस अणंतकाओत्ति । तस्स मूलपत्ताणि जिण्णत्तणेण परिभूयाणि केवलं तु जलसिंचणगुणेण केइ तस्स किसलया पादुब्भूआ अओ अणंता परित्तेण मीसिया भन्नइ । परित्तमीसिया जहा अभिनवउक्खयं मूलगं कोइ परिमिलाणं ति काउणं भणेज्जा जहा सव्वो एस परित्तो, तत्थ अंता परित्तीभूआ मज्झपएसे अणंता चेव, एसा परित्तमीसिय त्ति" **। अत्र हि जीर्णपत्रत्वं म्लानकन्दत्वं च स्पष्टावेव विवक्षाहेतू उक्तौ, एवं च प्रायिकप्रयोगविवक्षाहेतुं विना यादृच्छिकदुष्टप्रयोगविवक्षाप्रसूतभाषाया मृषात्वमेवाऽवसीयते । तत्त्वं तु बहुश्रुता विदन्ति ।।६५।।**

**ટીકાર્થ :-**

**एषा ..... विदन्ति ।। અને આ ભાષા પરમપુરુષો વડે=તીર્થંકર, ગણધરો વગેરે વડે પરિત્તમિશ્રિત કહેવાઈ છે. આ કઈ ભાષા પરિત્તમિશ્રિત કહેવાઈ છે ? એથી કહે છે – જે=ભાષા અનંતથી=અનંત-કાયલેશથી યુક્ત મ્લાન મૂલાદિમાં આ પરિત્ત છે=આ પ્રત્યેક શરીર છે એ પ્રમાણે કહેવાય છે. 'हि'=જે કારણથી, આ પરિત્ત અંશમાં સત્ય છે અને અનંત અંશમાં અસત્ય છે એથી સત્યામૃષા ભાષા છે.**

**આ થાય=આ પ્રશ્ન થાય. પરિત્ત અને અનંતકાય ઉભયથી સંવલિત એક સમુદાયમાં આટલા અનંતકાય છે અને આટલા પરિત્ત છે એ પ્રમાણે યથોક્ત પ્રમાણના વિસંવાદમાં=અનંતકાય અને પરિત્ત જીવોની ઉચિત સંખ્યાના પ્રમાણના વિસંવાદમાં, પરિત્ત અનંતમિશ્રિતભાષા પણ અલગ પ્રાપ્ત થાય છે એમ ન કહેવું; કેમ કે ત્યાં=પરિત્ત અને અનંતકાય મિશ્રમાં ઈયત્તાનો અપ્રયોગ હોવાથી જ=આટલી સંખ્યા પરિત્તની કે અનંતકાયની છે એ પ્રકારની મર્યાદાનો અપ્રયોગ હોવાથી જ, અપ્રયોગ છે=કોઈના દ્વારા તે પ્રકારનો પ્રયોગ થતો નથી.**

અહીં પ્રશ્ન તો થાય કે કેમ તે પ્રકારના વિભાગપૂર્વકનો પ્રયોગ થતો નથી ? તેમાં હેતુ કહે છે –

**અને ઉભયના અતિરેકના નિમિત્ત એવી બુદ્ધિવિશેષનો=પ્રત્યેકનો અને અનંતકાયનો વિભાગ કરી**

**શકે તેવા નિમિત્તવાળી બુદ્ધિવિશેષનો, અભાવ હોવાથી તે પ્રકારના સંખ્યાના વિભાગથી પ્રયોગ થતો નથી એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રત્યેક અને અનંતકાયનો વિભાગ કરી શકે તેવી બુદ્ધિવિશેષ છદ્મસ્થને ન હોય તો મ્લાનમૂલાદિમાં પરિત્ત અંશ અને પ્રત્યેક અંશ છે તેમ કેમ નક્કી થાય ? તેથી કહે છે –

**વળી પ્રત્યેક અને અનંતકાયના પ્રયોગનું નિમિત્ત એવું વૈલક્ષણ્ય છે જ=મ્લાનમૂલાદિમાં છે જ, આથી જ=પ્રત્યેક અને અનંતકાયના પ્રયોગનું નિમિત્ત એવું વૈલક્ષણ્ય મ્લાનમૂલાદિમાં છે જ આથી જ, ચૂર્ણિકાર કહે છે.**

"અનંતમિશ્રિતા જે પ્રમાણે કોઈ મૂલગનું થડ જોઈને કે અન્યને જોઈને કોઈક તેવા પ્રકારનું બોલે જે પ્રમાણે સર્વ આ અનંતકાય છે."

**'इति' શબ્દ કોઈકના બોલાયેલા કથનની સમાપ્તિ માટે છે.**

અહીં પ્રશ્ન થાય કે તે મૂળનું થડ અનંતકાય હોવા છતાં તે ભાષા અનંતમિશ્રિત કેમ છે ? તેથી કહે છે -

તેનાં=તે થડનાં, મૂળનાં પત્રો જીર્ણપણાને કારણે=પક્વ થવાને કારણે, પ્રત્યેકભૂત થયાં છે, કેવલ જલસિંચનના ગુણને કારણે કેટલાક તેના કિસલય પ્રાદુર્ભાવ થયેલા છે, આથી તે થડમાં અનંતા=અનંતા જીવો, પરિત્તથી મિશ્રિત કહેવાય છે.

વળી પરિત્તમિશ્રિત ભાષા શું છે ? તે બતાવતાં કહે છે –

"પરિત્તમિશ્રિત જે પ્રમાણે નવો ઊખડેલો મૂલ કંઈક પરિમ્લાન થયેલો છે એથી કરીને કોઈ કહે – "સર્વ આ પરિત્ત છે" ત્યાં=તે મૂલમાં, અંત ભાગમાં પરિત્તભૂત=પ્રત્યેકભૂત જીવો છે, મધ્ય પ્રદેશમાં અનંતા જ છે એ પરિત્તમિશ્રિત ભાષા છે."

***અહીં=ચૂર્ણિકારના વચનમાં, જીર્ણપત્રપણું અને મ્લાનકંદપણું સ્પષ્ટ જ વિવક્ષાના હેતુ કહેવાયા=*** **જીર્ણપત્રપણું પરિત્તની વિવક્ષાનો સ્પષ્ટ હેતુ કહેવાયો અને મ્લાનકંદપણું મધ્યમાં અનંતકાયની સ્પષ્ટ વિવક્ષાનો હેતુ કહેવાયો. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પ્રાયિકપ્રયોગની વિવક્ષાના હેતુ વગર=આ જીવો પરિત્ત છે એ સ્થાનમાં પ્રાયઃ જીવો પ્રત્યેક છે એ પ્રકારની પ્રયોગની વિવક્ષા વગર, યાદૃચ્છિક દૃષ્ટ પ્રયોગની વિવક્ષાથી પ્રસૂત ભાષાનું=વિચાર્યા વગર વસ્તુને જોઈને આ પ્રત્યેક છે ઈત્યાદિ પ્રયોગની વિવક્ષાથી પ્રસૂતભાષાનું, મૃષાપણું જ જણાય છે. વળી તત્ત્વ બહુશ્રુતો જાણે છે. ॥૬૫॥**

**ભાવાર્થ :-**

**(૮) પરિત્તમિશ્રિતમિશ્રભાષા :-**

કોઈ અનંતકાયનો મૂલાદિ કંદ હોય અને જમીનમાંથી ઊખેડેલો હોય તેથી કંઈક મ્લાન થયેલો હોય, તે કંદના આજુબાજુના ભાગમાં વર્તતા અનંતકાયના જીવો ચ્યવી ગયા હોય અને તે સ્થાને કોઈક પ્રત્યેક જીવો

ઉત્પન્ન થયા હોય છતાં તે મ્લાન મૂલાદિના મધ્યભાગમાં અનંતકાય જીવો વિદ્યમાન હોય અને તેવા મૂલાદિને જોઈને કોઈ સાધુ વિચાર્યા વગર કહે કે આ મ્લાન મૂલ હોવાથી પરિત્ત છે તો તે સાધુની ભાષા પરમપુરુષ એવા તીર્થંકરોએ પરિત્તમિશ્રિતભાષા કહી છે; કેમ કે તે મૂલના મ્લાનસ્થાનમાં પરિત્ત અંશો છે તેથી સત્ય છે અને મૂળના મધ્યમાં મ્લાન થયેલ નહિ હોવાથી અનંતકાય છે તેથી અનંત અંશમાં અસત્ય છે. માટે આ મ્લાનમૂલ હોવાથી પ્રત્યેક છે એ રૂપ બોલાયેલું વચન સત્યામૃષાભાષારૂપ બને છે. તેથી એ ફલિત થાય કે સાધુએ કોઈ પ્રયોજન ન હોય તો કોઈ પ્રકારનો વચનપ્રયોગ કરવો જોઈએ નહિ. ક્યારેક કોઈ યોગ્ય જીવને ઉચિત બોધ કરાવવાના પ્રયોજનથી કોઈ વચનપ્રયોગ કરવાની આવશ્યકતા હોય ત્યારે મ્લાન મૂલાદિને જોઈને માત્ર તેના મ્લાન અંશને વિચારીને આ પ્રત્યેક વનસ્પતિકાય છે તેવું કહેવામાં આવે તો તે સાધુને અંશથી મૃષા અને અંશથી સત્યભાષા બોલવાનો પ્રસંગ આવે માટે વસ્તુનો સમ્યક્ નિર્ણય કરીને વચનપ્રયોગ કરવો જોઈએ.

વળી આ વિષયમાં ગ્રંથકારશ્રી ટીકાના અંતે સ્પષ્ટતા કરે છે કે પ્રાયિકપ્રયોગની વિવક્ષા વગર મ્લાન મૂલાદિને કોઈ સાધુ પ્રત્યેક વનસ્પતિકાય કહે તો તે સત્યમિશ્ર હોવા છતાં મૃષા જ જણાય છે; કેમ કે વિચાર્યા વગર બોલવાથી વિપરીત કથન થયેલ છે. વળી આ ભાષાને મિશ્રભાષા કહેવી કે મૃષાભાષા કહેવી તે વિષયમાં તત્ત્વ બહુશ્રુતો જાણે એ પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે.

અહીં કોઈને શંકા થાય કે કોઈ મ્લાનમૂલાદિ હોય તે પ્રત્યેક અને અનંતકાયવાળું છે તેથી ઉભય સંવલિત છે તેમાં કોઈ કહે કે આટલા અનંતકાય છે અને આટલા પ્રત્યેક છે અને તે પ્રકારના તેના વચનમાં તેની પ્રમાણની સંખ્યામાં વિસંવાદ થાય તો પરિત્તઅનંતમિશ્રિત નામની પણ મિશ્રભાષા જુદી પ્રાપ્ત થાય માટે તે ભાષાની વિવક્ષા ગ્રંથકારશ્રીએ કેમ કરી નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે મ્લાનમૂલાદિને જોઈને આટલા અનંતકાય છે અને આટલા પ્રત્યેક છે એ પ્રકારનો પ્રયોગ જ થતો નથી, તેથી તે પ્રકારના પ્રયોગના અસંભવને કારણે પરિત્તઅનંતમિશ્રિત તે પ્રકારનો ભેદ શાસ્ત્રમાં કહેલો નથી.

કેમ તેવો પ્રયોગ થતો નથી ? તેમાં યુક્તિ આપે છે –

બન્નેના તે પ્રકારના ભેદના નિયમને અનુકૂળ બુદ્ધિવિશેષનો જ અભાવ છે અર્થાત્ મ્લાન મૂલકંદને જોઈને તેમાં આટલા પ્રત્યેક જીવો છે અને આટલા અનંતકાય જીવો છે એ પ્રકારે નિર્ણય કરવાને અનુકૂળ એવી બુદ્ધિવિશેષ છદ્મસ્થને થતી નથી માટે તેવો પ્રયોગ થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે તો મ્લાનમૂલાદિમાં પણ પ્રત્યેક અને અનંત પ્રયોગને નિર્ણય કેવી રીતે થાય ? તેથી કહે છે –

નહિ કરમાયેલા મૂલાદિ કરતાં કરમાયેલા મૂલાદિમાં આ પ્રત્યેક અને અનંતકાયવાળું છે એ પ્રકારના પ્રયોગનું નિમિત્ત બને તે પ્રકારનું વિલક્ષણપણું છે જ. **॥૬૫॥**

**અવતરણિકા :-**

उक्ता परित्तमिश्रिता ८ । अथाऽद्धामिश्रितामाह –

**અવતરણિકાર્થ :-**

પરિત્તમિશ્રિતભાષા કહેવાઈ. હવે અદ્ધામિશ્રિતભાષાને કહે છે –

**ગાથા :-**

**सच्चामोसा भासा, सा अद्धामीसिया भवे जत्थ ।**
**भन्नइ पओअणवसा दिवसनिसाणं विवज्जासो ।।६६।।**

**છાયા :-**

सत्यामृषा भाषा साऽद्धामिश्रिता भवेद्यत्र ।
भण्यते प्रयोजनवशाद्दिवसनिशयोर्विपर्यासः ।।६६।।

**અન્વયાર્થ :-**

जत्थ=જેમાં=જે ભાષામાં, पओअणवसा=પ્રયોજનના વશથી, दिवसनिसाणं=દિવસનો અને રાત્રિનો, विवज्जासो=વિપર્યાસ, भन्नइ=કહેવાય છે, सा=તે, अद्धामीसिया सच्चामोसा भासा=અદ્ધામિશ્રિત-સત્યામૃષાભાષા, भवे=થાય. ।।૬૬।।

**ગાથાર્થ :-**

**જેમાં=જે ભાષામાં, પ્રયોજનના વશથી દિવસનો અને રાત્રિનો વિપર્યાસ કહેવાય છે તે અદ્ધા-મિશ્રિતસત્યામૃષાભાષા થાય. ।।૬૬।।**

**ટીકા :-**

**सा अद्धामिश्रिता सत्यामृषा भाषा भवेत् यत्र प्रयोजनवशाद्दिवसनिशयोर्विपर्यासो भण्यते यथा-ऽपरिणत एव दिवसे कश्चित्सहायं त्वरयन् वदति- उत्तिष्ठोत्तिष्ठ रजनी वर्तत इति रात्रौ वा वर्त्तमानायां वदति उत्तिष्ठोत्तिष्ठोद्गतः सूर्य इति ।**

**नन्वियं मृषैव, दिवसे रजनीवर्त्तमानत्वस्य रजन्यां वा दिवससत्त्वस्य बाधात्, वर्त्तमानाद्यभिधायक-वचनस्याऽव्यवहितोत्त्पत्तिकत्वे लक्षणायां च सत्यत्वमेवेति नातिरेक इति चेत् ? न लक्ष्यतावच्छेदक-घटकव्यवधानाभावकूटेंऽशतो बाधाबाधाभ्यामुभयरूपसमावेशाद् अन्यथा प्रहरान्तरव्यवधानेऽपि तथाप्रयोगप्रसङ्गात्, पदान्तरे लक्षणा च नानुशासनस्वरससिद्धेत्याभाति ।।६६।।**

**ટીકાર્થ :-**

सा ..... आभाति ।। તે અદ્ધામિશ્રિતસત્યામૃષાભાષા થાય જેમાં પ્રયોજનના વશથી દિવસ અને રાત્રિનો વિપર્યાસ કહેવાય છે જે પ્રમાણે અપરિણત જ દિવસ હોતે છતે કોઈક સહાયની ત્વરા કરતો કહે છે=પોતાની સાથે ગમન માટે સહાયની ત્વરાને કરતો, કહે છે. ઊઠ ઊઠ રાત્રિ વર્તે છે અથવા રાત્રિ વર્તતી હોતે છતે ઊઠ ઊઠ સૂર્યોદય થયો એ પ્રમાણે કહે છે.

આ મૃષા જ છે=કોઈ સૂર્યાસ્ત પૂર્વે જલ્દી જવાની ઉતાવળને કારણે કહે કે ઊઠ રાત્રિ થઈ છે એ વચનપ્રયોગ અથવા સૂર્યોદય પૂર્વે ઊઠ ઊઠ સૂર્યોદય થયો છે એ વચનપ્રયોગ મૃષા જ છે; કેમ કે દિવસમાં રાત્રિના વર્તમાનપણાનો બાધ છે અથવા રાત્રિમાં દિવસના સત્ત્વનો બાધ છે અને વર્તમાનાદિ અભિધાયક વચનનું=રાત્રિ વર્તમાન છે અથવા સૂર્યોદય વર્તમાન છે એ પ્રકારના અભિધાયક વચનનું, અવ્યવહિત ઉત્પત્તિકત્વ હોતે છતે=અલ્પકાળમાં રાત્રિ થવાની છે કે અલ્પકાળમાં સૂર્યોદય થવાનો છે એ પ્રમાણે હોતે છતે, લક્ષણામાં=વર્તમાન અભિધાયક વચનને લક્ષણારૂપે સ્વીકારવામાં સત્યત્વ જ થાય=તે બન્ને ભાષા સત્ય જ થાય એથી અતિરેક નથી=મૃષાભાષા કે સત્યભાષાથી અતિરિક્ત અદ્ધામિશ્રિત ભાષા નથી એ પ્રમાણે શંકા કરનાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે લક્ષ્યતાવચ્છેદક ઘટક વ્યવધાનના અભાવના કૂટમાં અંશથી બાધ, અબાધ દ્વારા ઉભયરૂપનો સમાવેશ છે=રાત્રિ, દિવસની મિશ્રતારૂપ ઉભયરૂપનો સમાવેશ છે અર્થાત્ લક્ષણા *સ્વીકારવાથી પ્રથમ પ્રયોગમાં લક્ષ્ય રાત્રિ બને છે. લક્ષ્યતાવચ્છેદક રાત્રિત્વ છે અને તેનું ઘટક* અવ્યવહિત ઉત્પત્તિકત્વ છે તે અવ્યવહિત ઉત્પત્તિકત્વમાં વ્યવધાનના અભાવનું કૂટ છે=ઘણા સમયના વ્યવધાનનો સમૂહ છે તેમાં જે નજીકનો સમય છે ત્યાં લક્ષણાનો અભાવ છે અને દૂરની ક્ષણો છે ત્યાં લક્ષણાનો બાધ છે તેથી લક્ષણા કરવા છતાં દિવસ, રાત ઉભયરૂપનો સમાવેશ થવાથી અદ્ધામિશ્રિતભાષાની પ્રાપ્તિ છે. અન્યથા લક્ષ્યતાવચ્છેદક ઘટક વ્યવધાનના અભાવના કૂટને ગ્રહણ કરીને અંશથી બાધ બતાવ્યો તેમ ન સ્વીકારવામાં આવે તો, પ્રહરાન્તરના વ્યવધાનમાં પણ=સૂર્યાસ્તના એક પ્રહર પૂર્વે પણ લક્ષણા દ્વારા રાત્રિ થઈ એ પ્રકારના પ્રયોગનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને પદાન્તરમાં=રાત્રિના સમયના નજીકની ક્ષણ કરતાં અન્યક્ષણમાં, લક્ષણા અનુશાસનસ્વરસસિદ્ધ નથી એ પ્રકારે ભાસે છે ॥૬૬॥

**ભાવાર્થ :-**

**(૯) અદ્ધામિશ્રિતમિશ્રિતભાષા :-**

અદ્ધામિશ્રિતભાષા એટલે પ્રયોજનવશથી દિવસ-રાતનું મિશ્રણ જેમાં હોય તેવી ભાષા તે અદ્ધામિશ્રિતભાષા સત્યામૃષાભાષારૂપ છે. જેમ કોઈને સૂર્યાસ્ત પછી કોઈક સ્થાને જવું હોય અને સૂર્યાસ્ત પહેલાં જ તેની સહાયને ઇચ્છતો તેને કહે કે ઊઠ ઊઠ રાત્રિ થઈ છે તે ભાષા અદ્ધામિશ્રિતભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે રાત્રિ થઈ નથી છતાં રાત્રિ થઈ છે એમ કહે છે તેથી તે ભાષા મૃષાભાષા જ છે;

કેમ કે રાત્રિને દિવસનો મિશ્રાંશ તે ભાષાનો વિષય નથી પરંતુ દિવસને જ રાત્રિરૂપે કહે છે અને આ પ્રયોગને લક્ષણારૂપે સ્વીકારીને કહેવામાં આવે કે નજીકમાં રાત્રિ થવાની છે તે રાત્રિમાં વર્તમાનમાં રાત્રિ થઈ છે એ પ્રકારનો પ્રયોગ છે. જેમ 'અરિહંત ચેઈયાણં'માં 'ઠામિ કાઉસ્સગ્ગં' શબ્દ દ્વારા હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં છું એમ બોલ્યા પછી અન્નત્થસૂત્રના વ્યવધાન પછી કાઉસ્સગ્ગમાં સ્થિર થવાય છે તે રીતે નજીકમાં થનારી રાત્રિને આશ્રયીને વર્તમાનમાં રાત્રિ છે એ પ્રકારનો પ્રયોગ થયો છે એમ લક્ષણાથી સ્વીકારવામાં આવે તો તે પ્રયોગને સત્યભાષા જ કહેવી પડે અને તેમ સ્વીકારીએ તો અદ્ધામિશ્રિત નામના સત્યામૃષા નામના ભેદની પ્રાપ્તિ થઈ શકે નહિ. આ પ્રકારની શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે લક્ષણાથી દિવસના કાળમાં પણ રાત્રિ થઈ છે એ પ્રકારનો પ્રયોગ સ્વીકારવામાં આવે ત્યારે રાત્રિની પ્રાપ્તિમાં જે ઘણા સમયના વ્યવધાનનો અભાવ છે તે વ્યવધાનના અભાવના સમૂહમાં અંશથી બાધ છે અને અંશથી અબાધ છે માટે રાત્રિ અને દિવસની મિશ્રતાની પ્રાપ્તિ છે. જેમ 'गङ्गायां घोषः' એ પ્રયોગમાં ગંગાના એકદમ કિનારાને અડીને વાડો હોય તો લક્ષણાથી તે પ્રયોગ સત્ય બને પરંતુ ગંગાના કિનારાથી કંઈક નજીક હોય અને કંઈક દૂર હોય તે વખતે ગંગાશબ્દથી જે કિનારાની પ્રાપ્તિ છે તેનો કંઈક દૂર એવા ઘોષમાં બાધ છે, તેમ પ્રસ્તુતમાં પણ સૂર્યાસ્તના કંઈક ક્ષણો પૂર્વે કરાયેલા તે પ્રયોગમાં દૂરવર્તી ક્ષણોમાં લક્ષણા દ્વારા રાત્રિનો બાધ છે અને નજીકની ક્ષણોમાં લક્ષણા દ્વારા રાત્રિનો અબાધ છે તેથી તેને આશ્રયીને રાત્રિ-દિવસની મિશ્રતા પ્રાપ્ત થાય છે અને આવું ન સ્વીકારવામાં આવે તો જેમ રાત્રિની નજીકની ક્ષણમાં લક્ષણા થાય છે તેમ દૂરવર્તી ક્ષણમાં પણ લક્ષણા દ્વારા રાત્રિનો પ્રયોગ સત્ય સ્વીકારવામાં આવે તો રાત્રિ સાથે એક પ્રહરના અંતરનું વ્યવધાન હોય ત્યારે પણ રાત્રિ થઈ છે તે પ્રકારના પ્રયોગનો પ્રસંગ પ્રાપ્ત થાય માટે લક્ષણાથી નજીકના સમયમાં રાત્રિનો અબાધ છે અને દૂરના ક્ષણોમાં રાત્રિનો બાધ છે તેમ સ્વીકારીને મિશ્રભાષાને મૃષાભાષાથી કે સત્યભાષાથી પૃથક્ સ્વીકારવી જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે રાત્રિના નજીકના સમયને કહેનારા પદ કરતાં કંઈક દૂરવર્તી સમયમાં રાત્રિને કહેનારા પદાન્તરમાં લક્ષણા સ્વીકારીને તે ભાષાને સત્ય સ્વીકારી શકાશે. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

કંઈક દૂરવર્તી સમયને કહેનારા પદાન્તરમાં લક્ષણા અનુશાસનસ્વરસસિદ્ધ નથી એ પ્રકારે ગ્રંથકારશ્રીને ભાસે છે; કેમ કે તેવી લક્ષણા સ્વીકારવામાં આવે તો અદ્ધામિશ્રિતભાષાના ઉચ્છેદની પ્રાપ્તિ થાય અર્થાત્ તે ભાષાને લક્ષણા દ્વારા સત્યભાષા સ્વીકારવાની આપત્તિ આવે અને શાસ્ત્રમાં અદ્ધામિશ્રિતભાષા સ્વીકારી છે તેથી પદાન્તરમાં લક્ષણા અનુશાસનસ્વરસસિદ્ધ નથી. **॥૬૬॥**

**અવતરણિકા :-**

**उक्ताऽद्धामिश्रिता ९ । अथाऽद्धाद्धामिश्रितामाह –**

**અવતરણિકાર્થ :-**

**અદ્ધામિશ્રિતભાષા કહેવાઈ. હવે અદ્ધાદ્ધામિશ્રિતભાષા કહે છે –**

ગાથા :-

रयणीए दिवसस्स व देसो देसेण मीसिओ जत्थ ।
भन्नइ सच्चामोसा, अद्धद्धामीसिया एसा ।।६७।।

છાયા :-

रजन्या दिवसस्य च देशो देशेन मिश्रितो यत्र ।
भण्यते सत्यामृषाऽद्धाद्धामिश्रितैषा ।।६७।।

અન્વયાર્થ :-

रयणीए=રાત્રિનો, व=કે, दिवसस्स=દિવસનો, देसो=દેશ, जत्थ=જ્યાં=જે ભાષામાં, देसेण=દેશથી, *मीसिओ=મિશ્રિત, भन्नइ=કહેવાય છે, एसा=એ अद्धद्धामीसिया सच्चामोसा=અદ્ધાદ્ધામિશ્રિતસત્યામૃષા* ભાષા છે. ॥૬૭॥

ગાથાર્થ :-

**રાત્રિનો કે દિવસનો દેશ જ્યાં=જે ભાષામાં, દેશથી મિશ્રિત કહેવાય છે એ અદ્ધાદ્ધામિશ્રિત-સત્યામૃષાભાષા છે. ॥૬૭॥**

ટીકા :-

रजन्या दिवसस्य वा देशः=प्रथमप्रहरादिलक्षणः, देशेन=द्वितीयप्रहरादिलक्षणेन, यत्र मिश्रितो भण्यते एषा अद्धाद्धामिश्रिता सत्यामृषा । यथा प्रथमपौरुष्यामेव वर्त्तमानायां कश्चित् कञ्चित् त्वरयन् वदति-'चल मध्यन्दिनो जात' इत्यादि उक्ताऽद्धाद्धामिश्रिता १०।।६७।।

ટીકાર્થ :-

रजन्या ..... अद्धाद्धामिश्रिता १० ।। રાત્રિનો અથવા દિવસનો પ્રથમ પ્રહરાદિરૂપ દેશ, દ્વિતીય પ્રહરાદિલક્ષણ દેશથી જેમાં=જે ભાષામાં, મિશ્રિત બોલાય છે આ=આ પ્રકારે બોલાયેલી ભાષા અદ્ધાદ્ધામિશ્રિત સત્યામૃષાભાષા છે. જે પ્રમાણે પ્રથમ પોરિસી જ વર્તમાન હોતે છતે કોઈક પુરુષ કોઈકને ત્વરા કરતો કહે છે – 'ચાલ મધ્ય દિવસ થયો' ઇત્યાદિ અદ્ધાદ્ધામિશ્રિતભાષા કહેવાઈ. ૧૦ ॥૬૭॥

ભાવાર્થ :-

**(૧૦) અદ્ધાદ્ધામિશ્રિતામિશ્રભાષા :-**

રાત્રિનો કે દિવસનો દેશ અદ્ધા કહેવાય છે; કેમ કે અદ્ધા શબ્દ કાળવાચક છે તેથી દિવસ કે રાત્રિનો એક

દેશ અદ્ધા કહેવાય અને રાત્રિ કે દિવસનો જે એકદેશ અદ્ધાસ્વરૂપ છે તે દેશ અન્યદેશ સાથે મિશ્રિત કરીને કહેવામાં આવે ત્યારે તે ભાષા અદ્ધાદ્ધામિશ્રિતસત્યામૃષાભાષા બને છે. જેમ પ્રથમ પોરિસી તે દિવસનો દેશ છે તેથી અદ્ધા છે તે પ્રથમ પ્રહર વર્તમાન હોય અને ઉતાવળને કારણે કોઈ કહે કે ચાલ મધ્યાહ્ન થયો છે તે વખતે દિવસના પ્રથમ પ્રહરરૂપ અદ્ધાની સાથે બીજા પ્રહરનું મિશ્રણ કરીને તે ભાષા બોલાયેલી છે તેથી શાસ્ત્રીયભાષાથી તે અદ્ધાદ્ધામિશ્રિત ભાષા કહેવાઈ છે અને સાધુ ક્યારેય તેવી ભાષા બોલે નહિ; કેમ કે તે પ્રકારે બોલવાથી સત્યભાષા બોલવાના શુભ પરિણામનો નાશ થાય છે. **॥૬૭॥**

**અવતરણિકા :-**

**तदेवमुपदर्शिताः सत्यामृषाभेदाः । अथैतन्निरूपणसिद्धत्वमसत्यामृषानिरूपणप्रतिज्ञां चाऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે સત્યામૃષાભાષાના ભેદો બતાવાયા. હવે આના નિરૂપણનું સિદ્ધપણું=સત્યામૃષાભાષાના નિરૂપણનું સિદ્ધપણું, અને અસત્યામૃષાભાષાના નિરૂપણની પ્રતિજ્ઞાને કહે છે –**

**ગાથા :-**

**एवं सच्चामोसाभेया उवदंसिया समयसिद्धा ।**
**भासं असच्चमोसं अओ परं कित्तइस्सामि ॥६८॥**

**છાયા :-**

एवं सत्यामृषाभेदा उपदर्शिताः समयसिद्धाः ।
भाषामसत्यामृषामतः परं कीर्तयिष्यामि ॥६८॥

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, सच्चामोसाभेया=સત્યામૃષાભાષાના ભેદો, समय-सिद्धा=શાસ્ત્રસિદ્ધ, उवदंसिया=બતાવાયા. अओ परं=હવે પછી, असच्चमोसं भासं=અસત્યામૃષાભાષાને, कित्तइस्सामि=હું કહીશ. ॥૬૮॥

**ગાથાર્થ :-**

**આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સત્યામૃષાભાષાના ભેદો શાસ્ત્રસિદ્ધ બતાવાયા. હવે પછી અસત્યામૃષાભાષાને હું કહીશ. ॥૬૮॥**

**ટીકા :-**

**स्पष्टा ॥६८॥**

**ટીકાર્થ :-**

**स्पष्टा ।। ગાથા સ્પષ્ટ હોવાથી ટીકાકારશ્રીએ ટીકા કરેલ નથી. ॥૬૮॥**

**ભાવાર્થ :-**

ત્રીજા સ્તબકનું નિગમન કરતાં ગાથાના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે કે શાસ્ત્રસિદ્ધ સત્યામૃષાભાષા અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે બતાવાઈ. સત્યામૃષાભાષાના જે ભેદો છે, તે ગ્રંથકારશ્રીએ સ્વયં કર્યા નથી પરંતુ દશવૈકાલિકસૂત્ર આદિ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તેથી સાધુને વાગ્ગુપ્તિ અર્થે અને ભાષાસમિતિ અર્થે ભાષાના જ્ઞાનના અંગભૂત આ દશ ભેદો છે, જેના જ્ઞાનથી સુસાધુ મિશ્રભાષાના પ્રયોગનો પરિહાર કરી શકે છે. વળી ગાથાના ઉત્તરાર્ધથી અસત્યામૃષારૂપ ચોથા ભાષાના ભેદને કહેવાની પ્રતિજ્ઞા ગ્રંથકારશ્રી કરે છે. **॥૬૮॥**

❋❖❋❖❋

# ચતુર્થ સ્તબક

**અવતરણિકા :-**

**अथ प्रतिज्ञातनिरूपणाया एवासत्यामृषाया लक्षणाभिधानपूर्वं विभागमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રતિજ્ઞાતના નિરૂપણરૂપ જ અસત્યામૃષાભાષાના લક્ષણના અભિધાનપૂર્વક વિભાગને=અસત્યામૃષાભાષાના ભેદોને, કહે છે –**

**ભાવાર્થ :-**

ત્રીજા સ્તબકના અંતિમ ગાથામાં પ્રતિજ્ઞા કરી કે હવે પછી અસત્યામૃષાભાષાને હું કહીશ તેથી તે પ્રતિજ્ઞાતના નિરૂપણરૂપ અસત્યામૃષાભાષા છે અને તે ભાષાના લક્ષણને કહીને તે ભાષાના ભેદોને ગ્રંથકારશ્રી બતાવે છે –

**ગાથા :-**

**अणहिगया जा तीसु वि, ण य आराहणविराहणुवउत्ता ।**
**भासा असच्चमोसा, एसा भणिया दुवालसहा ।।६९।।**

**છાયા :-**

अनधिकृता या तिसृष्वपि न चाराधनविराधनोपयुक्ता ।
भाषाऽसत्यामृषा एषा भणिता द्वादशधा ।।६९।।

**અન્વયાર્થ :-**

**अणहिगया जा तीसु वि, ण य आराहणविराहणुवउत्ता भासा असच्चमोसा, एसा भणिया दुवालसहा=જે ભાષા ત્રણેમાં પણ=સત્યભાષા, મૃષાભાષા કે સત્યામૃષાભાષામાં પણ, અનધિકૃત છે=અંતર્ભાવિત નથી અને આરાધના, વિરાધનામાં ઉપયુક્ત નથી એ અસત્યામૃષાભાષા બાર પ્રકારની કહેવાઈ છે. ॥૬૯॥**

**ગાથાર્થ :-**

**જે ભાષા ત્રણેમાં પણ=સત્યભાષા, મૃષાભાષા કે સત્યામૃષાભાષામાં પણ, અનધિકૃત છે=અંતર્ભાવિત નથી અને આરાધના, વિરાધનામાં ઉપયુક્ત નથી એ અસત્યામૃષાભાષા બાર પ્રકારની કહેવાઈ છે. ॥૬૯॥**

ગાથા :-

आमंतणि आणवणी जायणि तह पुच्छणी य पन्नवणी ।
पच्चक्खाणी भासा भासा इच्छाणुलोमा य ।।७०।।
अणभिग्गहिआ भासा, भासा य अभिग्गहम्मि बोधव्वा ।
संसयकरणी भासा, वायड अव्वायडा चेव ।।७१।।

છાયા :-

आमन्त्रणी आज्ञापनी याचनी तथा पृच्छनी च प्रज्ञापनी ।
प्रत्याख्यानी भाषा भाषा इच्छानुलोमा च ।।७०।।
*अनभिगृहीता भाषा भाषा चाभिग्रहे बोद्धव्या ।*
संशयकरणी भाषा व्याकृताऽव्याकृता चैव ।।७१।।

અન્વયાર્થ :-

आमंतणि आणवणी=આમંત્રણી, આજ્ઞાપની, जायणि=યાચની, तह=તથા, पुच्छणी=પૃચ્છની, य=અને पन्नवणी=પ્રજ્ઞાપની, पच्चक्खाणी भासा=પ્રત્યાખ્યાનીભાષા, य=અને, इच्छाणुलोमा भासा=ઈચ્છાનુલોમભાષા. अणभिग्गहिआ भासा=અનભિગૃહીતભાષા, य=અને, अभिग्गहम्मि भासा=અભિગૃહીતભાષા, संसयकरणी भासा=સંશયકરણીભાષા, वायड=વ્યાકૃતભાષા, चेव=અને, अव्वायडा=અવ્યાકૃતભાષા, बोधव्वा=જાણવી= બાર પ્રકારની ભાષા જાણવી. ।।૭૦-૭૧।।

ગાથાર્થ :-

(૧) આમંત્રણી, (૨) આજ્ઞાપની, (૩) યાચની, તથા (૪) પૃચ્છની અને (૫) પ્રજ્ઞાપની (૬) પ્રત્યાખ્યાનીભાષા અને (૭) ઈચ્છાનુલોમભાષા. (૮) અનભિગૃહીતભાષા અને (૯) અભિગૃહીતભાષા, (૧૦) સંશયકરણીભાષા (૧૧) વ્યાકૃતભાષા અને (૧૨) અવ્યાકૃતભાષા જાણવી=બાર પ્રકારની ભાષા જાણવી. ।।૭૦-૭૧।।

ટીકા :-

या तिसृस्वपि=सत्यामृषासत्यामृषाभाषासु अनधिकृता, एतेन 'उक्तभाषात्रयविलक्षणभाषात्वं' एतल्लक्षणमुक्तम्, च=पुनः न आराधनविराधनोपयुक्ता, एतेनापि परिभाषानियन्त्रितं अनाराधक-विराधकत्वं लक्षणान्तरमाक्षिप्तम्, एषाऽसत्यामृषा भाषा द्वादशधा भणिता । तथाहि-आमन्त्रणी १, आज्ञापनी २, याचनी ३, पृच्छनी ४, प्रज्ञापनी ५, प्रत्याख्यानी ६, इच्छानुलोमा ७, अनभिगृहीता ८, अभिगृहीता ९, संशयकरणी १०, व्याकृता ११, अव्याकृता १२ चेति ।।६९-७०-७१।।

**ટીકાર્થ :-**

**या ..... चेति ।। જે=ભાષા, ત્રણેમાં પણ=સત્યા, મૃષા, સત્યામૃષારૂપભાષામાં અનધિકૃત છે=અંતર્ભાવિત નથી. આના દ્વારા=જે ભાષા ત્રણે પણ ભાષામાં અંતર્ભાવિત નથી એના દ્વારા, ઉક્ત ભાષાત્રયથી વિલક્ષણ ભાષાપણું આનું લક્ષણ=અસત્યામૃષાભાષાનું લક્ષણ, કહેવાયું. વળી આરાધના, વિરાધનામાં ઉપયુક્ત નથી=જે ભાષા ઉપયુક્ત નથી તે અસત્યામૃષાભાષા છે એમ અન્વય છે. આના દ્વારા પણ=અસત્યામૃષાભાષાના સ્વરૂપને કહેનારા બીજા કથન દ્વારા પણ, પરિભાષાથી નિયંત્રિત=શાસ્ત્રીય પરિભાષાથી નિયંત્રિત, અનારાધક-વિરાધકપણારૂપ લક્ષણાન્તર=પ્રથમ લક્ષણ કરતાં અન્યલક્ષણ આક્ષિપ્ત છે. આ અસત્યામૃષાભાષા બાર પ્રકારની કહેવાઈ છે તે આ પ્રમાણે (૧) આમંત્રણી, (૨) આજ્ઞાપની, (૩) યાચની, (૪) પૃચ્છની, (૫) પ્રજ્ઞાપની, (૬) ઇચ્છાનુલોમ, (૭) અનભિગૃહીતા, (૮) અભિગૃહીતા, (૯) સંશયકરણી, (૧૦) વ્યાકૃતા અને (૧૨) અવ્યાકૃતા.**

**'इति' શબ્દ બાર ભેદોની સમાપ્તિ માટે છે. ।।૬૯-૭૦-૭૧।।**

**ભાવાર્થ :-**

**અસત્યામૃષાભાષાનું લક્ષણ અને તેના ભેદોનું સ્વરૂપ :-**

પૂર્વમાં સત્યભાષા, મૃષાભાષા અને સત્યામૃષાભાષાનું સ્વરૂપ બતાવ્યું એ ત્રણેય ભાષાઓમાં જેનો અંતર્ભાવ ન થાય તેવી બોલાતી બાર પ્રકારની ભાષા અસત્યામૃષાભાષા છે એમ કહેવાથી આ ત્રણ ભાષાથી વિલક્ષણરૂપે અસત્યામૃષાભાષાના લક્ષણનો બોધ થાય છે.

વળી સત્યભાષા જિનવચનાનુસાર તત્ત્વને કહેનાર હોવાથી તે ભાષા સ્વયં સ્વરૂપે આરાધક છે અને તે ભાષા બોલનાર મુનિ કષાયના ઉપયોગ વગર તે ભાષા બોલતા હોય ત્યારે આરાધકભાષા બોલીને તે મુનિ સ્વયં આરાધક બને છે અર્થાત્ સ્વયં સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે અને સત્યભાષા જિનવચનના તત્ત્વને કહેનાર હોવાથી તે ભાષા સ્વરૂપથી આરાધક હોવા છતાં અર્થાત્ જિનવચનના તત્ત્વની આરાધનામાં પર હોવા છતાં બોલનાર સાધુ કષાયમાં ઉપયુક્ત હોય તો વિરાધક પણ બને છે અને મૃષાભાષા જિનવચનાનુસાર તત્ત્વને કહેનાર નહિ હોવાથી વિરાધકભાષા છે તેથી આરાધક સાધુ પ્રાયઃ તેવી વિરાધક ભાષા બોલે નહિ છતાં અપવાદથી સંયમવૃદ્ધિના પ્રયોજન અર્થે કે શાસનના ઉડ્ડાહ આદિના પરિહાર અર્થે મૃષાભાષા બોલે ત્યારે સ્વરૂપથી વિરાધક એવી પણ તે ભાષા બોલીને બોલતી વખતે કરાતા વિશુદ્ધ અધ્યવસાયના વશથી સાધુ આરાધક બને છે તોપણ તે ભાષા સ્વરૂપથી વિરાધક છે. તે રીતે મિશ્રભાષા પણ સ્વરૂપથી વિરાધક છે. જ્યારે અસત્યામૃષારૂપ ચોથા પ્રકારની ભાષા શાસ્ત્રીય પરિભાષા અનુસાર તત્ત્વને કહેનારી નહિ હોવાથી સ્વરૂપથી આરાધક નથી અને તત્ત્વનો અપલાપ કરનારી નહિ હોવાથી સ્વરૂપથી વિરાધક પણ નથી છતાં સંયમની વૃદ્ધિના પ્રયોજનથી બોલનાર સાધુ અસત્યામૃષાભાષા બોલીને પણ સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે અને પ્રમાદથી અસત્યામૃષાભાષા બોલીને જ સંયમની મલિનતા કરે છે. તોપણ સત્યભાષા

જેમ સ્વરૂપથી આરાધક છે તેવી અસત્યામૃષાભાષા સ્વરૂપથી આરાધક પણ નથી અને મૃષાભાષાની જેમ સ્વરૂપથી વિરાધક પણ નથી તેથી પરિભાષાથી નિયંત્રિત અનારાધક વિરાધકપણું અસત્યામૃષાભાષાનું લક્ષણાન્તર છે; કેમ કે આ પ્રકારના લક્ષણથી પણ લક્ષ્ય એવી અસત્યામૃષાભાષાનો બોધ થાય છે.

આ અસત્યામૃષાભાષાના કુલ બારભેદો છે જેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી સ્વયં જ આગળ બતાવે છે. ||૬૯-૭૦-૭૧||

**અવતરણિકા :-**

तत्रादावामन्त्रणीमेवाऽऽह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=બાર પ્રકારની અસત્યામૃષાભાષામાં આદિમાં, આમંત્રણીભાષાને જ કહે છે –

**ગાથા :-**

**संबोहणजुत्ता जा, अवहाणं होइ जं च सोऊणं ।**
**आमंतणी य एसा, पण्णत्ता तत्तदंसीहि ।।७२।।**

**છાયા :-**

सम्बोधनयुक्ता याऽवधानं भवति यां च श्रुत्वा ।
आमंत्रणी चैषा प्रज्ञप्ता तत्त्वदर्शिभिः ।।७२।।

**અન્વયાર્થ :-**

जा संबोहणजुत्ता=જે સંબોધનથી યુક્ત, च=અને, जं=જેને, सोऊणं=સાંભળીને अवहाणं=અવધાન=શ્રોતાનું અવધાન, होइ=થાય છે, एसा=એ=એ ભાષા, तत्तदंसीहि=તત્ત્વને જોનારાઓ વડે, आमंतणी=આમંત્રણી-ભાષા, पण्णत्ता=કહેવાઈ છે. ||૭૨||

❖ 'य' શબ્દ પાદપૂર્તિ અર્થે છે.

**ગાથાર્થ :-**

**સંબોધનથી યુક્ત અને જેને સાંભળીને શ્રોતાનું અવધાન થાય છે એ=એ ભાષા તત્ત્વને જોનારાઓ વડે આમંત્રણીભાષા કહેવાઈ છે. ||૭૨||**

**ટીકા :-**

**या संबोधनैः=हे-अये-भोप्रभृतिपदैः युक्ता=सम्बद्धा, यां च श्रुत्वा अवधानं=श्रोतॄणां श्रवणाभिमुख्यं, सम्बोधनमात्रेणोपरमे किं मामान्त्रयसीति प्रश्नहेतुजिज्ञासाफलकं भवति एषा तत्त्वदर्शिभिरामन्त्रणी**

**प्रज्ञप्ता, तदेवमत्र 'सम्बोधनपदघटिता' इत्येकं लक्षणं 'श्रवणाभिमुख्यप्रयोजकभाषात्वं' चापरं लक्षणं द्रष्टव्यम् ।**

"अस्याश्चाऽसत्यामृषात्वे हेतुत्रयमुक्तम् एषा किलाऽप्रवर्त्तकत्वात्, सत्यादिभाषात्रयलक्षणवियोगतः तथाविधदलोत्पत्तेः" **इति (दशवै. अ. ७/नि.गा.२७६ हा.वृ.) । तत्राऽऽद्यहेतौ प्रवृत्तिपदेन सत्यादि-जन्यप्रवृत्तिविशेषो ग्राह्यः, द्वितीये तु प्रकृतलक्षणमेव, तृतीये तु भाषावर्गणाविशेषजन्यत्व-मेतल्लक्षणमभिप्रेतमिति द्रष्टव्यम् ।।७२।।**

**ટીકાર્થ :-**

**या संबोधनैः ..... द्रष्टव्यम् ।। જે=જે ભાષા, સંબોધનોથી=હે, અયે, ભો વગેરે પદોથી, યુક્ત છે=સંબદ્ધ છે જેને સાંભળીને શ્રોતાને શ્રવણને અભિમુખ્ય ભાવરૂપ અવધાન થાય છે, સંબોધનમાત્રથી ઉપરમ થયે છતે પણ=વક્તાના વચનનો ઉપરમ થયે છતે પણ, કેમ મને તું આમંત્રણ કરે છે એ પ્રકારના પ્રશ્નના હેતુ એવી જિજ્ઞાસાના ફળવાળું શ્રોતાનું અવધાન થાય છે. આ ભાષા તત્ત્વદર્શી વડે આમંત્રણીભાષા કહેવાઈ છે. આ રીતે=આમંત્રણીભાષાનું સ્વરૂપ બતાવ્યું એ રીતે, અહીં=આમંત્રણી-ભાષાના સ્વરૂપના કથનમાં, 'સંબોધનપદઘટિતા' એ એક લક્ષણ છે=આમંત્રણીભાષાનું એક લક્ષણ છે, અને શ્રોતાને શ્રવણને આભિમુખ્યનું પ્રયોજક એવું ભાષાપણું અપર લક્ષણ જાણવું.**

"અને આના=અસત્યામૃષાભાષાના, અસત્યામૃષાપણામાં હેતુત્રય કહેવાયા છે=દશવૈકાલિકમાં હેતુત્રય કહેવાયા છે."

તે હેતુત્રયને જ દશવૈકાલિકના વચનથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

"આ=પ્રસ્તુત ભાષા, અપ્રવર્તકપણું હોવાથી, સત્યાદિભાષાત્રયના લક્ષણનો વિયોગ હોવાથી, તેવા પ્રકારના દલની ઉત્પત્તિ હોવાથી અસત્યામૃષા છે," **એ પ્રમાણે દશવૈકાલિકની ટીકામાં લખેલ છે.**

**ત્યાં=દશવૈકાલિકના વચનમાં ત્રણ હેતુ બતાવ્યા ત્યાં, આદ્યહેતુમાં=આ ભાષામાં અપ્રવર્તકપણું છે એ રૂપ આદ્યહેતુમાં, પ્રવૃત્તિપદથી સત્યાદિજન્યપ્રવૃત્તિ વિશેષગ્રાહ્ય છે, વળી બીજામાં=દશવૈકાલિકમાં બતાવેલા ત્રણ હેતુમાંથી બીજા હેતુમાં, પ્રકૃતભાષાનું લક્ષણ જ છે=અસત્યામૃષાભાષાનું લક્ષણ જ છે, વળી ત્રીજા હેતુમાં ભાષાવર્ગણાવિશેષજન્યત્વરૂપ આ લક્ષણ અભિપ્રેત છે એ પ્રમાણે જાણવું. ।।૭૨।।**

❖ 'तथाविधदलोत्पत्तेः' પછી 'असत्यामृषा' એ પ્રકારે પાઠ દશવૈકાલિક ટીકા અનુસાર જોઈએ જેથી 'एषा' શબ્દનો અન્વય થઈ શકે, પાઠ ઉપલબ્ધ નથી.

**ભાવાર્થ :-**

**(૧) આમંત્રણીભાષા :-**

બાર પ્રકારની અસત્યામૃષાભાષા છે તેમાંથી આમંત્રણીભાષા સંબોધનથી યુક્ત હોય છે જેને સાંભળીને

શ્રોતા શ્રવણને અભિમુખ બને છે જેમ કોઈ વ્યક્તિ કોઈને અયે હે ભો શબ્દથી સંબોધન કરે તે સાંભળીને શ્રોતાને બોધ થાય છે કે કોઈક વસ્તુનું કથન કરવા માટે કોઈ પુરુષ મને કહે છે આ પ્રકારના આમંત્રણીભાષાના સ્વરૂપના કથનથી બે લક્ષણોની પ્રાપ્તિ થાય છે.

(૧) સંબોધનપદથી ઘટિત જે ભાષા હોય તે આમંત્રણીભાષા છે જેમ અયે હે ભો આદિ શબ્દોથી ઘટિત શ્રોતાને સંબોધન કરાય છે તે ભાષા સંબોધનપદઘટિત છે.

(૨) વળી તે પ્રકારના વચનપ્રયોગથી અર્થથી પ્રાપ્ત બીજું લક્ષણ છે. જેમ 'હે' વગેરે સંબોધન કરવાથી શ્રોતા શ્રવણ અભિમુખ થાય છે, તેનું પ્રયોજક ભાષાપણું તે સંબોધનમાં છે, તેથી જે ભાષા શ્રોતાને શ્રવણ અભિમુખ કરવાના પ્રયોજનથી બોલાયેલી હોય તે આમંત્રણીભાષા છે.

આ આમંત્રણીભાષા અસત્યામૃષા કેમ છે તે બતાવવા માટે દશવૈકાલિકમાં ત્રણ હેતુ બતાવ્યા છે. સત્યભાષા, મૃષાભાષા કે મિશ્રભાષા સાંભળીને શ્રોતાની તે વચનાનુસાર પ્રવૃત્તિ થાય છે. તેમાં સત્યભાષાથી શ્રોતાની સમ્યક્ હિતમાં પ્રવૃત્તિ થાય છે, મૃષાભાષાથી શ્રોતાની અહિતમાં પ્રવૃત્તિ થાય છે અને મિશ્રભાષાથી મિશ્રબોધ થવાથી તે પ્રકારે પ્રવૃત્તિનું ફળ મળે છે. તેથી તે ત્રણ ભાષા શ્રોતાની પ્રવૃત્તિમાં પ્રવર્તક છે, જ્યારે આમંત્રણીભાષા અપ્રવર્તક છે માટે અસત્યામૃષા છે.

બીજો હેતુ કહ્યો કે સત્યભાષા આદિ ભાષાત્રયના લક્ષણનો વિયોગ છે, તેથી આમંત્રણીભાષામાં અસત્યામૃષાભાષાનું જ લક્ષણ પ્રાપ્ત થાય છે; કેમ કે તે ત્રણેય ભાષાથી વિલક્ષણ એવી અસત્યામૃષાભાષા છે.

વળી ત્રીજો હેતુ કહ્યો કે તેવા પ્રકારના દલની ઉત્પત્તિ હોવાથી આ અસત્યામૃષાભાષા છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ત્રણ ભાષા કરતાં જુદા પ્રકારના ભાષાવર્ગણાવિશેષજન્ય આ અસત્યામૃષાભાષા છે એમ કહીને આ અસત્યામૃષાભાષાનું લક્ષણ જ બતાવેલ છે; કેમ કે તથાવિધદલશબ્દથી ભાષાવર્ગણાના તેવા પ્રકારના પુદ્ગલવિશેષથી આ ભાષાની ઉત્પત્તિ છે એવો અર્થ પ્રાપ્ત થાય છે, જે અસત્યામૃષાભાષાનું લક્ષણ જ છે. **॥૭૨॥**

**અવતરણિકા :-**

**उक्ताऽऽमन्त्रणी १। अथ आज्ञापनीमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમંત્રણીભાષા કહેવાઈ હવે આજ્ઞાપનીભાષાને કહે છે –**

**ગાથા :-**

**आणावयणेण जुआ, आणवणी पुव्वभणिअभासाओ ।**
**करणाकरणाणियमादुद्दुविवक्खाइ सा भिण्णा ।।७३।।**

**છાયા :-**

**आज्ञावचनेन युता आज्ञापनी पूर्वभणितभाषातः ।**
**करणाकरणानियमादुष्टविवक्षया सा भिन्ना ।।७३।।**

**અન્વયાર્થ :-**

आणावयणेण=આજ્ઞાવચનથી, जुआ=યુક્ત, आणवणी=આજ્ઞાપનીભાષા છે, पुव्वभणिअभासाओ=પૂર્વમાં કહેવાયેલી ભાષાથી=પૂર્વમાં કહેવાયેલી સત્યાદિ ત્રણ ભાષાથી, करणाकरणाणियमादुट्ठविवक्खाइ=કરણ-અકરણના અનિયમથી અને અદુષ્ટની વિવક્ષાથી, सा=તે=આજ્ઞાપનીભાષા भिण्णा=ભિન્ન છે. ॥૭૩॥

**ગાથાર્થ :-**

**આજ્ઞાવચનથી યુક્ત આજ્ઞાપનીભાષા છે. પૂર્વમાં કહેવાયેલી ભાષાથી=પૂર્વમાં કહેવાયેલી સત્યાદિ ત્રણ ભાષાથી, કરણ-અકરણના અનિયમથી અને અદુષ્ટની વિવક્ષાથી તે=આજ્ઞાપનીભાષા, ભિન્ન છે. ॥૭૩॥**

**ટીકા :-**

**आज्ञावचनं=अकरणस्य बलवदनिष्टानुबन्धित्वाभिधायकं करणवचनं पञ्चम्यादिकं, तेन युक्ता=सहिता आज्ञापनी यथा 'इदं कुरु' इति ।**

**नन्वस्याः कथं सत्यादिभेदः ? इत्याचक्षते आह-'पूर्वभणितभाषातः करणाकरणानियमाऽदुष्टविवक्षातः सा भिन्नेति । अयं भावः करणनियमे सत्यैवेयं स्यात्, अकरणनियमे तु मृषैव स्यादित्युभयाऽनियमादुभयातिरेकः, दुष्टविवक्षापूर्वकत्वाभावाच्च मृषातिरेकः सत्यामृषात्वप्रतिषेधस्त्वप्रसक्तत्वादेव न कृत इति ।**

**नन्वाज्ञाविषये आज्ञां ददतः कथं न सत्यवादित्वं? श्रोतुः प्रवृत्त्यभावस्य निमित्तान्तराद्यधीनत्वादिति चेत् ? न प्रवर्त्तकादप्रवृत्तौ परमार्थतोऽसत्यत्वात्, आज्ञाप्यस्य तथात्वाऽनिर्णये भावभाषात्वनियामकसम्यगुपयोगानिर्वाहाच्चेति दिग् २।।७३।।**

**ટીકાર્થ :-**

आज्ञावचनं ..... दिग् २ ।। આજ્ઞાવચન=અકરણનું બલવદ્અનિષ્ટાનુબન્ધિત્વનો અભિધાયક. કરણવચન પંચમી આદિક છે=સિદ્ધહેમશબ્દાનુશાસન અનુસાર આજ્ઞાર્થમાં પંચમી સંજ્ઞા છે અને પાણીની વચનાનુસાર લુટ્ સંજ્ઞા છે તેનું પંચમ્યાદિકમાં રહેલા આદિ શબ્દથી ગ્રહણ છે. તેનાથી=આજ્ઞાવચનથી યુક્ત=સહિત આજ્ઞાપનીભાષા છે. જે પ્રમાણે તું આ કર એ પ્રમાણેનું વચન.

'ननु'થી શંકા કરે છે – આનું=આજ્ઞાપનીભાષાનું, સત્યાદિ ત્રણ ભાષાથી ભેદ કેવી રીતે છે ? એથી કહે છે –

**પૂર્વભણિત ભાષાથી=પૂર્વમાં કહેલી ત્રણ ભાષાથી, કરણ-અકરણનો અનિયમ અને અદુષ્ટની વિવક્ષા હોવાથી તે=આજ્ઞાપનીભાષા, ભિન્ન છે. આ ભાવ છે – કરણના નિયમમાં આ=આજ્ઞાપની-ભાષા, સત્ય જ થાય. વળી અકરણના નિયમમાં મૃષા જ થાય, એથી ઉભયનો અનિયમ હોવાને કારણે ઉભયથી અતિરેક આ ભાષા છે=સત્યા અને મૃષા ભાષાથી ભિન્ન આ ભાષા છે અને દુષ્ટ વિવક્ષાપૂર્વકત્વનો અભાવ હોવાથી મૃષાથી અતિરેક છે=મૃષાભાષાથી ભિન્ન છે. સત્યામૃષાત્વનો પ્રતિષેધ વળી અપ્રસક્તપણું હોવાથી જ કરાયો નથી.**

**'નનુ'થી શંકા કરે છે – આજ્ઞાના વિષયમાં=આજ્ઞાપાલન કરે એવા યોગ્ય શિષ્યના વિષયમાં, આજ્ઞાને આપનારા સાધુનું કેવી રીતે સત્યવાદિપણું નથી ? શ્રોતાની પ્રવૃત્તિના અભાવનું=ગુરુની આજ્ઞાને સાંભળીને શ્રોતા તે પ્રમાણે પ્રવૃત્તિ ન કરે તેનું, નિમિત્તાન્તર આદિ આધીનપણું છે=ગુરુના વચનમાં અશ્રદ્ધા કે શ્રોતાના પ્રમાદાદિ દોષરૂપ નિમિત્તાન્તર આદિને આધીનપણું છે એ પ્રમાણે કોઈ શંકા કરે તો ગ્રંથકારશ્રી કહે છે એમ ન કહેવું; કેમ કે પ્રવર્તક હોવાથી=ગુરુ દ્વારા કહેવાયેલું આજ્ઞાવચન પ્રવર્તક હોવાથી, અપ્રવૃત્તિમાં=શિષ્યની તે વચનાનુસાર અપ્રવૃત્તિમાં, પરમાર્થથી અસત્યપણું છે=તે ગુરુનાં વચન શિષ્યને પ્રવર્તક બન્યાં નહિ તેથી પરમાર્થથી તે વચનમાં અસત્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે ગુરુને આ શિષ્ય મારી આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરશે તેવો નિર્ણય નહિ હોવાથી ગુરુએ તે આજ્ઞાવચન કહેલ છે અને તે આજ્ઞાવચન શિષ્યને હિતાનુકૂલ હોવાથી ગુરુ સત્યવાદી છે તેમ કહેવું જોઈએ. તેના નિરાકરણ માટે બીજો હેતુ કહે છે –

**આજ્ઞાપ્યમાં=આજ્ઞા આપવા યોગ્ય એવા શિષ્યમાં, તથાત્વના અનિર્ણયમાં=મારી આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરીને તે હિત કરશે એ પ્રકારના તથાત્વના અનિર્ણયમાં, ભાવભાષાત્વના નિયામક સમ્યગ્ ઉપયોગનો અનિર્વાહ હોવાથી આજ્ઞા કરનાર ગુરુનું સત્યવાદિપણું નથી એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૭૩॥**

❖ ટીકામાં 'इत्याचक्षते आह' ના સ્થાને 'इत्यत आह' પાઠ હોવાની સંભાવના છે.

**ભાવાર્થ :-**

**(૨) આજ્ઞાપનીભાષા :-**

આજ્ઞાવચન તે કહેવાય કે તે વચનાનુસાર પ્રવૃત્તિ ન કરવામાં આવે તો બલવદ્અનિષ્ટઅનુબન્ધિત્વ પ્રાપ્ત થાય. તેનું સૂચક વચન તે આજ્ઞાવચન છે. જેમ સુગુરુ યોગ્ય શિષ્યને તેની ભૂમિકા અનુસાર ઉચિત કૃત્યો કરવાની આજ્ઞા કરે તે વચનથી થયેલા બોધ અનુસાર તે શિષ્ય પ્રવૃત્તિ ન કરે તો તે શિષ્યને બલવાન અનિષ્ટરૂપ ફળની પ્રાપ્તિ થશે તેવો બોધ થાય છે; કેમ કે સુગુરુ યોગ્ય શિષ્યને જે આજ્ઞા કરે તે તેની શક્તિનું સમાલોચન કરીને તેની ભૂમિકા અનુસાર ઉચિત કૃત્ય કરવાનું કહે છે. જે કૃત્યથી તે શિષ્ય ગુરુ વચનાનુસારને ઉચિત પ્રવૃત્તિ કરીને અવશ્ય સંયમની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે અથવા અસંયમથી પોતાનું રક્ષણ કરે છે અને તે પ્રમાણે તે શિષ્ય તે આજ્ઞાનું પાલન કરે નહિ તો તેના સંયમના નાશની પ્રાપ્તિ થાય કે

સંયમની વૃદ્ધિ તે કરી શકે તેમ હોય તેના અભાવરૂપ બલવાન અનિષ્ટરૂપ ફળ તેને પ્રાપ્ત થાય તેવા અર્થને કહેનારું વચન તે આજ્ઞાવચન છે. તેવા વચનથી યુક્ત જે ભાષા તે આજ્ઞાપનીભાષા છે.

આજ્ઞાપનીભાષામાં 'તું આ કર' એ પ્રમાણે જે કરણવચન છે તે પંચમી સંજ્ઞાથી કે લોટ્ સંજ્ઞાથી નિર્દિષ્ટ છે અર્થાત્ સિદ્ધહેમવ્યાકરણમાં પંચમી સંજ્ઞાથી નિર્દિષ્ટ છે અને પાણિનીવ્યાકરણમાં લોટ્ સંજ્ઞાથી નિર્દિષ્ટ છે અને તેવા પ્રકારની આજ્ઞાથી યુક્ત જે ભાષા તે આજ્ઞાપનીભાષા છે. પ્રસ્તુતમાં મુનિને આશ્રયીને ભાષાનું વર્ણન દશવૈકાલિકમાં કરેલ છે તેથી મુનિની આજ્ઞાપનીભાષા કેવી હોય તેનું સ્વરૂપ અહીં બતાવેલ છે. ક્વચિત્ તેવી આજ્ઞાપનીભાષાનો સંસારી જીવો પણ પ્રયોગ કરતા હોય પરંતુ તે આજ્ઞાપનીભાષા કર્મબંધનું કારણ હોવાથી વિરાધકભાષા બને જ્યારે સુગુરુ પણ કે કેવલી પણ ભાષા બોલે તે ભાષા કાં સત્યભાષા હોય અથવા અસત્યામૃષાભાષા હોય તેથી સુગુરુની આજ્ઞાપનીભાષા કર્મબંધનું કારણ નથી છતાં પ્રમાદવશ કોઈપણ ભાષા બોલે ત્યારે સુસાધુને પણ કર્મબંધની પ્રાપ્તિ થાય છે.

અહીં શંકા કરે છે કે આજ્ઞાપનીભાષાનો સત્યાદિ ત્રણ ભાષાઓથી ભેદ કેવી રીતે છે ? તેથી કહે છે -

પૂર્વમાં કહેવાયેલી ત્રણ ભાષાથી આજ્ઞાપનીભાષા જુદી છે.

કેમ જુદી છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

કરણના નિયમમાં આ ભાષા સત્ય થાય. વળી અકરણના નિયમમાં મૃષા થાય અને આજ્ઞાપનીભાષામાં ઉભયનો અનિયમ હોવાથી=કરણ અને અકરણ ઉભયનો અનિયમ હોવાથી ઉભયથી ભિન્ન છે.

આશય એ છે કે સત્યભાષામાં કરણનો નિયમ હોય છે અર્થાત્ તે વચનાનુસાર કૃત્ય કરવું જોઈએ એ પ્રકારે કરણનો નિયમ હોય છે જેમ 'આશ્રવ સર્વથા હેય છે અને સંવર ઉપાદેય છે' એ પ્રકારનું વચન પદાર્થના વાસ્તવિક સ્વરૂપને બતાવનાર હોવાથી તે ભાષાથી કરણનો નિયમ પ્રાપ્ત થાય છે અર્થાત્ તે વચન સાંભળીને આશ્રવ હેય છે અને સંવર કર્તવ્ય છે એ પ્રકારનો કરણના નિયમનો બોધ થાય છે અને મૃષાભાષામાં અકરણનિયમની પ્રાપ્તિ છે. જેમ કોઈ કહે કે સંવર હેય છે તો તેનું તે વચન મૃષાભાષારૂપ હોવાથી તેમાં કરણનો નિયમ પ્રાપ્ત થતો નથી પરંતુ તે વચનાનુસાર પ્રવૃત્તિ અકર્તવ્ય છે તેવો બોધ થાય છે, તેથી મૃષાવચનમાં અકરણ નિયમની પ્રાપ્તિ છે અને સત્યવચનમાં કરણનિયમની પ્રાપ્તિ છે અને આજ્ઞાપનીભાષામાં ઉભયના અનિયમની પ્રાપ્તિ છે; કેમ કે સત્ય વચન જેમ આશ્રવ હેય છે અને સંવર ઉપાદેય છે તેવો બોધ કરાવે છે તેના જેવો બોધ આજ્ઞાપનીભાષાથી થતો નથી પરંતુ વિવક્ષિત કૃત્ય તું કર તેવો બોધ થાય છે અને આપ્ત વચનાનુસાર તે આજ્ઞાપનીભાષા અનુસાર કૃત્ય નહિ કરે તો પોતાને બળવાન અનિષ્ટ પ્રાપ્ત થશે તેવો બોધ થાય છે માટે સત્યભાષા અને મૃષાભાષાથી આજ્ઞાપનીભાષા વિલક્ષણ ભાષા છે.

વળી મૃષાભાષા દુષ્ટ વિવક્ષાપૂર્વક હોય છે અને ગુણવાન ગુરુની આજ્ઞાપનીભાષા દુષ્ટ વિવક્ષાપૂર્વકની નથી માટે મૃષા કરતાં ભિન્ન પ્રકારની ભાષા છે.

વળી સત્યામૃષાભાષાનો આજ્ઞાપનીભાષામાં અંતર્ભાવ થતો નથી તેથી તેનો પ્રતિષેધ ગ્રંથકારશ્રીએ કર્યો

નથી. ફક્ત કોઈકને ભ્રમ થાય કે જેમ સત્યભાષા છે તેના જેવી જ આજ્ઞાપનીભાષા છે અથવા દુષ્ટ વિવક્ષાપૂર્વક બોલાયેલી મૃષાભાષા છે તેના જેવી આજ્ઞાપનીભાષા છે તેના નિષેધ અર્થે જ આજ્ઞાપનીભાષાને તેનાથી પૃથગ્ બતાવેલ છે. આમ છતાં કોઈક પુરુષ દુષ્ટ વિવક્ષાથી કોઈકને કોઈ કાર્ય કરવાનું કહે ત્યારે તેની ભાષા આજ્ઞાપની હોવા છતાં વિરાધક હોવાને કારણે મૃષાભાષા જ બને છે તે રીતે સુગુરુ પણ શિષ્યના હિત અર્થે આજ્ઞાપનીભાષા કહે જેમ તું વિધિપૂર્વક પડિલેહણ કર તો તે ભાષામાં પંચમી આદિરૂપ કરણવચન હોવાથી આજ્ઞાપનીભાષા જ છે, છતાં તે ભાષા બોલીને ગુરુ શિષ્યના હિતને અનુકૂળ શુભ અધ્યવસાયવાળા હોવાથી તે ભાષા દ્વારા પણ આરાધક જ બને છે.

'નનુ'થી શંકા કરે છે કે યોગ્ય ગુરુ આજ્ઞાના વિષયમાં શિષ્યને આજ્ઞા કરે ત્યારે કેમ તેનું સત્યવાદીપણું નથી અર્થાત્ તે ગુરુને સત્યવાદી જ કહેવા જોઈએ ક્વચિત્ શ્રોતા તે પ્રમાણે પ્રવૃત્તિ ન કરે તેમાં નિમિત્તાન્તર જ કારણ છે અર્થાત્ શ્રોતાનું અજ્ઞાન, શ્રોતાનો પ્રમાદ અથવા શ્રોતાનો વિપરીત બોધ આદિ કારણ છે પરંતુ આજ્ઞા આપનાર ગુરુ તો તેનું હિત થાય તેવી ઉચિત પ્રવૃત્તિની આજ્ઞા કરે છે માટે તેને સત્યવાદી કહેવા જોઈએ આ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે આજ્ઞાવચન પ્રવર્તક હોવાથી તે વચનાનુસાર શિષ્ય પ્રવૃત્તિ ન કરે તો તેવી આજ્ઞા કરનારમાં પરમાર્થથી અસત્યપણું જ છે.

આશય એ છે કે શિષ્યના કલ્યાણના અર્થી ગુરુ શિષ્યની યોગ્યતાનો નિર્ણય કરીને તેનું હિત થાય તેવી જ પ્રવૃત્તિ કરવાની આજ્ઞા કરે જેથી તે વચનને સાંભળીને શ્રોતા અવશ્ય તે પ્રવૃત્તિ કરીને હિત સાધે અને ગુરુને જણાય કે મારા આજ્ઞાવચનથી આ પ્રવૃત્તિ કરશે નહિ છતાં શિષ્યને તે પ્રવૃત્તિ કરવાની કહે તો તે ભાષા પરમાર્થથી અસત્ય જ છે; કેમ કે તેનાથી શિષ્યનું અધિક અહિત થાય છે, આથી જ જમાલીએ પૃથગ્ વિહાર માટે અનેક વખત પૃચ્છા કરી છતાં ભગવાને પૃથગ્ વિહારનો નિષેધ પણ ન કર્યો અને આજ્ઞા પણ આપી નહિ. અને ગૌતમસ્વામીએ અષ્ટાપદ ઉપર જવા માટે અનુજ્ઞા માંગી ત્યારે ભગવાને જવાની અનુજ્ઞા આપી; કેમ કે ભગવાનની આજ્ઞા ગૌતમસ્વામીને પ્રવર્તક બનાવીને હિતનું કારણ બની અને જમાલીને ભગવાન નિષેધ કરત તોપણ જમાલી અવશ્ય જશે તેથી ભગવાને જવાની આજ્ઞા પણ ન આપી અને નિષેધ પણ કર્યો નહિ; કેમ કે નિષેધરૂપ આજ્ઞાપણ જમાલીને અપ્રવર્તક બને તો જમાલીનું અધિક અહિત થાય, માટે ભગવાને મૌન જ ધારણ કર્યું. વળી કોઈ સુસાધુને આ શિષ્યને હું આજ્ઞા કરીશ અને તે પ્રમાણે તે પ્રવૃત્તિ કરશે કે નહિ તેનો યથાર્થ નિર્ણય ન હોય છતાં આજ્ઞા કરે તો આજ્ઞા કરનાર ગુરુના તે પ્રયોગમાં ભાવભાષાત્વનો નિયામક સમ્યગ્ ઉપયોગનો અનિર્વાહ હોવાથી તે ભાષા સત્ય બને નહિ અર્થાત્ ગુરુએ મારા વચનને સાંભળીને આ શિષ્ય તે પ્રમાણે પ્રવૃત્તિ કરીને હિત સાધશે તેનો સમ્યગ્ ઉપયોગ મૂકીને નિર્ણય કર્યા પછી તેમને સંભાવના દેખાતી હોય કે મારા વચનથી પ્રેરાઈને આ શિષ્ય હિતાનુકૂલ પ્રવૃત્તિ કરશે તો તે ગુરુની આજ્ઞાપનીભાષામાં ભાવભાષાપણું હોવાથી સત્યવાદીપણું પ્રાપ્ત થાય, પરંતુ જે ગુરુ મારા વચન અનુસાર શિષ્ય પ્રવૃત્તિ કરશે કે નહિ તેવો કોઈ નિર્ણય કર્યા વગર આજ્ઞા કરે તો શિષ્યના હિતને અનુરૂપ જ તે વચન હોવા છતાં તે ભાષા શિષ્યના મલિનભાવ થવાનું કારણ થવાથી પરમાર્થથી તે

ભાષા અસત્ય ભાષા છે. જો કે આજ્ઞાપનીભાષા સત્યભાષા પણ નથી અસત્યભાષા પણ નથી; કેમ કે સત્યભાષામાં કરણનો નિયમ હોય છે, અસત્યભાષામાં અકરણનો નિયમ હોય છે અને આજ્ઞાપની પંચમી આદિ કરણના વચનસ્વરૂપ છે પરંતુ કરણના નિયમરૂપ નથી છતાં વિવેકપૂર્વક શિષ્યના હિતનો ખ્યાલ રાખીને સુગુરુ આજ્ઞાપનીભાષા બોલે તો તેમની ભાષામાં સત્યવાદીપણું પ્રાપ્ત થાય માટે તે ભાષાનું ભાવભાષાપણું જ નથી અને શિષ્યના હિતનો વિચાર કર્યા વગર બોલે તો પરમાર્થથી અસત્યવાદીપણું પ્રાપ્ત થાય, માટે અસત્યામૃષાભાષા છે. **II૭૩II**

**અવતરણિકા :-**

**उक्ताऽऽज्ञापनी । साम्प्रतं याचनीमाह –**

**અવતરણિકાર્થ :-**

**આજ્ઞાપનીભાષા કહેવાઈ. હવે યાચનીભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा जायणी य णेया, जं इच्छियपत्थणापरं वयणं ।**
**भत्तिपउत्ता एसा, विणावि विसयं गुणोवेया ।।७४।।**

**છાયા :-**

सा याचनी च ज्ञेया यदीप्सितप्रार्थनापरं वचनम् ।
भक्तिप्रयुक्तैषा विनाऽपि विषयं गुणोपेता ।।७४।।

**અન્વયાર્થ :-**

**इच्छियपत्थणापरं=ઈચ્છિતપ્રાર્થનાપર, जं=જે, वयणं=વચન, सा=તે, जायणी=યાચનીભાષા, णेया=જાણવી. य=અને, भत्तिपउत्ता एसा=ભક્તિથી પ્રયુક્ત એવી આ=ભગવાનની ભક્તિથી પ્રયુક્ત એવી આરોગ્ય-બોધિલાભરૂપ યાચની ભાષા, विसयं विणावि=વિષય વગર પણ=ભગવાન તે વસ્તુ આપવાના નથી તેથી ભગવાન પાસેથી પ્રાપ્તિરૂપ વિષય વગર પણ, गुणोवेया=ગુણથી ઉપેત છે=ગુણથી યુક્ત યાચનીભાષા છે. ।।૭૪।।**

**ગાથાર્થ :-**

**ઈચ્છિતપ્રાર્થનાપર જે વચન તે યાચનીભાષા જાણવી અને ભક્તિથી પ્રયુક્ત એવી આ=ભગવાનની ભક્તિથી પ્રયુક્ત એવી આરોગ્ય-બોધિલાભરૂપ યાચનીભાષા, વિષય વગર પણ=ભગવાન તે વસ્તુ આપવાના નથી તેથી ભગવાન પાસેથી પ્રાપ્તિરૂપ વિષય વગર પણ, ગુણથી ઉપેત છે=ગુણથી યુક્ત યાચનીભાષા છે. ।।૭૪।।**

**ટીકા :-**

**यत् ईप्सितस्य=स्वेच्छाविषयस्य प्रार्थनापरं=याचनप्रवणं, वचनं 'मम भिक्षां प्रदेही'त्यादिरूपं, सा याचनी ज्ञेया, चः समुच्चये, नन्वियमविषयेऽसत्यैव यथाऽविनीतादावाज्ञापनी, एवञ्च रागाद्यभावेन किञ्चिदपि कस्यचिददददतः तीर्थंकरान् प्रति** "आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु" **इति सूत्रस्था याचनी कथं स( ?मस)त्यामृषा स्यादित्यत आह–भक्तिप्रयुक्ता एषा याचनी विषयं विनाऽपि गुणेन= असत्यामृषालक्षणेन, निश्चयतस्तु सत्याऽन्तःप्रवेशलक्षणेन उपेता=युक्ता न तु दुष्टेति भावः । अत एवोक्तम् –**

"भासा असच्चमोसा णवरं भत्तीभासिआ एसा ।
ण तु खीणपेम्मदोसा, दिंति समाहिं च बोहिं च ।।" **(आ. नि. १०९५)**

**परमार्थतो दातृत्वमपि तेष्वस्त्येव । अत एवोक्तम् –**

"जं तेहिं दायव्वं तं दिन्नं जिणवरेहिं सव्वेहिं ।
दंसणनाणचरित्तस्स, मोक्खमग्गस्स उवएसो ।।" **(आ. नि. १०९६) त्ति ।**

**न चेदं दातृत्वं गौणम्; दातृत्वान्तरस्य तथात्वे विनिगमकाभावात्, प्रार्थितोपायप्राप्तावपि तदकरणे च प्रार्थना परमार्थतो मृषैव । तदुक्तम् –**

"लद्धिल्लियं च बोहिं अकरितोऽणागयं च पत्थेंतो ।
अण्णं दाइं बोहिं, लब्भिसि कयरेण मुल्लेण ।।" **(आ. नि. ११००) त्ति ।**

**एवं स्वधियाऽभ्यूह्यम् ३ ।।७४।।**

**ટીકાર્થ :-**

यत् ..... अभ्यूह्यम् ३ ।। ઈપ્સિતનું=પોતાની ઈચ્છાના વિષયનું, પ્રાર્થનાપર=યાચનામાં તત્પર, જે વચન=મને ભિક્ષા આપો ઈત્યાદિરૂપ જે વચન, તે યાચનીભાષા જાણવી. 'च' સમુચ્ચયમાં છે=ઉત્તરાર્ધના સમુચ્ચયમાં છે.

'ननु'થી શંકા કરે છે – અવિષયમાં આ=યાચનીભાષા, અસત્ય જ છે જે પ્રમાણે અવિનીત આદિમાં આજ્ઞાપનીભાષા, અને એ રીતે=અવિષયમાં યાચનીભાષા અસત્ય છે એ રીતે, રાગાદિના અભાવને કારણે કોઈને પણ કાંઈપણ નહિ આપતા તીર્થંકરો પ્રત્યે આરોગ્ય અને બોધિલાભ આપો અને શ્રેષ્ઠ ઉત્તમ સમાધિ આપો એ પ્રકારે સૂત્રમાં કહેલી યાચનીભાષા કેવી રીતે અસત્યામૃષા થાય ? અર્થાત્ અવિષયમાં હોવાથી અસત્ય જ થવી જોઈએ એ પ્રકારની શંકા હોવાથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

**ભક્તિથી પ્રયુક્ત એવી આ=યાચનીભાષા, વિષય વગર પણ=તીર્થંકર પાસેથી યાચિત વિષયની અપ્રાપ્તિ હોવાને કારણે વિષય વગર પણ, ગુણથી=અસત્યામૃષાલક્ષણરૂપ ગુણથી, યુક્ત છે, વળી નિશ્ચયથી સત્યાંતપ્રવેશલક્ષણ ગુણથી યુક્ત છે, પરંતુ દુષ્ટ નથી એ પ્રકારનો ભાવ છે. આથી જ કહેવાયું છે –**

"ભાષા અસત્યામૃષા છે, ફક્ત ભક્તિથી બોલાયેલી આ છે=ભગવાન પાસે પ્રાર્થનાવચન છે, ક્ષીણ પ્રેમ-દ્વેષવાળા ભગવાન સમાધિ અને બોધિ આપતા નથી." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૦૯૫)**

**પરમાર્થથી તેઓમાં=ભગવાનમાં દાતૃત્વ છે જ. આથી જ=ભગવાનમાં દાતૃત્વ છે આથી જ, કહેવાયું છે –**

"જે તેઓ વડે દાતવ્ય છે તે સર્વ જિનેશ્વરો વડે અપાયું છે.

શું અપાયું છે ? તે સ્પષ્ટ કરે છે –

દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ અપાયો છે." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૦૯૬)**

**અને આ=માર્ગના ઉપદેશનું દાતૃત્વ, ગૌણ જ છે એમ ન કહેવું; કેમ કે દાતૃત્વાંતરના=ઉપદેશ સિવાય સાક્ષાત્ દેયવસ્તુરૂપ બાહ્યપદાર્થના દાતામાં વર્તતા દાતૃત્વાંતરના, તથાત્વમાં=મુખ્યત્વમાં, વિનિગમકનો અભાવ છે અને પ્રાર્થિત ઉપાયની પ્રાપ્તિમાં પણ તેના અકરણમાં=ઉપાયના અકરણમાં, પ્રાર્થના પરમાર્થથી મૃષા જ છે.**

**તે કહેવાયું છે=પ્રાર્થિતના ઉપાયમાં શક્તિ અનુસાર અપ્રવૃત્તિ હોતે છતે પ્રાર્થના મૃષા છે એમ કહ્યું તે આવશ્યકનિર્યુક્તિમાં કહેવાયું છે –**

"બોધિને પ્રાપ્ત કરીને નહિ કરતો=જિનવચનના પરમાર્થને જાણવા યત્ન નહિ કરતો, અને અનાગતને પ્રાર્થતો=ભવિષ્યમાં ભગવાનના શાસનની પ્રાપ્તિ થાઓ એ રૂપ બોધિની પ્રાર્થના કરતો, કયા મૂલ્યથી તું બોધિને પ્રાપ્ત કરીશ." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૦૦)**

❖ 'अण्णं दाइं' એ પદ અસૂયા અર્થમાં નિપાત છે.

**આ પ્રમાણે સ્વબુદ્ધિથી ઊહ કરવો=યાચનીભાષાના સ્વરૂપનો સ્વબુદ્ધિથી ઊહ કરવો. ॥૭૪॥**

**ભાવાર્થ :-**

**(૩) યાચનીભાષા :-**

તે યાચનીભાષા છે જેમાં પોતાની ઇચ્છાના વિષયભૂત કોઈક વસ્તુની યાચના કરાય છે. જેમ સુસાધુ ભિક્ષા અર્થે જાય ત્યારે કહે કે 'મને ભિક્ષા આપો' તો તે ભાષા યાચનીભાષા કહેવાય.

વળી સત્યભાષા પદાર્થના પારમાર્થિક સ્વરૂપને બતાવનાર છે, અસત્યભાષા વિપરીત તત્ત્વને બતાવનાર છે, જ્યારે યાચનીભાષા સત્યભાષા જેવી પણ નથી, અસત્યભાષા જેવી પણ નથી અને મિશ્રભાષા જેવી પણ નથી; તેથી અસત્યામૃષારૂપ ચોથા ભેદમાં અંતર્ભાવ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન પાસે આરોગ્ય, બોધિલાભ આદિની યાચના કરાય છે અને ભગવાન

પરમાર્થથી કાંઈ આપનાર નથી તેથી જેમ અયોગ્ય શિષ્યમાં આજ્ઞાપનીભાષા અસત્ય છે તેમ ભગવાન પાસે કરાતી યાચના પણ મૃષા ભાષામાં અંતર્ભાવ પામશે એ પ્રકારની શંકાના નિવારણ અર્થે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

ભગવાનની ભક્તિથી બોલાયેલી યાચનીભાષા મૃષાભાષા નથી. જોકે ભગવાન યાચનાના વિષયભૂત વસ્તુ આપતા નથી તોપણ ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિનું કારણ હોવાથી અને ભગવાન પાસે ઉચિત યાચના કરીને વિવેકસંપન્ન જીવો આરોગ્ય, બોધિલાભને અનુકૂળ પોતાનું અંતરંગબળ સંચય કરે છે તેથી નિશ્ચયથી તે ભાષા સત્યભાષામાં અંતર્ભાવ પામે છે અને વ્યવહારથી તત્ત્વને કહેનાર તે ભાષા નહિ હોવા છતાં તત્ત્વની પ્રાપ્તિનું કારણ હોવાથી અસત્યામૃષાભાષામાં અંતર્ભાવ પામે છે. જેમ યોગ્ય જીવમાં આજ્ઞાપનીભાષા યોગ્ય શિષ્યના હિતનું કારણ બને છે તેમ વિવેકસંપન્ન પુરુષથી બોલાયેલ પ્રાર્થના વચન ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરીને પ્રાર્થનાના વિષયભૂત આરોગ્ય, બોધિલાભને અનુકૂળ શક્ય ઉદ્યમ કરવા માટે જીવને ઉત્સાહિત કરે છે માટે મૃષા નથી.

વળી પ્રાર્થનાના વિષયભૂત આરોગ્ય, બોધિલાભ મોક્ષમાં ગયેલા તીર્થંકરો આપતા નથી તોપણ પરમાર્થથી તીર્થંકરોનું દાતૃત્વ છે જ; કેમ કે જે તેઓના વડે યોગ્ય જીવોને આપવા જેવું હતું તે સર્વ જિનેશ્વરોએ આપ્યું જ છે અને પરમાર્થથી અન્ય જીવોને આપવા યોગ્ય રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ જ છે અને તે ભગવાને આપ્યો જ છે તેથી ભગવાન પ્રત્યે ભક્તિથી પ્રેરાઈને આરોગ્ય, બોધિલાભ આદિની પ્રાર્થના કરનારા યોગ્ય જીવો ભગવાને આપેલા ઉપદેશને જ પરિણમન પમાડવા યત્ન કરે છે તેથી ભગવાનને અવલંબીને મોક્ષમાર્ગનો ઉપદેશ તેઓને પૂર્વ પૂર્વ કરતાં વિશેષ વિશેષ પરિણમન પામે છે માટે તે પ્રાર્થનાને અનુરૂપ ફળની પ્રાપ્તિ જીવને થાય જ છે તેથી તે ભાષાને યાચનીભાષા કહેવામાં કોઈ વિરોધ નથી અર્થાત્ જેમ ઉચિત સ્થાને ભિક્ષાની યાચના કરનારને પ્રાર્થનાના વિષયભૂત ભિક્ષાની પ્રાપ્તિ થાય છે તેમ ઉચિત સ્થાને આરોગ્ય, બોધિલાભ આદિની પ્રાર્થના કરનાર જીવને ભગવાનનો ઉપદેશ પૂર્વ પૂર્વ કરતાં અધિક અધિક સૂક્ષ્મ પરિણમન પામે છે, તેથી પ્રાર્થનાના વિષયભૂત ફળની પ્રાપ્તિ પ્રાર્થના કરનારને અવશ્ય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ભિક્ષા આદિની યાચનામાં જે દાતૃત્વ છે તે મુખ્ય દાતૃત્વ છે અને ભગવાને જે મોક્ષમાર્ગ આપ્યો છે તેમાં ગૌણ દાતૃત્વ છે; કેમ કે ભિક્ષાની જેમ ભગવાન પ્રાર્થના કરનારને કાંઈ આપતા નથી. એ પ્રકારની શંકાના નિવારણ અર્થે કહે છે –

દાતૃત્વ અંતરનું મુખ્યપણું સ્વીકારવામાં કોઈ વિનિગમક નથી.

આશય એ છે કે સાધુ સંયમ અર્થે ભિક્ષા યાચના કરે છે અને તે ભિક્ષા આપનારનું મુખ્ય દાતૃત્વ છે; કેમ કે સાધુને યાચનાના વિષયભૂત ભિક્ષાની પ્રાપ્તિ થાય છે. તેમ સ્થૂલથી જોનારને જણાય અને ભગવાન પાસે આરોગ્ય, બોધિલાભ માંગનારને ભગવાન સાક્ષાત્ કાંઈ આપતા નથી પરંતુ ભગવાને જે મોક્ષમાર્ગ આપ્યો છે તે વિવેકી જીવોને પ્રસ્તુત પ્રાર્થનાથી વિશેષરૂપે પ્રાપ્ત થાય છે ત્યાં ભિક્ષાની જેમ સાક્ષાત્ દાતૃત્વ દેખાતું નથી માટે ગૌણ દાતૃત્વ છે તેવી કોઈને બુદ્ધિ થાય, તેથી ગ્રંથકારશ્રી કહે છે –

ભિક્ષાના દાનમાં મુખ્ય દાતૃત્વ છે અને ઉપદેશના દાનમાં ગૌણ દાતૃત્વ છે તેમ સ્વીકારવામાં કોઈ વિનિગમક નથી. વસ્તુતઃ સંયમવૃદ્ધિના અર્થી સાધુ ભિક્ષાની યાચના કરે છે અને ભિક્ષાની પ્રાપ્તિ દ્વારા સંયમની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે તેમ આરોગ્ય, બોધિલાભના અર્થી વિવેકી મહાત્માઓ ભગવાન પાસે તેવી યાચના કરીને વિશેષ પ્રકારના આરોગ્ય અને બોધિલાભને અનુકૂળ સદ્વીર્યને ઉલ્લસિત કરે છે, તેથી ભગવાનની પ્રાર્થનાથી જ તેઓને વિશેષ પ્રકારના આરોગ્યની અને બોધિલાભની પ્રાપ્તિ થઈ છે. તેથી ભિક્ષામાં જેમ ભિક્ષા આપનારમાં દાતૃત્વ છે તેમ ભગવાનમાં મોક્ષમાર્ગના ઉપદેશનું દાતૃત્વ છે અને જેમ યાચના કરનારને ભિક્ષાની પ્રાપ્તિથી સંયમની વૃદ્ધિ થાય છે તેમ વિવેકી સાધુને કે શ્રાવકને ભગવાન પાસે કરાયેલી યાચનાથી થયેલા શક્તિના પ્રકર્ષને કારણે આરોગ્ય અને બોધિલાભ પ્રાપ્ત થાય છે અર્થાત્ આરોગ્યની વૃદ્ધિને અને બોધિલાભની વૃદ્ધિને અનુકૂળ શક્તિનો પ્રકર્ષ થાય છે માટે ભગવાનનું દાતૃત્વ ગૌણ નથી પરંતુ ભિક્ષા દાતૃત્વ તુલ્ય જ છે, આથી જ કહેલ છે કે પ્રાર્થનાના વિષયભૂત ઉપાયની પ્રાપ્તિમાં પણ જેઓ તેના ઉપાયનું સેવન કરતા નથી તેઓની ભગવાન પાસે કરાયેલી પ્રાર્થના પરમાર્થથી મૃષા જ છે; કેમ કે પ્રાર્થના દ્વારા આરોગ્ય અને બોધિલાભ સેવવાને અનુકૂળ લેશપણ પરિણામ તેઓ કરતા નથી પરંતુ ક્ષુલ્લક સાધુ દ્વારા કુંભારને કરાયેલ "મિચ્છા મિ દુક્કડં" તુલ્ય પ્રાર્થના માત્ર કરે છે જેનાથી પ્રાર્થનાના વિષયભૂત કોઈ અર્થની પ્રાપ્તિ તેઓને થતી નથી માટે પ્રાર્થનાના વિષયભૂત વસ્તુના અનર્થી જીવ પ્રાર્થના કરે તો તે પ્રાર્થના મૃષા જ કહેવાય. જેમ કોઈ કહે કે મને ભિક્ષા આપો અને ભિક્ષા ગ્રહણ ન કરે તો કહેવાય કે આ વ્યક્તિ ભિક્ષાની પ્રાર્થના કરે છે તે મૃષા છે તેમ ભગવાન પાસે આરોગ્યની અને બોધિલાભની પ્રાર્થના કર્યા પછી પોતાની શક્તિ અનુસાર આરોગ્યનું અને બોધિલાભનું કારણ ભગવાનનો ઉપદેશ પરિણમન પમાડવા માટે યત્ન ન કરે તેઓ મૃષા જ બોલે છે. તેથી એ ફલિત થાય કે જેમ ભિક્ષાની યાચનામાં દાતા ભિક્ષા આપે છે તેમ ભગવાનની પ્રાર્થનામાં ભગવાને જે ઉપદેશ આપેલો તે ઉપદેશ જ પોતાને વિશેષરૂપે પ્રાપ્ત થાય છે માટે ભગવાનમાં મુખ્ય દાતૃત્વ છે ફક્ત ગાથાના ઉત્તરાર્ધના ઉત્થાનમાં જે કહ્યું કે ભગવાન કાંઈ આપતા નથી તે કથન સાક્ષાત્ આપવાની ક્રિયાને આશ્રયીને માંગવાના કાળમાં ભગવાન કાંઈ આપતા નથી તેને આશ્રયીને છે અને આવશ્યકનિર્યુક્તિની સાક્ષીથી બતાવ્યું કે ભગવાનમાં દાતૃત્વ છે તે સર્વ તીર્થંકરોએ ઉપદેશ આપેલો છે તે અપેક્ષાએ ભગવાન દાતા છે અને ભગવાનના શાસનને પામીને જેઓ તેમના ઉપદેશને સમ્યક્ પરિણમન પમાડવા યત્ન કરે છે તે જીવોમાં ભગવાનનું દાતૃત્વ પરમાર્થથી પ્રાપ્ત થાય છે અને જેઓ માત્ર તે તે સૂત્રો બોલે છે પરંતુ ભગવાનના ઉપદેશને જાણવાને અભિમુખ થતા નથી તેઓની તે પ્રાર્થનાથી વર્તમાનમાં પણ કાંઈ મળતું નથી અને જન્માન્તરમાં પણ કાંઈ પ્રાપ્ત થવાનું નથી. આથી જ આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું કે ભગવાનના વચનરૂપ બોધિને પ્રાપ્ત કરીને જેઓ તે વચનના પરમાર્થને જાણવા માટે કાંઈ કરતા નથી તેઓનું તે પ્રાર્થના વચન નિરર્થક છે તે બતાવવા માટે 'अन्नं दाइ' એ અસૂયા વચન કહે છે અર્થાત્ તે પ્રાર્થનાને નહિ સહન કરતાં આચાર્ય કહે છે – કયા મૂલ્યથી તું બોધિને પ્રાપ્ત કરીશ ? અર્થાત્ વર્તમાનમાં શક્તિ અનુસાર જિનવચનના પરમાર્થને જાણવા માટે કરાયેલા યત્નથી જે સૂક્ષ્મબોધ થયો છે અને જે જિનવચન પ્રત્યે રાગ થયો છે તે મૂલ્યથી જન્માન્તરમાં બોધિ

પ્રાપ્ત થશે અને જેઓ તે પ્રકારનો યત્ન કરતા નથી તેઓએ જન્માન્તરમાં બોધિની પ્રાપ્તિનું કારણ જ સેવ્યું નથી તેથી તેના વગર બોધિ મળશે નહિ માટે તે બોધિની પ્રાપ્તિ પ્રત્યે અસૂયાથી આચાર્યે ઠપકો આપ્યો છે. આ પ્રકારે સ્વબુદ્ધિથી બોધિલાભની પ્રાર્થનાનું તાત્પર્ય વિચારવું જોઈએ. **॥૭૪॥**

**અવતરણિકા :-**

**उक्ता याचनी ३ । अथ पृच्छनीमाह –**

**અવતરણિકાર્થ :-**

**યાચનીભાષા કહેવાઈ. ।૩। હવે પૃચ્છનીભાષા કહે છે –**

**ગાથા :-**

**जिन्नासियत्थकहणं परूविया पुच्छणी जिणवरेहिं ।**
**पन्नवणी पन्नत्ता विणीयविणयम्मि विहिवाओ ।।७५।।**

**છાયા :-**

**जिज्ञासितार्थकथनं प्ररूपिता पृच्छनी जिनवरैः ।**
**प्रज्ञापनी प्रज्ञप्ता विनीतविनये विधिवादः ।।७५।।**

**અન્વયાર્થ :-**

जिन्नासियत्थकहणं=જિજ્ઞાસિત અર્થનું કથન=તેના તાત્પર્યને જાણનાર પાસે કથન, जिणवरेहिं=ભગવાન વડે, पुच्छणी=પૃચ્છનીભાષા, परूविया=કહેવાઈ છે. विणीयविणयम्मि=વિનીત શિષ્યમાં, विहिवाओ=વિધિવાદ, पन्नवणी=પ્રજ્ઞાપનીભાષા, पन्नत्ता=કહેવાઈ છે. ॥૭૫॥

**ગાથાર્થ :-**

**જિજ્ઞાસિત અર્થનું કથન=તેના તાત્પર્યને જાણનાર પાસે કથન, ભગવાન વડે પૃચ્છનીભાષા કહેવાઈ છે. વિનીત શિષ્યમાં વિધિવાદ પ્રજ્ઞાપનીભાષા કહેવાઈ છે. ॥૭૫॥**

**ટીકા :-**

**जिज्ञासितस्य=ज्ञातुमिष्टस्य अर्थस्य कथनं तद्विदः पार्श्वे, जिनवरैः पृच्छनी प्रज्ञप्ता, न च निग्रहार्थं विकल्पोक्तायां** "एगे भवं दुवे भवं" **इत्यादि सोमिलादिभाषायामव्याप्तिः, छलवाग्भूतायास्तस्या अलक्ष्यत्वात्, 'कुत आगतः' 'क्व गमिष्यसि' 'कइविहा णं भंते! जीवा पण्णत्ता ?' इत्यादिभाषायामेव लक्ष्यत्वात् ।**

**उक्ता पृच्छनी ४, अथ प्रज्ञापनीमाह –**

**विनीतः=शिक्षितो विनयो येन एतादृशे शिष्ये, यो विधिवादः=विध्युपदेशः, सा प्रज्ञापनी प्रज्ञप्ता,**

**कर्तव्यत्वप्रतिपादकः प्रत्ययः तद्घटितं वाक्यं वा, यथा च विधेः कृतिसाध्यत्वादिकमेवार्थो न त्वपूर्वादिस्तथा मत्कृतवादरहस्यादवसेयम्, इह तु न प्रतन्यते ग्रन्थान्तरप्रसङ्गात् ।**

**यथा प्राणिवधान्निवृत्ता जीवा दीर्घायुषो भवन्तीति, इदमुपलक्षणं हिंसादिप्रवृत्तौ जीवो दुःखितो भवतीत्यादिनिषेधोपदेशस्यापि, उक्तं च –**

"पाणिवहाउ णियत्ता हवंति दीहाउआ अरोगा य ।
एमाई पन्नत्ता पण्णवणी वीयराएहिं ।।" ( ) **त्ति ।**

**एवं च 'भयाप्रयोज्यप्रवृत्तिजनकेच्छाप्रयोजकभाषात्वम्' एतल्लक्षणम्, आज्ञापनीवारणाय भयाऽप्रयोज्येति, तादृशेच्छाप्रयोजकत्वं च विधेस्तज्जनकेष्टसाधनताज्ञानजनकतया, वाक्यान्तरस्य च विध्युन्नायकतया, अहिंसापरा दीर्घायुषः स्युः इत्याद्युपदेशेषु उद्देश्यविधेयभावमहिम्नैवाहिंसादीर्घायुरादीनां हेतुहेतुमद्भावलाभः तत एव चाऽऽहत्य विवेकिनां प्रवृत्तिरित्यपि वदन्ति ।।७५।।**

**ટીકાર્થ :-**

**जिज्ञासितस्य ..... वदन्ति ।। તેના જાણનારા પાસે=પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણનારા પાસે, જિજ્ઞાસિત=જાણવાની ઈચ્છાના વિષયભૂત, એવા અર્થનું કથન=પદાર્થના નિર્ણય અર્થે પ્રશ્નરૂપે કથન, જિનેશ્વરો વડે પૃચ્છનીભાષા કહેવાઈ છે અને નિગ્રહ માટે=ભગવાનનો નિગ્રહ કરવા માટે, વિકલ્પોક્ત "તમે એક છો ! બે છો ?" ઈત્યાદિ સોમિલની ભાષામાં અવ્યાપ્તિ છે=પૃચ્છનીભાષામાં લક્ષણની અવ્યાપ્તિ છે એમ ન કહેવું; કેમ કે છલવાગ્ભૂત એવી તે ભાષાનું=છલ સ્વરૂપ એવી સોમિલની ભાષાનું અલક્ષ્યપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે તો પૃચ્છનીભાષામાં લક્ષ્યભૂત ભાષા કઈ છે ? એથી કહે છે –

**ક્યાંથી આવ્યા છો ? ક્યાં જશો ? હે ભગવંત ! જીવો કેટલા પ્રકારના છે ? ઈત્યાદિ ભાષામાં જ લક્ષ્યપણું છે=પૃચ્છનીભાષાનું લક્ષ્યપણું છે.**

**પૃચ્છનીભાષા કહેવાઈ. ।૪। હવે પ્રજ્ઞાપનીભાષાને કહે છે –**

**વિનીત=શિક્ષિત છે વિનય જેના વડે એવા પ્રકારના શિષ્યમાં=વિનીત એવા શિષ્યમાં, જે વિધિવાદ=વિધિનો ઉપદેશ, તે પ્રજ્ઞાપનીભાષા કહેવાઈ છે.**

વિધિવાદનો અર્થ સ્પષ્ટ કરે છે –

**કર્તવ્યત્વપ્રતિપાદકપ્રત્યય અથવા તદ્ઘટિત વાક્ય=કર્તવ્યત્વપ્રતિપાદકથી ઘટિત એવું વાક્ય વિધિવાદ છે અને જે પ્રમાણે વિધિનો કૃતિસાધ્યત્વાદિક જ અર્થ છે પરંતુ અપૂર્વાદિ નહિ તે પ્રમાણે મારા વડે કરાયેલા વાદરહસ્યથી જાણવું.**

**વળી અહીં પ્રસ્તુત=ગ્રંથમાં વિસ્તાર કરાતો નથી; કેમ કે ગ્રંથાન્તરનો પ્રસંગ છે=ગ્રંથમાં અપેક્ષિત વિસ્તારથી અધિક વિસ્તારનો પ્રસંગ છે.**

પ્રજ્ઞાપનીભાષામાં દૃષ્ટાંત બતાવે છે –

**જે પ્રમાણે પ્રાણિવધથી નિવૃત્ત થયેલા જીવો દીર્ઘ આયુષ્યવાળા થાય છે**

**'इति' શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે.**

**આ ઉપલક્ષણ છે=પ્રાણિવધથી નિવૃત્ત જીવો દીર્ઘાયુષ્ય બાંધે છે એ કથન ઉપલક્ષણ છે.**

તેનાથી શું ઉપલક્ષિત થાય છે ? તે બતાવે છે –

**હિંસાદિની પ્રવૃત્તિ કર્યે છતે જીવ દુઃખી થાય છે ઈત્યાદિ નિષેધ ઉપદેશનું પણ ઉપલક્ષણ છે એમ અન્વય છે અને કહેવાયું છે –**

"પ્રાણિવધથી નિવૃત્ત જીવો દીર્ઘાયુષ્યવાળા અને રોગવગરના થાય છે એ વગેરે વીતરાગ વડે પ્રજ્ઞાપનીભાષા કહેવાઈ છે." ()

**અને આ રીતે=અત્યાર સુધી પ્રજ્ઞાપનીભાષાનું વર્ણન કરાયું એ રીતે, ભયઅપ્રયોજ્યપ્રવૃત્તિજનક ઈચ્છાપ્રયોજકભાષાપણું આનું=પ્રજ્ઞાપનીભાષાનું, લક્ષણ છે.**

ગ્રંથકારશ્રી વડે કરાયેલ લક્ષણનું સ્પષ્ટીકરણ કરે છે –

**આજ્ઞાપનીભાષામાં લક્ષણના વારણ માટે ભયઅપ્રયોજ્ય વિશેષણ છે અને તજ્જનક ઈષ્ટસાધનતા જ્ઞાનજનકપણાથી=તે પ્રવૃત્તિના જનક એવા વચનમાં ઈષ્ટસાધનતાના જ્ઞાનના જનકપણાથી, વિધિનું તાદૃશ ઈચ્છાપ્રયોજકપણું છે=ભયઅપ્રયોજ્યપ્રવૃત્તિજનક ઈચ્છાપ્રયોજકપણું છે અને વાક્યાન્તરનું=હિંસાની પ્રવૃત્તિ કરાયે છતે જીવો દુઃખી થાય છે એ રૂપ વાક્યાન્તરનું, વિધિના ઉન્નાયકપણાથી=પ્રાણિવધાદિમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ એ પ્રકારે વિધિના ઉન્નાયકપણાથી, તાદૃશ ઈચ્છાનું પ્રયોજ્યપણું છે.**

વળી વિધિવાક્યમાં કાર્યકારણભાવ કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**અહિંસામાં તત્પર જીવો દીર્ઘાયુષી થાય છે ઈત્યાદિ ઉપદેશોમાં ઉદ્દેશ્ય, વિધેયભાવના મહિમાથી જ=અહિંસાપર જીવોને ઉદ્દેશીને દીર્ઘાયુષનું વિધાન કર્યું તેથી અહિંસાપર જીવોમાં ઉદ્દેશભાવ છે અને દીર્ઘાયુષ થાય છે એમાં વિધેયભાવ છે તેના મહિમાથી જ, અહિંસા દીર્ઘાયુષ આદિનો હેતુ-હેતુમદ્‌ભાવનો લાભ છે=અહિંસા દીર્ઘાયુષનો હેતુ છે અને દીર્ઘાયુષ અહિંસાપાલનનું કાર્ય છે એ પ્રકારે શ્રોતાને બોધ થાય છે અને તેનાથી આહત્ય=શીઘ્ર, વિવેકીઓની પ્રવૃત્તિ છે એ પ્રમાણે પણ કહે છે અર્થાત્ પ્રસ્તુત પ્રજ્ઞાપનીભાષાથી કૃતિસાધ્યત્વાદિ જ્ઞાનથી તો પ્રવૃત્તિ છે પરંતુ ઉદ્દેશ્ય, વિધેયભાવથી કાર્યકારણને ભાવનો બોધ થવાને કારણે પણ વિધેયની પ્રવૃત્તિ છે એમ પણ પ્રજ્ઞાપનીભાષાના લક્ષણને જાણનારા કહે છે. ॥૭૫॥**

**ભાવાર્થ :-**

**(૪) પૃચ્છનીભાષા :-**

કોઈ મહાત્માને તત્ત્વને જાણવાની ઇચ્છા થાય તેથી ઉચિત સ્થાને તત્ત્વને જાણવા માટે જિજ્ઞાસિત અર્થની પૃચ્છા કરે તે ભાષાને પૃચ્છનીભાષા કહેવાય છે. આ પ્રકારનું લક્ષણ કરવાથી ભગવાનને નિગ્રહ કરવાના આશયથી સોમિલ બ્રાહ્મણે જે પ્રશ્નો કરેલા ત્યાં પણ કોઈને ભ્રમ થાય કે તે પૃચ્છનીભાષા છે.

જેમ સોમિલ બ્રાહ્મણે ભગવાનનો પરાભવ કરવા અર્થે વિચારેલ હું ભગવાનને પ્રશ્ન કરું કે 'તમે એક છો કે બે છો ?' વળી વિચારેલ કે ભગવાન એક છે એમ કહેશે તો હું તેમના વચનથી જ તેમનો આ રીતે પરાભવ કરીશ. બે છે એમ કહેશે તો હું આ રીતે તેમના વચનથી જ તેમનો પરાભવ કરીશ. આ રીતે વિકલ્પ કરીને ભગવાનને પ્રશ્ન કર્યા છે. સોમિલ બ્રાહ્મણે તત્ત્વને જાણવાની જિજ્ઞાસાથી પ્રશ્ન કરેલ નથી પરંતુ છલપૂર્વક ભગવાનનો પરાભવ કરવાના આશયથી પૃચ્છા કરી છે. સોમિલના પ્રશ્નની ભાષા પૃચ્છનીભાષાથી અલક્ષ્ય છે તેથી તેમાં પૃચ્છનીભાષાનું લક્ષણ જતું નથી.

જિજ્ઞાસાથી જે અર્થની પૃચ્છા કરાય છે ત્યાં જ પૃચ્છનીભાષાનું લક્ષણ જાય છે. જેમ કોઈ મહાત્મા કોઈક પ્રયોજનથી પૂછે કે તમે ક્યાંથી આવ્યા છો ? અથવા વિહાર કરીને ક્યાં જશો ? તે જિજ્ઞાસિત અર્થની પૃચ્છારૂપ હોવાથી પૃચ્છનીભાષા છે.

વળી તત્ત્વની જિજ્ઞાસાથી પણ શાસ્ત્રમાં કહ્યું કે 'કેટલા પ્રકારના જીવો કહેવાયા છે ?' આ પ્રકારનો જે ગૌતમસ્વામીનો પ્રશ્ન છે તે પૃચ્છનીભાષા છે, તેથી તેવી ભાષાને લક્ષ્ય કરીને તેમાં પૃચ્છનીભાષાનું લક્ષણ પ્રાપ્ત થાય છે. બહુલતાએ આ પૃચ્છનીભાષા તત્ત્વને જાણવાના પ્રયોજનથી પ્રવર્તે છે. તે સિવાય સોમિલ બ્રાહ્મણની જેમ કે અન્ય કોઈ પ્રયોજનથી પુછાયેલી ભાષા હોય તે સ્થૂલથી પૃચ્છનીભાષા સદૃશ દેખાય પરંતુ પરમાર્થથી મૃષાભાષા જ છે.

**(૫) પ્રજ્ઞાપનીભાષા :-**

પૃચ્છનીભાષા બતાવ્યા પછી હવે ગાથાના ઉત્તરાર્ધથી પ્રજ્ઞાપનીભાષા કહે છે –

વિનીત શિષ્યમાં વિધિનો જે ઉપદેશ છે તે પ્રજ્ઞાપનીભાષા છે.

વિધિનો ઉપદેશ પ્રજ્ઞાપનીભાષામાં શું છે ? તે સ્પષ્ટ કરે છે –

વિનીત શિષ્યને કર્તવ્યત્વના પ્રતિપાદકના પ્રત્યય થાય છે=કર્તવ્યત્વનો બોધ થાય છે. જેમ યોગ્ય શિષ્યને ગુરુ કહે કે પ્રાણિવધથી નિવૃત્ત થયેલા જીવો દીર્ઘાયુષવાળા થાય છે તે વચનને સાંભળીને વિનીત શિષ્યને બોધ થાય કે કોઈ જીવને પીડા થાય, કોઈ જીવનો પ્રાણનાશ થાય તેવી મન, વચન કાયાથી મારે પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ તેથી પ્રાણિવધના નિવૃત્તિમાં કર્તવ્યત્વનો પ્રતિપાદક એવો બોધ એ વિધિવાદ છે અથવા તેવો બોધ કરાવે એવું વાક્ય તે વિધિવાદ છે, તેથી ઉપદેશકે યોગ્ય શિષ્યને કહ્યું હોય કે પ્રાણિવધથી નિવૃત્ત જીવો દીર્ઘાયુષવાળા થાય છે તે વાક્ય કર્તવ્યત્વના પ્રતિપાદક એવા બોધથી ઘટિત છે માટે તેવું ગુરુનું વચન

તે પ્રજ્ઞાપનીભાષા કહેવાય=યોગ્ય જીવને ઉચિત પ્રવૃત્તિના બોધ અર્થે કહેવાયેલ ભાષા પ્રજ્ઞાપનીભાષા કહેવાય.

આ પ્રકારનું પ્રજ્ઞાપનીભાષાનું સ્વરૂપ બતાવવાથી કોઈકને ભ્રમ થાય કે જે કાંઈ ઉપદેશવચનો છે તે સર્વ વિધિવાદ છે. તેના નિવારણ માટે કહે છે –

વિધિનો ઉપદેશ એટલે કૃતિસાધ્યત્વાદિક અર્થ જ છે પરંતુ અપૂર્વત્વાદિ અર્થ નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે વિવેકી ગુરુ યોગ્ય શિષ્યને તે પ્રકારનો જ ઉપદેશ આપે જેથી તે સાંભળીને તેને બોધ થાય કે આ કૃત્ય મારી કૃતિથી સાધ્ય છે તે કૃત્ય કરવાથી મને કોઈ બળવાન અનિષ્ટ નથી અને મારા ઇષ્ટનું સાધન છે, તેથી તે ઉપદેશને સાંભળીને તે યોગ્ય શિષ્યને કર્તવ્યત્વનો બોધ થાય છે જેથી તે કૃત્ય કરીને તે ઇષ્ટ ફળને પ્રાપ્ત કરે છે. જેમ યોગ્ય શિષ્ય હોય, સંયમ પાળવામાં સમર્થ હોય અને કોઈક સ્થાનમાં ભ્રમથી પ્રમાદ કરીને પ્રાણિવધના અનર્થને પ્રાપ્ત કરતો હોય. દા.ત. પ્રમાદથી પડિલેહણ કરીને છકાયની વિરાધના સાધુને પ્રાપ્ત થાય છે. તે વખતે તેને બોધ કરાવવા અર્થે ઉપદેશક કહે કે પ્રાણિવધથી નિવૃત્ત થયેલા જીવો દીર્ઘાયુષવાળા થાય છે, તેથી પ્રાજ્ઞ એવા શિષ્યને બોધ થાય છે કે હું અપ્રમાદ ભાવથી સંયમના આચારો પાળીશ તો છકાયના જીવના વધથી નિવૃત્તિ થશે. જેથી દીર્ઘાયુષવાળા સુદેવત્વાદિ ભવોની પ્રાપ્તિ થશે. પોતે સંયમમાં અપ્રમાદ કરીને છકાયના વધનું તે નિવર્તન કરી શકે તેમ છે, તેથી તે પ્રકારની સંયમની ઉચિત યતના તેને કૃતિસાધ્ય જણાય છે અને સદ્ગતિઓમાં દીર્ઘાયુષની પ્રાપ્તિરૂપ ઇષ્ટનું સાધન તે અહિંસા તેને કૃતિસાધ્ય જણાય છે. અહિંસાપાલન માટે જે અપ્રમાદથી યતના કરવા માટે તેને જે શ્રમ કરવો પડે છે તેનાથી બલવાન અન્ય કોઈ અનિષ્ટ તે પ્રકારના સંયમપાલનમાં નથી તેવો નિર્ણય થાય છે તેથી તેવા જીવને આશ્રયીને તે વિધિનો ઉપદેશ પ્રજ્ઞાપનીભાષા બને છે અર્થાત્ તે વિધિના ઉપદેશથી તે શિષ્ય ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધે છે.

પરંતુ કોઈ યોગ્ય શ્રોતા હોય છતાં તેની કૃતિથી સાધ્ય ન હોય એવા પદાર્થવિષયક કોઈ ઉપદેશક ઉપદેશ આપે તો તે અપૂર્વકથનાદિરૂપ તે ભાષા બને અર્થાત્ પૂર્વમાં તેને બોધ ન થયો હોય તેવા સંયમાદિનું વર્ણન કરે તે વિધિવાદ બને નહિ; કેમ કે શ્રોતાને પોતાની કૃતિથી સાધ્ય નથી તેવું જ્ઞાન થવાથી એ ઉપદેશથી શ્રોતાની પ્રવૃત્તિ થાય નહિ.

અથવા તો કોઈ ઉપદેશક શાસ્ત્રવચનથી કે સ્વપ્રજ્ઞાથી ઉદ્ભાવન કરાયેલા અપૂર્વ પદાર્થો કહે જે સાંભળીને શ્રોતાની તેમાં પ્રવૃત્તિ થાય નહિ તે સર્વ વિધિવાદ બને નહિ પરંતુ યોગ્ય શ્રોતાને કોઈ ઉપદેશક ભાવસાધુનું સ્વરૂપ કહે અને શ્રોતામાં તેવું પાળવાની શક્તિ ન હોય તોપણ તેવા ભાવસાધુ પ્રત્યે તેને રુચિ થાય છે. તેવા ભાવસાધુની મારે ભક્તિ કરવી જોઈએ ઇત્યાદિ જ્ઞાન થાય છે તેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આદિરૂપ વિધિમાં તેની પ્રવૃત્તિ થાય છે માટે તે પ્રજ્ઞાપનીભાષા કહેવાય. પરંતુ જે વચનોના શ્રવણથી આત્મહિતને અનુકૂળ કોઈ પ્રવૃત્તિ થાય નહિ તેવાં અપૂર્વ વચનો કે અન્ય વચનો પ્રજ્ઞાપનીભાષારૂપ નથી. વળી, કોઈ જીવ વંકચૂલ આદિની જેમ અતિહિંસક હોય અને તેને તેની ભૂમિકા અનુસાર કોઈ ઉપદેશક કહે

કે પ્રાણિવધની નિવૃત્તિથી જીવો દીર્ઘાયુષવાળા થાય છે તે સાંભળીને જે શ્રોતા સ્થૂલથી ઘણી હિંસા કરતો હોય તેની નિવૃત્તિ કરે છે ત્યારે તે શ્રોતાને આશ્રયીને તે ઉપદેશથી શ્રોતાને વિધિનો બોધ થાય છે, તે પ્રજ્ઞાપનીભાષા છે.

વળી ક્યારેક યોગ્ય ઉપદેશક કહે કે હિંસાની પ્રવૃત્તિથી જીવ ઘણા ભવો સુધી દુઃખી થાય છે તે વચન સાંભળીને શ્રોતાને વાક્યાન્તરની ઉપસ્થિતિ થાય છે કે મારે દુઃખી થવું ન હોય તો હિંસાથી નિવૃત્તિ કરવી જોઈએ. તેથી તે વચન પણ વાક્યાન્તરની ઉપસ્થિતિ દ્વારા તે શ્રોતાને આશ્રયીને વિધિનો ઉપદેશ બને છે જેનાથી તે શ્રોતા પોતાની શક્તિ અનુસાર કૃતિસાધ્યત્વાદિનો નિર્ણય કરીને હિંસાની નિવૃત્તિમાં પ્રવૃત્તિ કરે છે, આથી જ યોગ્ય શ્રોતાને જ્ઞાન થાય કે હિંસાની પ્રવૃત્તિથી જીવ દુઃખી થાય છે માટે મારે સંપૂર્ણ અહિંસાના પાલનરૂપ સંયમમાં ઉદ્યમ કરવો આવશ્યક છે, છતાં સંપૂર્ણ અહિંસાનું પાલન અપ્રમાદી સાધુ કરી શકે છે એવો બોધ જેને થયો છે અને એવી અહિંસાની પ્રવૃત્તિ પોતાની કૃતિથી સાધ્ય નથી એવું જણાય તો તે શ્રોતા તેવી સંપૂર્ણ અહિંસાપાલનની શક્તિના સંચય અર્થે તેના ઉપાયભૂત દેશવિરતિ પોતાની કૃતિથી સાધ્ય છે એવો નિર્ણય કરીને ઉપદેશકના વચનના બળથી દેશવિરતિમાં યત્ન કરે તો તે ઉપદેશકનું વચન તે યોગ્ય જીવને વિધિવાદનો બોધ કરાવનાર હોવાથી પ્રજ્ઞાપનીભાષા બને છે.

આ સર્વ કથનથી પ્રજ્ઞાપનીભાષાનું કેવું લક્ષણ પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે -

ભયથી અપ્રયોજ્ય એવી પ્રવૃત્તિની જનક એવી ઇચ્છાનું પ્રયોજક એવું ભાષાપણું જે ભાષામાં હોય તે પ્રજ્ઞાપનીભાષા કહેવાય.

**આજ્ઞાપનીભાષા અને પ્રજ્ઞાપનીભાષાનો તફાવત :-**

ભય અપ્રયોજ્ય ન કહેવામાં આવે તો આ લક્ષણ આજ્ઞાપનીભાષામાં જાય છે; કેમ કે યોગ્ય ગુરુ શિષ્યને કહે કે તું આ કૃત્ય કર, તે વચન સાંભળીને તેને જ્ઞાન થાય છે કે જો હું આ કૃત્ય ગુરુવચનાનુસાર કરીશ નહિ તો મારા સંયમના કંડકોની વૃદ્ધિ થશે નહિ અથવા પાતથી રક્ષણ થશે નહિ તેથી તે પ્રકારના ભયથી પ્રયોજ્ય એવી ગુરુ વચનાનુસાર પ્રવૃત્તિનું જનક એવી ઇચ્છાનું પ્રયોજકપણું આજ્ઞાપનીભાષામાં છે, જ્યારે પ્રજ્ઞાપનીભાષામાં પોતાને હિતાનુકૂલ પ્રવૃત્તિની જનક એવી ઇચ્છાનું પ્રયોજક ભાષાપણું છે; કેમ કે આજ્ઞાપનીભાષામાં આજ્ઞાભંગના અનર્થોની ઉપસ્થિતિ થાય છે જ્યારે પ્રજ્ઞાપનીભાષામાં શું કરવાથી પોતાનું હિત થશે ? તેવી વિધિનો બોધ થાય છે. તેથી પ્રજ્ઞાપનીભાષાથી કહેવાયેલા વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી પોતાને ઇષ્ટની પ્રાપ્તિ થશે એ પ્રકારનું જ્ઞાન થવાને કારણે તે શ્રોતાને તે ઉપદેશ અનુસાર પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થાય છે.

વળી પ્રજ્ઞાપનીભાષા ક્યારેક વિધિરૂપ હોય છે તો ક્યારેક નિષેધરૂપ પણ હોય છે. જેમ પ્રાણિવધથી *નિવૃત્ત જીવો દીર્ઘાયુષવાળા થાય છે એ વચન વિધિવચનરૂપ છે તેથી તે વચન ઇષ્ટસાધનતાજ્ઞાનજનકપણાથી* તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની ઇચ્છાનું પ્રયોજક બને છે.

વળી જ્યારે કહેવામાં આવે કે હિંસામાં પ્રવૃત્ત જીવ દુઃખિત થાય છે એ વચનથી જેને તે વાક્યના મર્મને સ્પર્શે એવો યથાર્થ બોધ થાય છે એ વખતે તે વચન વાક્યાન્તરની વિધિનું ઉન્નાયક બને છે અર્થાત્ મારે દુઃખી થવું ન હોય તો મારે પ્રાણિવધ કરવો જોઈએ નહિ એ પ્રકારના વાક્યાન્તરમાં વિધિનો બોધ કરાવીને તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની ઇચ્છાનો પ્રયોજક તે ઉપદેશનું વાક્ય બને છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રાણિવધથી નિવૃત્ત થયેલા જીવો દીર્ઘાયુષવાળા થાય છે તે વચનથી પ્રાણિવધની નિવૃત્તિની ઇચ્છાનું પ્રયોજક તે વાક્ય કેમ બને છે ? તેથી કહે છે.

અહિંસાપર જીવ દીર્ઘાયુષવાળા થાય છે એ પ્રકારના ઉપદેશમાં અહિંસાપરને ઉદ્દેશીને દીર્ઘ-આયુષનું વિધાન છે તેથી તે વચનમાં રહેલ ઉદ્દેશ્ય-વિધેયના મહિમાથી જ અહિંસા અને દીર્ઘાયુષ વચ્ચે કાર્યકારણ-ભાવનો લાભ થાય છે અર્થાત્ અહિંસાપાલનરૂપ હેતુથી દીર્ઘાયુષની પ્રાપ્તિરૂપ ફળ મળશે તેવો બોધ થાય છે તેથી વિવેકીની તે વચન સાંભળીને પ્રવૃત્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે ગુણવાન ગુરુ શિષ્યને તેને ઉચિત પ્રવૃત્તિ કરાવવા વિષયક જે ઉપદેશક આપે તે વિધિવાક્ય છે તેથી જે ગુરુ પ્રજ્ઞાપનીય એવા શિષ્યને મહાસંવેગપૂર્વક ઉચિત વચનો તે રીતે સમજાવે જેથી ગુરુના સંવેગથી શિષ્યમાં પણ સંવેગનો પરિણામ થાય અને દુરંત સંસારના પરિભ્રમણથી ભય ઉત્પન્ન થાય જેનાથી વિધિવાદનું સેવન કરીને યોગ્ય શિષ્ય પણ અત્યંત સંવેગપૂર્વક તે ઉચિત પ્રવૃત્તિ કરીને કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરે તેવી જે ભાષા તે પ્રજ્ઞાપનીયભાષા છે.

જે ઉપદેશક સ્વયં સંવેગથી વાસિત અંતઃકરણવાળા નથી માત્ર બાહ્ય કૃત્ય કરવામાં કૃતકૃત્ય માને છે તેથી પોતે કોઈક હિંસાની પ્રવૃત્તિ કાયાથી કરતા ન હોય તેના બળથી જ પોતે સુગતિની પ્રાપ્તિરૂપ દીર્ઘાયુષને પ્રાપ્ત કરશે તેવો ભ્રમ ધારણ કરતા હોય અને ઉપદેશ પણ તે પ્રકારનો આપીને યોગ્ય જીવને માત્ર બાહ્ય પ્રવૃત્તિના બળથી દીર્ઘાયુષ પ્રાપ્ત થશે તેવો ભ્રમ ઉત્પન્ન કરાવે છે. વસ્તુતઃ જેઓની વાચિક ચેષ્ટા અને માનસ ચેષ્ટા સતત બાહ્ય પદાર્થોમાં યથાતથા પ્રવર્તે છે તેઓ સ્વ-ભાવપ્રાણનો સતત વધ કરે છે અને આર્તધ્યાનના બળથી દુર્ગતિઓની પરંપરા પણ પ્રાપ્ત કરે છે માટે વિવેક વગરના ઉપદેશકનાં વચનો વિધિવાદ બને નહિ અને તે વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા વિધિવાદનું સેવન કરતા નથી અને માત્ર કાયાની બાહ્ય ચેષ્ટાને સ્મૃતિમાં રાખીને મિથ્યાભ્રમ ધારણ કરે છે કે અમે પ્રાણિવધથી નિવૃત્ત છીએ માટે સદ્ગતિની પરંપરારૂપ દીર્ઘાયુષ પ્રાપ્ત થશે એવો ઉપદેશ પ્રજ્ઞાપનીભાષા બને નહિ. **॥૭૫॥**

**અવતરણિકા :-**

**उक्ता प्रज्ञापनी ५ । अथ प्रत्याख्यानीमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રજ્ઞાપનીભાષા કહેવાઈ. ।૫। હવે પ્રત્યાખ્યાનીભાષાને કહે છે –**

ગાથા :-

**पत्थियणिसेहवयणं पच्चक्खाणी जिणेहि पन्नत्ता ।**
**णियइच्छियत्तकहणं णेया च्छानुलोमा य ।।७६।।**

છાયા :-

प्रार्थितनिषेधवचनं प्रत्याख्यानी जिनैः प्रज्ञप्ता ।
निजेप्सितत्वकथनं ज्ञेया इच्छानुलोमा च ।।७६।।

અન્વયાર્થ :-

पत्थियणिसेहवयणं=પ્રાર્થિતનું નિષેધવચન, जिणेहिं=ભગવાન વડે, पच्चक्खाणी=પ્રત્યાખ્યાનીભાષા पन्नत्ता=કહેવાઈ છે. य=અને, णियइच्छियत्तकहणं=નિજ ઈપ્સિતત્વનું કથન, इच्छानुलोमा=ઈચ્છાનુલોમભાષા, णेया=જાણવી. ।।૭૬।।

ગાથાર્થ :-

**પ્રાર્થિતનું નિષેધવચન ભગવાન વડે પ્રત્યાખ્યાનીભાષા કહેવાઈ છે અને નિજ ઈપ્સિતત્વનું કથન ઈચ્છાનુલોમભાષા જાણવી. ।।૭૬।।**

ટીકા :-

प्रार्थितस्य=याचितवस्तुनः यन्निषेधवचनं सा जिनैः प्रत्याख्यानी प्रज्ञप्ता, यथा इदं न ददामीत्यादि प्रार्थितस्येति उपलक्षणं दुराचरितनिषेधवचनस्याऽपि, 'पापं न करिष्यामी'त्याद्याकारस्य तथात्वात्, तस्मान्निषेधविषये निषेधप्रतिज्ञैव प्रत्याख्यानी ।

उक्ता प्रत्याख्यानी ६ । अथेच्छानुलोमामाह –

निजेप्सितत्वं स्वेच्छाविषयत्वं तत्कथनं चेच्छानुलोमा ज्ञेया, यथा कश्चित् किञ्चित्कार्यमारभमाणः कञ्चन पृच्छति (ग्रन्थाग्रम्-श्लोक ८००) 'करोम्येतत् ?' इति । स प्राह–करोतु भवान् ममाप्येतदभिप्रेतमिति, अत्र चाप्तेच्छाविषयत्वेन, स्वेष्टसाधनत्वशङ्काप्रतिरोधेन तन्निश्चयात्स्वेच्छाया अविलम्बेन प्रादुर्भावादिच्छानुलोमत्वम्, यत्राऽपि शोभनमेतदित्येवोच्यते तत्रापि वक्तिरिच्छाविषयत्वमर्थात् प्रतीयत एव ।

अथ यत्र जातदीक्षेच्छस्यापि पित्राद्यनुमत्यर्थं गुरुं प्रति प्रश्नस्तत्र 'यथासुखं मा प्रतिबन्धं कुर्याः' इत्युत्तरं तत्र कथमिच्छानुलोमत्वम्, इच्छाया उत्पन्नत्वेन पुनरनुत्पदनादिति ? मैवम्, तत्रोपेयेच्छाया

उत्पन्नत्वेऽप्यनुमतिरूपोपाये कालविलम्बरूपानिष्टसाधनत्वशङ्कानिरासेनोपायेच्छोत्पादनेनेच्छानुलोमत्वनिर्वाहात् ।

'विध्यादिभिन्नप्रवृत्त्यप्रतिबन्धकवचनत्वमेवेच्छानुलोमत्वम्' इत्यपि कश्चित् ।।७६।।

**ટીકાર્થ :-**

प्रार्थितस्य ..... कश्चित् ।। યાચિતવસ્તુનું જે નિષેધવચન તે ભગવાન વડે પ્રત્યાખ્યાનીભાષા કહેવાઈ છે. જે પ્રમાણે આ હું નહિ આપું ઈત્યાદિ વચનો પ્રત્યાખ્યાનીભાષા છે. પ્રાર્થિતનું એ=ગાથામાં કહેલ પ્રાર્થિતનું એ વચન, દુરાચરિતના નિષેધના વચનનું પણ ઉપલક્ષણ છે; કેમ કે હું પાપ કરીશ નહિ ઈત્યાદિ આકારનું તથાપણું છે=પ્રત્યાખ્યાનીભાષાપણું છે. તે કારણથી નિષેધના વિષયમાં નિષેધની પ્રતિજ્ઞા જ પ્રત્યાખ્યાની છે.

પ્રત્યાખ્યાનીભાષા કહેવાઈ. ।૬। હવે ઈચ્છાનુલોમભાષાને ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

સ્વઈચ્છા વિષયપણારૂપ નિજ ઈપ્સિતત્વ અને તેનું કથન=ગુરુના ઉત્તરરૂપે તું કર એ પ્રકારનું કથન, ઈચ્છાનુલોમભાષા જાણવી. જે પ્રમાણે – કોઈક પુરુષ કોઈક કાર્યના આરંભને કરતો કોઈક પુરુષને પૂછે છે 'આ હું કરું ?' તે=જેને પૃચ્છા કરાય છે તે, કહે છે – 'તમો કરો, મને પણ આ અભિપ્રેત છે.'

'इति' શબ્દ ઈચ્છાનુલોમભાષાના દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે.

અને અહીં=ઈચ્છાનુલોમભાષામાં, આપ્તની ઈચ્છાના વિષયપણાથી ઈચ્છાનુલોમત્વ છે=આપ્ત દ્વારા અપાયેલા પ્રત્યુત્તરમાં ઈચ્છાનુલોમત્વ છે; કેમ કે સ્વઈષ્ટસાધનતાની શંકાના પ્રતિરોધથી=પૃચ્છા પૂર્વે પૃચ્છાના વિષયભૂત પોતાની ઈચ્છામાં સ્વઈષ્ટસાધનત્વની જે શંકા હતી તેનો ગુરુના પ્રત્યુત્તર વડે પ્રતિરોધથી, તેનો નિશ્ચય થવાને કારણે=આ કૃત્ય મારા ઈષ્ટનું સાધન છે તેનો નિશ્ચય થવાને કારણે, સ્વઈચ્છાથી અવિલંબન વડે પ્રાદુર્ભાવ હોવાથી=કાર્યનો પ્રાદુર્ભાવ હોવાથી, ઈચ્છાનુલોમપણું છે=આપ્તની ઈચ્છાના વિષયપણારૂપે આપ્ત પુરુષની પ્રત્યુત્તરની ભાષામાં ઈચ્છાનુલોમત્વ છે. જેમાં પણ=શિષ્યની પૃચ્છાના જે ઉત્તરમાં પણ, આ શોભન છે એ પ્રમાણે જ કહેવાય છે ત્યાં પણ, અર્થથી વક્તાની ઈચ્છાનું વિષયપણું પ્રતીત જ થાય છે માટે તે ઈચ્છાનુલોમભાષા છે=આ શોભન છે એ પ્રકારનું વચન ઈચ્છાનુલોમભાષા છે.

'अथ'થી શંકા કરે છે – જે ઈચ્છાનુલોમભાષામાં દીક્ષાની ઈચ્છાવાળા પણ પુરુષની પિતાદિની અનુમતિ માટે ગુરુને પૃચ્છા છે ત્યાં "યથા સુખ ઊપજે તેમ કર, પ્રતિબંધ કરતો નહિ" એ પ્રકારનો ઉત્તર છે ત્યાં=ગુરુના તે ઉત્તરમાં, ઈચ્છાનુલોમત્વ કેમ છે ? અર્થાત્ નથી; કેમ કે ઈચ્છાનું ઉત્પન્નપણું હોવાને કારણે ફરી ઈચ્છાનો અનુત્પાદ છે=દીક્ષા લેનાર પુરુષને પૃચ્છા પૂર્વે જ દીક્ષાની ઈચ્છાનું ઉત્પન્નપણું હોવાને કારણે ગુરુના પ્રત્યુત્તરથી ફરી ઈચ્છાનું ઉત્પાદન નથી, એ પ્રકારની શંકામાં

**ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે ત્યાં=દીક્ષા લેનાર પુરુષના પ્રશ્નમાં, ઉપેયની ઈચ્છાનું ઉત્પન્નપણું હોવા છતાં પણ=દીક્ષાગ્રહણની ઈચ્છાનું ઉત્પન્નપણું હોવા છતાં પણ, અનુમતિરૂપ ઉપાયમાં=માતાપિતાની અનુમતિરૂપ ઉપાયમાં, કાલવિલંબરૂપ અનિષ્ટસાધનત્વની શંકાના નિરાસસ્વરૂપે=કાલ-વિલંબ કરવો એ અનિષ્ટનું સાધન છે કે નહિ ? એ પ્રકારની શંકાનો ગુરુના ઉત્તર વડે નિરાસ થવા સ્વરૂપે, ઉપાયની ઈચ્છાના ઉત્પાદન દ્વારા=વિલંબ વગર દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છાના ઉત્પાદન દ્વારા, ઈચ્છાનુલોમત્વનો નિર્વાહ છે=ગુરુના પ્રત્યુત્તરમાં ઈચ્છાનુલોમત્વનો નિર્વાહ છે. વિધિ આદિથી ભિન્ન પ્રવૃત્તિનું અપ્રતિબંધક-વચનત્વ જ ઈચ્છાનુલોમત્વ છે એ પ્રમાણે પણ કેટલાક કહે છે. ॥૭૬॥**

**ભાવાર્થ :-**

**(૬) પ્રત્યાખ્યાનીભાષા :-**

પ્રત્યાખ્યાનીભાષાનું લક્ષણ કરે છે –

કોઈ સાધુ કોઈ વસ્તુની કોઈ પાસે યાચના કરે અને તે યાચિત વસ્તુનો તે પુરુષ નિષેધ કરે અર્થાત્ હું આ આપીશ નહિ એ પ્રમાણે કહે તે પ્રત્યાખ્યાનીભાષા છે.

વળી પ્રત્યાખ્યાનીભાષાના લક્ષણમાં પ્રાર્થિતનો નિષેધ એમ જે કહ્યું તે ઉપલક્ષણ છે તેથી દુરાચરિતમાં નિષેધનું લક્ષણ પણ પ્રત્યાખ્યાનીભાષા છે, આથી જ કોઈ વિવેકી ઉપદેશક પાસેથી પાપના સ્વરૂપનું જ્ઞાન કરીને તે પાપના પરિહારની ઇચ્છાવાળો પુરુષ પાપ નહિ કરવાના અધ્યવસાયની નિષ્પત્તિ અર્થે પચ્ચક્ખાણ કરે છે તે પ્રત્યાખ્યાનીભાષા છે. ફક્ત "જ્ઞાત્વા અભ્યુપેત્યકરણં" એ પ્રકારની ઉચિત પ્રવૃત્તિ જ પ્રત્યાખ્યાનરૂપ છે તેથી જેને પાપની પ્રવૃત્તિ મનથી, વચનથી અને કાયાથી કેવા પ્રકારની છે તેના સ્વરૂપનો બોધ છે તેમાંથી શક્તિ અનુસાર કરવાનો અભિલાષ છે અને શક્તિ અનુસાર કરવાના અભિલાષને આચરણારૂપે પ્રગટ કરવા અર્થે દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રતિજ્ઞા કરે ત્યારે તે પાપને અનુકૂળ પ્રતિજ્ઞા અનુસાર જે પાપની નિવૃત્તિનો પરિણામ થાય છે તે પરિણામના કારણીભૂત જે પ્રતિજ્ઞા વચન તે પ્રત્યાખ્યાનીભાષા છે.

**(૭) ઇચ્છાનુલોમભાષા :-**

આ રીતે પ્રત્યાખ્યાનીભાષાને કહીને ગાથાના ઉત્તરાર્ધથી ઇચ્છાનુલોમભાષાને કહે છે –

કલ્યાણના અર્થીએ પોતાના કલ્યાણના પ્રયોજનથી જે કૃત્ય કરવાની ઇચ્છા થયેલ હોય તે ઇચ્છાના વિષયભૂત કૃત્યનું ગુરુને કથન કરે અને ગુરુ તેની સંમતિનું વચન કહે તે ઇચ્છાનુલોમભાષા છે. જેમ કોઈ શિષ્ય કોઈક કાર્ય આરંભ કરવાની ઇચ્છાવાળો હોય અને ગુરુને પૂછે કે હું આ કૃત્ય કરું ? અને ગુરુ ઉત્તર આપે કે તું કર મને પણ તે કાર્ય તું કરે એ અભિપ્રેત છે. ગુરુનું તે વચન ઇચ્છાનુલોમભાષા છે.

કેમ ગુરુનું તે વચન ઇચ્છાનુલોમભાષા છે ? તેથી કહે છે –

આપ્ત એવા ગુરુની ઇચ્છાના વિષયપણાથી ગુરુનું તે વચન ઇચ્છાનુલોમભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રવૃત્તિ કરનારને સ્વયં કૃત્ય કરવાની ઇચ્છા હતી તેથી ગુરુના વચનથી તે ઇચ્છામાં શું ભેદ પડે છે જેથી ગુરુના વચનને ઇચ્છાનુલોમભાષા કહેવાય છે. તેથી કહે છે –

યોગ્ય શિષ્યને પોતાને ઇષ્ટ એવી નિર્જરાનું સાધન કોઈક ઉચિત કૃત્ય જણાય છે, છતાં તેને શંકા થાય કે આ કૃત્યથી હું ઇષ્ટ એવી નિર્જરાને પ્રાપ્ત કરી શકીશ કે નહિ ? તેથી તે શંકાના નિવારણ અર્થે આપ્ત એવા ગુરુને પૃચ્છા કરે છે જેથી ગુરુના વચનના બળથી તેને નિશ્ચય થાય કે આ કૃત્યથી હું અવશ્ય તે પ્રકારનો અધ્યવસાય કરી શકીશ જેથી મને ઇષ્ટ એવી નિર્જરાની પ્રાપ્તિ થશે; કેમ કે આપ્ત એવા ગુરુ મારી શક્તિનો નિર્ણય કર્યા વગર તે કૃત્ય કરવાની અનુજ્ઞા આપે નહિ કે જે કૃત્યનું મને કોઈ ફળ મળે નહિ. અને આપ્ત એવા ગુરુએ મને તે કરવાની અનુજ્ઞા આપી છે અને મને પણ તે અભિપ્રેત છે એમ કહ્યું છે તેથી મને નિશ્ચય થાય છે કે આ ઉચિત કૃત્ય કરીને હું અવશ્ય તે કૃત્યના ફળને પ્રાપ્ત કરીશ. આ પ્રકારનો નિશ્ચય થવાથી શિષ્યને તે કૃત્ય કરવાની ઇચ્છા અવિલંબથી કાર્ય કરવા માટે પ્રેરિત કરે છે અને જો પોતાનામાં તેવી શક્તિ ન હોય કે જેથી પ્રસ્તુત કાર્યથી પોતે તે પ્રકારની નિર્જરા કરી શકે તો આપ્ત એવા ગુરુ અવશ્ય તેને તે કૃત્ય કરવાને અનુકૂળ ઉચિત શક્તિસંચયનો જ ઉપદેશ આપે છે, આથી જ દીક્ષાનો અર્થી કોઈ પુરુષ ગુરુને પૃચ્છા કરે કે હું સંયમ ગ્રહણ કરું ? અને ગુરુને જણાય કે સર્વવિરતિને અનુકૂળ ઉત્તમચિત્ત તેનું સંપન્ન થયું નથી તો આપ્ત એવા ગુરુ અવશ્ય તેને કહે કે સર્વવિરતિ ગ્રહણની તારી ઇચ્છા સુંદર છે, છતાં તે પ્રકારનું ઉત્તમચિત્ત હજુ તારું નિષ્પન્ન થયું નથી માટે તારી ભૂમિકા અનુસાર ઉચિત એવી દેશવિરતિ આદિનું કૃત્ય કરીને તું સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કર. અને જે ગુરુ તે પ્રકારનો વિચાર કર્યા વગર દીક્ષાની ઇચ્છાથી તત્પર થયેલા પુરુષને કહે કે મને પણ આ અભિપ્રેત છે તે ગુરુનું તે વચન આપ્તની ઇચ્છાનો વિષય નહિ હોવાથી ઇચ્છાનુલોમભાષા કહેવાય નહિ, પરંતુ જે આપ્ત હોય તે અવશ્ય પૃચ્છા કરનારના હિતનો નિર્ણય કરીને જ તે પ્રકારે કરવાની અનુજ્ઞા આપે તે ઇચ્છાનુલોમભાષા છે.

વળી કોઈ યોગ્ય શિષ્ય કોઈ ઉચિત કૃત્ય કરવા વિષયક પૃચ્છા કરે અને તે કૃત્યથી તેનું હિત થશે એવું જણાય ત્યારે ગુરુ કહે કે આ કૃત્ય શોભન છે ત્યાં પણ અર્થથી વક્તાની ઇચ્છાનું વિષયપણું તે કૃત્યમાં હોવાથી ઇચ્છાનુલોમભાષા પ્રતીત થાય છે.

વળી કોઈને દીક્ષા લેવાનો પરિણામ થાય અને ગુરુને પૃચ્છા કરે કે 'હું માતાપિતાની અનુજ્ઞા લઈને સંયમ માટે આવું છું' તે વખતે જો આપ્ત એવા ગુરુને નિર્ણય થાય કે આ યોગ્ય જીવનું સંયમથી હિત થશે તો તેઓ કહે કે 'જે પ્રમાણે તને સુખ ઊપજે તેમ કર, પ્રતિબંધને કરતો નહિ=ગૃહવાસના પ્રતિબંધને કરતો નહિ' એ પ્રકારનો ઉત્તર આપે; ત્યાં કેવી રીતે ઇચ્છાનુલોમભાષા થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે સંયમની ઇચ્છા દીક્ષા લેનારને પૂર્વમાં ઉત્પન્ન થઈ ચૂકેલી છે. તેથી ગુરુના ઉત્તરથી ફરી સંયમની ઇચ્છાનો ઉત્પાદ નથી જ્યારે ઇચ્છાનુલોમભાષામાં તો આપ્ત પુરુષના ઉત્તરથી તે કૃત્ય કરવાની ઇચ્છા થાય છે માટે તે સ્થાનમાં ઇચ્છાનુલોમભાષાનું લક્ષણ સંગત થતું નથી. એ પ્રકારની શંકા પ્રત્યે ગ્રંથકારશ્રી કહે છે –

દીક્ષાર્થીની ઉપેય એવા સંયમની ઇચ્છા ઉત્પન્ન થયેલ હોવા છતાં પણ માતાપિતાની અનુમતિરૂપ ઉપાયમાં કાલવિલંબરૂપ અનિષ્ટસાધનત્વની શંકાનો ગુરુના ઉત્તરથી નિરાસ થાય છે; કેમ કે જો ગુરુએ એમ

ન કહ્યું કે પ્રતિબંધને કરતો નહિ તો દીક્ષાર્થીને એટલો જ બોધ થાય તને દીક્ષા લેવાનો પરિણામ થયો છે તે પ્રમાણે તું સુખ ઊપજે તેમ કર, પરંતુ ગુરુએ તો સાથે કહ્યું છે કે પ્રતિબંધને કરતો નહિ તેથી આપ્ત એવા ગુરુના વચનથી યોગ્ય એવા શ્રોતાને નિર્ણય થાય છે કે માતાપિતાની અનુમતિરૂપ ઉપાયમાં કાલવિલંબ કરવો તે અનિષ્ટનું સાધન છે; કેમ કે મારામાં સંયમની યોગ્યતા છે તેવો નિર્ણય ગુરુને છે તેથી જો હું કાલવિલંબ કરીશ તેટલા અંશમાં મારા મનુષ્યભવનો સાધનાનો કાળ વ્યર્થ જશે જે અનિષ્ટનું સાધન છે માટે મારે માતાપિતાના વચનથી પણ ગૃહવાસનો પ્રતિબંધ કરીને કાલવિલંબ કરવો ઉચિત નથી તેવો નિર્ણય ગુરુના પ્રત્યુત્તરથી થવાથી શક્ય એટલું શીઘ્ર માતાપિતાની અનુમતિ લઈને મારે સંયમ ગ્રહણ કરવું જોઈએ એ રૂપ સંયમના ઉપાયમાં ઇચ્છાનું ઉત્પાદન ગુરુના વચનથી થાય છે માટે આપ્ત એવા ગુરુના તે વચનમાં ઇચ્છાનુલોમત્વ ભાષાનો નિર્વાહ છે.

વળી કેટલાક તાર્કિકો ઇચ્છાનુલોમભાષાનું લક્ષણ કરતાં કહે છે કે વિધિ આદિ ભાષાથી ભિન્ન એવી ભાષાથી થનારી જે પ્રવૃત્તિ તેનું અપ્રતિબંધક એવું વચનપણું તે ઇચ્છાનુલોમભાષા છે. તેથી એ પ્રાપ્ત થાય કે યોગ્ય જીવો કલ્યાણ અર્થે જે પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિમાં પ્રતિબંધક ન બને તેવું વચન વિધિ આદિ ભાષામાં પણ છે અને ઇચ્છાનુલોમભાષામાં પણ છે. જેમ પ્રજ્ઞાપનીભાષામાં યોગ્ય શિષ્યને ગુરુ કહે કે આ કૃત્ય તારે કર્તવ્ય છે તે સાંભળીને આપ્ત એવા ગુરુના વચનથી તે પ્રકારની પ્રવૃત્તિ કરવાના પરિણામ યોગ્ય શિષ્યને થાય છે તેથી પ્રવૃત્તિનું અપ્રતિબંધક વચનપણું પ્રજ્ઞાપનીભાષામાં છે.

વળી યોગ્ય ગુરુ યોગ્ય શિષ્યને કોઈ કૃત્યવિષયક કહે કે તું આ કૃત્ય કર ત્યારે તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં અપ્રતિબંધક વચનપણું આજ્ઞાપનીભાષામાં પણ છે, વળી ઇચ્છાનુલોમભાષામાં પણ પોતાને જે કૃત્ય કરવાની ઇચ્છા છે તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં અપ્રતિબંધક વચનપણું ગુરુની ઇચ્છાનુલોમભાષામાં છે. તેથી પ્રવૃત્તિ અપ્રતિબંધક વચનપણું લક્ષણ કરવામાં આવે તો આજ્ઞાપની, પ્રજ્ઞાપની અને ઇચ્છાનુલોમભાષા એ ત્રણ ભાષા સાધારણ લક્ષણ બને, તેના નિવારણ માટે વિધિ આદિથી ભિન્ન વિશેષણ આપેલ છે તેથી વિધિ આદિથી ભિન્ન એવી જે પ્રવૃત્તિ થાય છે તે પ્રવૃત્તિનું અપ્રતિબંધક એવું વચનપણું ઇચ્છાનુલોમભાષાનું લક્ષણ છે. **॥૭૬॥**

**અવતરણિકા :-**

**उक्ता इच्छानुलोमा ७। अथाऽनभिगृहीतामाह –**

**અવતરણિકાર્થ :-**

**ઈચ્છાનુલોમભાષા કહેવાઈ. ।૭। હવે અનભિગૃહીતભાષાને કહે છે –**

**ગાથા :-**

**सा होइ अणभिग्गहिया, जत्थ अणेगेसु पुट्ठकज्जेसु ।**
**एगयराणवहारणमहवा डित्थाइयं वयणं ।।७७।।**

**છાયા :-**

सा भवत्यनभिगृहीता यत्रानेकेषु पृष्टकार्येषु ।
एकतरानवधारणमथवा डित्थादिकं वचनम् ।।७७।।

**અન્વયાર્થ :-**

जत्थ=જ્યાં=જે ભાષામાં, अणेगेसु पुट्ठकज्जेसु=અનેક પૃષ્ટકાર્યમાં, एगयराणवहारणं=એકતરનું અનવધારણ છે, सा=તે=તે ભાષા, अहवा=અથવા, डित्थाइयं=ડિત્થાદિક, वयणं=વચન, अणभिग्गहिया=અનભિગૃહીત-ભાષા, होइ=છે. ।।૭૭।।

**ગાથાર્થ :-**

**જ્યાં=જે ભાષામાં, અનેક પૃષ્ટકાર્યમાં એકતરનું અનવધારણ છે તે અથવા ડિત્થાદિક વચન અનભિગૃહીતભાષા છે. ।।૭૭।।**

**ટીકા :-**

**यत्र=यस्यां, अनेकेषु पृष्टकार्येषु मध्ये एकतरस्य अनवधारणं=अनिश्चयो भवति, एतावत्सु कार्येषु मध्ये किं करोमि ? इति प्रश्ने 'यत्प्रतिभासते तत्कुरु' इति प्रतिवचने कस्यापि शृङ्ग-ग्राहिकयाऽनिर्द्धारणात् सा अनभिगृहीता भवति ।**

**नन्वेकतरानवधारणं प्रतिषेधवचनेऽप्यस्तीत्यतिव्याप्तिरिति चेत् ? न, प्रकृतप्रवृत्त्यप्रतिबन्धकस्यानवधारणस्य विवक्षितत्वात्, अस्याश्च फलं सर्वेषु कर्मसु तुल्यफलहेतुत्वप्रतिसन्धानेन प्रथमोपस्थित एव झटिति प्रवृत्तिर्न त्वधिकेच्छया कर्मान्तरसामग्रीविलम्बेन तद्विलम्ब इति ध्येयम् ।**

**आदेशान्तरमाह –**

**अथवा डित्थादिकं=यदृच्छामात्रमूलकं, वचनं अनभिगृहीता, एतन्मते प्रागुक्तं वचनमाज्ञापनीविशेष एवेत्यवधेयम् ।।७७।।**

**ટીકાર્થ :-**

यत्र ..... एवेत्यवधेयम् ।। જેમાં=જે ભાષામાં, પુછાયેલા અનેક કાર્યોમાં એકતરનું અનવધારણ= અનિશ્ચય છે. જેમ આટલાં કાર્યોમાં હું શું કરું ?=કયું કાર્ય કરું ? એ પ્રકારે શિષ્યના પ્રશ્નમાં જે પ્રતિભાસે તે કર એ પ્રકારના પ્રતિવચનમાં કોઈપણ કાર્યના શૃંગગ્રાહીપણાથી=અંગુલીનિર્દેશથી, અનિર્ધારણ હોવાને કારણે તે=તે ભાષા, અનભિગૃહીત થાય છે.

'નનુ'થી શંકા કરે છે – એકતરનું અનવધારણ પ્રતિષેધ વચનમાં પણ છે=કોઈ શિષ્યે અનેક કાર્યવિષયક પૃચ્છા કરેલ હોય અને ગુરુ કહે કે આ કોઈ કાર્ય કરવાનું નથી એ પ્રકારના પ્રતિષેધ

વચનમાં પણ છે, તેથી અનભિગૃહીતભાષાના લક્ષણની અતિવ્યાપ્તિ છે=પ્રતિષેધ વચનમાં અતિવ્યાપ્તિ છે એમ ન કહેવું; કેમ કે પ્રકૃતપ્રવૃત્તિના અપ્રતિબંધક એવા અનવધારણનું=શિષ્ય દ્વારા પ્રવૃત્તિના વિષયમાં પૃચ્છા કરાયેલા પ્રશ્નોરૂપ પ્રકૃતપ્રવૃત્તિના અપ્રતિબંધક એવા અનવધારણનું વિવક્ષિતપણું છે=અનભિગૃહીતભાષાના લક્ષણ તરીકે વિવક્ષિતપણું છે, અને આનું ફળ=અનભિગૃહીતભાષાનું ફળ, સર્વ કર્મમાં=પ્રશ્નના વિષયભૂત સર્વકૃત્યોમાં, તુલ્ય ફળના હેતુત્વનું પ્રતિસંધાન થવાને કારણે=નિર્જરારૂપ તુલ્ય ફળના હેતુત્વનું પ્રતિસંધાન થવાને કારણે, પ્રથમ ઉપસ્થિતમાં જ ઝટિતિ પ્રવૃત્તિ છે પરંતુ અધિકની ઈચ્છાથી=તે અનેક કૃત્યોમાંથી કોઈ અન્ય કૃત્યમાં અધિક નિર્જરા છે એ પ્રકારની ઈચ્છાથી, કર્માન્તરની સામગ્રીથી વિલંબને કારણે=પ્રથમ ઉપસ્થિત કાર્ય કરતાં પ્રશ્નના વિષયભૂત જે કર્માન્તર તેની સામગ્રીથી વિલંબને કારણે, તેનો વિલંબ નથી=કાર્યનો વિલંબ નથી, એ પ્રમાણે જાણવું.

આદેશાન્તરને કહે છે=અનભિગૃહીતભાષાના લક્ષણના વિષયમાં મતાન્તરને કહે છે, અથવા ડિત્થાદિક=યદચ્છામાત્રમૂલકવચન અનભિગૃહીતભાષા છે. આ મતમાં=આદેશાન્તરરૂપ મતમાં, પૂર્વમાં કહેલું વચન=અનભિગૃહીતભાષાનું વચન, આજ્ઞાપનીવિશેષમાં જ જાણવું અર્થાત્ આજ્ઞાપનીભાષાના જ ભેદ વિશેષરૂપે તેને સ્વીકારવું અને આદેશાન્તરથી કહેવાયેલ લક્ષણને જ અનભિગૃહીતભાષા સ્વીકારવી. ॥૭૭॥

**ભાવાર્થ :-**

## (૮) અનભિગૃહીતભાષા :-

કોઈ યોગ્ય શિષ્ય આપ્ત એવા ગુરુને અનેક કાર્યો વિષયક પૃચ્છા કરે કે આ સર્વકાર્યો મારા માટે કર્તવ્યરૂપે ઉપસ્થિત થયાં છે તેમાંથી કયું કાર્ય હું કરું જેથી અધિક નિર્જરારૂપ ફળની મને પ્રાપ્તિ થાય ? એ પ્રકારના વિવેકી શિષ્યના પ્રશ્નને જાણીને આપ્ત એવા ગુરુને જણાય કે આ સર્વ કાર્યમાંથી જે કોઈ કાર્ય આ શિષ્ય કરશે તેના દ્વારા તે શિષ્ય શુભભાવની વૃદ્ધિ દ્વારા સમાન નિર્જરાની પ્રાપ્તિ કરી શકે તેમ છે તેથી ગુરુને કોઈ પ્રતિનિયત કાર્યવિષયક પક્ષપાત કરવો ઉચિત નથી તેમ જણાવાથી જે તને પ્રતિભાસ થાય તે કાર્ય તું કર, એ પ્રકારના ગુરુના પ્રતિવચનમાં કોઈ નિયત કાર્યનું નિર્ધારણ નહિ હોવાથી ગુરુ દ્વારા બોલાયેલી તે ભાષા અનભિગૃહીતભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ શિષ્યે અનેક કાર્યોની પૃચ્છા કરી હોય અને ગુરુને જણાય કે આ સર્વકાર્યમાંથી કોઈ કાર્યથી શિષ્યનું હિત થાય તેમ નથી પરંતુ પૃચ્છાના વિષયભૂત કોઈ અન્ય કાર્યથી જ તેનું હિત થાય તેમ છે ત્યારે શિષ્યે પૂછેલાં સર્વકાર્યોનો નિષેધ કરીને કોઈ અન્ય જ કાર્ય કરવાનું કહે તે વખતે ગુરુના પ્રતિષેધ વચનમાં સર્વનો નિષેધ હોવાથી કોઈ એકતરનું અવધારણ નથી માટે અનભિગૃહીતભાષાનું લક્ષણ ગુરુના તે પ્રતિષેધ વચનમાં પ્રાપ્ત થશે તેથી અલક્ષ્યમાં લક્ષ્યની અતિવ્યાપ્તિ થશે. આ પ્રકારના દોષના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

અતિવ્યાપ્તિદોષ છે એમ ન કહેવું; કેમ કે એકતરનું અનવધારણ પ્રકૃતપ્રવૃત્તિના અપ્રતિબંધકરૂપે હોય

તેને જ ગ્રહણ કરવાનું છે, તેથી સર્વ પ્રવૃત્તિના નિષેધવચનમાં એકતરનું અનવધારણ હોવા છતાં પ્રકૃત પ્રવૃત્તિના પ્રતિબંધકરૂપ તે નિષેધ વચન છે માટે લક્ષણનો પરિષ્કાર કરવાથી=પ્રકૃતપ્રવૃત્તિના અપ્રતિબંધક અનવધારણના ગ્રહણરૂપ લક્ષણનો પરિષ્કાર કરવાથી, અતિવ્યાપ્તિદોષની પ્રાપ્તિ થશે નહિ.

અનભિગૃહીતભાષા બોલવાનું ફળ સર્વ કૃત્યોમાં શિષ્યને તુલ્ય ફળના હેતુત્વનું પ્રતિસંધાન થાય છે. જેમ યોગ્ય શિષ્યને ત્રણ ચાર કાર્યો નિર્જરા અર્થે કર્તવ્ય જણાતાં હોય છતાં પોતાને સ્પષ્ટ નિર્ણય ન હોય કે આ કૃત્યોમાંથી કયા કૃત્યથી પોતાને અધિક નિર્જરાની પ્રાપ્તિ થશે તે વખતે ગુરુને પૃચ્છા કરે કે પ્રસ્તુત કૃત્યમાંથી વર્તમાનમાં મારે કયું કૃત્ય કરવું જોઈએ ? અને ગુરુને તે સર્વકૃત્યો દ્વારા શિષ્યને સમાન શુભભાવની વૃદ્ધિ દ્વારા સમાન ગુણસ્થાનકની વૃદ્ધિ જણાય ત્યારે કહે કે જે તને પ્રતિભાસ થાય તે તું કર, ત્યારે શિષ્યને તે સર્વકૃત્યોમાં સમાન નિર્જરારૂપ ફળના હેતુત્વનું પ્રતિસંધાન થાય છે; કેમ કે આપ્ત એવા ગુરુ જિનવચનાનુસાર શિષ્યની યોગ્યતાનો નિર્ણય કરીને જે કૃત્યથી શિષ્યને અધિક નિર્જરા થાય એવા કૃત્યની અનુજ્ઞા આપે છે તેથી સર્વકૃત્યોમાં સમાન ફળનો નિર્ણય કરીને શિષ્ય તે સર્વકૃત્યોમાંથી પ્રથમ ઉપસ્થિતિ કૃત્યોમાં શીઘ્ર પ્રવૃત્તિ કરે છે પરંતુ અધિક નિર્જરાની ઇચ્છાથી કર્માન્તરની સામગ્રીના વિલંબથી તે કૃત્યનો વિલંબ કરતો નથી અર્થાત્ શિષ્યના પ્રશ્ન પૂર્વે શિષ્યને શંકા હતી કે આ સર્વકૃત્યમાંથી જે કૃત્યમાં અધિક નિર્જરા થશે તે કૃત્ય હું કરીશ તેથી અન્યકૃત્યની સામગ્રીના કારણે પ્રથમ કૃત્યમાં વિલંબ થવાનો સંભવ હતો પરંતુ ગુરુના વચનથી સ્પષ્ટ નિર્ણય થવાથી સર્વકૃત્યોમાં સમાન ફળનો નિર્ણય થવાને કારણે પ્રથમ ઉપસ્થિત કૃત્યમાં વિલંબ થતો નથી.

અનભિગૃહીતભાષાના લક્ષણવિષયક મતાન્તરને કહે છે –

યદચ્છામાત્ર મૂલકવચન અનભિગૃહીતભાષા છે.

જેમ કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતાને ઉપદેશ આપતા હોય અને તે ઉપદેશકના વચનથી આત્માના હિતને અનુકૂળ મારે શું કરવું જોઈએ તે વિષયક યોગ્ય બોધ તે ઉપદેશકનું વચન કરાવી શકે નહિ પરંતુ મોક્ષમાર્ગને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિના કારણીભૂત 'યત્ તત્'નાં સંબંધ વગરનાં જે તે વચનોથી તે ઉપદેશ પ્રવર્તતો હોય તો તે વચન દ્વારા વિહિત ઉચિત પ્રવૃત્તિનો યથાર્થ બોધ થાય નહિ. એવા ઉપદેશકની ઉપદેશની પ્રવૃત્તિ અનભિગૃહીતભાષા છે=યદચ્છામાત્રમૂલક તે વચનો છે તેથી ડિત્થ-ડવિત્થ તુલ્ય તે વચનો છે. અને આ મતાન્તરની અપેક્ષાએ પૂર્વમાં કહેલ અનભિગૃહીતભાષાવચન આજ્ઞાપનીવિશેષમાં જ અંતર્ભાવ પામે છે. **॥૭૭॥**

**અવતરણિકા :-**

**उक्ताऽनभिगृहीता ८ । अथाभिगृहीतामाह –**

**અવતરણિકાર્થ :-**

**અનભિગૃહીતભાષા કહેવાઈ. ।૮। હવે અભિગૃહીતભાષાને કહે છે –**

ગાથા :-

अभिगहिया पडिवक्खो, संसयकरणी य सा मुणेयव्वा ।
जत्थ अणेगत्थपयं सोऊण होइ संदेहो ।।७८।।

છાયા :-

अभिगृहीता प्रतिपक्षः संशयकरणी च सा मुणि(ज्ञा)तव्या ।
यत्रानेकार्थपदं श्रुत्वा भवति सन्देहः ।।७८।।

અન્વયાર્થ :-

अभिगहिया=અભિગૃહીતભાષા, पडिवक्खो=પ્રતિપક્ષ છે, य=અને, संसयकरणी=સંશયકરણી, सा=તે मुणेयव्वा=જાણવી, जत्थ=જેમાં, अणेगत्थपयं=અનેકાર્થપદને, सोऊण=સાંભળીને, संदेहो=સંદેહ=શ્રોતાને સંદેહ, होइ=થાય છે. ।।૭૮।।

ગાથાર્થ :-

**અભિગૃહીતભાષા પ્રતિપક્ષ છે અને સંશયકરણી તે જાણવી, જેમાં અનેકાર્થપદને સાંભળીને શ્રોતાને સંદેહ થાય છે. ।।૭૮।।**

ટીકા :-

अभिगृहीता प्रतिपक्षः=विपरीता, प्रस्तावादनभिगृहीताया इति लभ्यते, तथा चानेकेषु कार्येषु पृष्टेषु यदेकतरस्याऽवधारणम् 'इदमिदानीं कर्तव्यमि'ति साऽभिगृहीता, अथवा घट इत्यादिप्रसिद्ध-प्रवृत्तिनिमित्तकपदाभिधानं सेति' द्रष्टव्यम् ।

उक्ताऽभिगृहीता ९ । अथ संशयकरणीमाह –

संशयकरणी च सा मुणियव्वा=ज्ञातव्या, यत्र=यस्यां, अनेकार्थं=बह्वर्थाभिधायकं, पदं श्रुत्वा श्रोतुः सन्देहो भवति । तथाहि-सैन्धवमानयेत्युक्ते सैन्धवपदस्य लवणघोटकादिष्वनेकेष्वर्थेषु शक्तिग्रहादनेकार्थपदजन्यशाब्दबोधे प्रकरणादीनां विशिष्य हेतुत्वेन तद्विरहे शाब्दबोधविरहेऽपि भवति वक्त्रभिप्रायसन्देहात् 'लवणानयनं घोटकानयनं वा मम कर्तव्यं' इति मानसः सन्देहः, परोक्षसंशया-भ्युपगमे तात्पर्यनिश्चयस्य प्रतिनियतार्थनिश्चयहेतुत्वेन तत्संशये शाब्द एव वा स इतीयं संशय-करणी ।

अनेकार्थपदं श्रुत्वेति प्रायिकं, संशयहेतुत्वमात्रमेव लक्षणम्, अतः स्थाणुर्वा पुरुषो वेति भाषा-ऽपि प्रतियोगिपदाभ्यां कोटिद्वयं वाकारेण च विरोधमुपस्थाप्य संशयं जनयन्ती तादृश्येवेति ध्येयम् ।।७८।।

**ટીકાર્થ :-**

अभिगृहीता ..... ध्येयम् ।। **અભિગૃહીતભાષા પ્રતિપક્ષ છે=વિપરીત છે, પ્રસ્તાવથી અનભિગૃહીતથી વિપરીત છે એ પ્રમાણે પ્રાપ્ત થાય છે અને તે રીતે=અભિગૃહીતભાષા અનભિગૃહીતથી વિપરીત છે તે રીતે, અનેક કાર્યો પુછાયે છતે જે એકતરનું અવધારણ="આ હમણાં કર્તવ્ય છે" એ પ્રકારે એકતરનું અવધારણ, તે અભિગૃહીત છે. અથવા ઘટ ઇત્યાદિ પ્રસિદ્ધ પ્રવૃત્તિનિમિત્તક જે પદનું અભિધાન તે અભિગૃહીતભાષા છે એ પ્રમાણે જાણવું.**

**અભિગૃહીતભાષા કહેવાઈ. ।૯। હવે સંશયકરણીભાષાને કહે છે –**

**અને સંશયકરણી તે જાણવી જેમાં=જે ભાષામાં, અનેકાર્થ=બહુ અર્થ, અભિધાયક પદને સાંભળીને શ્રોતાને સંદેહ થાય છે. તે આ પ્રમાણે – સૈન્ધવ લાવ એ પ્રમાણે કહેવાયે છતે સૈન્ધવપદની લવણ અશ્વ આદિ અનેક અર્થોમાં શક્તિનો ગ્રહ થવાથી અનેકાર્થજન્ય શાબ્દબોધમાં પ્રકરણ આદિનું વિશેષ કરીને હેતુપણું હોવાને કારણે તેના વિરહમાં=પ્રકરણ આદિના વિરહમાં, શાબ્દબોધનો વિરહ હોતે છતે પણ વક્તાના અભિપ્રાયનો સંદેહ થવાથી લવણ લાવવું કે ઘોડાને લાવવું મારે કર્તવ્ય છે એ પ્રમાણે માનસ સંદેહ થાય છે.**

અહીં પ્રશ્ન થાય કે સંશયકરણીભાષા બોલવાથી શ્રોતાને જે માનસ સંદેહ થાય છે તે સંશય પરોક્ષજ્ઞાન સ્વરૂપ છે, તેથી તે બોલાયેલી ભાષાને સાંશયિકભાષા કઈ રીતે કહી શકાય ? અર્થાત્ દેખાતા પદાર્થમાં કોઈક કથન કરે તો તે દેખાતા પદાર્થમાં સંશય થાય તે વખતે તે બોલનારના વચનથી પ્રત્યક્ષપદાર્થમાં સંશય થાય છે. જેમ દૂરવર્તી સ્થાણુને જોઈને કોઈક કહે કે આ સ્થાણુ છે તે સાંભળીને જોનારને સંદેહ થાય કે આ પુરુષ પુરોવર્તી સ્થાણુ છે એમ કહે છે તો વસ્તુતઃ એ સ્થાણુ છે કે પુરુષ છે ? તે સ્થાનમાં પ્રત્યક્ષ દેખાતા પદાર્થમાં સંશયને કરનારી તે પુરુષથી બોલાયેલી ભાષા છે, તેને સાંશયિકી ભાષા કહી શકાય; પરંતુ સૈન્ધવ લાવ એ પ્રકારે બોલનારની ભાષા તેના જેવી સંશય કરનારી નથી ફક્ત શ્રોતાને પ્રતિસંધાન નહિ થવાથી માનસ સંશયરૂપ પરોક્ષ સંશય થાય છે તેથી 'वा'કારથી સાંશયિકી ભાષાનો અન્ય પ્રકારે અર્થ કરે છે –

**પરોક્ષસંશય સ્વીકાર કરાયે છતે=सैन्धवमानय ઇત્યાદિ પ્રયોગથી શ્રોતાને જે સંદેહ થાય છે તે સંદેહને પરોક્ષસંશય સ્વીકાર કરાયે છતે, તાત્પર્યના નિશ્ચયનું પ્રતિનિયત અર્થના નિશ્ચયનું હેતુપણું હોવાને કારણે તેના સંશયમાં=વક્તાથી બોલાયેલા વચનના તાત્પર્યના સંશયમાં, શાબ્દબોધમાં જ તે છે=સંશય છે=વક્તાથી બોલાયેલા શબ્દોથી થતા બોધમાં જ તે સંશય છે, એથી આ સંશયકરણીભાષા છે=સૈન્ધવમાનય એ પ્રકારે બોલાયેલી ભાષા સંશયકરણીભાષા છે. અનેકાર્થ પદને સાંભળીને એ પ્રકારે પ્રાયિક છે=ગાથામાં સંશયકરણીભાષાના લક્ષણમાં અનેકાર્થ પદને સાંભળીને એ વચન પ્રાયિક છે. સંશય હેતુત્વમાત્ર જ લક્ષણ છે, આથી સ્થાણુ છે કે પુરુષ છે ? એ પ્રકારે કોઈ વક્તા બોલે તો તે ભાષા પણ પ્રતિયોગી પદો દ્વારા=પુરોવર્તી દેખાતા પદાર્થના વાચક એવા સ્થાણુ અને પુરુષ**

**એ રૂપ પ્રતિયોગી પદો દ્વારા, કોટિદ્વય અને વાકારથી વિરોધનું ઉપસ્થાપન કરીને=દેખાતાં પદોમાં વિરોધનું ઉપસ્થાપન કરીને, સંશયને પેદા કરનારી તાદૃશી જ છે=સંશયકરણીભાષા જ છે એ પ્રમાણે જાણવું. ॥૭૮॥**

**ભાવાર્થ :-**

**(૯) અભિગૃહીતભાષા :-**

અભિગૃહીતભાષા અનભિગૃહીતભાષાથી વિપરીત છે તેથી કલ્યાણના અર્થી કોઈ શિષ્યને પોતાને કર્તવ્યરૂપે એકકાળમાં અનેક કાર્યો ઉપસ્થિત થાય અને તે સર્વકાર્યમાંથી કયું કૃત્ય બલવાન ઇષ્ટનું સાધન છે તેનો નિર્ણય કરવા અર્થે આપ્ત એવા ગુરુને પૂછે તેથી શાસ્ત્રથી પરિષ્કૃત મતિવાળા તે ગુરુ શિષ્યની ભૂમિકાને સ્મૃતિમાં લાવીને તે અનેક કાર્યમાંથી કયું કાર્ય અધિક ગુણવૃદ્ધિનું કારણ છે તેનો નિર્ણય કરીને જે એકતરનું અવધારણ કરે એવી ભાષા અર્થાત્ "હમણાં તને આ કર્તવ્ય છે" એ પ્રકારની ગુરુની અવધારણી ભાષા, અભિગૃહીતા ભાષા કહેવાય છે.

અનભિગૃહીતભાષાના આદેશાન્તરથી કરાયેલા લક્ષણને આશ્રયીને તેનાથી વિપરીત અભિગૃહીતભાષા તે આદેશાન્તરની અપેક્ષાએ કેવા પ્રકારની છે ? તે 'अथवा'થી બતાવે છે –

જેમ કોઈ ઘટને જોઈને આ ઘટ છે એમ કહે ત્યારે તે વચન ડિત્થ ડવિત્થ જેવું નથી પરંતુ પ્રવૃત્તિ નિમિત્તક પદનું અભિધાન છે તેથી તે ભાષા અભિગૃહીત કહેવાય તેમ કોઈ ઉપદેશક શ્રોતાને તે રીતે ઉપદેશ આપે કે જેથી શ્રોતાને તે ઉપદેશ સાંભળીને કઈ પ્રવૃત્તિ કરવી જોઈએ અને કઈ પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ તેનો યથાર્થ નિર્ણય થાય અને તે પ્રકારે નિર્ણય કરીને તે પ્રવૃત્તિ દ્વારા તે ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરી શકે તેવી ભાષા અભિગૃહીતભાષા કહેવાય.

**(૧૦) સંશયકરણીભાષા :-**

અભિગૃહીતભાષા કહેવાઈ. હવે સંશયકરણીભાષા કહે છે –

જે ભાષામાં બહુ અર્થને કહેનારા પદને સાંભળીને શ્રોતાને સંદેહ થાય છે. જેમ કોઈ કહે કે સૈન્ધવ લાવ તે વખતે સૈન્ધવ શબ્દ લવણનો વાચક છે અને ઘોડાનો વાચક છે, છતાં ભોજનના પ્રકરણમાં પ્રયોગ કરાયેલો હોય તો લવણ લાવવાની ઉપસ્થિતિ થાય છે પરંતુ તેવું પ્રકરણ ઉપસ્થિત ન દેખાય અને સહસા કોઈ કહે કે સૈન્ધવ લાવ તે શબ્દ સાંભળીને શ્રોતાને વક્તાના અભિપ્રાયમાં સંદેહ થાય છે તે રીતે ઉપદેશક પણ કેટલાંક વચનો ઉપદેશમાં તે રીતે કહે ત્યારે સંદેહ થાય. જેમ યોગ શબ્દ યોગમાર્ગનો વાચક છે અને મન-વચન-કાયાના વ્યાપારનો પણ વાચક છે તેથી ઉપદેશકાળમાં શ્રોતાને યોગશબ્દથી બન્ને અર્થની ઉપસ્થિતિ થાય તેવી સંભાવના હોય છતાં તેનો વિચાર કર્યા વગર કોઈક વચનપ્રયોગમાં યોગશબ્દનું કથન કરેલું હોય ત્યારે ઉપદેશકના તે વચનોથી શ્રોતાને અર્થનો સંશય થાય છે તે સંશયકરણીભાષા છે.

અહીં પ્રશ્ન થાય કે વચનપ્રયોગ સંશય કરાવે તેવો નથી પરંતુ શ્રોતાને પ્રકરણના પ્રતિસંધાનના

અભાવને કારણે શ્રોતાના માનસમાં તે પ્રકારનો સંદેહ થાય છે તે સંદેહ પરોક્ષ સંદેહ છે, તેથી તે ભાષાને સંશયકરણીભાષા કઈ રીતે કહી શકાય ? તેના સમાધાન અર્થે ગ્રંથકારશ્રી કહે છે --

વક્તાના વચનથી તાત્પર્યનો નિશ્ચય થાય તો પ્રતિનિયત અર્થના નિશ્ચયનો હેતુ વક્તાનું વચન બને છે. અને જ્યારે વક્તાના તાત્પર્યમાં સંદેહ થાય ત્યારે વક્તાનું વચન પ્રતિનિયત અર્થના નિશ્ચયનો હેતુ નહિ થવાથી વક્તાના વચનથી થતા બોધમાં જ સંશય થાય છે તેથી તે ભાષાને સંશયકરણીભાષા કહેવાય છે.

અહીં ગાથામાં સંશયકરણીના લક્ષણમાં 'અનેકાર્થ પદ સાંભળીને' તે પદ લક્ષણનું અંગ નથી પરંતુ પ્રાયઃ કરીને અનેકાર્થ પદને કારણે ભાષા સંશયિકી બને છે તે બતાવવા અર્થે છે. આથી કોઈ વક્તા આ સ્થાણુ છે કે પુરુષ છે ? એ પ્રકારે પ્રયોગ કરે તે ભાષા પણ સંશયકરણીભાષા જ છે, જ્યાં અનેકાર્થ પદનો પ્રયોગ નથી પરંતુ વક્તાનાં બોલાયેલાં વચનો સ્વયં જ સંશયગ્રસ્ત છે. આથી જ શાસ્ત્રીય પદાર્થો નિરૂપણ કરતી વખતે શાસ્ત્રવચનનું તાત્પર્ય સ્પષ્ટ ન થતું હોય ત્યારે ઉપદેશક કહે કે આ વચનથી આ અર્થ સંભવિત છે અથવા આ અન્ય અર્થ પણ સંભવિત છે તે ભાષાને સાંશયિકભાષા કહેવાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે ક્યારેક બોલનાર વ્યક્તિ સાંશયિકભાષા સાક્ષાત્ બોલે નહિ છતાં અનેકાર્થપદના પ્રયોગને કારણે તે વચનથી શ્રોતાને સંશય થાય છે માટે વક્તાની તે ભાષા સાંશયિકભાષા કહેવાય છે.

વળી ક્યારેક દૂરવર્તી પદાર્થને જોઈને વક્તા કહે કે આ સ્થાણુ છે તે વખતે શ્રોતાને દેખાતા પદાર્થમાં પુરુષત્વનું પ્રતિસંધાન થતું જણાય ત્યારે પણ તે ભાષા શ્રોતાને સંશયનું કારણ બને છે, આથી જ શાસ્ત્રીય પદાર્થોનું કોઈ મહાત્મા નિરૂપણ કરતા હોય અને તે વચન સાંભળીને શ્રોતાને તે પદાર્થવિષયક વિપરીત અર્થનું પ્રતિસંધાન થાય ત્યારે વક્તાની તે ભાષા શ્રોતાના સંશયનું કારણ બને છે. જેમ આત્માને વિભુ માનનાર નૈયાયિક વચનથી વાસિત કોઈ શ્રોતા હોય અને સ્યાદ્વાદી તેને શરીરવ્યાપી આત્મા છે તેમ કહે ત્યારે શ્રોતાને તે વચનથી સંદેહ ઉત્પન્ન થાય છે. આથી જ વિવેકસંપન્ન ઉપદેશક તે સંશયનું યુક્તિઓથી નિરાકરણ કરે છે જેથી પોતાની ભાષા સંશયને કરનારી બને નહિ. જો ઉપદેશક યુક્તિઓથી તેનું નિરાકરણ ન કરી શકે તો શ્રોતાને ઉપદેશકની તે ભાષા સંશયનું જ કારણ બને છે.

વળી ક્યારેક વક્તા પોતે જ અનિર્ણીત હોય ત્યારે આ સ્થાણુ છે કે પુરુષ ? એમ બોલે છે ત્યારે તે વક્તાની ભાષા સંશયગ્રસ્ત છે. તેનો અર્થ ટીકામાં કર્યો કે 'स्थाणुर्वा पुरुषो वा' એ ભાષામાં પ્રતિયોગી બે પદો દ્વારા કોટીદ્વયની ઉપસ્થિતિ થાય છે અને 'વા'કારથી વિરોધનું ઉપસ્થાપન થાય છે, તેથી તે ભાષા સંશય કરનારી છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જેમ વીર ભગવાનની પ્રતિમા હોય ત્યારે વીરપ્રતિયોગી પ્રતિમા કહેવાય તેમ સ્થાણુપ્રતિયોગી પુરોવર્તી પદાર્થ છે અથવા પુરુષપ્રતિયોગી પુરોવર્તી પદાર્થ છે તેથી બે પ્રતિયોગી પદો દ્વારા પુરોવર્તી પદાર્થમાં બે કોટીની ઉપસ્થિતિ થાય છે અને બોલનાર એ પ્રયોગમાં 'વા'કારનો પ્રયોગ કરે છે, તેથી કોઈ એક પ્રતિનિયત પદાર્થમાં બે પ્રતિયોગી પદ દ્વારા ઉપસ્થિત થયેલા બે અર્થોના વિરોધની ઉપસ્થિતિ થાય છે, તેથી વક્તાની તે ભાષા સંશયને ઉત્પન્ન કરનારી જાણવી. ॥૭૮॥

**અવતરણિકા :-**

उक्ता संशयकरणी १० । अथ व्याकृतामाह –

**અવતરણિકાર્થ :-**

સંશયકરણીભાષા કહેવાઈ. ।૧૦। હવે વ્યાકૃતભાષાને કહે છે –

**ગાથા :-**

**भासा असच्चमोस पयडत्था वाअडा मुणेअव्वा ।**
**अइगंभीरमहत्था अवाअडा अहव अव्वत्ता ।।७९।।**

**છાયા :-**

भाषाऽसत्यामृषा प्रकटार्था व्याकृता मुणि(ज्ञा)तव्या ।
अतिगम्भीरमहार्था अव्याकृताऽथवाऽव्यक्ता ।।७९।।

**અન્વયાર્થ :-**

पयडत्था=પ્રકટ અર્થવાળી, असच्चमोस=અસત્યામૃષા, भासा=ભાષા, वाअडा=વ્યાકૃતભાષા, मुणेअव्वा=જાણવી, अइगंभीरमहत्था=અતિ ગંભીર મહાન્ અર્થવાળી, अहव=અથવા, अव्वत्ता=અવ્યક્ત, अवाअडा=અવ્યાકૃતભાષા જાણવી. ।।૭૯।।

**ગાથાર્થ :-**

**પ્રકટ અર્થવાળી અસત્યામૃષા ભાષા વ્યાકૃતભાષા જાણવી. અતિગંભીર મહાન્ અર્થવાળી અથવા અવ્યક્ત અવ્યાકૃતભાષા જાણવી. ।।૭૯।।**

**ટીકા :-**

व्याकृताऽसत्यामृषा भाषा प्रकटः=सुज्ञानः, अर्थो यस्यास्तादृशी मुणेअव्वा=ज्ञातव्या, 'यथा एष भ्राता देवदत्तस्ये'त्यादिः, अर्थस्य सुज्ञानत्वं च तात्पर्यज्ञानादिबहुहेतुसम्पत्त्यविलम्बेनाऽचिरकालोत्पत्तिकप्रतिसन्धानविषयत्वं बोध्यम् ११ ।

अथाऽव्याकृतामाह – अतिगम्भीरः=दुर्ज्ञानतात्पर्यः, महान् अर्थो यस्याः साऽव्याकृता भवति अथवा बालादीनामव्यक्ता भाषाऽव्याकृता भवति ।।७९।।

**ટીકાર્થ :-**

व्याकृता ..... भवति ।। પ્રગટ અર્થવાળી=સુજ્ઞાન છે અર્થ જેનો એવી, અસત્યામૃષાભાષા વ્યાકૃતભાષા

**જાણવી. જે પ્રમાણે આ દેવદત્તનો ભાઈ છે ઈત્યાદિ અને અર્થનું સુજ્ઞાનપણું તાત્પર્યજ્ઞાનાદિ બહુ હેતુના સંપત્તિના અવિલંબથી અચિરકાલમાં ઉત્પત્તિકનું પ્રતિસંધાન વિષયપણું જાણવું.**

**વ્યાકૃતભાષા કહેવાઈ. ।૧૧। હવે અવ્યાકૃતભાષાને કહે છે –**

**અતિગંભીર=દુર્જ્ઞાન તાત્પર્યવાળી, મહાન અર્થ છે જેને તે અવ્યાકૃત થાય છે અથવા બાલાદિને અવ્યક્તભાષા અવ્યાકૃત થાય છે. ।।૭૯।।**

**ભાવાર્થ :-**

**(૧૧) વ્યાકૃતભાષા :-**

યોગ્ય ઉપદેશક શ્રોતાને હિતાનુકૂલ પ્રવૃત્તિ કરાવવા અર્થે જે ભાષા કહેતા હોય અને જે ભાષાનો અર્થ તે વચનપ્રયોગ દ્વારા સુખપૂર્વક ગ્રહણ થાય તેવો હોય જેનાથી શ્રોતાને પદાર્થનો યથાર્થ બોધ થાય અને જે બોધના બળથી તે ઉચિત પ્રવૃત્તિ કરી શકે. જેમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવવા માટે શ્રોતાને ઉપદેશક તે રૂપે જ પદાર્થ બતાવે કે જેથી સુદેવ, સુગુરુ અને સુધર્મનો સંક્ષેપથી પણ યથાર્થ બોધ થાય જેથી તેને બુદ્ધિમાં સ્થિર નિર્ણય થાય કે જીવને પ્રાપ્તવ્ય એવી સિદ્ધ અવસ્થા છે અને તેવી અવસ્થાને પામેલા કે તેવી અવસ્થાને પામવાને અભિમુખ થયેલા તીર્થંકરો જ ઉપાસ્ય છે જેથી તેમની તે રીતે ઉપાસના કરીને પોતે પણ તત્તુલ્ય થઈ શકે. કઈ રીતે તેઓની ઉપાસના કરવાથી તત્તુલ્ય થવાય તેના ઉપાયરૂપે જ સુગુરુનું સ્વરૂપ બતાવવામાં આવે છે; કેમ કે સુગુરુઓ દશપ્રકારનો યતિધર્મ તે રીતે જ સેવે છે કે જેથી વીતરાગની જેમ શીઘ્ર અસંગ અવસ્થા પ્રાપ્ત થાય અને સુગુરુઓથી સેવાતો સમ્યગ્ ધર્મ જ શુદ્ધ અવસ્થાની પ્રાપ્તિનું કારણ છે, અન્ય કોઈ કારણ નથી તેવી બુદ્ધિ સ્થિર કરાવવા અર્થે વ્યાકૃતભાષામાં દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપનું કોઈ ઉપદેશક પ્રતિસંધાન કરાવે તો તે ભાષા વ્યાકૃતભાષા બને છે. જેમ કોઈ વ્યક્તિને જોઈને કહેવામાં આવે કે આ દેવદત્તનો ભાઈ છે તો દેવદત્તની સાથે પરિચિત વ્યક્તિને તેના ભાઈસ્વરૂપે શીઘ્ર ઉપસ્થિતિ થાય છે, તેમ જીવને પ્રાપ્તવ્ય એવી સિદ્ધ અવસ્થા એ જ તત્ત્વ છે અને તેના માટે દેવ-ગુરુ-ધર્મની ઉપાસના કઈ રીતે કારણ છે તેનો મર્મસ્પર્શી યથાર્થ બોધ શીઘ્ર ઉપસ્થિત થાય તેમ સરળ ભાષાથી કહેવામાં આવે ત્યારે સાધુની તે અસત્યામૃષાભાષા વ્યાકૃતભાષા બને છે.

વ્યાકૃતભાષામાં અર્થનું સુજ્ઞાનપણું શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

વક્તાના વચનના તાત્પર્ય જ્ઞાનાદિ બહુ હેતુની સંપત્તિ અવિલંબથી ઉપસ્થિત થાય ત્યારે તે વચનપ્રયોગ અચિરકાલઉત્પત્તિકપ્રતિસંધાનવિષયવાળું બને છે તે અર્થનું સુજ્ઞાનપણું છે. જેમ નયસારના ભવમાં મહાત્માએ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ નયસારને એક જ દિવસમાં પરિમિત સમયમાં તે રીતે બતાવ્યું કે જેથી તે મહાત્માના ઉપદેશના બળથી દેવ-ગુરુ-ધર્મના અર્થનું સુજ્ઞાનપણું નયસારના જીવને તત્કાળના પ્રતિસંધાનથી થયું તેથી તે મહાત્માના ઉપદેશની ભાષા વ્યાકૃતભાષા કહેવાય.

**(૧૨) અવ્યાકૃતભાષા :-**

વ્યાકૃતભાષાનું સ્વરૂપ બતાવ્યું. હવે અવ્યાકૃતભાષાનું સ્વરૂપ બતાવે છે –

જે ભાષા અતિગંભીર હોય અને જેના તાત્પર્યનું જ્ઞાન દુઃખે થઈ શકે તેવું હોય છતાં મહાન અર્થવાળી હોય તે ભાષા અવ્યાકૃતભાષા કહેવાય.

'अथवा'થી અવ્યાકૃતભાષાનું અન્ય લક્ષણ કહે છે –

બાલ અને મધ્યમ જીવોને જે ભાષાથી અર્થનો બોધ ન થઈ શકે તેવી ભાષા હોય તે અવ્યક્ત ભાષા કહેવાય અર્થાત્ અવ્યાકૃતભાષા કહેવાય. વિદ્વાનો સૂક્ષ્મ પદાર્થને કહેનારાં ગંભીર વચનોવાળી ભાષામાં કહે એ ભાષાથી અતિપ્રાજ્ઞ પુરુષને ઘણા સૂક્ષ્મ અર્થોની ઉપસ્થિતિ થાય છે અને તેવા પ્રાજ્ઞ પુરુષો તે ભાષાથી જ તત્ત્વની પ્રાપ્તિ કરે છે. જેમ ભગવાને ગણધરોને 'उप्पन्नेइ वा' આદિ ત્રણ પદો કહ્યાં તે ત્રણ પદો દ્વારા જગતમાં થતા સર્વ પ્રકારના ઉત્પાદો, સર્વપ્રકારના થતા વ્યયો તે સર્વનું પ્રતિસંધાન કરીને જીવનાં સર્વ અધ્યવસાયસ્થાનો કઈ રીતે ઉત્પન્ન થાય છે, તેનાથી કઈ રીતે કર્મબંધ થાય છે ઇત્યાદિ ભગવાનના વચનથી ગણધરો નિર્ણય કરી શક્યા. તેથી ગણધરને આશ્રયીને કહેવાયેલી ભગવાનની તે ભાષા અવ્યાકૃતભાષા છે. વળી તે ત્રિપદીનાં જ વચનો અન્ય જીવોને સમ્યક્ત્વપ્રાપ્તિનું પણ કારણ બની શકે નહિ; કેમ કે તે વચનો દ્વારા ઉપાસ્ય દેવ-ગુરુ-ધર્મની શીઘ્ર ઉપસ્થિતિ બાલાદિ જીવોને થાય નહિ. જ્યારે ગણધરોને તો તે ત્રિપદી દ્વારા જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના પારમાર્થિક સ્વરૂપની તો પ્રાપ્તિ થઈ પરંતુ ક્ષપકશ્રેણીને અભિમુખ જવા માટે દ્રવ્યાનુયોગના સૂક્ષ્મ પદાર્થોનો પણ બોધ તે ત્રિપદીથી જ થયો.

તે રીતે અન્ય પણ મહાત્માઓ શાસ્ત્રીય પદાર્થોને અતિગંભીર ભાષાથી કહેતા હોય અને જે ભાષામાં મહાન અર્થો રહેલા હોય તે સર્વ ભાષા અવ્યાકૃતભાષા કહેવાય; કેમ કે તે ભાષાથી શીઘ્ર તાત્પર્યનું પ્રતિસંધાન થતું નથી. આ પ્રકારના કથનમાં કોઈને પ્રશ્ન થાય કે પ્રાજ્ઞ પુરુષને તો અતિગંભીર ભાષાથી પણ શીઘ્ર તાત્પર્યની પ્રાપ્તિ થાય છે તેથી તેવા પ્રાજ્ઞ માટે તે ભાષા અવ્યાકૃત કઈ રીતે કહી શકાય ? તેથી 'अथवा'થી અન્ય લક્ષણ કરે છે –

બાલાદિને માટે=નાનું બાળક નહીં પરંતુ ક્ષયોપશમની અપેક્ષાએ બાલ અને મધ્યમ માટે, જે ભાષાનો અર્થ અગ્રાહ્ય થતો હોય તેવી અવ્યક્તભાષા અવ્યાકૃતભાષા છે. **॥૭૯॥**

**અવતરણિકા :-**

**उक्ताऽव्याकृता १२।। तदभिधानाच्चाऽभिहिता द्वादशाप्यसत्यामृषाभेदाः । अथोपसंहरति –**

**અવતરણિકાર્થ :-**

**અવ્યાકૃતભાષા કહેવાઈ. ।૧૨। અને તેના કથનથી=અવ્યાકૃતભાષાના કથનથી, બારે પણ અસત્યામૃષાભાષાના ભેદો કહેવાયા. હવે ઉપસંહાર કરે છે=અસત્યામૃષાભાષાના કથનનો ઉપસંહાર કરે છે –**

ગાથા :-

**एवमसच्चामोसा दुवालसविहा परूविआ सम्मं ।**
**दव्वम्मि भावभासा, तेण समत्ता समासेणं ।।८०।।**

છાયા :-

एवमसत्यामृषा द्वादशविधा प्ररूपिता सम्यक् ।
द्रव्ये भावभाषा तेन समाप्ता समासेन ।।८०।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગાથા-૧૫માં ભાવભાષાના ત્રણ ભેદો છે તેમ બતાવીને ભાવભાષાના દ્રવ્યરૂપ ભેદમાં ચાર ભાષા છે તેમ બતાવ્યું, તેમાંથી તેના ચોથા ભેદરૂપ અસત્યામૃષાભાષા ગાથા-૬૯થી અત્યાર સુધી બતાવી એ રીતે, असच्चामोसा=અસત્યામૃષાભાષા, दुवालसविहा=બાર પ્રકારની, सम्मं= સમ્યક્, परूविआ=પ્રરૂપણા કરાઈ, तेण=તેથી=અસત્યામૃષાભાષાનું વર્ણન પૂર્ણ થયું તેથી, दव्वम्मि=દ્રવ્યમાં દ્રવ્યવિષયક, भावभासा=ભાવભાષા, समासेणं=સમાસથી, समत्ता=સમાપ્ત થઈ. ॥૮૦॥

ગાથાર્થ :-

**આ રીતે=ગાથા-૧૫માં ભાવભાષાના ત્રણ ભેદો છે તેમ બતાવીને ભાવભાષાના દ્રવ્યરૂપ ભેદમાં ચાર ભાષા છે તેમ બતાવ્યું તેમાંથી તેના ચોથા ભેદરૂપ અસત્યામૃષાભાષા ગાથા-૬૯થી અત્યાર સુધી બતાવી એ રીતે, અસત્યામૃષાભાષા બાર પ્રકારની સમ્યક્ પ્રરૂપણા કરાઈ તેથી=અસત્યામૃષા-ભાષાનું વર્ણન પૂર્ણ થયું તેથી, દ્રવ્યમાં=દ્રવ્યવિષયક, ભાવભાષા સમાસથી સમાપ્ત થઈ. ॥૮૦॥**

ટીકા :-

स्पष्टा ।।८०।।

ટીકાર્થ :-

स्पष्टा ।। ગાથા સ્પષ્ટ હોવાથી આ ગાથાની ટીકાકારશ્રીએ ટીકા કરી નથી. ॥૮૦॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ભાષાના નિરૂપણમાં ચાર નિક્ષેપાથી ભાષાને બતાવવા અર્થે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ભાષા ચાર પ્રકારની છે તેમ બતાવી. ત્યારપછી દ્રવ્યભાષાના ત્રણ ભેદો છે તેમ બતાવ્યા પછી ગાથા-૧૫માં ભાવભાષાના ત્રણ ભેદો છે તેમ કહ્યું. તેમાંથી બોલાયેલી દ્રવ્યભાષારૂપ પુદ્ગલો વિષયક જે ભાવભાષા છે તે ચાર ભેદવાળી છે તેમ કહ્યું અને તે ચાર ભેદોને અર્થાત્ સત્યભાષા, અસત્યભાષા, મિશ્રભાષા અને અસત્યામૃષારૂપ ચાર ભેદોને, અત્યાર સુધી બતાવ્યા. તેથી દ્રવ્ય વિષયક ભાવભાષા સંક્ષેપથી અહીં પૂર્ણ થાય છે એ પ્રકારે ગ્રંથકારશ્રી ઉપસંહાર કરે છે. **॥૮૦॥**

**અવતરણિકા :-**

अथैतासां भाषाणां मध्ये केषां काः सम्भवन्तीति प्रसङ्गादाह –

**અવતરણિકાર્થ :-**

હવે આ ભાષામાં=સત્યાદિ ચાર ભાષામાં, કોને કઈ ભાષા સંભવે છે ? તેને પ્રસંગથી કહે છે –

**ગાથા :-**

**सव्वा वि हु सुरनारयनराण, विगलिन्दियाण चरमा य ।**
**पंचिंदियतिरियाणवि सा सिक्खालद्धिरहियाणं ।।८१।।**

**છાયા :-**

सर्वा अपि हि सुरनारकनराणां विकलेन्द्रियाणां चरमा च ।
पञ्चेन्द्रियतिरश्चामपि सा शिक्षा लब्धिरहितानाम् ।।८१।।

**અન્વયાર્થ :-**

सुरनारयनराण=દેવ, નારક અને મનુષ્યોને, सव्वा वि हु=સર્વ પણ=સર્વ પણ ભાષા હોય છે=સત્યાદિ ચારેય ભાષાઓ હોય છે, य=અને विगलिन्दियाण=વિકલેન્દ્રિયોને, चरमा=ચરમ=અસત્યામૃષાભાષા હોય છે. सिक्खालद्धिरहियाणं=શિક્ષા અને લબ્ધિ રહિત એવા, पंचिंदियतिरियाण वि=પંચેન્દ્રિયતિર્યંચોને પણ, सा=તે=અસત્યામૃષાભાષા હોય છે. ।।૮૧।।

**ગાથાર્થ :-**

**દેવ, નારક અને મનુષ્યોને સર્વ પણ ભાષા હોય છે=સત્યાદિ ચારેય ભાષાઓ હોય છે, અને વિકલેન્દ્રિયોને ચરમ=અસત્યામૃષાભાષા, હોય છે. શિક્ષા અને લબ્ધિ રહિત એવા પંચેન્દ્રિયતિર્યંચોને પણ તે=અસત્યામૃષાભાષા, હોય છે. ।।૮૧।।**

**ટીકા :-**

सुरनारकनराणां सर्व्वा अपि हि सत्याद्या भाषाः सम्भवन्ति, विकलेन्द्रियाः=द्वित्रिचतुरिन्द्रियाः, तेषां चतसृणां चरमा=असत्यामृषा, भाषा भवति, तेषां सम्यक्परिज्ञानपरवञ्चनाद्यभिप्रायाभावेन सत्यादिभाषाऽसम्भवात् ।

शिक्षा=संस्कारविशेषजनकः पाठः, लब्धिश्च जातिस्मरणरूपा तथाविधव्यवहारकौशलजनकक्षयोपशमरूपा वा, ताभ्यां रहितानां पञ्चेन्द्रियतिरश्चामपि सा=असत्यामृषा भवति, तेऽपि हि न सम्यग्यथावस्थितवस्तुप्रतिपादनाभिप्रायेण भाषन्ते, नाऽपि परविप्रतारणबुद्ध्या किन्तु कुपिता अपि

**परं मारयितुकामा अपि एवमेव भाषन्त इति तेषामसत्यामृषैव भाषा, न च कुपितानां तेषां भाषा क्रोधनिःसृताऽसत्यैव स्यादिति वाच्यम् अव्यक्तत्वेनानवधारणीयत्वाद्, विलक्षणदलजन्यत्वाच्चेत्य-वधेयम्, शिक्षालब्धिसहितास्तु शुकसारिकादयोऽन्ये च तिर्यञ्चो यथायोगं चतुर्विधामपि भाषां भाषन्ते, शिक्षालब्धिभ्यां व्यक्तभाषोत्पत्तेरित्यवधेयम् ।।८१।।**

**ટીકાર્થ :-**

सुरनारकनराणां ..... अवधेयम् ।। દેવ, નારક અને મનુષ્યોને સર્વ પણ સત્યાદિ ભાષા સંભવે છે, વિકલેન્દ્રિય=બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઓને ચાર ભાષાઓની છેલ્લી=અસત્યામૃષાભાષા, હોય છે; કેમ કે તેઓને સમ્યક્ પરિજ્ઞાન, પરવંચનાદિ અભિપ્રાયનો અભાવ હોવાથી સત્યાદિભાષાનો અસંભવ છે.

શિક્ષા=સંસ્કારવિશેષજનક પાઠ=પ્રતિનિયત અર્થનો બોધ કરાવે તેવા સંસ્કારવિશેષને કરનાર પાઠ, શિક્ષા છે, અને લબ્ધિ જાતિસ્મરણરૂપ અથવા તેવા પ્રકારના વ્યવહારમાં કૌશલનો જનક એવા ક્ષયોપશમરૂપ લબ્ધિ છે. તે બન્નેથી=શિક્ષા અને લબ્ધિ બન્નેથી, રહિત એવા પંચેન્દ્રિયતિર્યંચોને પણ તે=અસત્યામૃષાભાષા હોય છે. 'हि'=જે કારણથી, તેઓ પણ સમ્યક્ યથાવસ્થિત વસ્તુના પ્રતિપાદનના અભિપ્રાયથી બોલતા નથી (તેથી સત્યભાષા નથી) વળી પરને ઠગવાની બુદ્ધિથી બોલતા નથી માટે મૃષાભાષા નથી, પરંતુ કુપિત પણ પરને મારવાની ઈચ્છાવાળા પણ આ રીતે જ બોલે છે=વસ્તુના પ્રતિપાદનના અભિપ્રાય વગર કે ઠગવાના અભિપ્રાય વગર સામાન્ય અભિપ્રાયથી જ બોલે છે તેથી તેઓને અસત્યામૃષા જ ભાષા છે, અને કુપિત એવા તેઓની ક્રોધનિઃસૃતભાષા અસત્ય જ થાય એમ ન કહેવું; કેમ કે અવ્યક્તપણાને કારણે=શિક્ષા, લબ્ધિ વગરના પંચેન્દ્રિયતિર્યંચોની ભાષાનું અવ્યક્તપણું હોવાને કારણે અનવધારણીયપણું છે અને વિલક્ષણ દલથી જન્યપણું છે=સત્યાદિ ત્રણ ભાષાઓમાં જે પ્રકારે ભાષા દલ છે તેના કરતાં વિલક્ષણ દલથી જન્યપણું છે એ પ્રમાણે જાણવું. વળી શિક્ષાલબ્ધિસહિત શુકસારિકાદિ અને અન્ય તિર્યંચો યથાયોગ્ય ચારે પણ ભાષા બોલે છે; કેમ કે શિક્ષા અને લબ્ધિ દ્વારા વ્યક્તભાષાની ઉત્પત્તિ છે. એ પ્રમાણે અવધારણ કરવું. ॥૮૧॥

**ભાવાર્થ :-**

**ચતુર્ગતિમાં ચારભાષાઓનું યોજન :-**

દેવ, નારક અને મનુષ્યોને સત્યાદિ ચારેય ભાષાઓ હોય છે, છતાં જેમ પંચેન્દ્રિય તિર્યંચોને અવ્યક્તભાષા હોય છે ત્યારે માત્ર અસત્યામૃષાભાષા હોય છે તેમ મનુષ્યમાં પણ અતિ બાળ અવસ્થામાં માત્ર અસત્યામૃષાભાષા હોવાની સંભાવના છે. જેનો અંતર્ભાવ પ્રાયઃ અનભિગૃહિતાભાષામાં હોવાનો સંભવ છે. વળી વિકલેન્દ્રિયોને રાગાદિ આકુળ ભાષા હોવા છતાં વ્યક્તભાષા નહિ હોવાથી અસત્યામૃષાભાષા છે. વળી શિક્ષાં લબ્ધિ રહિત એવા પંચેન્દ્રિયતિર્યંચો કોઈ ઉપર કુપિત થયેલા હોય ત્યારે ક્રોધને અભિવ્યક્ત કરે તેવા ઘુર ઘુર આદિ

ધ્વનિઓ કરે છે, છતાં તેઓની અવ્યક્તભાષા હોવાને કારણે તેઓનો અંતર્ભાવ અસત્યામૃષાભાષામાં જ થાય છે અને શિક્ષા લબ્ધિવાળા પંચેન્દ્રિય તિર્યંચો જે પ્રકારની તેઓની પટુતા હોય તેને અનુરૂપ સત્યાદિ ચારે ભાષા બોલે છે. **॥૮૧॥**

**અવતરણિકા :-**

**उक्ता द्रव्यभावभाषा । अथ श्रुतभावभाषामाह –**

**અવતરણિકાર્થ :-**

**દ્રવ્યભાવભાષા કહેવાઈ. હવે શ્રુતભાવભાષાને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૫માં ભાવભાષાના ત્રણ ભેદો છે તેમ બતાવ્યું. તેમાંથી દ્રવ્યભાવભાષાના ભેદોનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે ભાવભાષાના બીજા ભેદરૂપ શ્રુતભાવભાષાનું વર્ણન કરે છે.

**ગાથા :-**

**तिविहा सुअम्मि भासा सच्चा मोसा असच्चमोसा य ।**
**सम्मं उवउत्तस्स उ, सच्चा सम्मत्तजुत्तस्स ।।८२।।**

**છાયા :-**

**त्रिविधा श्रुते भाषा सत्या मृषाऽसत्यामृषा च ।**
**सम्यगुपयुक्तस्य तु सत्या सम्यक्त्वयुक्तस्य ।।८२।।**

**અન્વયાર્થ :-**

**सुअम्मि=શ્રુતમાં, भासा=ભાષા=ભાવભાષા, सच्चा=સત્યા, मोसा=મૃષા, य=અને, असच्चमोसा= અસત્યામૃષા, तिविहा=ત્રણ પ્રકારની છે. उ=વળી, सम्मत्तजुत्तस्स=સમ્યક્ત્વયુક્ત, सम्मं उवउत्तस्स=સમ્યગ્ ઉપયુક્તને, सच्चा=સત્યાભાષા છે. ।।૮૨।।**

**ગાથાર્થ :-**

**શ્રુતમાં ભાષા=ભાવભાષા, સત્યા, મૃષા, અસત્યામૃષા ત્રણ પ્રકારની છે. વળી સમ્યક્ત્વયુક્ત સમ્યગ્ ઉપયુક્તને સત્યાભાષા છે. ।।૮૨।।**

**ટીકા :-**

**भाषापदस्य प्रकरणमहिम्ना भावभाषापरत्वात् श्रुते=श्रुतविषया भावभाषा, त्रिविधा=त्रिप्रकारा भवति, तद्यथा सत्या, मृषा असत्यामृषा च, तत्र सम्यगुपयुक्तस्य=आगमानुसारेण यथावद्वदतः,**

**तुर्विशेषणे किं विशिनष्टि? बहुश्रुतत्वादिगुणं, सत्या=सत्यैव भवति, विशुद्धाशयत्वादिति भावः ।।८२।।**

**ટીકાર્થ :-**

भाषापदस्य ..... भावः ।। **ભાષાપદનું પ્રકરણના મહિમાથી ભાવભાષાપરપણું હોવાના કારણે શ્રુતમાં=શ્રુતવિષયક ભાવભાષા ત્રણ પ્રકારની છે તે આ પ્રમાણે સત્ય, મૃષા, અસત્યામૃષા, ત્યાં=શ્રુત-વિષયક ભાવભાષામાં, સમ્યગ્ ઉપયુક્તને=આગમાનુસાર યથાવદ્ બોલનારને, સત્યભાષા હોય છે એમ અન્વય છે.**

**'तु' શબ્દ વિશેષણ અર્થમાં છે.**

**શું વિશેષિત કરે છે ? એથી કહે છે –**

**બહુશ્રુતત્વાદિગુણવિશિષ્ટ સમ્યક્ત્વયુક્તને સત્ય જ=સત્યભાષા જ, હોય છે; કેમ કે વિશુદ્ધ આશયપણું છે એ પ્રકારનો ભાવ છે. ।।૮૨।।**

❖ "बहुश्रुतत्वादिगुणं" ટીકામાં પાઠ છે તે સ્થાને "बहुश्रुतत्वादिगुणविशिष्टस्य सम्यक्त्वयुक्तस्य" પાઠ મૂળ ગાથા પ્રમાણે સંભવે છે, ટીકામાં પાઠ અશુદ્ધ જણાય છે.

**ભાવાર્થ :-**

**શ્રુતભાવભાષા :-**

શ્રુતજ્ઞાનને અવલંબીને બોધ કરાવાને અનુકૂળ પ્રવર્તતી ભાષા તે શ્રુતભાવભાષા છે. તે ભાષાના ત્રણ ભેદ પ્રાપ્ત થાય છે. સત્યશ્રુતભાવભાષા, મૃષાશ્રુતભાવભાષા, અને અસત્યામૃષાશ્રુતભાવભાષા.

મિશ્રભાષાના ભેદની પ્રાપ્તિ શ્રુતભાવભાષામાં નથી. કેમ નથી ? તેની વિશેષ ચર્ચા પ્રતિમાશતક શ્લોક-૮૯ની ટીકામાં કરાયેલા અમારા વિવેચનથી જાણવી.

**(૧) સત્યશ્રુતભાવભાષા :-**

જે મહાત્મા સમ્યગ્દષ્ટિ છે, શાસ્ત્રાધ્યયન કરીને બહુશ્રુતત્વાદિ ગુણથી યુક્ત છે અર્થાત્ બહુશ્રુત છે, ગંભીર છે, સૂક્ષ્મ અર્થના પરિજ્ઞાનવાળા છે એવા સમ્યગ્દષ્ટિ જીવો આગમઅનુસાર યથાર્થ પદાર્થનું સ્થાપન કરતા હોય ત્યારે તેમનાથી બોલાયેલી ભાષા સત્યશ્રુતભાવભાષા હોય છે; કેમ કે તેઓ જિનવચનાનુસાર તત્ત્વનું સ્થાપન કરીને સ્વપરનું હિત કરવાને અનુકૂળ વિશુદ્ધ આશયવાળા છે.

આ કથનથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ બહુશ્રુતાદિ ગુણવાળા ન હોય તો પ્રાયઃ શ્રુતવિષયક શાસ્ત્રવચનોનું કથન કોઈને કરે નહિ; કેમ કે બહુશ્રુત નહિ હોવાથી વિપરીત કહેવાનો પ્રસંગ આવે અને ક્વચિત્ પ્રમાદને વશ બહુશ્રુત નહિ હોવા છતાં શાસ્ત્રવચનવિષયક કંઈક કહે ત્યારે અસત્યભાષાની પણ પ્રાપ્તિ થવાની સંભાવના રહે છે.

વળી કોઈ મહાત્મા સમ્યગ્દૃષ્ટિ હોય, બહુશ્રુતાદિ ગુણથી યુક્ત હોય આમ છતાં આગમાનુસાર અત્યંત ઉપયોગ વગર બોલે ત્યારે પણ શ્રુતને આશ્રયીને અન્ય ભાષાની પ્રાપ્તિ થવાની સંભાવના રહે છે. આથી જ પ્રતિમાશતકમાં કહેલ છે કે સમ્યગ્દૃષ્ટિ એવા ઇન્દ્રો પણ સભામાં બોલતી વખતે મુખ પાસે હસ્તાદિને રાખીને બોલે છે ત્યારે નિરવદ્યભાષા બોલે છે, અન્યથા સાવદ્યભાષા પણ બોલે છે, તેથી બહુશ્રુત, સમ્યગ્દૃષ્ટિ એવા ઇન્દ્રો સમ્યગ્ ઉપયોગપૂર્વક બોલે છે ત્યારે વિશુદ્ધ આશયવાળા હોવાથી શ્રુતને આશ્રયીને સત્યભાષા બોલે છે. **॥૮૨॥**

**અવતરણિકા :-**

**अस्तु सम्यग्दृष्टेरुपयुक्तस्य सत्या, असत्या तु कस्येत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિને સત્યભાષા હો, વળી અસત્યભાષા કોને છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**होइ असच्चा भासा, तस्सेव य अणुवउत्तभावेणं ।**
**मिच्छत्ताविट्ठस्स व, अवितहपरिणामरहिअस्स ।।८३।।**

**છાયા :-**

भवत्यसत्याभाषा तस्यैव चानुपयुक्तभावेन ।
मिथ्यात्वाविष्टस्य वाऽवितथपरिणामरहितस्य ।।८३।।

**અન્વયાર્થ :-**

**य=અને, अणुवउत्तभावेणं तस्सेव=અનુપયુક્તભાવથી તેને જ=અનુપયુક્તભાવથી બોલતા એવા સમ્યગ્દૃષ્ટિને જ, असच्चा भासा=અસત્યભાષા, होइ=છે, व=અથવા, अवितहपरिणामरहिअस्स=અવિતથ-પરિણામરહિત, मिच्छत्ताविट्ठस्स=મિથ્યાત્વથી આવિષ્ટની ભાષા-અસત્યભાષા છે. ।।૮૩।।**

**ગાથાર્થ :-**

**અનુપયુક્તભાવથી તેને જ=અનુપયુક્તભાવથી બોલતા એવા સમ્યગ્દૃષ્ટિને જ, અસત્યભાષા છે અથવા અવિતથપરિણામરહિત મિથ્યાત્વથી આવિષ્ટની ભાષા અસત્યભાષા છે. ।।૮૩।।**

**ટીકા :-**

**तस्यैव च=सम्यग्दृष्टेः अनुपयुक्तभावेन वदतः श्रुतविषयिणी असत्या भावभाषा भवति, अथोपयुक्तानां भाषा भावभाषेति पूर्वं प्रतिज्ञानाद् अनुपयुक्तानां तदभिधाने कथं न पूर्वापरविरोधः ? इति चेत् न तत्राभिलापजनकविवक्षारूपोपयोगस्यैव ग्रहणाद् अत्र च हेत्वाद्युपयोगाभावस्य ग्रहणेनाऽ-**

**विरोधात् सर्वथानुपयोगे तूष्णीम्भावप्रसङ्गात्, हेत्वाद्यनुपयोगे कथमहेतुकं वदेदिति चेत् ? विपरीतव्युत्पत्तेरिति गृहाण ।**

***वा=अथवा, अवितथपरिणामरहितस्य=सम्यक्श्रुतपरिणामविकलस्य, मिथ्यात्वाविष्टस्य=*उपयुक्तस्याऽनुपयुक्तस्य वा सर्वाऽपि श्रुतगोचरा भाषा असत्या, उन्मत्तवचनवत्तद्वचनस्य घुणाक्षरन्यायेनाऽऽपाततः संवादेऽपि प्रमाणत्वेनाऽव्यवहारात् ।**

**कथं तर्हि श्रुते अवतरत्येषा, तज्ज्ञानस्य सदसदविशेषादिहेतुनाऽज्ञानत्वादिति ? सत्यम्, अविशेषितश्रुतपदेनोभयोपग्रहात्, विशेषितस्यैव प्रातिस्विकरूपानुप्रवेशेनाभिलापादिति दिग् ।**

**तदिदमाह भगवान् भद्रबाहुः –**

"सम्मद्दिट्ठी उ सुअंमि अणुवउत्तो अहेउअं चेव ।

जं भासइ सा मोसा, मिच्छद्दिट्ठी वि य तहेव ।।" **त्ति । (दश. नि. गा. २८०)**

**अहेतुकं-'तन्तुभ्यः पट एव भवती'त्यादि ।।८३।।**

**ટીકાર્થ :-**

**तस्यैव ..... भवतीत्यादि ।। અનુપયુક્તભાવથી બોલતા તેને જ=સમ્યગ્દૃષ્ટિને જ, શ્રુતવિષયિણી અસત્યભાવભાષા થાય છે.**

'अथ'થી શંકા કરે છે –

**ઉપયુક્તની ભાષા ભાવભાષા છે એ પ્રમાણે પૂર્વમાં પ્રતિજ્ઞાત હોવાથી=ગાથા-૧૩માં ગ્રંથકારશ્રી વડે કહેવાયેલ હોવાથી અનુપયુક્તને તેના અભિધાનમાં=અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિને અસત્યભાવભાષા છે એ પ્રકારના કથનમાં કેમ પૂર્વાપરવિરોધ નહિ થાય ? એ પ્રમાણે શંકા કરનાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે ત્યાં=ગાથા ૧૩માં, અભિલાપજનક વિવક્ષારૂપ ઉપયોગનું જ ગ્રહણ છે અને અહીં હેતુ આદિના ઉપયોગના અભાવનું ગ્રહણ હોવાથી અવિરોધ છે.**

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિની શ્રુતવિષયિણી અસત્યભાષા ભાવભાષા નથી એમ સ્વીકારીયે તો શું વાંધો ? તેથી કહે છે –

**સર્વથા અનુપયોગ હોતે છતે તૂષ્ણીભાવનો જ પ્રસંગ છે (તેથી સમ્યગ્દૃષ્ટિની અસત્યભાષા પણ અભિલાપજનક વિવક્ષારૂપ ઉપયોગવાળી હોવા છતાં હેતુ આદિના ઉપયોગના અભાવવાળી હોવાથી અસત્યભાવભાષા છે) હેતુ આદિના અનુપયોગમાં કેમ અહેતુક બોલે=સમ્યગ્દૃષ્ટિ જીવ બોલે ? એથી કહે છે –**

**વિપરીત વ્યુત્પત્તિ હોવાથી=વિપરીત પ્રકારે યોજન થયેલું હોવાથી અહેતુક બોલે એ પ્રમાણે તું**

**ગ્રહણ કર, અથવા અવિતથ પરિણામ રહિત મિથ્યાત્વથી આવિષ્ટને=સમ્યગ્શ્રુતપરિણામ વિકલ ઉપયુક્ત અથવા અનુપયુક્ત એવા મિથ્યાત્વથી આવિષ્ટને સર્વ પણ શ્રુતવિષયક ભાષા અસત્ય છે; કેમ કે ઉન્મત્તના વચનની જેમ તેના વચનનું=મિથ્યાત્વથી આવિષ્ટ પુરુષના વચનનું, ઘુણાક્ષર ન્યાયથી આપાતથી સંવાદમાં પણ=આપાતથી યથાર્થ વચનમાં પણ, પ્રમાણપણાથી અવ્યવહાર છે.**

**અહીં પ્રશ્ન થાય કે મિથ્યાત્વથી આવિષ્ટ અવિતથ પરિણામથી રહિત પુરુષ વડે બોલાયેલી સર્વ ભાષા અસત્ય હોય તો તે ભાષાનો શ્રુતજ્ઞાનમાં કેવી રીતે અવતાર થાય ? અર્થાત્ શ્રુતજ્ઞાનમાં તેનો અવતાર થવો જોઈએ નહિ; કેમ કે તેના જ્ઞાનનું સદ્, અસદ્ અવિશેષાદિ હેતુથી અજ્ઞાનપણું છે. એ પ્રમાણે કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે –**

**તારી વાત સત્ય છે=તેનું મિથ્યાજ્ઞાન હોવાથી સમ્યક્શ્રુતમાં અવતાર પામે નહિ એ વચન સત્ય છે.**

તો પછી કેમ શ્રુતજ્ઞાનમાં તેનો અવતાર કર્યો છે ? તેમાં હેતુ કહે છે –

**અવિશેષિત શ્રુતપદથી=સમ્યક્ અને મિથ્યા એ રૂપ વિશેષણ રહિત એવા અવિશેષિત શ્રુતપદથી ઉભયનું ગ્રહણ છે=સમ્યગ્શ્રુત અને મિથ્યાશ્રુત ઉભયનું ગ્રહણ છે.**

કેમ શ્રુત શબ્દથી સમ્યગ્શ્રુત અને મિથ્યાશ્રુત ઉભયનું ગ્રહણ છે ? તેમાં હેતુ કહે છે –

**વિશેષિતનું જ પ્રાતિસ્વિકરૂપના અનુપ્રવેશથી અભિલાપ છે=સમ્યક્ એ પ્રકારના કે મિથ્યા એ પ્રકારના વિશેષણથી વિશેષિત જ એવા શ્રુતજ્ઞાનનું સમ્યગ્શ્રુત અને મિથ્યાશ્રુત સ્વરૂપ પ્રાતિસ્વિકરૂપ અનુપ્રવેશથી શાસ્ત્રમાં અભિલાપ છે એ પ્રમાણે દિશાસૂચન છે.**

**તે આ=ગાથામાં જે કહ્યું તે આ, ભગવાન ભદ્રબાહુસ્વામી કહે છે –**

"સમ્યગ્દૃષ્ટિ શ્રુતમાં અનુપયુક્ત અહેતુક જે બોલે છે તે મૃષા ભાષા છે. મિથ્યાદૃષ્ટિ પણ તે પ્રમાણે જ=સમ્યગ્દૃષ્ટિની જેમ અહેતુક જ બોલે છે તે મૃષાભાષા છે." **(દશવૈકાલિકનિર્યુક્તિ ગાથા-૨૮૦)**

અહેતુક શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**અહેતુક તંતુથી પટ જ થાય છે એ છે. ॥૮૩॥**

**ભાવાર્થ :-**

**(૨) મૃષાશ્રુતભાવભાષા :-**

ગાથા-૮૨માં કહેલ કે બહુશ્રુતત્વાદિ ગુણથી વિશિષ્ટ સમ્યક્ત્વથી યુક્ત ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિ જે શ્રુતવિષયક ભાષા બોલે તે સત્યભાષા છે.

તેથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિ બહુશ્રુત હોય અને શ્રુતવિષયક કાંઈક કથન કરતો હોય ત્યારે પણ સ્યાદ્વાદના પ્રતિસંધાનરૂપ ઉપયોગ ન વર્તતો હોય તો પદાર્થના નિરૂપણનો ઉપયોગ હોવા છતાં જિનવચનાનુસાર શ્રુતનો ઉપયોગ નથી તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રુતવિષયક જે ભાષા કહે તે આપાતથી સત્ય જણાતી હોય તોપણ અપેક્ષાભેદથી કહેવાયેલ તે વચન નહિ હોવાથી અસત્યભાષા જ બને છે. જેમ દ્રવ્યાવચ્છેદકથી

આત્મા નિત્ય છે અને પર્યાયાવચ્છેદકથી આત્મા અનિત્ય છે તેથી જે સમ્યગ્દૃષ્ટિજીવ ઉપયોગપૂર્વક બોલે છે તેને દ્રવ્યાવચ્છેદકથી નિત્ય જ ભાસે છે તેથી તે "આત્મા કથંચિત્ નિત્ય છે" એમ કહે છે. તે રીતે કોઈક સમ્યગ્દૃષ્ટિને તે પ્રકારનો ઉપયોગ ન હોય તેથી તેને ઉપસ્થિત થાય કે તંતુથી ઘટ થતો નથી પરંતુ પટ જ થાય છે તે ઉપયોગને સામે રાખીને બોલે છે કે તંતુથી પટ જ થાય છે. વસ્તુતઃ તંતુથી જેમ પટ થાય છે તેમ તંતુથી તંતુનું જ્ઞાન થાય છે, સુંદર તંતુને જોઈને રાગ થાય છે, અસુંદર તંતુને જોઈને દ્વેષ થાય છે, તેથી બહુશ્રુતત્વાદિ ગુણયુક્ત સમ્યગ્દૃષ્ટિ ઉપયુક્ત થઈને કહે કે તંતુથી પટ થાય છે. ત્યાં પણ જેટલાં કાર્યો તંતુથી થતાં હોય તેને સામાન્યથી ઉપસ્થિત કરીને તે તે ધર્મના અવચ્છેદક વડે 'तन्तुभ्यः पटः'=તંતુઓથી પટ થાય એમ કહે છે, ત્યારે પટના કારણ તરીકે અવચ્છેદકધર્મથી જ તેનું વચન બોલાયેલું હોવાથી સ્યાદ્વાદના ઉપયોગવાળું તે વચન બને છે તેથી તેનું વચન સત્ય વચન બને છે.

વળી ક્યારેક સ્યાદ્વાદની મર્યાદાની ઉપસ્થિતિ વગર તે સમ્યગ્દૃષ્ટિ વચનપ્રયોગ કરે ત્યારે તેની શ્રુતવિષયક ભાવભાષા અસત્યભાષા બને છે; કેમ કે ભગવાનના વચનના નિયંત્રણપૂર્વકનો ઉપયોગ નહિ હોવાથી વિપરીત બોધથી બોલાયેલી તે ભાષા છે તેથી પ્રાયઃ શ્રોતાને પણ વિપરીત બોધનું કારણ બને છે.

ગાથા-૧૩માં ગ્રંથકારશ્રીએ કહેલું કે ઉપયુક્ત બોલનારની ભાષા ભાવભાષા હોય છે અને પ્રસ્તુત ગાથામાં કહ્યું કે અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિની શ્રુતવિષયક અસત્ય ભાવભાષા છે તેથી સ્થૂલ દૃષ્ટિથી તે બે વચનોનો વિરોધ જણાય છે; કેમ કે ઉપયુક્તની ભાવભાષા કહ્યા પછી અનુપયુક્તની અસત્યશ્રુતભાવભાષા છે તેમ કહી શકાય નહિ; કેમ કે ભાવભાષાનો અભાવ છે. તેના સમાધાનરૂપે કહે છે –

ગાથા-૧૩માં ઉપયોગનો અર્થ ભિન્ન પ્રકારનો છે અને પ્રસ્તુતમાં ઉપયોગનો અર્થ ભિન્ન પ્રકારનો છે માટે વિરોધ નથી.

ગાથા-૧૩માં કેવા પ્રકારનો ઉપયોગ ગ્રહણ કરેલ છે ? તે સ્પષ્ટ કરે છે –

અભિલાપજનક વિવક્ષારૂપ ઉપયોગનું ગાથા-૧૩માં ગ્રહણ છે તેથી કોઈકને કહેવાના ઉપયોગથી બોલાતી હોય તે ભાષા ઉપયોગવાળી હોવાથી ભાવભાષા કહેવાય છે અને અહીં સમ્યગ્દૃષ્ટિ જીવ કોઈકને કહેવાના અભિપ્રાયથી જ ઉપયોગપૂર્વક બોલતો હોય તે અપેક્ષાએ તે ભાવભાષા છે. આમ છતાં શ્રુતવિષયક સ્યાદ્વાદની મર્યાદાનો ઉપયોગ ન હોય તો તે સમ્યગ્દૃષ્ટિ જીવ જે વચન બોલે છે તે વચનના હેતુ, સંદર્ભો વગેરે સ્યાદ્વાદની મર્યાદા અનુસાર શુદ્ધ છે કે નહિ તેનો ઉપયોગ નહિ હોવાથી સ્યાદ્વાદની મર્યાદાને આશ્રયીને અનુપયોગવાળી તેની ભાષા બને તેથી તે ભાષા અસત્ય બને છે.

વળી કોઈપણ ભાષા બોલતી વખતે કોઈ પ્રકારનો ઉપયોગ ન હોય તો તૂષ્ણીભાવનો જ પ્રસંગ છે તેથી કોઈકને બોધ કરાવવા અર્થે જે ભાષા બોલાય છે તે ભાવભાષા જ છે, ફક્ત સમ્યગ્શ્રુતની મર્યાદા અનુસાર સ્યાદ્વાદનો અનુપયોગ હોવાને કારણે તે ભાષા અસત્યભાષા બને છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિજીવને હેતુ આદિની ઉપસ્થિતિ ન હોય તો કઈ રીતે અહેતુક બોલે ? અર્થાત્ જેને જે વસ્તુનું જ્ઞાન ન હોય તેના વિષયમાં તે કહી શકે નહિ. જેમ ઘટને જોઈને ઘટ શેનાથી ઉત્પન્ન

થયો છે તેનું જ્ઞાન જેને નથી તે દંડથી ઘટ થાય છે તેમ કહી શકે નહિ તેમ સમ્યગ્દૃષ્ટિને પણ હેતુની ઉપસ્થિતિ ન હોય તો અહેતુક કઈ રીતે કહી શકે ? એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

વિપરીત વ્યુત્પત્તિને કારણે અહેતુક બોલે. જેમ અનંત સંસારનું કારણ શું છે ? તે વિષયમાં તેને વિપરીત બોધ થયેલો હોય તો વિપરીત હેતુક અનંત સંસાર થાય છે તે પ્રકારે તે પ્રયોગ કરે. સ્યાદ્વાદની મર્યાદાથી જેને ઉત્સૂત્ર આદિથી થતા અનંતસંસારનું પણ જે જે અવચ્છેદક ધર્મ છે એનો યથાર્થ બોધ થયેલો હોય છે તેઓ તે તે ધર્મના અવચ્છેદકથી ઉત્સૂત્ર બોલનાર પણ કેટલાક અનંતસંસાર અર્જન કરે છે, કેટલાક સંખ્યાત, અસંખ્યાત સંસાર અર્જન કરે છે તે સર્વ અવચ્છેદક ધર્મનો યથાર્થ વિનિયોગ કરીને કહે છે તેઓની તે ભાષા સત્યભાષા થાય છે, પરંતુ મતિની દુર્બલતાને કારણે કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવને કોઈક સ્થાનમાં વિપરીત વ્યુત્પત્તિ થયેલી હોય તો અહેતુક પણ બોલે ત્યારે તેને અસત્યભાષાની પ્રાપ્તિ થાય છે.

વળી જેમ સમ્યગ્દૃષ્ટિને શ્રુતવિષયક અસત્યભાષાની પ્રાપ્તિ છે તેમ મિથ્યાત્વથી આવિષ્ટ જીવોને પણ અસત્યભાષાની પ્રાપ્તિ છે તે 'अथवा'થી બતાવે છે –

અથવા જેઓ શ્રુત ભણેલા છે તોપણ સ્યાદ્વાદની મર્યાદા અનુસાર ઉચિત સ્થાને ઉચિત વિનિયોગ કરવા માટે સમર્થ નથી તેથી સમ્યગ્શ્રુતપરિણામથી વિકલ છે, છતાં તત્ત્વને જાણવા માટે સમ્યક્ નિર્ણય કરવાને બદલે સ્વરુચિ અનુસાર બોલવાના પરિણામરૂપ મિથ્યાત્વથી આવિષ્ટ છે તેઓ શ્રુતના ઉપયોગમાં ઉપયુક્ત થઈને બોલતા હોય ત્યારે કોઈક સ્થાનમાં તેમનું વચન શ્રુતાનુસારી હોવા છતાં શ્રુતવિષયક તેમનું વચન અસત્યભાષા છે. અને અનુપયુક્ત બોલતા હોય ત્યારે પણ તેઓની શ્રુતવિષયકભાષા અસત્ય છે; કેમ કે કોઈ ઉન્મત્ત પુરુષ પટને ઘટ કહે અને ઘટને પટ કહે છતાં ક્યારેક ઘટને ઘટ પણ કહે ત્યારે તેનું વચન આપાતથી સત્ય હોવા છતાં પણ પ્રમાણભૂત કહેવાતું નથી; કેમ કે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોઈને તે પુરુષ બોલતો નથી પરંતુ તે પુરુષ જે રીતે તેને વિકલ્પો ઊઠે તે રીતે બોલે છે તેથી મિથ્યાત્વથી આવિષ્ટ અને પદાર્થના યથાર્થ નિર્ણયને અભિમુખ જેનો પરિણામ નથી તેઓની સર્વભાષા અસત્યભાષા છે.

આ કથનથી અર્થથી એ પ્રાપ્ત થાય કે અન્ય દર્શનવાળા ભદ્રકપ્રકૃતિજીવો સમ્યક્ત્વ ન પામ્યા હોય છતાં તત્ત્વના પક્ષપાતી હોય અને તત્ત્વને યથાર્થ જોઈને તેઓ જે યથાર્થ કથન કરે છે તે વખતે મિથ્યાત્વથી આવિષ્ટ મતિ નથી પરંતુ તત્ત્વને જોવાની અભિમુખ માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રવર્તે છે એથી તેઓનું વચન સત્યભાષામાં જ અંતર્ભાવ પામશે. જેમ પતંજલિઋષિએ કહ્યું છે કે આગમથી, અનુમાનથી અને યોગના અભ્યાસથી યોગીઓને ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે તે વચન ઉત્તમ તત્ત્વને કહેનાર હોવાથી પૂ. હરિભદ્રસૂરિ આદિ મહાત્માઓ વડે પણ મહાત્મા એવા પતંજલિઋષિ વડે કહેવાયું છે એમ કહીને તેમનું વચન સત્યરૂપે સ્થાપન કરેલ છે. એ રીતે ભગવાનના શાસનમાં રહેલા પણ સમ્યક્ત્વને સન્મુખ પરિણામવાળા સમ્યક્ત્વ પામ્યા ન હોય તોપણ તત્ત્વને જોનાર નિર્મળ દૃષ્ટિથી યથાર્થ તત્ત્વને જે અંશથી કહે છે તેઓનું તે વચન સત્યમાં જ અંતર્ભાવ પામે છે.

વળી તેવા ભદ્રકપ્રકૃતિવાળા જીવો પણ મિથ્યાત્વથી આવિષ્ટ પરિણામવાળા થઈ સમ્યગ્શ્રુતપરિણામથી વિકલ યુક્તિ રહિત જે કાંઈ વચન કહે છે તે અસત્ય વચન જ છે. જેમ પતંજલિઋષિ આદિ આત્માને એકાંત નિત્ય સ્થાપન કરવા અર્થે અને આત્માને એકાંત નિત્ય સ્થાપન કરીને દ્રષ્ટવ્યવસ્થા સંગત કરવા અર્થે જે કાંઈ યુક્તિઓ બતાવે છે તે સર્વ પોતાના મિથ્યાદર્શનની કુવાસનાથી આવિષ્ટ થઈને કહે છે તેથી તે વચનો અસત્ય વચનો જ છે. જેની વિશેષ ચર્ચા ગ્રંથકારશ્રીએ સ્વયં પાતંજલયોગદર્શન નામની બત્રીશીમાં કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે મિથ્યાત્વ આવિષ્ટ અવિતથ પરિણામરહિત જીવોનું સર્વ વચન અસત્ય હોય તો શ્રુતજ્ઞાનમાં તેનો અવતાર કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે સદ્ અસદ્ અવિશેષાદિ હેતુને કારણે તેઓનું જ્ઞાન અજ્ઞાનરૂપ છે માટે શ્રુતજ્ઞાનમાં તેની ગણના થાય નહિ તેને ગ્રંથકારશ્રી કહે છે –

શંકાકારનું કથન સત્ય છે; કેમ કે શ્રુતજ્ઞાનથી વાચ્ય સમ્યગ્શ્રુતજ્ઞાન ગ્રહણ કરીએ તો મિથ્યા આવિષ્ટ અવિતથ પરિણામ રહિત જીવોથી બોલાયેલી ભાષાને શ્રુતજ્ઞાનમાં ગ્રહણ કરી શકાય નહિ. તોપણ સમ્યક્ અને મિથ્યા એ પ્રકારના ભેદવગર શ્રુતશબ્દથી ઉભયશ્રુતનું ગ્રહણ છે=સમ્યગ્શ્રુતનું અને મિથ્યાશ્રુતનું ગ્રહણ છે તેથી શ્રુતશબ્દથી જેઓ મિથ્યાવિષ્ટ મતિવાળા બોલે છે તેઓની ભાષા અસત્યભાષા છે તેમ કહેવામાં કોઈ વિરોધ નથી અને સમ્યક્ એ વિશેષણથી વિશેષિત અથવા મિથ્યા એ પ્રકારના વિશેષણથી વિશેષિત એવા શ્રુતજ્ઞાનને પ્રાતિસ્વિકરૂપ અનુપ્રવેશથી અહીં અભિલાપ છે તેથી જેઓ સત્યભાષા બોલે છે તેઓનું સમ્યગ્શ્રુત છે અને જેઓ અસત્યભાષા બોલે છે તેઓનું મિથ્યાશ્રુત છે. તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ પણ શ્રુતના ઉપયોગ વગર બોલે તો તેનું વચન મિથ્યાશ્રુતરૂપ છે અને મિથ્યાદૃષ્ટિ પણ તત્ત્વને સન્મુખ પરિણામવાળા હોય અને તત્ત્વને જ તત્ત્વરૂપે જોઈને પ્રરૂપણા કરતા હોય ત્યારે તેઓનો વચનપ્રયોગ સમ્યગ્શ્રુત બને છે અને મિથ્યાત્વથી આવિષ્ટ મતિવાળા તત્ત્વને જોવામાં અભિમુખ પરિણામવાળા નથી ત્યારે ઉન્મત્તની જેમ બોલે છે, છતાં ઘુણાક્ષરન્યાયથી કોઈક સત્યવચન બોલાય તોપણ તત્ત્વને અભિમુખ ઉપયોગ નહિ હોવાથી તેઓનું આપાતથી સત્ય પણ વચન અસત્ય છે. આથી જ મિથ્યાત્વથી આવિષ્ટ જમાલી આદિનાં સર્વ વચનો અસત્યવચન જ છે.

ગાથામાં ગ્રંથકારશ્રીએ જે અસત્યભાષાનું કથન કર્યું તે દશવૈકાલિકનિર્યુક્તિ અનુસાર છે. તે કથન આ પ્રમાણે છે –

સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રુતમાં અનુપયુક્ત બોલે છે ત્યારે સ્યાદ્વાદની મર્યાદાની સ્પષ્ટ ઉપસ્થિતિ નહીં હોવાથી અહેતુક બોલે છે તે તેનું અસત્યવચન છે જેમ સ્થૂલથી તેને ઉપસ્થિતિ થાય કે તંતુથી પટ જ થાય છે ઘટ થતો નથી અને સ્યાદ્વાદની મર્યાદાનો બોધ ઉપસ્થિત ન હોય અને કહે કે તંતુથી પટ જ થાય છે તે વચન તેનું અસત્ય છે; કેમ કે તંતુથી જેમ પટ થાય છે તેમ તંતુને જોઈને મધ્યસ્થ જોનારને તંતુનું જ્ઞાન થાય છે. સુંદર તંતુને જોઈને રાગાવિષ્ટને તંતુથી રાગ થાય છે. અસુંદર તંતુને જોઈને દ્વેષાવિષ્ટને

તંતુથી દ્વેષ થાય છે તેથી તંતુની કારણતાના અવચ્છેદકના યથાર્થ જ્ઞાન વગર એકાંતે તંતુથી પટ જ થાય છે તેમ કહેવું તે અસત્યભાષા છે.

વળી મિથ્યાદૃષ્ટિ જે કાંઈ બોલે છે તે સર્વ વિપર્યાસથી યુક્ત હોવાને કારણે અસત્યભાષા જ છે. ॥૮૩॥

**અવતરણિકા :-**

**अथाऽसत्यामृषा श्रुतभावभाषा कस्य ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે અસત્યામૃષાશ્રુતભાવભાષા કોને હોય છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**उवरिल्ले नाणतिगे उववुत्तो जं च भासइ सुअंमि ।**
**सा खलु असच्चमोसा जं बाहुल्लेण सा सुत्ते ।।८४।।**

**છાયા :-**

उपरितने ज्ञानत्रिके उपयुक्तो यच्च भाषते श्रुते ।
सा खल्वसत्यामृषा यद् बाहुल्येन सा सूत्रे ।।८४।।

**અન્વયાર્થ :-**

उवरिल्ले नाणतिगे=ઉપરિતન જ્ઞાનત્રિકમાં=અવધિ આદિ ત્રણ જ્ઞાનમાં, च=અને, सुअंमि=શ્રુતમાં, उववुत्तो=ઉપયુક્ત, जं=જે, भासइ=બોલે છે. सा=તે, खलु=ખરેખર, असच्चमोसा=અસત્યામૃષાભાષા છે, जं=જે કારણથી, सुत्ते=શ્રુતમાં, बाहुल्लेण=બાહુલ્યથી, सा=તે છે=અસત્યામૃષાભાષા છે. ।।૮૪।।

**ગાથાર્થ :-**

**ઉપરિતન જ્ઞાનત્રિકમાં=અવધિ આદિ ત્રણ જ્ઞાનમાં, અને શ્રુતમાં ઉપયુક્ત જે બોલે છે. તે ખરેખર અસત્યામૃષાભાષા છે જે કારણથી શ્રુતમાં બાહુલ્યથી તે છે=અસત્યામૃષાભાષા છે. ।।૮૪।।**

**ટીકા :-**

**यत् श्रुते परावर्त्तनादि कुर्वन्, उपयुक्तो भाषते एषाऽसत्यामृषा यद्=यस्मात्कारणात्, सूत्रे= सिद्धान्ते, बाहुल्येन=प्रायः, सा=आमन्त्रण्यादिरूपा, असत्यामृषैवास्तीति, चः=पुनः, उपरितने ज्ञानत्रिके अवधिमनःपर्यायकेवलज्ञानलक्षणे, प्रत्येकं प्रत्येकमुपयुक्तो यद्भाषते साऽप्यसत्यामृषा, आमन्त्रण्यादि-वत्तथाविधाध्यवसायप्रवृत्तेरिति सम्प्रदायः ।**

**ननु श्रुतभावभाषायां निरूपणीयायां न ज्ञानत्रिकस्याऽवसरः केवलज्ञानस्य श्रुतज्ञाननाशं विनाऽनुत्पादादिति चेत् ? सत्यम् द्रव्यश्रुतं प्रतीत्य भावभाषायाः केवलज्ञानेऽपि सम्भवात् । तदुक्तम् –**

"केवलनाणेणत्थे णाउं जे तत्थ पन्नवणजोग्गे ।

ते भासइ तित्थयरो वइजोग सुअं हवइ सेसं ।।" **त्ति ।(आ. नि. गा. ७८)**

**प्रसङ्गाच्चैतदभिधानमिति ध्येयम् ।।८४।।**

**ટીકાર્થ :-**

**यत् ..... ध्येयम् ।। શ્રુત વિષયક પરાવર્તનાદિ કરતો ઉપયુક્ત જે બોલે છે=અંતર્જલ્પાકારરૂપે બોલે છે, એ અસત્યામૃષાભાષા છે. જે કારણથી શ્રુતમાં=સિદ્ધાન્તમાં, બાહુલ્યથી=પ્રાયઃ તે=આમંત્રણી આદિરૂપ અસત્યામૃષા જ છે. વળી ઉપરિતન જ્ઞાનત્રિકમાં=અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાનલક્ષણ જ્ઞાનત્રિકમાં, પ્રત્યેક પ્રત્યેક ઉપયુક્ત=ત્રણેમાંથી કોઈ પણ ભાષામાં ઉપયુક્ત જે બોલે છે તે પણ અસત્યામૃષાભાષા છે; કેમ કે આમંત્રણ આદિની જેમ તેવા પ્રકારના અધ્યવસાયની પ્રવૃત્તિ છે=આમંત્રણ આદિમાં જેમ ઉચિત પ્રવૃત્તિ કરાવવા વિષયક બોધ કરાવવા અર્થે બોલાય છે તેવા પ્રકારના અધ્યવસાયથી અવધિ જ્ઞાનાદિથી બોલાતી ભાષામાં પ્રવૃત્તિ છે એ પ્રકારે સંપ્રદાય છે.**

**'ननु'થી શંકા કરે છે – શ્રુતભાવભાષા નિરૂપણીય હોતે છતે જ્ઞાનત્રિકનો અવસર નથી=અવધિજ્ઞાન આદિ ત્રણજ્ઞાનથી બોલાતી ભાષામાં અસત્યામૃષાભાથા કહેવાનો અવસર નથી; કેમ કે કેવળજ્ઞાનનું શ્રુતજ્ઞાનના નાશ વિના અનુત્પાદ છે. એ પ્રમાણે શંકા કરનાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત સાચી છે.**

**દ્રવ્યશ્રુતને આશ્રયીને=કેવલીથી બોલાયેલી ભાષામાં ભાવશ્રુતના કારણભૂત એવું જે દ્રવ્યશ્રુતપણું છે તેને આશ્રયીને, ભાવભાષાનો કેવલજ્ઞાનમાં પણ સંભવ છે. તે કહેવાયું છે=કેવલીને દ્રવ્યશ્રુતને આશ્રયીને ભાવભાષા હોય છે તે કહેવાયું છે –**

"કેવળજ્ઞાનથી અર્થને જાણીને જે ત્યાં=પોતાના જ્ઞાનભૂત વિષયના પદાર્થમાં, પ્રજ્ઞાપના યોગ્ય છે. તેને તીર્થંકર બોલે તે વાગ્યોગ=તીર્થંકરનો વાગ્યોગ, શેષશ્રુત છે=અપ્રધાન દ્રવ્યશ્રુત છે." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૭૮)**

**પ્રસંગથી આનું અભિધાન છે=શ્રુતવિષયક અસત્યામૃષાભાષા કહેવાનો પ્રસંગ હોવાથી અવિધિ આદિ ત્રણ જ્ઞાનથી બોલાયેલી ભાષાનું અસત્યામૃષાભાવભાષા કહેવાનું અભિધાન છે, એ પ્રમાણે જાણવું. ।।૮૪।।**

**ભાવાર્થ :-**

**અસત્યામૃષાભાવભાષા તથા તેના સ્વામી : અવધિજ્ઞાન આદિ ત્રણ યુક્ત અને શ્રુતજ્ઞાની :-**

સિદ્ધાન્તમાં બાહુલ્યથી આમંત્રણી આદિરૂપ અસત્યામૃષાભાષા છે તેથી જે મહાત્મા શ્રુતજ્ઞાનમાં ઉપયુક્ત

થઈને શાસ્ત્રવચનોનું પરાવર્તન કરે છે તે ભાષા અસત્યામૃષા છે; કેમ કે સત્યભાષા પદાર્થની યથાર્થ પ્રરૂપણારૂપ છે જ્યારે આજ્ઞાપની આદિ ભાષા જેમ ગુરુની આજ્ઞાનુસાર ઉચિત કૃત્ય કરીને નિર્જરાનું કારણ હોવા છતાં અને શુદ્ધ આશયપૂર્વક ગુરુથી બોલાયેલી હોવાથી ગુરુને નિર્જરાનું કારણ હોવા છતાં તત્ત્વભૂત પદાર્થના નિરૂપણરૂપ નથી, તેમ જે મહાત્માઓ શાસ્ત્રવચનોથી ભાવિત થવા અર્થે શ્રુતનું પરાવર્તન કરે છે ત્યારે શ્રુતથી ભગવાનની આજ્ઞાને પરિણમન પમાડવા યત્ન કરે છે અને ભગવાનની આજ્ઞાને પરિણમન પમાડવાના પ્રયોજનથી ઉપયોગપૂર્વક તે વચનો બોલે છે તેનાથી વિપુલ નિર્જરા થાય છે, તોપણ તે ભાષા અસત્યામૃષાભાષા છે અને ઉપયુક્ત કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ઉપયોગ વગર શ્રુતનું પરાવર્તન કરે છે ત્યારે જે મૂઢતાદિભાવો છે તેને અનુરૂપ કર્મબંધાદિ થાય છે તેથી તે ભાષાનો પ્રાયઃ અસત્યભાષામાં અંતર્ભાવ કરવો પડે તેમ જણાય છે.

વળી અવધિજ્ઞાનથી, મનઃપર્યવજ્ઞાનથી કે કેવલજ્ઞાનથી ઉપયુક્ત થઈને બોલે છે તેઓની પણ ભાષા શ્રુતવિષયક અસત્યામૃષાભાષા છે; કેમ કે આમંત્રણી આદિની જેમ યોગ્યજીવોને બોધ કરાવવા આદિના પ્રયોજનથી પ્રવૃત્તિ છે જેમ આમંત્રણીભાષામાં શ્રોતાને અભિમુખ કરીને બોધ કરાવવા અર્થે પ્રવૃત્તિ હોય છે. આજ્ઞાપનીભાષામાં પણ યોગ્ય શિષ્યને ઉચિત કર્તવ્યવિષયક બોધ કરાવવા અર્થે પ્રવૃત્તિ છે તેમ અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે કેવળજ્ઞાની યોગ્ય જીવોને બોધ કરાવવા અર્થે જે ઉપદેશ આદિ આપે છે તે સર્વ અસત્યામૃષાભાષામાં અંતર્ભાવ પામે છે.

અહીં પ્રશ્ન થાય કે સત્યભાષા અને અસત્યામૃષાભાષા વચ્ચે શું ભેદ પ્રાપ્ત થાય અથવા કેવલી આદિ ઉપદેશ આપે તે ભાષાને અસત્યામૃષાભાષા કહેવાથી તેઓને સત્યભાષા ક્યારે પ્રાપ્ત થાય ? તે પ્રકારની જિજ્ઞાસા થાય.

તેથી જણાય છે કે તેઓ જ્યારે જીવાદિ તત્ત્વોની યથાર્થ પ્રરૂપણા કરતા હોય ત્યારે તે ભાષા સત્યભાષા હશે અને યોગ્ય જીવોને ઉચિત પ્રવૃત્તિ કરાવવા અર્થે પોતાના બોધને અનુસાર જે કાંઈ કથન કરે તે અસત્યામૃષાભાષા હશે, જેમ આજ્ઞાપનીભાષામાં શિષ્યને ઉચિત પ્રવૃત્તિ કરાવવા અર્થે 'તું આ કર' તેમ કહેવામાં આવે છે તેમ યોગ્ય શ્રોતાને શું ઉચિત કર્તવ્ય છે ? તેનો બોધ કરાવે તેવી ભાષા અસત્યામૃષાભાષામાં અંતર્ભાવ પામે.

અહીં શંકા કરે છે કે શ્રુતભાવભાષાના નિરૂપણનો અવસર છે ત્યારે અવધિ આદિ જ્ઞાનવાળા મહાત્મા કઈ ભાષા બોલે છે તેના કથનનો અવસર નથી; કેમ કે શ્રુતજ્ઞાનના વિનાશ વગર કેવળજ્ઞાનનો અનુત્પાદ છે. વળી, કેવલીની ભાષાને શ્રુતભાવભાષા છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

દ્રવ્યશ્રુતને આશ્રયીને કેવલજ્ઞાનમાં પણ ભાવભાષાનો સંભવ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કેવલી કેવલજ્ઞાનથી ઉપયુક્ત થઈને બોલે છે તેથી તેઓની ભાષા અન્યજીવને શ્રુતજ્ઞાનનું કારણ હોવાથી ભાવભાષામાં કેવલીની ભાષાને ગ્રહણ કરેલ છે. વળી અવધિજ્ઞાની અને

મનઃપર્યવજ્ઞાની યોગ્ય જીવોના ઉપકાર અર્થે જે કાંઈ બોલે છે, ત્યારે વચનપ્રયોગકાળમાં શ્રુતજ્ઞાનનો ઉપયોગ પણ પ્રાપ્ત થાય છે તેથી અવધિજ્ઞાનથી બોધ કરીને કે મનઃપર્યવજ્ઞાનથી બોધ કરીને વચનપ્રયોગ-કાળમાં શ્રુતના ઉપયોગવાળા હોવાથી તેઓને શ્રુતભાવભાષાનો સંભવ છે અને યોગ્ય શ્રોતાને પણ તેનાથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેથી તેઓની બોલાયેલી ભાષાને શ્રુતભાવભાષામાં ગ્રહણ કરેલ છે. અને કેવલીની ભાષા દ્રવ્યશ્રુતને આશ્રયીને યોગ્યજીવોને ભાવભાષાનું કારણ હોવાથી શ્રુતભાવભાષાના પ્રસંગમાં તેનું કથન છે. **॥૮૪॥**

**અવતરણિકા :-**

**उक्ता श्रुतभावभाषा । अथ चारित्रभावभाषामाह –**

**અવતરણિકાર્થ :-**

**શ્રુતભાવભાષા કહેવાઈ. હવે ચારિત્રભાવભાષાને કહે છે –**

**ગાથા :-**

**चारित्तविसोहिकरी सच्चा मोसा य अविसोहिकरी ।**
**दो एयाउ चरित्ते भावं तु पडुच्च णेयाओ ।।८५।।**

**છાયા :-**

चारित्रविशोधिकरी सत्या मृषा चाविशोधिकरी ।
द्वे एते चारित्रे भावं तु प्रतीत्य ज्ञेये ।।८५।।

**અન્વયાર્થ :-**

**चारित्तविसोहिकरी=ચારિત્રની વિશુદ્ધિ કરનારી, सच्चा=સત્યભાષા છે, य=અને, अविसोहिकरी=અવિશુદ્ધિને કરનારી, मोसा=મૃષાભાષા છે. तु=વળી, चरित्ते=ચારિત્રના વિષયમાં, भावं=ભાવને, पडुच्च=આશ્રયીને, दो एयाउ=બે આ ભાષા, णेयाओ=જાણવી. ॥૮૫॥**

**ગાથાર્થ :-**

**ચારિત્રની વિશુદ્ધિ કરનારી સત્યભાષા છે અને અવિશુદ્ધિને કરનારી મૃષાભાષા છે. વળી ચારિત્રના વિષયમાં ભાવને આશ્રયીને બે આ ભાષા જાણવી. ॥૮૫॥**

**ટીકા :-**

**चारित्रविशोधिकरी यां भाषमाणस्य साधोश्चारित्रमुत्कृष्यत इत्यर्थः सा सत्या, मृषा च संक्लेशकरी यां भाषमाणस्याऽचारित्रपरिणामो वर्द्धत इत्यर्थः ।**

**इदमुपलक्षणं यां भाषमाणस्य चारित्रं तिष्ठति सा सत्या; यां भाषमाणस्य चारित्रं न तिष्ठति सा त्वसत्येत्यपि द्रष्टव्यम्, द्वे एते भाषे भावं प्रतीत्य ज्ञेये द्रव्यतस्त्वन्यासामपि भाषणसम्भवादित्यभिप्रायः ।।૮૫।।**

**ટીકાર્થ :-**

**चारित्रविशोधिकरी ..... अभिप्रायः ।। ચારિત્રની વિશુદ્ધિને કરનારી ભાષા સત્ય છે એમ અન્વય છે.**

તે સત્યભાષાને સ્પષ્ટ કરે છે –

**જે ભાષાને બોલતા સાધુનું ચારિત્ર ઉત્કર્ષને પામે છે તે=સાધુની તે ભાષા, સત્ય છે. અને સંક્લેશકરી મૃષાભાષા છે.**

તેને સ્પષ્ટ કરે છે –

**જે ભાષાને બોલતા સાધુના અચારિત્રનો પરિણામ વધે છે તે મૃષાભાષા છે, એમ અન્વય છે.**

**આ ઉપલક્ષણ છે જે ભાષાને બોલતા સાધુનું ચારિત્ર રહે છે તે સત્ય છે અને જે ભાષાને બોલતા સાધુનું ચારિત્ર નાશ પામે છે એ અસત્ય છે એમ પણ જાણવું, બે આ=ચારિત્રમાં ભાવને આશ્રયીને બે આ, ભાષા જાણવી. વળી દ્રવ્યથી અન્ય પણ ભાષાઓના ભાષણનો સંભવ છે, એ અભિપ્રાય છે. ।।૮૫।।**

**ભાવાર્થ :-**

**ચારિત્રભાવભાષા :-**

જે ભાષા બોલનાર સાધુને બોલવાની પ્રવૃત્તિથી ચારિત્રનો ઉત્કર્ષ થતો હોય તે ભાષા ચારિત્રની વિશુદ્ધિ કરનાર હોવાથી સત્યભાષા છે અથવા જે ભાષા બોલવાથી સાધુ ચારિત્રમાં રહે છે પરંતુ પાત પામતા નથી તે સત્યભાષા છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ સ્વાધ્યાય આદિ કરીને સંયમની વિશુદ્ધિ કરતા હોય ત્યારે અંતર્જલ્પાકારરૂપ ભાષા બોલે છે અને અંતર્જલ્પાકારરૂપ વચનપ્રયોગ અસંગભાવની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારે બોલતા હોય તો ચારિત્રનો ઉત્કર્ષ થાય છે.

વળી ક્યારેક કોઈક યોગ્ય જીવને ઉચિત બોધ કરાવવા અર્થે ભાષા બોલતા હોય ત્યારે પણ પોતાના અસંગભાવના પરિણામની વૃદ્ધિ થાય તે પ્રકારે ઉપયુક્ત થઈને બોલતા હોય તો તે ભાષા પોતાના ચારિત્રના ઉત્કર્ષનું કારણ બને છે તેથી ચારિત્રવિષયક સત્યભાવભાષા છે.

વળી કોઈક સાધુ સમિતિગુપ્તિના પરિણામવાળા હોય અને સમિતિગુપ્તિના પરિણામથી પાત ન થાય તે રીતે ઉચિત સ્વાધ્યાયાદિ કરતા હોય ત્યારે તેનાથી સંયમના કંડકોની વૃદ્ધિ થતી નથી તોપણ તે સ્વાધ્યાય આદિના બળથી જ ચારિત્રનો પરિણામ રહે છે ત્યારે તેમની બોલાયેલી ભાષા સત્યભાષા બને છે.

વળી તે જ મહાત્મા અસંગભાવને અનુકૂળ અત્યંત ઉપયુક્ત થઈને બોલે તો તે ભાષા ચારિત્રની વિશુદ્ધિ કરનારી બને છે.

વળી ચારિત્રવાળા મહાત્મા પણ ભાષા બોલતી વખતે અચારિત્રના પરિણામની વૃદ્ધિ કરે ત્યારે તે ભાષા સંક્લેશકારી હોવાથી મૃષાભાષા છે.

વળી કોઈ મહાત્મા ભાષા બોલતી વખતે ચારિત્રના પરિણામથી પાત પામે છે તેવી સંક્લેશકારી ભાષા પણ મૃષાભાષા છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ વચનગુપ્તિથી ગુપ્ત હોય અને સંયમના પ્રયોજનથી બોલતા હોય છતાં વચનપ્રયોગકાળમાં કંઈક પ્રમાદ અંશ વર્તતો હોય તેના કારણે ચારિત્રમાં પણ રહેલા તે મહાત્મા સંયમના અધોકંડકમાં જાય છે તે ભાષા સંક્લેશકારી હોવાથી મૃષાભાષા છે. જેમ ચંડરુદ્રાચાર્ય ભગવાનના વચનના પરમાર્થને જાણનારા હતા તેથી જગતના કોઈ પદાર્થો પ્રત્યે અવસ્થિત રાગ કે અવસ્થિત દ્વેષ વગરના હતા. તેમનો અવસ્થિત રાગ સમભાવમાં હતો, તેમનો અવસ્થિત દ્વેષ અસમભાવ પ્રત્યે હતો અને જગત પ્રત્યે અવસ્થિત ઉપેક્ષા હતી. તેથી ભાવથી ચારિત્રના પરિણામમાં હતા છતાં શિષ્યોની કોઈક પ્રવૃત્તિ જોઈને ઈષત્ જ્વલનાત્મક સંજ્વલનનો કષાય થાય છે જે અપ્રશસ્ત કષાય છે અને અપ્રશસ્ત કષાયથી જે બોલે છે તે વખતે ચિત્તમાં સંક્લેશ વર્તે છે જેનાથી તેમનો અચારિત્રનો પરિણામ=અસમભાવનો પરિણામ, વધે છે. અર્થાત્ સમભાવના પરિણામને કરીને જે અસંગભાવ પ્રાપ્ત કરેલો તે કંઈક અંશથી ન્યૂન થાય છે તેથી ચારિત્રના અધોકંડકમાં આવે છે અને તે બોલતી વખતે જે ભાષા છે તે પદાર્થની દૃષ્ટિએ યથાર્થ હોય તોપણ ચારિત્રને આશ્રયીને મૃષાભાષા છે.

વળી કોઈ મહાત્મા ચારિત્રના પરિણામમાં અવસ્થિત હોય તેથી તેમનો અવસ્થિત રાગ સમભાવ પ્રત્યેનો છે, અવસ્થિત દ્વેષ અસમભાવ પ્રત્યેનો છે અને અવસ્થિત ઉપેક્ષા આત્માથી ભિન્ન સર્વ બાહ્ય પદાર્થોમાં હોય છે, છતાં કોઈક નિમિત્તને પામીને ભાષા બોલતી વખતે રાગનો પરિણામ કે દ્વેષનો પરિણામ સ્પર્શે કે જેના બળથી તેઓ સંયમના પરિણામથી જ પાત પામે ત્યારે તે બોલાયેલી ભાષા મૃષા બને છે તેથી તે ભાષાના બળથી બાહ્ય કોઈ પદાર્થવિષયક અવસ્થિત રાગના કે દ્વેષના પરિણામવાળા થાય છે, જેથી ગુણસ્થાનકથી પાત થાય છે.

વળી ચારિત્રના પરિણામની વૃદ્ધિ-હાનિને આશ્રયીને બોલનાર મુનિની ભાષા સત્યભાષા કે અસત્યભાષા જ પ્રાપ્ત થાય છે, છતાં તેઓ જે ભાષા બોલે છે તે દ્રવ્યને આશ્રયીને વિચારીએ તો સત્યાદિ ચારેય ભાષામાંથી કોઈપણ ભાષા હોઈ શકે છે. આથી જ પ્રયોજનને વશ મૃષાભાષા બોલવા છતાં પણ સંયમના કંડકોની વૃદ્ધિ કરતા હોય તો ચારિત્રને આશ્રયીને તે ભાષા સત્યભાષા બને છે અને ક્વચિત્ જિનવચનાનુસાર યથાર્થ તત્ત્વની પ્રરૂપણા કરતા હોય છતાં માન કષાય આદિના ઉપયોગથી સંવલિત ભાષા બોલતા હોય ત્યારે સંક્લેશને કરનારી તે ભાષા હોવાને કારણે સત્યભાષા હોવા છતાં પણ *ચારિત્રને આશ્રયીને તો* મૃષાભાષા જ છે. **॥૮૫॥**

**અવતરણિકા :-**

द्रव्यतोऽपि साधोः सत्यासत्यामृषे एव भाषे वक्तुमनुज्ञाते नान्ये इत्याह –

***અવતરણિકાર્થ :-***

દ્રવ્યથી પણ સાધુને સત્ય અને અસત્યામૃષા એ રૂપ બે ભાષા જ બોલવા માટે અનુજ્ઞાત છે, અન્ય નહિ. એને કહે છે –

**ગાથા :-**

**दो चेव अणुमयाओ वोत्तुं सच्चा य असच्चमोसा य ।**
**दोन्नि य पडिसिद्धाओ मोसा य सच्चमोसा य ।।८६।।**

**છાયા :-**

द्वे एवानुमते वक्तुं सत्या चासत्यामृषा च ।
द्वे च प्रतिषिद्धे मृषा च सत्यामृषा च ।।८६।।

**અન્વયાર્થ :-**

दो चेव=બે જ=સાધુને બે જ ભાષા, वोत्तुं=કહેવા માટે, अणुमयाओ=અનુમત છે=શાસ્ત્રકારોએ સ્વીકારી છે : सच्चा य=સત્ય અને, असच्चमोसा य=અસત્યામૃષા, दोन्नि य=અને બે, पडिसिद्धाओ=પ્રતિષિદ્ધ છે=બે ભાષા સાધુને પ્રતિષિદ્ધ છે : मोसा य=મૃષા અને, सच्चमोसा य=સત્યામૃષા. ।।૮૬।।

**ગાથાર્થ :-**

**સાધુને બે જ ભાષા કહેવા માટે અનુમત છે=શાસ્ત્રકારોએ સ્વીકારી છે : સત્ય અને અસત્યામૃષા. અને બે પ્રતિષિદ્ધ છે=બે ભાષા સાધુને પ્રતિષિદ્ધ છે : મૃષા અને સત્યામૃષા. ।।૮૬।।**

**ટીકા :-**

स्पष्टा । नवरं प्रतिषेधो विना कारणं, कारणे तु तयोरप्यनुज्ञैवेति द्रष्टव्यम् ।।८६।।

**ટીકાર્થ :-**

स्पष्टा ..... द्रष्टव्यम् ।। ટીકા સ્પષ્ટ છે. ફક્ત કારણ વગર પ્રતિષેધ છે=બે ભાષા બોલવાનો પ્રતિષેધ છે. વળી કારણે તે બે ભાષાની=પ્રતિષિદ્ધ એવી બે ભાષાની, અનુજ્ઞા જ છે એ પ્રમાણે જાણવું. ।।૮૬।।

**ભાવાર્થ :-**

**દ્રવ્યથી પણ સાધુને બોલવા માટે કઈ ભાષા અનુજ્ઞાત છે, તેનું કથન :-**

સાધુ ભાષા બોલે છે ત્યારે બોધ કરાવવાને આશ્રયીને તે ભાષાનો ઉપયોગ હોવાથી બોલાતી ભાવભાષા

દ્રવ્યને આશ્રયીને સત્યાદિ ચાર ભેદવાળી થાય છે.

વળી શ્રુતના ઉપયોગથી તે ભાષા બોલાતી હોય ત્યારે શ્રુતને આશ્રયીને સત્યાદિ ત્રણ ભેદવાળી થાય છે.

વળી કોઈ ચારિત્રના પરિણામમાં હોય અને તે પરિણામની વૃદ્ધિને કે હાનિને અનુકૂળ ઉપયોગપૂર્વક બોલાતી ભાષા ચારિત્રને આશ્રયીને બે ભેદવાળી પ્રાપ્ત થાય છે. વળી, સાધુને સંયમના કંડકોના રક્ષણ અર્થે અને સંયમના કંડકોની વૃદ્ધિ અર્થે ભાષા બોલવાની અનુજ્ઞા છે તેથી વિશિષ્ટ કારણ ન હોય તો સાધુ દ્રવ્યને આશ્રયીને ભાવભાષાના જે ચાર ભેદો છે તેમાંથી સત્યભાષા કે અસત્યામૃષાભાષા બોલે, તે સિવાયની મૃષા અને મિશ્રભાષા સાધુ બોલે નહિ. જેથી સંયમનો પાત થવાનો સંભવ રહે નહિ અને શાસ્ત્રવચનના ઉપયોગપૂર્વક બોલે તો સંયમની વૃદ્ધિનો સંભવ રહે, આમ છતાં કોઈ સાધુ શાસ્ત્રમર્યાદાનું સ્મરણ કરીને શાસ્ત્રમાં અનુજ્ઞાત બે ભાષામાંથી યથા ઉચિત સત્યાભાષા કે અસત્યામૃષાભાષા બોલતા હોય છતાં કષાયના ઉદ્રેક નીચે ઉપયોગ પ્રવર્તતો હોય તો તે ભાષાથી પણ સાધુના અચારિત્રનો પરિણામ વૃદ્ધિ પામે છે અને ચારિત્રના પરિણામથી પાત પણ થાય છે, છતાં ચારિત્રના રક્ષણના ઉપાયરૂપે સાધુએ બે જ ભાષા બોલવી જોઈએ અને જો સાધુ પ્રતિષિદ્ધ એવી મૃષાભાષા કે મિશ્રભાષા બોલે તો જિનવચનમાં ઉપેક્ષા હોવાથી અવશ્ય પાત પામે છે તેથી ચારિત્રથી પાતના રક્ષણ અર્થે જ મૃષાભાષા અને મિશ્રભાષા બોલવાનો નિષેધ કર્યો છે. આમ છતાં અપવાદથી શાસનમાલિન્ય આદિથી રક્ષણ અર્થે કે અન્ય કોઈ સંયમવૃદ્ધિના રક્ષણ અર્થે મૃષાભાષા કે મિશ્રભાષા સાધુ બોલે અને ચારિત્રનો રાગ તે વચનપ્રયોગકાળમાં પણ સ્ખલના ન પામે તો તે બે ભાષા પણ ચારિત્રના રક્ષણનું કારણ કે ચારિત્રની વૃદ્ધિનું કારણ પણ બને છે.

આનાથી એ ફલિત થાય કે સાધુ ચારિત્રના પરિણામને લક્ષ્ય કરીને ભાષા બોલે અને શાસ્ત્રના સ્મરણ અનુસાર સત્ય કે અસત્યામૃષાભાષા બોલે તો તે ભાષા દ્વારા બહુલતાએ સંયમની વૃદ્ધિ જ પ્રાપ્ત થાય છે તેથી તે ભાષા ચારિત્રને આશ્રયીને સત્ય જ બને છે અને દ્રવ્યને આશ્રયીને તે ભાષા સત્ય પણ હોય કે અસત્યામૃષા પણ હોય.

વળી બોલતી વખતે જિનવચનાનુસાર શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોય તો તે ભાષા શ્રુતને આશ્રયીને સત્ય બને છે કે અસત્યામૃષા બને છે પરંતુ મૃષાભાષા બનતી નથી.

વળી કોઈ સાધુ અપવાદથી મૃષાભાષા કે મિશ્રભાષા બોલતા હોય અને ચારિત્રની શુદ્ધિમાં ઉપયુક્ત હોય તો દ્રવ્યને આશ્રયીને એમની ભાષા મૃષા અથવા મિશ્ર હોઈ શકે, પરંતુ ચારિત્રના પરિણામને આશ્રયીને સંયમની વૃદ્ધિનું કે સંયમના રક્ષણનું કારણ હોવાથી તે સત્યભાષા જ છે અને દ્રવ્યને આશ્રયીને મૃષાભાષા હોય કે મિશ્રભાષા હોય તોપણ શ્રુતને આશ્રયીને મૃષાભાષા જ છે. ॥૮૯॥

❋ ❖ ❋ ❖ ❋

# પંચમ સ્તબક

**અવતરણિકા :-**

अनुमतयोरपि द्वयोर्भाषयोर्विनयशिक्षामाह –

**અવતરણિકાર્થ :-**

**અનુમત પણ બે ભાષાની=સાધુને બોલવા માટે અનુમત એવી બે ભાષાની, વિનયશિક્ષાને=શુદ્ધપ્રયોગરૂપ શિક્ષાને કહે છે –**

**ભાવાર્થ :-**

દશવૈકાલિકસૂત્રમાં વિનયશિક્ષામાં રહેલા વિનયશબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે જેનાથી કર્મનો નાશ થાય એવો શુદ્ધ પ્રયોગ તે વિનય કહેવાય તેથી અહીં વિનયશિક્ષાનો અર્થ એ પ્રાપ્ત થાય કે સાધુને અનુમત જે બે ભાષા છે તેનો શુદ્ધ પ્રયોગ કઈ રીતે થઈ શકે, તેના વિષયમાં શિક્ષાને=દિશાસૂચનને, ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**कालाइसंकिया जा जा वि य सव्वोपघाइणी होइ ।**
**आमंतणी य संगाइदूसिया जा ण तं भासे ।।८७।।**

**છાયા :-**

कालादिशङ्किता या याऽपि च सर्वोपघातिनी भवति ।
आमंत्रणी च सङ्गादिदूषिता या न तां भाषेत ।।८७।।

**અન્વયાર્થ :-**

**जा=જે, कालाइसंकिया=કાલાદિશંકિત, य=અને, जा वि=જે પણ, सव्वोपघाइणी=સર્વ ઉપઘાતને કરનારી, य=અને, जा=જે, संगाइदूसिया=સંગાદિદૂષિત, आमंतणी=આમંત્રણીભાષા, होइ=થાય છે, तं=તેને સાધુ, ण भासे=બોલે નહિ. ।।૮૭।।**

**ગાથાર્થ :-**

**જે કાલાદિશંકિત અને જે પણ સર્વ ઉપઘાતને કરનારી અને જે સંગાદિદૂષિત આમંત્રણીભાષા થાય છે તેને સાધુ બોલે નહિ. ।।૮૭।।**

**ટીકા :-**

कालशङ्किता या अनिर्णीतकालसम्बन्धविषया यथा गमिष्यामः स्थास्याम इत्याद्या अनागतकाले, इदं करोमीत्याद्या वर्त्तमानकाले, भवद्भिः सार्द्धमागतोऽहमिदं चाभ्यधामित्याद्या च (अतीतकाले) तां न भाषेत तथाभावनिश्चयाभावेन व्यभिचारतो मृषात्वोपपत्तेः विघ्नतो वाऽगमनादौ गृहस्थमध्ये लाघवादिप्रसङ्गाच्च ।

यदि पुनरुत्सर्गतो निषिद्धमपि नक्षत्रादियोगं गृहस्थानां पुरः कथयेत् तदा निमित्तादेष्यत्कालज्ञानेऽपि विध्याराधनार्थमेवं वदेद् यत् 'अद्य यथेदं निमित्तं दृश्यते तथा वर्षेण भवितव्यम्' 'अमुको वाऽऽगमिष्यती'ति, परनिश्चिताऽपि च त्रिषु कालेषु शङ्कितैव यथा देवदत्त इदं करिष्यतीत्याद्येति, तामपि न वदेत्, कथं पुनः परनिश्चितां वदेदिति चेत् ? इत्थम् अयमेवं भणति आगमिष्यामीति न पुनर्ज्ञायते आगमिष्यत्येवेति ।

कालादीति । आदिना देशादिपरिग्रहो यथा अत्रैव या(स्था) स्यामः इत्यादि, शङ्कितेत्युपलक्षणं अनवधृतमप्यर्थं न वदेत् अवधृतं तु निमित्तादिना कथयेत्, अनवधृते तु गन्धादौ परस्य तदनुभवप्रश्ने 'न विभावयामि' इत्युत्तरयेत् ।

या च व्यवहारतः सत्यापि सती काणपण्डकव्याधितस्तेनादिषु काणादिभाषा अप्रीतिलज्जा-नाशस्थिररोगबुद्धिविराधनादिदोषजननेन कुलपुत्रत्वादिना प्रसिद्धे दासादिभाषा च परप्राण-सन्देहोत्पादकतयोपघातिनी भवति तामपि न भाषेत ।

तथा स्त्रियमधिकृत्य 'हे आर्यिके प्राजिके!' इत्याद्या तथा 'हे भट्टे! स्वामिनी!'त्याद्या, 'हे होले! गोले!' इत्याद्या वा या सङ्गगर्हा तत्प्रद्वेषप्रवचनलाघवादिदोषजननी पुरुषमधिकृत्यापि च पुल्लिंगाभिलापेनोक्तरूपा या आमन्त्रणी तामपि न भाषेत ।

कारणे तूत्पन्ने स्त्रियं पुरुषं वा नामधेयेनामन्त्रयेत् तदस्मरणे च 'हे काश्यपगोत्रे! हे काश्यपगोत्र!' इत्यादिगोत्राभिलापेन वाऽऽमन्त्रयेत् ।।८७।।

**ટીકાર્થ :-**

कालशङ्किता ..... आमन्त्रयेत् ।। જે અનિર્ણીતકાલના સંબંધના વિષયવાળી કાલશંકિત છે જે પ્રમાણે 'અમે જઈશું, અમે રહીશું' ઇત્યાદિ અનાગતકાલના વિષયમાં શંકિત છે. 'હું આ કરું છું' ઇત્યાદિ વર્તમાનકાલમાં શંકિત છે અને 'તમારી સાથે હું આવેલો' અને 'મેં આ કહેલું' ઇત્યાદિ અતીતકાલના વિષયમાં શંકિતભાષા છે તેને=ત્રણકાળના વિષયવાળી શંકિતભાષાને, સાધુ બોલે

નહિ; કેમ કે તે પ્રકારના ભાવોના નિશ્ચયનો અભાવ હોવાથી જે પ્રકારે પોતે કહ્યું છે તે પ્રકારે પોતે કરશે કે કરેલું છે ઈત્યાદિ ભાવના નિશ્ચયનો અભાવ હોવાથી, વ્યભિચાર હોવાને કારણે મૃષાત્વની ઉપપત્તિ છે અથવા વિઘ્નને કારણે અગમનાદિમાં ગૃહસ્થના મધ્યમાં લાઘવ આદિનો પ્રસંગ છે.

વળી જો ઉત્સર્ગથી નિષિદ્ધ પણ નક્ષત્રાદિ યોગને ગૃહસ્થોની આગળ કહે=અપવાદથી લાભ દેખાય તો કહે, ત્યારે નિમિત્તથી ભવિષ્યના કાળનું જ્ઞાન હોવા છતાં પણ વિધિની આરાધના માટે=શાસ્ત્રમર્યાદાની આરાધના માટે, આ પ્રમાણે કહે. જે આજે જે પ્રમાણે નિમિત્ત દેખાય છે તે પ્રમાણે વરસાદ થવો જોઈએ અથવા તે પ્રમાણે વર્ષ પછી વિવક્ષિત કાર્ય થવું જોઈએ અથવા અમુક આવશે=જે પ્રમાણે નિમિત્ત દેખાય છે તે પ્રમાણે અમુક વ્યક્તિ આવશે (પરંતુ આજે નક્કી વરસાદ પડશે અથવા એક વર્ષ પછી નક્કી આ કાર્ય થશે અથવા નક્કી આ વ્યક્તિ આવશે એમ કહે નહિ) અને પરનિશ્ચિત પણ ત્રણે કાળમાં શંકિત જ છે જે પ્રમાણે દેવદત્ત આ કરશે ઈત્યાદિ તેને પણ=પરનિશ્ચિત પણ ત્રણે કાળમાં શંકિતભાષાને સાધુ બોલે નહિ.

કેવી રીતે વળી પરનિશ્ચિત ભાષાને બોલે ? એથી કહે છે –

આ પ્રમાણે બોલે.

આ=આ પ્રમાણે, કહે છે – હું આવીશ, પરંતુ આવશે જ એ પ્રમાણે નક્કી નથી.

કાલાદિ=ગાથામાં રહેલ કાલાદિમાં આદિ શબ્દથી દેશાદિનો પરિગ્રહ છે, જે પ્રમાણે અહીં જ અમે રહીશું ઈત્યાદિ ભાષા દેશશંકિત હોવાથી સાધુ બોલે નહિ. શંકિતા=કાલાદિશંકિતામાં રહેલ શંકિતા એ ઉપલક્ષણ છે.

શેનું ઉપલક્ષણ છે ? તેને સ્પષ્ટ કરે છે –

અનવધૃત પણ અર્થને કહે નહિ=અનિર્ણીત પણ અર્થને કહે નહિ. વળી અવધૃત=નિર્ણીત અર્થ નિમિત્તાદિથી કહે. વળી અનવધૃત ગંધાદિ હોતે છતે પરના તેના અનુભવના પ્રશ્નમાં હું વિભાવન કરતો નથી=પ્રતિનિયત ગંધ હું અનુભવતો નથી એ પ્રમાણે ઉત્તર આપે.

અને જે વ્યવહારથી સત્ય પણ છતી કાણ, પંડક, વ્યાધિત સ્તેનાદિમાં=કાણો, નપુંસક, રોગિષ્ટ કે ચોરાદિમાં કાણાદિ ભાષા અપ્રીતિ, લજ્જાનાશ સ્થિર રોગબુદ્ધિ વિરાધનાદિ દોષ જનનને કારણે= કાણાને કાણો કહેવાથી અપ્રીતિ, નપુંસકને નપુંસક કહેવાથી લજ્જાનાશ, વ્યાધિતને રોગી કહેવાથી સ્થિર રોગબુદ્ધિ અને ચોરને ચોર કહેવાથી વિરાધનાદિ દોષના જનનને કારણે, અને કુલપુત્રત્વાદિથી પ્રસિદ્ધમાં દાસાદિ ભાષા પરપ્રાણના સંદેહના ઉત્પાદકપણાથી ઉપઘાતિની થાય છે તેને પણ= કાણાદિ તે સર્વભાષાને પણ, બોલે નહિ=સાધુ બોલે નહિ.

અને સ્ત્રીને આશ્રયીને હે આર્યિકા ! હે પ્રાર્જિકા=હે માતા ! હે નાની ! ઈત્યાદિ, અને હે ભટ્ટે ! હે સ્વામિની ! ઈત્યાદિ, હે હોલે ! હે ગોલે ! ઈત્યાદિ જે સંગગર્હા તત્પ્રદ્વેષ, પ્રવચનલાઘવ આદિ

**દોષજનની અને પુરુષને આશ્રયીને પણ પુંલિંગના અભિધાનથી ઉક્તરૂપ જ જે આમંત્રણીભાષા છે તેને પણ બોલે નહિ=સાધુ બોલે નહિ. વળી કારણ ઉત્પન્ન થયે છતે સ્ત્રી અથવા પુરુષને નામથી આમંત્રણ કરે અને તેના અસ્મરણમાં હે કાશ્યપગોત્રે ! એ પ્રકારે સ્ત્રીને અને હે કાશ્યપગોત્ર ! એ પ્રકારે પુરુષને ગોત્રના અભિલાપથી આમંત્રણ કરે. ।।૮૭।।**

**ભાવાર્થ :-**

**સાધુને અનુમત જે બે ભાષા છે તેનો શુદ્ધ પ્રયોગ કઈ રીતે થઈ શકે, તેના વિષયમાં દિશાસૂચન :-**

સાધુને વચનગુપ્તિ અને ભાષાસમિતિના રક્ષણ અર્થે કેવી ભાષા ન બોલવી જોઈએ તે બતાવતાં કહે છે કે કાલથી શંકિત હોય, દેશાદિથી શંકિત હોય, સર્વ ઉપઘાત કરનારી હોય અને સંગાદિથી દૂષિત હોય એવી આમંત્રણીભાષા સાધુ બોલે નહિ. જેમ અનાગતકાળને આશ્રયીને કોઈ સાધુ કહે કે હું ત્યાં જઈશ અથવા હું ત્યાં રહીશ એ અનાગતકાલ સંબંધી શંકિતભાષા છે; કેમ કે ભાવિમાં પોતે જઈ શકશે કે નહિ અથવા રહી શકશે કે નહિ તેનો નિર્ણય નથી, આથી મૃષાપણાની પ્રાપ્તિ છે અને કોઈક વિઘ્ન આવે અને પોતે ત્યાં જઈ શકે નહિ તો ગૃહસ્થમાં લાઘવાદિનો પ્રસંગ થાય અર્થાત્ ગૃહસ્થને લાગે કે સાધુ જેવું બોલે છે એવું કરનારા નથી તેથી સાધુના લાઘવની પ્રાપ્તિ થાય અને આદિ પદથી ભગવાનના સાધુ અસંબદ્ધ બોલનારા છે એવું ભાસવાથી ભગવાનના શાસનની પણ અવહેલના થાય, માટે ભવિષ્ય સંબંધી હું આ પ્રમાણે કરીશ ઇત્યાદિ કોઈ વચન સાધુ બોલે નહિ, પરંતુ સાધુવચનની મર્યાદા અનુસાર વર્તમાનજોગ કહે અર્થાત્ તે વખતમાં વર્તતા સંયોગ અનુસાર અમે કરીશું, માત્ર પોતાને જવાનો પરિણામ હોય તોપણ કહે કે અમે તે પ્રસંગે જવાની ઇચ્છા રાખીએ છીએ છતાં તે વખતના સંયોગ અનુસાર કરશું એ પ્રમાણે બોલે તો જ સાધુથી મૃષાવાદનો પરિહાર અને લાઘવ આદિનો પરિહાર થાય.

વળી વર્તમાનકાળમાં કોઈક કાર્ય તરત કરવાનું હોય તોપણ કંઈક વિલંબથી કરવાનું હોય ત્યારે હું કરું છું એમ સાધુ કહે નહિ; કેમ કે કોઈક શારીરિક સ્થિતિ એવી થાય અને કાર્ય ન થઈ શકે તો મૃષાત્વ આદિ દોષોની પ્રાપ્તિ થાય પરંતુ નજીકમાં કરવાનું હોય તોપણ સ્પષ્ટતાપૂર્વક કહે કે આ કાર્ય કર્યા પછી હું તે કાર્ય કરવાનો અભિલાષ રાખુ છું અથવા કરવાની ઇચ્છા રાખું છું જેથી મૃષાભાષાની પ્રાપ્તિ થવાનો સંભવ રહે નહિ.

વળી અતીતકાળને આશ્રયીને તમારી સાથે હું આવેલો અને મેં આ કહેલું ઇત્યાદિ કથન પણ સ્પષ્ટ નિર્ણીત ન હોય તો કહે નહિ; કેમ કે સાંભળનારને સ્પષ્ટ હોય કે સાધુએ આ કહ્યું નથી તો તેને લાગે કે સાધુઓ મૃષા બોલનારા છે તેથી ત્રણે કાળવિષયક કોઈ શંકિતભાષા ક્યારેય બોલે નહિ.

વળી ઉત્સર્ગથી સાધુને નક્ષત્રાદિ યોગને ગૃહસ્થ આગળ કહેવાનો નિષેધ છે અર્થાત્ આ નક્ષત્રમાં આ પ્રકારનું કાર્ય થશે એ પ્રમાણે કહેવાનો નિષેધ છે, છતાં કોઈક લાભ થવાનો સંભવ હોય અર્થાત્ કોઈક યોગ્ય જીવને ધર્મની પ્રાપ્તિ થવાની સંભાવના હોય ત્યારે અપવાદથી એ પ્રકારે સાધુ કથન કરે ત્યારે પણ

ભવિષ્યકાળનું જ્ઞાન હોતે છતે શાસ્ત્રવિધિના આરાધન માટે આ પ્રમાણે બોલે, હમણાં જે પ્રમાણે નિમિત્ત દેખાય છે તે પ્રમાણે વર્ષ પછી અમુક કાર્ય થશે અથવા દુર્ભિક્ષકાલ હોય તો નિમિત્તને આશ્રયીને કહે કે આ નિમિત્ત ઉપરથી જણાય છે કે વર્ષા થશે અથવા આ નિમિત્ત દેખાય છે તેથી અમુક વ્યક્તિ આવશે જેથી વિધિની આરાધના થાય, પરંતુ તે નિમિત્તાદિના ઉલ્લેખ વગર ભવિષ્યમાં આમ થશે તેમ થશે ઇત્યાદિ કહે નહિ.

વળી પરને નિશ્ચિત પણ ત્રણે કાળવિષયક શંકિતભાષા સાધુ બોલે નહિ. જેમ દેવદત્તને નિશ્ચિત હોય કે હું આ કાર્ય કરીશ અને દેવદત્તે જ કહેલું હોય કે હું આ કરીશ છતાં સાધુ એમ કહે નહિ કે દેવદત્ત આ કરશે; કેમ કે મૃષા થવાનો પ્રસંગ આવે. તેથી જ્યાં મૃષા થવાની સંભાવના હોય ત્યાં પણ વિચાર્યા વગર એ પ્રકારે કહેવાની મનોવૃત્તિ ચિત્તમાં મૃષાની ઉપેક્ષા કરાવે તેવા કાલુષ્યને કરે છે તેથી કર્મબંધનું કારણ બને છે, તેથી નિરવદ્યભાષાના પરિણામના રક્ષણ અર્થે ક્વચિત્ તે પ્રકારે કહેવાનો પ્રસંગ હોય તોપણ કહે કે દેવદત્ત કહે છે કે હું આ કરીશ પરંતુ તે કરશે કે નહિ તે અમને ખબર નથી. આ પ્રકારે અત્યંત ઉપયુક્ત સાધુ પ્રાયઃ કોઈ સંયમવૃદ્ધિનું પ્રયોજન હોય નહિ કે કોઈને ધર્મપ્રાપ્તિના લાભનું પ્રયોજન હોય નહિ તો બોલે જ નહિ અને બોલવાથી કંઈક લાભ જણાતો હોય તોપણ સંયમની મર્યાદાનું સ્મરણ કરીને ક્યાંય મૃષા થવાનો સંભવ ન રહે તે પ્રકારની ભાષાની વિધિના આરાધનને સામે રાખીને સાધુ બોલે જેથી વચનગુપ્તિનું અને ભાષાસમિતિનું રક્ષણ કરીને સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થાય.

વળી જેમ કાલાદિથી શંકિતભાષા સાધુ બોલે નહિ તેમ દેશથી શંકિત અને કૃત્યથી શંકિત હોય એવી ભાષા પણ સાધુ બોલે નહિ. જે રીતે અમે અહીં જ રહીશું ઇત્યાદિ બોલે અને કોઈક તેવા સંયોગ ઉત્પન્ન થાય અને ત્યાં રહી શકે નહિ તો મૃષાભાષાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તેથી પોતાને તે ક્ષેત્રમાં અમુકકાળ રહેવાની સંભાવના હોય તોપણ સ્પષ્ટ કહે કે અમારા માસકલ્પાદિ ચાલે છે તેથી સંભાવના છે કે આ દેશમાં આ સમયે અમે અહીં હશું પરંતુ અમે નક્કી અહીં જ હશું એ પ્રકારે કહે નહિ.

વળી ગાથામાં શંકિત શબ્દ છે એ ઉપલક્ષણ છે, તેથી અનવધૃત પણ અર્થ સાધુ બોલે નહિ અર્થાત્ સ્પષ્ટ નિર્ણય ન હોય એવા કોઈ અર્થને બોલે નહિ. આથી જ શાસ્ત્રીય પદાર્થોમાં પણ કોઈક સ્થાનમાં સ્પષ્ટ નિર્ણય ન હોય એવા અનિર્ણીત અર્થમાં સાધુ બોલે નહિ.

વળી કોઈક ઇન્દ્રિયોથી પદાર્થ ગ્રહણ થયેલો હોય અને તે પ્રકારે કહેવા માટે નિમિત્તાદિ ઉપસ્થિત હોય જેથી કોઈક સંયમવૃદ્ધિ આદિનું પ્રયોજન પ્રાપ્ત થતું હોય તો સાધુ કહે પણ=ઇન્દ્રિયોથી ગ્રહણ કરાયેલા પદાર્થનું સ્વરૂપ પણ સાધુ કહે, પરંતુ નિષ્કારણ અવધૃત અર્થ પણ કહે નહિ.

વળી કોઈ સાધુ ગંધાદિ કયા પ્રકારના છે તેનો પોતે નિર્ણય ન કરી શકે અને તેના અનુભવવિષયક કોઈક પ્રશ્ન કરે તો સંભાવના માત્રથી આની ગંધ છે ઇત્યાદિ કહે નહિ પરંતુ પોતાને સ્પષ્ટ નિર્ણય હોય એમાં જ ઉત્તર આપે અથવા કહે કે મારાથી કોઈ ગંધાદિનું સ્પષ્ટ ગ્રહણ નથી, જેથી વિચાર્યા વગર સહસા

પણ બોલવાની મનોવૃત્તિ ન થાય એ પ્રકારે ભાષાસમિતિનો પરિણામ ઉલ્લસિત રહે.

વળી વ્યવહારથી સત્યભાષા પણ બીજાને ઉપઘાત કરનારી હોય તેવી ભાષા સાધુ બોલે નહિ. જેમ આ કાણો છે તેમ કહેવાથી તેને અપ્રીતિ થાય તેથી તેવી ભાષા સાધુ બોલે નહિ.

વળી કોઈ નપુંસક હોય અને સાધુ જાણતા હોય અને કહે કે આ નપુંસક છે તેથી તેને તે પ્રકારની ચેષ્ટા કરવામાં જે લજ્જા હતી તેનો નાશ થાય છે માટે તેવી ભાષા સાધુ બોલે નહિ.

વળી કોઈ રોગી હોય અને કહે કે આ રોગી છે તે સાંભળીને તેને સ્થિર રોગની બુદ્ધિ થાય છે અર્થાત્ મારામાં અવસ્થિત રોગ છે એ પ્રકારની બુદ્ધિ થાય છે તેથી તેને પીડા ઉત્પન્ન થાય છે માટે તેવી ભાષા સાધુ બોલે નહિ.

વળી કોઈ ચોર હોય અને સાધુ કહે કે આ ચોર છે તો તેને દંડાદિની પ્રાપ્તિરૂપ વિરાધના થવાની સંભાવના રહે માટે તેવી ભાષા સાધુ બોલે નહિ.

વળી કોઈ કુલપુત્રાદિરૂપે પ્રસિદ્ધ હોય અને સાધુ જાણતા હોય કે આ પૂર્વમાં દાસાદિ હતા તોપણ આ દાસ છે ઇત્યાદિ ભાષા બોલે નહિ; કેમ કે તે સાંભળીને કુલપુત્રાદિરૂપે પ્રસિદ્ધને આપઘાત આદિનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વળી સ્ત્રીઓને આશ્રયીને પૂર્વના સંસારના સંબંધનું સ્મરણ કરીને હે માતા ! હે નાની ! ઇત્યાદિ આમંત્રણીભાષા સાધુ બોલે નહિ; કેમ કે એમ બોલવાથી સંસારના સંબંધોનું સ્મરણ થવાથી સંગનો પરિણામ ઉલ્લસિત થાય છે.

વળી સાધુના સંસારકાળમાં કોઈ સ્વામી આદિ હોય અને ઉદ્દેશીને કહે કે હે સ્વામિની ! ઇત્યાદિ પ્રકારે તેને બોલાવીને કહે તો લોકમાં પ્રવચનની ગર્હા થાય છે. તેથી તેવી ભાષા સાધુ બોલે નહિ.

વળી હે હોલે હે ગોલે ઇત્યાદિ લોકમાં બોલાતી ભાષાથી સાધુ બોલે નહિ; કેમ કે તેને પ્રદ્વેષ થવાનો પ્રસંગ આવે અને પ્રવચનના લાઘવાદિ દોષો થાય માટે સાધુએ કોઈ પ્રયોજન ન હોય તો સ્ત્રીઓ સાથે આલાપ સંલાપ જ કરવો જોઈએ નહિ. કોઈક લાભના પ્રયોજનથી કે સંયમના પ્રયોજન અર્થે યાચનાદિ માટે સ્ત્રી સાથે કંઈક કહેવાનો પ્રસંગ હોય તોપણ સંગ, ગર્હા, પ્રદ્વેષ વગેરે કોઈ દોષો ન થાય તેવી ઉચિત ભાષાથી જ આલાપ કરવો જોઈએ.

વળી પુરુષને આશ્રયીને કોઈકને કહેવાનો પ્રસંગ હોય ત્યારે પણ હે પિતા ! ઇત્યાદિ સંગના સંબંધોનું સ્મરણ કરીને બોલે નહિ કે અંન્યપણ સ્ત્રીને આશ્રયીને બતાવ્યા તેવા પુંલિંગના અભિલાપ દ્વારા કોઈ વચનપ્રયોગથી આમંત્રણીભાષા બોલે નહિ. સંયમવૃદ્ધિનું કારણ ઉપસ્થિત થયું હોય તો સ્ત્રીના કે પુરુષના નામથી જ બોલાવે, નામનું સ્મરણ ન થાય તો ગોત્રના અભિલાપથી બોલાવે પરંતુ વાગ્ગુપ્તિની મર્યાદાનું ઉલ્લંઘન થાય તે પ્રકારે અને ભાષાસમિતિની મ્લાનિ થાય તે પ્રકારે સાધુ ક્યારેય બોલે નહિ. ॥૮૭॥

**અવતરણિકા :-**

अन्यच्च –

**અવતરણિકાર્થ :-**

અને અન્ય=સાધુએ શું ન બોલવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**पंचिदियपाणाणं थीपुरिसानिण्णए वए जाइं ।**
**इहरा उ विपरिणामो जणवयववहारसच्चे वि ।।८८।।**

**છાયા :-**

पञ्चेन्द्रियप्राणिनां स्त्रीपुरुषानिर्णये वदेज्जातिम् ।
इतरथा तु विपरिणामः जनपदव्यवहारसत्येऽपि ।।८८।।

**અન્વયાર્થ :-**

जणवयववहारसच्चे वि=જનપદવ્યવહારસત્ય હોતે છતે પણ, पंचिदियपाणाणं=પંચેન્દ્રિયપ્રાણોના=પંચેન્દ્રિય ગાય આદિના, थीपुरिसानिण्णए=સ્ત્રી-પુરુષના અનિર્ણયમાં, जाइं=જાતિને, वए=બોલે, इहरा=ઈતરથી, उ=વળી, विपरिणामो=વિપરિણામ થાય=લોકોને સાધુવિષયક વિપરિણામ થાય. ।।૮૮।।

**ગાથાર્થ :-**

**જનપદવ્યવહારસત્ય હોતે છતે પણ પંચેન્દ્રિયપ્રાણોના=પંચેન્દ્રિય ગાય આદિના, સ્ત્રી, પુરુષના અનિર્ણયમાં જાતિને બોલે. ઈતરથી વળી વિપરિણામ થાય=લોકોને સાધુવિષયક વિપરિણામ થાય. ।।૮૮।।**

**ટીકા :-**

**नरनारीगतवाग्विधेरुक्तत्वात् पञ्चेन्द्रियप्राणानां=गवादीनां स्त्रीपुरुषानिर्णये इति भावप्रधाननिर्देशात् विप्रकृष्टदेशावस्थिततत्वेन मिथः स्त्रीत्वपुरुषत्वानिश्चये सति, जातिं वदेत्, मार्गप्रश्नादौ प्रयोजने उत्पन्ने सति 'अस्माद् गोरूपजातात् कियद्दूरेण इदं?' इत्येवमादि (ग्रन्थाग्रम्-९०० श्लोक) लिङ्गाऽविशिष्टमुभयसाधारणधर्म्मं प्रतिपादयेत् अन्यथा लिङ्गव्यत्ययेन मृषावादापत्तेः, विना तु कारणमव्यापार एवोचितः साधूनामिति ध्येयम् ।**

**ननु यद्येवं लिङ्गव्यत्ययेन मृषावादस्तदा प्रस्तरमृत्तिकाकरकावस्यायादीनां नियमतो नपुंसकत्वे कथमन्यलिङ्गप्रयोगः ? 'जनपदव्यवहारसत्याश्रयणादिति चेत् ?' स किं प्रकृते पाणिपिहितः ?**

इत्यत आह सति अपि जनपदव्यवहारसत्ये, इतरथा तु=विशिष्यानिर्णये एकतरप्रयोगे तु, विपरिणामः स्यात्=अहो! एते न सुदृष्टधर्माणः इति विरुद्धः परिणामः स्यात् गोपालादीनामपि, अतो व्यतिरेके उक्तदोषात् अन्वये च पृष्टानां सामाचारीकथनेन गुणसम्भवात् यथोक्तमेव विधेयमित्यवधेयम् ।।८८।।

**ટીકાર્થ :-**

नरनारीगत ..... अवधेयम् ।। નરનારીગતવાગ્વિધિનું ઉક્તપણું હોવાથી 'પંચેન્દ્રિયપ્રાણો' એમ કહેવાથી મનુષ્યને છોડીને તિર્યંચપંચેન્દ્રિયનું ગ્રહણ છે, તેથી ગવાદિના સ્ત્રી, પુરુષના અનિર્ણયમાં જાતિને કહેવી જોઈએ, એમ અન્વય છે.

સ્ત્રી, પુરુષના અનિર્ણયશબ્દમાં ભાવપ્રધાનનિર્દેશપણું હોવાથી વિપ્રકૃષ્ટ દેશમાં અવસ્થિતપણું હોવાને કારણે પરસ્પર સ્ત્રીત્વ, પુરુષત્વનો અનિર્ણય હોતે છતે જાતિને બોલે=ગવાદિ જાતિને બોલે.

કઈ રીતે ગવાદિ જાતિને બોલે ? એથી કહે છે –

માર્ગપ્રશ્નાદિનું પ્રયોજન ઉત્પન્ન થયે છતે "આ ગોરૂપ જાતથી કેટલું દૂર આ છે" એ આદિ લિંગ અવિશિષ્ટ ઉભય સાધારણ ધર્મ પ્રતિપાદન કરે; કેમ કે અન્યથા=જાતિને ન કહે અને ગો ઇત્યાદિને કહે તો, લિંગના વ્યત્યયને કારણે=સ્ત્રીને બદલે પુરુષરૂપ બળદની પ્રાપ્તિ હોય તો લિંગનો વ્યત્યય થવાને કારણે, મૃષાવાદની આપત્તિ છે.

વળી કારણ વગર=સંયમના પ્રયોજનના વ્યાપારરૂપ કારણ વગર, અવ્યાપાર જ સાધુઓને ઉચિત છે=કોઈ વચનપ્રયોગ ન કરવો સાધુને ઉચિત છે એ પ્રમાણે જાણવું.

જો આ રીતે=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, લિંગના વ્યત્યયથી મૃષાવાદ છે તો પ્રસ્તર, મૃત્તિકા, કરક, અવસ્થાદિનું નિયમથી નપુંસકપણું હોતે છતે કેવી રીતે અન્યલિંગનો પ્રયોગ થાય ? જનપદ-વ્યવહારસત્યના આશ્રયણથી થાય. એ પ્રમાણે જો ગ્રંથકારશ્રી કહે તો પૂર્વપક્ષી કહે છે – તે=જનપદ-વ્યવહારસત્ય શું પ્રકૃતમાં પાણિપિહિત છે=હાથથી રોકાયેલું છે ? અર્થાત્ બળદમાં પણ જનપદ વ્યવહારસત્યથી ગાયનો પ્રયોગ થાય છે એથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે –

જનપદવ્યવહારસત્ય હોવા છતાં પણ ઇતરથા=વિશેષ્યના અનિર્ણયમાં, એકતરનો પ્રયોગ કરાયે છતે વળી વિપરિણામ થાય.

કેવો વિપરિણામ થાય ? તે કહે છે –

અહો આ સાધુઓ સુદૃષ્ટધર્મવાળા નથી એ પ્રમાણે ગોવાળિયા આદિને પણ વિરુદ્ધપરિણામ થાય, આથી વ્યતિરેકમાં ઉક્ત દોષ હોવાને કારણે=ગોજાતીય કહેવાને બદલે ગાય કહેવામાં વિપરિણામરૂપ દોષ હોવાને કારણે અને અન્વયમાં=ગોજાતીય કહેવાથી ગાય-બળદમાં, ગોજાતીયનો અન્વય હોતે છતે પુછાયેલા સાધુઓને સામાચારીના કથનથી ગુણનો સંભવ હોવાથી=યોગ્ય જીવોને સાધુધર્મ પ્રત્યે સદ્ભાવની પ્રાપ્તિરૂપ ગુણનો સંભવ હોવાથી, યથોક્ત જ વિધેય છે, એ પ્રમાણે જાણવું. ।।૮૮।।

**ભાવાર્થ :-**

**સાધુએ શું ન બોલવું જોઈએ તેનું કથન :-**

સાધુ સંયમનું પ્રયોજન ન હોય તો વચનપ્રયોગ કરે નહિ અને સંયમપ્રયોજન આદિથી માર્ગની પૃચ્છા આદિ વિષયક ક્યારેક કોઈને પૂછવાનો પ્રસંગ હોય ત્યારે દૂરવર્તી પંચેન્દ્રિય ગાય આદિને જોઈને સ્ત્રી, પુરુષનો નિર્ણય ન હોય ત્યારે પૃચ્છા કરે કે આ ગોજાતીય પ્રાણી જાય છે તેનાથી વિવક્ષિત સ્થાન કેટલું દૂર છે ? આ પ્રકારે પૃચ્છા કરવાથી બળદમાં ગાયનો પ્રયોગ કરવારૂપ વ્યત્યય થવાનો પ્રસંગ આવે નહિ, અન્યથા લિંગનો વ્યત્યય થવાથી મૃષાવાદની પ્રાપ્તિ થાય.

આનાથી એ ફલિત થાય કે સાધુએ ભાષા બોલતાં પૂર્વે દૃઢ અવધાનવાળા થવું જોઈએ, જેથી લેશપણ નિષ્કારણ બોલવાનો પરિણામ માત્ર પણ થાય નહિ અને બોલવા દ્વારા જ વસ્તુનો નિર્ણય કરીને ઉચિત પ્રવૃત્તિ થાય તેમ હોય તોપણ અનાભોગથી પણ બળદમાં ગાયનો પ્રયોગ ન થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક બોલે, તેથી જે સ્થાનમાં સ્પષ્ટ નિર્ણય ન હોય, સંદિગ્ધ હોય તે સ્થાનમાં સાધુ ક્યારેય બોલે નહિ. એ પ્રકારે સંવરનો પરિણામ પ્રસ્તુત સૂત્રના વચનના ભાવનથી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે લિંગના વ્યત્યયથી આ રીતે ગાયના મૃષાવાદની પ્રાપ્તિ થાય તો આ પ્રસ્તર છે=પત્થર છે, આ મૃત્તિકા છે તે પ્રયોગમાં આ પત્થર છે એ પુંલિંગનો પ્રયોગ છે, આ મૃત્તિકા છે એ સ્ત્રીલિંગનો પ્રયોગ છે, આ કરક છે એ પુલિંગનો પ્રયોગ છે, આ અવસ્યાય છે એ સ્ત્રીલિંગનો પ્રયોગ છે; વસ્તુતઃ એકેંદ્રિયમાં સર્વત્ર નપુંસકલિંગ છે તેથી ત્યાં સ્પષ્ટ રીતે લિંગનો વ્યત્યય છે, છતાં ભાષારૂપ વ્યવહારના સત્યના આશ્રયણથી ત્યાં દોષ નથી એમ કહેવામાં આવે તો જનપદવ્યવહારસત્યથી લોકમાં પણ ગાય-બળદ માટે ગાયનો પ્રયોગ થાય છે તેથી તે પ્રકારે પ્રયોગમાં શું દોષ છે ? આ પ્રકારની શંકાના નિવારણ માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે.

ગાય-બળદમાં જનપદવ્યવહારસત્ય હોવા છતાં પણ વિશેષ્યનો અનિર્ણય હોય ત્યારે બળદના સ્થાને ગાય કહેવામાં આવે તો લોકોને વિપરિણામ થાય.

શું વિપરિણામ થાય ? એથી કહે છે –

આ સાધુઓ પદાર્થને વાસ્તવિક જોનારા નથી એ પ્રકારનો વિરુદ્ધ પરિણામ થાય માટે સાધુઓએ તે સ્થાનમાં જાતિનો પ્રયોગ કરવો જોઈએ.

વળી સાધુ ગોજાતીય ઇત્યાદિ પ્રયોગ કરે એથી તે ગો=ગાય અને બળદમાં અન્વય છે. તેથી કોઈ પૂછે કે આ પ્રકારના પ્રયોગ કેમ કરો છો ? તો સાધુ કહે કે અમારી આ સામાચારી છે જેથી અજાણતાં પણ મૃષાપ્રયોગ ન થાય. તેથી પુરુષજાતિમાં સ્ત્રીજાતિનો પ્રયોગ કરવાને કારણે મૃષાવાદ થવાના પ્રયોગનું વારણ થાય છે તે સાંભળીને યોગ્ય જીવને સાધુના આચાર પ્રત્યે બહુમાનભાવ થાય અને યોગબીજની પ્રાપ્તિ થાય માટે સાધુએ તેવો જ પ્રયોગ કરવો જોઈએ જેથી મૃષાત્વનો સંભવ ન થાય.

વળી પૃથ્વીકાય આદિમાં નપુંસકલિંગ હોવા છતાં પણ જનપદવ્યવહારના આશ્રયણથી વ્યાકરણની મર્યાદા અનુસાર પુંલિંગ, સ્ત્રીલિંગ આદિના પ્રયોગમાં કોઈ દોષની પ્રાપ્તિ નથી જેથી શિષ્ટલોકને પણ તે પ્રયોગમાં મૃષાવાદની પ્રતીતિ થતી નથી, જ્યારે બળદમાં ગાયનો પ્રયોગ કરવાથી મૃષાવાદની પ્રતીતિ થઈ શકે છે. **II૮૮II**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**અને વળી=અન્ય શું સાધુ બોલે અથવા ન બોલે ? તેનો સમુચ્ચય કરવા અર્થે 'किञ्च'થી કહે છે—**

**ગાથા :-**

**थूलाइसु पुण भासे परिवूढाईणि चेव वयणाणि ।**
**दोहाइसु य तयट्ठयसिद्धाणि विसेसणाणि वए ।।८९।।**

**છાયા :-**

स्थूलादिषु पुनर्भाषेत परिवृद्धादीन्येव वचनानि ।
दोह्यादिषु च तदर्थकसिद्धानि विशेषणानि वदेत् ।।८९।।

**અન્વયાર્થ :-**

पुण=વળી, थूलाइसु=સ્થૂલાદિમાં=મનુષ્ય, પશુ, પક્ષી સ્થૂલાદિ હોય તેમાં, परिवूढाईणि=પરિવૃદ્ધાદિ, चेव=જ, वयणाणि=વચનો, भासे=બોલે, य=અને, दोहाइसु=દોહ્યાદિમાં=દોહવા યોગ્ય ગાયો આદિમાં, तयट्ठयसिद्धाणि=તદર્થસિદ્ધ, विसेसणाणि=વિશેષ વચનો, वए=બોલે. ।।૮૯।।

**ગાથાર્થ :-**

**વળી સ્થૂલાદિમાં=મનુષ્ય, પશુ, પક્ષી સ્થૂલાદિ હોય તેમાં, પરિવૃદ્ધાદિ જ વચનો બોલે અને દોહ્યાદિમાં=દોહવા યોગ્ય ગાયો આદિમાં, તદર્થસિદ્ધ વિશેષ વચનો બોલે. ।।૮૯।।**

**ટીકા :-**

**स्थूलादिषु मनुष्यपशुपक्षिसरीसृपादिषु, परिवृद्धादीन्येव वचनानि भाषेत कारणे उत्पन्नेऽपि परिवृद्धं, पलोपचितं, सञ्जातं, प्रीणितं, महाकायं वा परिहरेदि'त्यादौ स्थूलादीन् परिवृद्धादिशब्देन ब्रूयात्, न तु 'स्थूलोऽयं, प्रमेदुरोऽयं, वध्योऽयं, पाक्योऽयं' इति वदेत्, पाक्यः=पाकप्रायोग्यः, कालप्राप्त इत्यन्ये, अप्रीतिव्यापत्त्यादिदोषप्रसङ्गात्, लोकविरुद्धत्वाच्च ।**

तथा दोह्यादिष्वपि अर्थेषु साध्यक्रियाभिधायीनि वचनानि न वदेत्, यथा-दोह्या गावः, दम्या गोरथकाः, वाह्या रथयोग्या वेति, आप्तवचनात्तदानीं गोदोहादिकर्तव्यत्वनिश्चये श्रोतृप्रवृत्त्यादिना अधिकरणलाघवादिदोषप्रसङ्गात् ।

दिगुपलक्षणादौ प्रयोजने पुनः, तदर्थकानि=दोह्याद्यर्थकानि, सिद्धानि=साध्यविलक्षणानि, विशेषणानि वदेत्, यथा 'रसदा धेनुः, युवा गौः, ह्रस्वो महल्लकः संवहनो वे'ति, नैवमुक्तदोष इति भावः ।।८९।।

**ટીકાર્થ :-**

स्थूलादिषु ..... भावः ।। સ્થૂલાદિમાં=સ્થૂલાદિ એવા મનુષ્ય, પશુ, પક્ષી, સાપાદિમાં પરિવૃદ્ધ જ વચનો બોલે=કારણ ઉત્પન્ન થયે છતે પણ પરિવૃદ્ધ, પલોપચિત, સંજાત, પ્રીણિત અથવા મહાકાય એ પ્રકારનાં વચનો બોલે. પરિહરેત્ ઇત્યાદિમાં સ્થૂલાદિને પરિવૃદ્ધાદિ શબ્દથી બોલે પરંતુ આ સ્થૂલ છે, આ પ્રમેદુર છે, આ વધ્ય છે, આ પાક્ય છે એ પ્રમાણે બોલે નહિ. પાક્ય એટલે પાકપ્રાયોગ્ય, કાલપ્રાપ્ત એ પ્રમાણે બીજા કહે છે.

કેમ સ્થૂલ ઇત્યાદિ ન બોલે ? તેમાં હેતુ કહે છે –

અપ્રીતિ-વ્યાપત્તિ આદિ દોષનો પ્રસંગ છે. અને લોકવિરુદ્ધપણું છે.

વળી દોહ્યાદિ પણ અર્થોમાં સાધ્ય ક્રિયાને કહેનારાં વચનો સાધુ બોલે નહિ જે પ્રમાણે ગાય દોહવી જોઈએ. ગોરથકા=બળદિયા, દમન કરવા યોગ્ય છે અથવા વાહ્યા=વહન કરવા યોગ્ય એવા, અશ્વો રથ યોગ્ય છે, એ વચનો બોલવાં જોઈએ નહિ; કેમ કે આપ્તવચનથી ત્યારે ગો-દોહાદિ કર્તવ્યતાના નિશ્ચયમાં શ્રોતૃ પ્રવૃત્તિ આદિ દ્વારા અધિકરણ અને લાઘવાદિ દોષનો પ્રસંગ છે.

વળી દિગ્‌ઉપલક્ષણ આદિના પ્રયોજનમાં તે અર્થવાળા=દોહ્યાદિ અર્થવાળા સિદ્ધ એવા વિશેષોને=સાધ્યથી વિલક્ષણ એવા વિશેષોને, કહે જે પ્રમાણે રસને દેનારી ગાય છે, યુવા ગાય છે, હ્રસ્વ મહલ્લક અથવા સંવહન છે=દોહવા યોગ્ય ગાય હોય તેને રસદા ગાય કહે, દમન કરવા યોગ્ય ગોરથક હોય ત્યાં યુવા ગાય કહે અને વાહ્ય હોય ત્યાં મહલ્લક કહે અને રથયોગ્ય હોય ત્યાં સંવહન કહે એ પ્રકારે કહેવામાં ઉક્ત દોષ નથી એ પ્રકારે ભાવ છે. ।।૮૯।।

**ભાવાર્થ :-**

**સાધુએ શું બોલવું અને શું ન બોલવું તેનું કથન :-**

સાધુએ આરંભ સમારંભનું કારણ બને તેવી ભાષા બોલવી જોઈએ નહિ, તેથી સંયમનું કોઈ પ્રયોજન ન હોય તો સ્થૂલાદિ મનુષ્ય, પશુ, પક્ષી, સાપ, આદિના વિષયમાં જોવા છતાં કોઈ પ્રકારનો વચનપ્રયોગ કરે નહિ. કોઈ વખતે કોઈ અન્ય સાધુને દિશાનો બોધ કરાવવો હોય ત્યારે દૂરથી મનુષ્ય પશુ આદિને જોઈને

પરિવૃદ્ધ વચનો બોલે અર્થાત્ આ સ્થૂલ છે તેમ ન કહે પરંતુ સ્થૂલશરીરવાળા મનુષ્યાદિને જોઈને પરિવૃદ્ધ વચન કહે, વળી પશુને જોઈને આ પ્રમેદુર છે એમ ન કહે પરંતુ પલોપચિત છે એમ કહે, વળી પક્ષીને જોઈને આ વધ્ય છે એમ ન કહે. પરંતુ સંજાત છે કે પ્રીણિત છે એમ કહે, વળી આ પાક્ય છે એમ ન કહે પરંતુ મહાકાયવાળો છે એમ કહે. આ પ્રકારે કહેવાથી સાંભળનારને અપ્રીતિ ન થાય અને મનુષ્યને તેને સ્થૂલ કહેવામાં આવે તો અપ્રીતિ થાય પરંતુ પરિવૃદ્ધ છે એમ કહેવાથી અપ્રીતિ થવાનો પ્રસંગ આવે નહિ, વળી પ્રમેદુર કે વધ્ય ઇત્યાદિ કહેવાથી તેને મારવા આદિનો પ્રસંગ આવે; કેમ કે સાધુનાં વચન સાંભળીને કોઈને એ પ્રકારની ઉપસ્થિતિ થાય તેથી તેની હિંસા આદિનો પ્રસંગ ઉપસ્થિત થાય માટે સાધુ તેવું વચન બોલે નહિ.

વળી તેવા વચનપ્રયોગો શિષ્ટલોકમાં લોકવિરુદ્ધ છે, તેથી સાધુને તેવાં વચનો બોલતા જોઈને શિષ્ટલોકને ધર્મ પ્રત્યે અપ્રીતિ થવાનો પ્રસંગ આવે.

વળી વિહાર આદિમાં દિશાનો બોધ કરાવવાના પ્રયોજનથી સાધ્યક્રિયાને કહેનારાં એવાં વચનોથી ગાય આદિનો ઉલ્લેખ કરે નહિ; કેમ કે તે વચન સાંભળીને આપ્ત વચન છે તેમ વિચારીને ગાય દોહવા આદિ કર્તવ્યનો નિશ્ચય થાય તેથી કોઈ શ્રોતા તે વચનો સાંભળીને તે પ્રકારે પ્રવૃત્તિ કરે તો આરંભ સમારંભરૂપ અધિકરણની પ્રાપ્તિ થાય અને વચન અનુસાર તે ગાય વગેરે દોહવા યોગ્ય ન હોય તો સાંભળનારને થાય કે સાધુઓ આ પ્રકારે મૃષા બોલે છે તેથી ધર્મના લાઘવનો પ્રસંગ આવે, માટે સાધુને કોઈક કારણે તે વચનોથી બોધ કરાવવાની આવશ્યકતા જણાય ત્યારે સાધ્યક્રિયાને નહિ સૂચવનારા એવા વિલક્ષણ શબ્દોથી પશુ આદિનો બોધ કરાવવો જોઈએ. જેમ દોહવા યોગ્ય ગાય હોય તો રસદાધેનુ એ પ્રકારે પ્રયોગ કરવો જોઈએ અને દમન કરવા યોગ્ય ગોરથકો=બળદિયા હોય તો યુવા ગો એ પ્રકારે કહેવા જોઈએ અને ગોરથકો હોય તો હ્રસ્વ કહેવો જોઈએ અને વહન કરવા યોગ્ય કોઈ પશુ હોય તો મહલ્લક કહેવું જોઈએ અને રથ યોગ્ય હોય તો સંવહન કહેવું જોઈએ. આ રીતે કહેવાથી તે વચન સાંભળીને શ્રોતાની આરંભ સમારંભ થવાની પ્રવૃત્તિનો સંભવ રહેતો નથી. **॥૮૯॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**વળી અન્ય પ્રકારે સાધુએ કેવાં વચન બોલવાં જોઈએ નહિ ? અને કેવાં વચન બોલવાં જોઈએ ? તેનો 'किञ्च'થી સમુચ્ચય કરે છે –**

**ગાથા :-**

**पासायखंभतोरणगिहाइजोग्गा य णो वए रुक्खे ।**

**कारणजाए अ वए, ते जाइप्पभिइगुणजुत्ते ।।९०।।**

**છાયા :-**

प्रासादस्तम्भतोरणगृहादियोग्यांश्च नो वदेद् वृक्षान् ।
कारणजाते च वदेत्तान् जातिप्रभृतिगुणयुक्तान् ।।९०।।

**અન્વયાર્થ :-**

य=અને, पासायखंभतोरणगिहाइजोग्गा=પ્રાસાદ, સ્તંભ, તોરણ અને ગૃહાદિ યોગ્ય, रुक्खे=વૃક્ષોને, वए णो=કહે નહિ. अ=અને, कारणजाए=કારણ ઉત્પન્ન થયે છતે=સંયમના પ્રયોજન અર્થે કહેવાનું પ્રયોજન ઉત્પન્ન થયે છતે, जाइप्पभिइगुणजुत्ते=જાતિ વગેરે ગુણથી યુક્ત એવા ते=તેઓને=વૃક્ષોને, वए=કહે. ।।૯૦।।

**ગાથાર્થ :-**

**અને પ્રાસાદ, સ્તંભ, તોરણ અને ગૃહાદિ યોગ્ય વૃક્ષોને કહે નહિ અને કારણ ઉત્પન્ન થયે છતે=સંયમના પ્રયોજન અર્થે કહેવાનું પ્રયોજન ઉત્પન્ન થયે છતે, જાતિ વગેરે ગુણથી યુક્ત એવા તેઓને=વૃક્ષોને, કહે. ।।૯૦।।**

**ટીકા :-**

प्रासादः=एकस्तम्भः, स्तम्भस्तु स्तम्भ एव, तोरणानि=नगरतोरणादीनि, गृहाणि=कुटीरकादीनि, आदिपदात् परिघाऽर्गलानावुदकद्रोणीपीठकचङ्गबेरालाङ्गलमयिकयन्त्रयष्टिनाभिगण्डिकासन-शयनयानद्वारपात्रादिपरिग्रहः तद्योग्यान् वृक्षान्न वदेत्, एतादृशं वदतो हि साधोः तद्वनस्वामिव्यन्तरात् कोपादिः स्यात्, सलक्षणो वा वृक्ष इति कश्चिदभिगृह्णीयात् अनियमितभाषिणो लाघवं वा स्यादिति ।

विश्रमणतदासन्नमार्गकथनादौ कारणजाते च सति तान् जातिप्रभृतिगुणयुक्तान् वदेत् । तथाहि - उत्तमजातय एते वृक्षा अशोकादयः, दीर्घा वा नालिकेरीप्रभृतयो, वृत्ता नन्दिवृक्षादयो महालया वटादयः, प्रजातशाखाः, प्रशाखावन्तो दर्शनीया वेति ।।९०।।

**ટીકાર્થ :-**

प्रासादः ..... वेति ।। પ્રાસાદ=એકસ્તંભ, વળી સ્તંભ=થાંભલો, જ છે, તોરણ=નગરનાં તોરણાદિ, ગૃહો=કુટીરકાદિ, અને આદિ પદથી પરિઘા=નગરનાં દ્વારોને બંધ કરવા અર્થે લાકડાની બનાવેલી પરિઘા, અર્ગલા=ઘરમાં દ્વારને બંધ કરવા માટે લાકડાનું સાધન, નાવ, ઉદકદ્રોણી=રહેંટ, પીઠક=લાકડાની બનાવેલી પીઠક, ચંગબેરા=કાષ્ઠમય બનાવેલ પાત્રી, લાંગલ=હળ, મયિક=ખેતીનું કોઈક સાધન, યન્ત્રયષ્ટિ=યંત્રની કોઈ લાકડી, નાભિગંડિકા=બળદગાડીના મધ્યમાં વપરાતુ લાકડાનું સાધન, શયન, યાન, દ્વાર, પાત્રાદિનું ગ્રહણ કરવું તેને યોગ્ય આ વૃક્ષો છે એમ સાધુ બોલે નહિ.

કેમ સાધુ તેવું બોલે નહિ ? તેથી કહે છે –

**આ રીતે બોલતા સાધુ ઉપર તે વનના સ્વામી એવા વ્યંતરથી કોપાદિ થાય અથવા સલક્ષણવાળું આ વૃક્ષ છે એમ વિચારીને કોઈ તે લાકડું ગ્રહણ કરે અથવા અનિયમિતભાષી એવા સાધુ હોતે છતે=અસંબદ્ધ વચન બોલનારા સાધુ હોતે છતે, લાઘવ થાય.**

**વિશ્રમણ=વિશ્રાન્તિનું સ્થાન કે તેના આસન્ન એવા માર્ગ કથનાદિનું કારણ, ઉત્પન્ન થયે છતે તે વૃક્ષના જાતિ વગેરે ગુણ યુક્ત કહે.**

કઈ રીતે કહે ? તે 'तथाहि'થી કહે છે –

**ઉત્તમજાતિવાળાં આ અશોકાદિ વૃક્ષો છે અથવા દીર્ઘ એવાં નાલિકેર વગેરે વૃક્ષો છે નંદિવૃક્ષાદિ મહાલયવાળાં વટાદિવૃક્ષો છે, પ્રજાતશાખાવાળાં છે=નવી ઉત્પન્ન થયેલી શાખાવાળાં છે, પ્રશાખાવાળાં છે એ રૂપે બતાવવાં જોઈએ. ॥૯૦॥**

**ભાવાર્થ :-**

**સાધુએ શું બોલવું અને શું ન બોલવું તેનું કથન :-**

વળી સાધુ વિહાર આદિમાં જતા હોય અને અન્ય કોઈ સાધુને વિશ્રામનું સ્થાન પૂછવું હોય અથવા તો આગળમાં જે વિશિષ્ટ વૃક્ષાદિ છે ત્યાંથી વિવક્ષિત સ્થાને જવાનો માર્ગ છે એ પ્રકારે કોઈ સાધુને કહેવાનું પ્રયોજન હોય ત્યારે આગળમાં પ્રાસાદને યોગ્ય, સ્તંભને યોગ્ય, તોરણને યોગ્ય, ગૃહાદિને યોગ્ય વૃક્ષો પોતે જોયાં હોય અને તે પ્રકારનું વૃક્ષાદિનું જ્ઞાન હોય તો તે વૃક્ષની પ્રાયઃ તે રૂપે જ ઉપસ્થિતિ થાય છે તેથી કોઈ સાધુ વિચાર્યા વગર તે પ્રકારે વચનપ્રયોગ કરે તો આ પ્રકારનાં વચનોને સાંભળીને "આ વૃક્ષોને કોઈ છેદન કરશે" તેમ વિચારીને તે વનના સ્વામી વ્યંતર કોપાયમાન થાય જેથી સાધુને ઉપદ્રવ થવાનો પ્રસંગ આવે.

વળી સાધુથી બોલાતાં તે વચનોને સહસા અન્ય કોઈ સાંભળે અને વિચારે કે આ લક્ષણવાળું વૃક્ષ છે તેથી તેનું છેદન કરીને તે વૃક્ષને ગ્રહણ કરે તો સાધુને આરંભ-સમારંભની પ્રાપ્તિ થાય. કદાચ તેવો પ્રસંગ ન બને તોપણ તેવી સંભાવના હોવાથી વિચાર્યા વગર કોઈ સાધુ બોલે તો સાધુનો વચનવિષયક તે પ્રકારનો અસંવર હોવાથી સંભવિત તે તે આરંભ સમારંભના ઉપેક્ષાજન્ય કર્મબંધની પ્રાપ્તિ થાય છે.

વળી સાધુનું વચન તે વૃક્ષવિષયક અનિયમિત હોય અર્થાત્ જે પ્રમાણે સાધુ કહે છે તે પ્રકારે તે વૃક્ષ ન હોય તો તે સાંભળીને શિષ્ટલોકને થાય કે સાધુ મૃષાવાદ બોલે છે તેથી ધર્મનું લાઘવ થાય, માટે સંભવિત દોષોનો વિચાર કરીને સંવૃતવચનપ્રયોગવાળા સાધુએ આરંભ સમારંભના કારણભૂત વચનપ્રયોગો કરવા જોઈએ નહિ પરંતુ અન્ય સાધુને બોધ કરાવવા અર્થે કહેવું જોઈએ કે ઉત્તમજાતિવાળાં અશોકાદિ વૃક્ષો છે અથવા દીર્ઘાદિ વૃક્ષો છે અથવા નારિયેળ વગેરેનાં વૃક્ષો છે. ત્યાં વિશ્રામણ કરાય તેવું છે અથવા તેને આસન્ન સ્થાનથી અમુક નગરનો માર્ગ છે ઇત્યાદિ કહેવું જોઈએ.

વળી અન્ય પણ નંદીવૃક્ષાદિ હોય, મહાલય વટાદિ હોય કે પ્રજાત શાખાવાળાં વૃક્ષો હોય કે પ્રશાખાવાળાં વૃક્ષો હોય તે બતાવવાં જોઈએ, પરંતુ આરંભ-સમારંભનું કારણ બને એવી ભાષાથી બોલવું ન જોઈએ. ॥૯૦॥

**અવતરણિકા :-**

किञ्च –

**અવતરણિકાર્થ :-**

શું ન બોલવું જોઈએ ? તેનો સમુચ્ચય 'किञ्च'થી કરે છે –

**ગાથા :-**

**ण फलेसु ओसहीसु य, पक्काइवओ वए वयणकुसलो ।**
**असमत्थप्परूढाइ, पओअणे पुण वए वयणं ।।९१।।**

**છાયા :-**

न फलेष्वौषधीषु च पक्वादिवचो वदेद्वचनकुशलः ।
असमर्थप्ररूढादि प्रयोजने पुनर्वदेद्वचनम् ।।९१।।

**અન્વયાર્થ :-**

वयणकुसलो=વચનકુશલ એવા સાધુ, फलेसु=ફળોમાં, य=અથવા, ओसहीसु=ઔષધિઓમાં, पक्काइवओ=પક્વાદિ વચન, वए ण=બોલે નહિ. पुण=વળી, पओअणे=પ્રયોજન હોતે છતે, असमत्थप्परूढाइ=અસમર્થ પ્રરૂઢાદિ, वयणं=વચન, वए=બોલે. ।।૯૧।।

**ગાથાર્થ :-**

**વચનકુશલ એવા સાધુ ફળોમાં અથવા ઔષધિઓમાં પક્વાદિ વચન બોલે નહિ વળી પ્રયોજન હોતે છતે અસમર્થ પ્રરૂઢાદિ વચન બોલે. ।।૯૧।।**

**ટીકા :-**

**फलेषु औषधीषु वा वचनकुशलः=वाग्विधिनिपुण, पक्वादिवचो न वदेत् । तथाहि – पक्वानि=पाकप्राप्तानि, एतानि फलानि तथा पाकखाद्यानि=बद्धास्थीनीति गर्त्ताप्रक्षेपकोद्रवपलालादिना विपाच्य भक्षणयोग्यानीति यावत्, तथा वेलोचितानि=पाकातिशयतो वा ग्रहणकालोचितानि, अतः परं कालं न विषहन्त इति यावत् । तथा टालानि=अबद्धास्थीनि, कोमलानीति यावत्, तथा द्वैधिकानि=पेशीसम्पादनेन द्वैधीभावकरणयोग्यानीति ।**

**तथा पक्वा एताः शाल्याद्या औषध्यः तथा नीलाः छविमत्यो वा लवनयोग्या वा भर्जनयोग्या वा पृथुकखाद्या वा इति, एतादृशाननुमतभाषाभाषणे फलादिनिश्रितदेवताकोपः 'इत ऊर्ध्वमेतन्नाश एव प्रकारान्तरेणैतद्भोगो न शोभन' इत्यवधार्य गृहिप्रवृत्तौ अधिकरणादिदोषोपपातश्चेति ।**

प्रयोजने पुनः मार्गदेशनादौ असमर्थप्ररूढादिवचनं वदेत् । तथाहि–असमर्था एते आम्रा फलान्यतिभारेण न शक्नुवन्ति धारयितुमित्यर्थः, फलपक्वार्थप्रदर्शनमेतदप्राधान्येनेति द्रष्टव्यम्, तथा 'बहुनिर्वर्तितफला एते' अनेन पाकखाद्यत्वार्थ उक्तः, तथा 'बहुसम्भूतफला एते' अनेन वेलोचितार्थः प्रदर्शितः, तथा 'भूतरूपा एते' अनेन टालार्थ उक्तः, न चैवमितोऽपि प्रागुक्तार्थप्रतीतिपूर्वकप्रवृत्तौ अधिकरणादिदोषप्रसङ्ग इति वाच्यम् साक्षादधिकरणदोषप्रवृत्तिजनकवचनस्यैव निषिद्धत्वात्, प्रकृते तु शुद्धाशयेन कारणतो भाषणे कथञ्चित्परकीयकुप्रवृत्त्या दोषाभावात् अन्यथातिप्रसङ्गादिति दिक् ।

औषधीनिर्देशेऽप्येवं वदेत् यथा–प्ररूढा एते, बहुसंभूता वा, निष्पन्नप्राया इत्यर्थः, स्थिरा वा निष्पन्ना इत्यर्थः, उत्सृता वा उपघातेभ्यो निर्गता इत्यर्थः, गर्भिता वा अनिर्गतशीर्षका इत्यर्थः, प्रसूता वा निर्गतशीर्षका इत्यर्थः, ससारा वा सञ्जाततन्दुलादिसारा इत्यर्थः, इत्येवमादिविधिः, पक्वाद्यर्थयोजनातदाक्षेपपरिहारास्तु प्राग्वत् ।।९१।।

**ટીકાર્થ :-**

फलेषु ..... प्राग्वत् ।। વચનકુશલ સાધુ=સાધુના વચનની વિધિમાં કુશલ એવા સાધુ, ફળોમાં અથવા ઔષધિઓમાં પક્વાદિ વચન બોલે નહિ, તે આ પ્રમાણે – પક્વ=પાક પ્રાપ્ત, આ ફળો છે અને પાકખાદ્ય=બદ્ધ અસ્થિવાળાં છે એથી ગર્તામાં પ્રક્ષેપ કોદ્રવ પલાલ આદિ દ્વારા વિપાચ્ય ભક્ષણ યોગ્ય છે=ગર્તામાં પ્રક્ષેપ કરીને કોદ્રવધાન્ય કે ઘાસ આદિ દ્વારા પકાવીને ભક્ષણ યોગ્ય છે અને વેલા ઉચિત=પાકના અતિશયવાળા અથવા ગ્રહણકાલ ઉચિત છે, હવે પછી કાળને સહન નહિ કરે અર્થાત્ અત્યારે તોડવામાં નહિ આવે તો અલ્પકાળમાં સડી જશે એવાં વચનો સાધુ બોલે નહિ, વળી અબદ્ધ અસ્થિવાળાં કોમળ છે એ પ્રમાણે સાધુ બોલે નહિ. અને દ્વૈધિક આ ફળો છે=પેશીસંપાદન હોવાથી બે ભાગ કરવા યોગ્ય છે એ પ્રમાણે સાધુ બોલે નહિ અને પક્વ આ શાલિ આદિ ઔષધિઓ છે અને નીલ છે=અપક્વ કાચી છે. છવિવાળી છે=ફળીઓથી મુક્ત થયેલી છે, લવન યોગ્ય છે=કાપવા યોગ્ય છે, ભુંજવા યોગ્ય છે અથવા પૃથક્ ખાદ્ય છે. આવા પ્રકારની અનનુમતભાષા બોલવામાં=સાધુને બોલવા માટે અનનુમત એવી ભાષા બોલવામાં, ફળાદિ નિશ્રિત દેવતાનો કોપ થાય અને આના પછી આનો નાશ જ છે. પ્રકારાન્તરથી આનો ભોગ શોભન નથી એ પ્રમાણે અવધારણ કરીને ગૃહસ્થની પ્રવૃત્તિ થયે છતે અધિકરણ આદિ દોષનો ઉપપાત છે એથી સાધુ એવી ભાષા બોલે નહિ એમ અન્વય છે.

વળી માર્ગ બતાવવા આદિના પ્રયોજનમાં=અન્ય સાધુને તે ફળ ઔષધિ આદિના ચિહ્નને અવલંબીને માર્ગ બતાવવા આદિના પ્રયોજનમાં અસમર્થ પ્રરૂઢાદિ વચન બોલે તે આ પ્રમાણે – આ આમ્રફળો અતિભારને કારણે અસમર્થ છે તેથી તેઓને ધારણ કરવા માટે વૃક્ષ સમર્થ થતાં નથી.

અસમર્થ કહેવાથી ફળ પક્વાર્થનું આ પ્રદર્શન અપ્રાધાન્યથી એ પ્રમાણે જાણવું તથા બહુ નિર્વર્તિત ફળવાળાં આ છે, આના દ્વારા પાકખાદ્યત્વ અર્થ કહેવાયો અને બહુ સંભૂત ફળવાળાં આ છે, આના દ્વારા વેલા ઉચિત અર્થ બતાવાયો અર્થાત્ આ ફળોને તોડવાની ઉચિત વેળા છે એ અર્થ બતાવાયો, અને ભૂતરૂપ આ છે એના દ્વારા ટાલાર્થ કહેવાયો અર્થાત્ અબદ્ધ અસ્થિવાળાં કોમળ આ ફળો છે એ અર્થ કહેવાયો, અને આ રીતે પણ પૂર્વમાં કહેલા અર્થની પ્રતીતિપૂર્વક પ્રવૃત્તિ થયે છતે અધિકરણ આદિ દોષનો પ્રસંગ થશે એમ ન કહેવું; કેમ કે સાક્ષાત્ અધિકરણ દોષની પ્રવૃત્તિજનક વચનનું જ નિષિદ્ધપણું છે. વળી પ્રકૃતમાં શુદ્ધ આશયથી=સાધુના સંયમમાં સહાયક થવાના શુદ્ધ આશયથી કારણથી બોલાયે છતે કોઈક રીતે પરકીય કુપ્રવૃત્તિ થવાથી=તે વચન સાંભળીને તાત્પર્યનો નિર્ણય કરીને પરકીયની ફળ તોડવા આદિ રૂપ કુપ્રવૃત્તિ થવાથી, દોષનો અભાવ છે=સાધુને દોષનો અભાવ છે. અન્યથા=તેવું ન માનવામાં આવે તો અર્થાત્ અન્યની પ્રવૃત્તિ થવાથી સાધુને તે આરંભના દોષની પ્રાપ્તિ છે તેમ સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ છે=શુભાશયપૂર્વક સાધુની નદી ઊતરવાની ક્રિયામાં પણ હિંસાના દોષનો અતિપ્રસંગ છે. એ પ્રમાણે દિશાસૂચન છે.

ઔષધ આદિના નિર્દેશમાં પણ આ પ્રમાણે=આગળ બતાવે છે એ પ્રમાણે, કહેવું જોઈએ. જે 'યથા'થી બતાવે છે – આ ઔષધિઓ પ્રરૂઢ છે અથવા બહુસંભૂત છે=નિષ્પન્નપ્રાયઃ છે, એ પ્રકારનો અર્થ છે. અથવા સ્થિર છે=નિષ્પન્ન છે, એ પ્રકારનો અર્થ છે. અથવા ઉત્સૃત છે=ઉપઘાતથી નિર્ગત છે, એ પ્રકારનો અર્થ છે. અથવા ગર્ભિત છે=અનિર્ગત શીર્ષકવાળી છે=ઉપરનાં છોતરાંદિ જુદાં પાડેલાં નથી, એ પ્રકારનો અર્થ છે. અને પ્રસૂત છે=નિર્ગત શીર્ષકવાળી છે=ઉપરનાં ફોતરાં વગેરે કાઢેલાં અવસ્થાવાળી છે, એ પ્રકારનો અર્થ છે. અથવા સસારા છે=સંજાતતન્દુલાદિ સારવાળી છે, એ પ્રકારનો અર્થ છે. આ વગેરે વિધિ છે=કારણ હોતે છતે બોલવાની વિધિ છે. વળી, પક્વાદિ અર્થની યોજના, તેનો આક્ષેપ અને પરિહાર પૂર્વની જેમ જાણવું અર્થાત્ ફળોમાં જે પ્રમાણે બતાવ્યું તે પ્રમાણે ઔષધિમાં જાણવું. ॥૯૧॥

**ભાવાર્થ :-**

### સાધુએ શું બોલવું અને શું ન બોલવું તેનું કથન :-

સાધુ વિહાર આદિના પ્રસંગમાં કોઈ અન્ય સાધુને નિયત સ્થાનમાં જવા માટે કે અન્ય કોઈ પ્રયોજનથી દિશાનો બોધ કરાવવા અર્થે કહે કે અમુક સ્થાને આગળમાં તમને પક્વ ફળો દેખાશે તે સ્થાનમાં વિશ્રાન્તિને અનુકૂળ સ્થાન છે અથવા તે ફળો દેખાય તેને અનુરૂપ અમુક દિશામાં જવાથી અમુક નગર આવશે. સાધુનું તે વચન સાંભળીને કોઈ અન્ય ગૃહસ્થ આરંભ સમારંભ કરે અથવા તે ફળાદિને નિશ્રિત રહેલા કોઈ વ્યંતરદેવ કુપિત થાય તે દોષોના પરિહાર અર્થે સાધુએ પક્વાદિ વચનોને બદલે કેવાં વચનો કહેવાં જોઈએ ? તે ક્રમસર બતાવે છે –

પક્વને બદલે અસમર્થ પ્રયોગ કરવો જોઈએ.

તેથી એ પ્રાપ્ત થાય કે આ ફળોના ભારને ધારણ કરવા માટે આ વૃક્ષ અસમર્થ છે તે વચનથી અન્ય સાધુને તેવો જ બોધ થાય છે કે તે સ્થાનમાં પક્વ ફળો છે પરંતુ અસમર્થ બોલવાથી અન્ય કોઈ શ્રોતાને આગળમાં પાકેલા ફળવાળાં વૃક્ષો છે તેવો બોધ થતો નથી માટે આરંભ સમારંભનો પરિહાર થાય છે.

વળી પાકખાદ્યને બદલે બહુનિર્વર્તિતફળવાળાં છે તેમ કહેવું જોઈએ, વળી કોઈક સ્થાને વેળા ઉચિત ફળવાળાં હોય તો બહુસંભૃતફળવાળાં છે એવો પ્રયોગ કરવો જોઈએ જેથી આરંભની પ્રવૃત્તિ થાય નહિ.

વળી કોઈ ઠેકાણે અબદ્ધ અસ્થિવાળાં ફળો છે એમ કહેવાથી તેવાં ફળના અર્થી જીવોની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ આવે, તેથી તેના સ્થાને ભૂતરૂપ ફળો છે તેમ કહેવું જોઈએ અર્થાત્ હજી પ્રારંભિક ઉત્પન્ન થયેલાં એવાં ભૂતરૂપ આ ફળો છે એમ કહેવું જોઈએ, જેથી અન્ય સાધુને યથાર્થ બોધ થાય અને લોકોની તેવી પ્રવૃત્તિ થાય નહિ.

અહીં કોઈને શંકા થાય કે કોઈ પ્રાજ્ઞને તેવા ગૂઢ અર્થવાળા શબ્દોથી પણ યથાર્થ બોધ થાય તો જેમ અન્ય સાધુને તે સ્થાનવિષયક યથાર્થ બોધ થાય છે તેમ અન્ય ગૃહસ્થને પણ તે ફળવિષયક યથાર્થ બોધ થવાથી સાધુના વચનને અવલંબીને તેના ગ્રહણ આદિ માટે પ્રવૃત્તિ કરે તો સાધુનું વચન આરંભની પ્રવૃત્તિનું કારણ બનવાથી અધિકરણાદિ દોષની પ્રાપ્તિ થાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે શાસ્ત્રમાં સાક્ષાત્ અધિકરણ દોષના પ્રવૃત્તિના જનક એવાં વચનો જ સાધુએ બોલવાં જોઈએ નહિ એમ કહેલ છે, તેથી શાસ્ત્રવચનનું સ્મરણ કરીને જે સાધુ તેના પરિહાર અર્થે ગૂઢાર્થવાળા શબ્દપ્રયોગો કરે છે જેથી સામાન્ય શ્રોતાને તે વચનો સાંભળીને આરંભમાં પ્રયત્ન કરવાનો સંભવ રહે નહિ અને પ્રકૃત સ્થાનમાં સાધુ અન્ય સાધુના સંયમમાં ઉપષ્ટંભક થવાના શુભાશયથી તે પ્રકારનાં વચનો બોલે છે અને તે વચનથી કોઈક રીતે ગૃહસ્થને યથાર્થ બોધ થાય અને તેના કારણે આરંભ સમારંભની પ્રવૃત્તિ થાય તો સાધુને દોષની પ્રાપ્તિ નથી; કેમ કે સાધુના અધ્યવસાયને અનુરૂપ જ કર્મબંધ થાય છે તેથી આરંભ-સમારંભના પરિહાર અર્થે યતનાપરાયણ સાધુ શાસ્ત્રમર્યાદા અનુસાર બોલે તેનાથી અન્ય જીવોની જે કુપ્રવૃત્તિ થાય છે તે અશક્યપરિહારરૂપ હોવાથી તે આરંભજન્ય દોષ સાધુને પ્રાપ્ત થતો નથી અને જો તેમ ન માનવામાં આવે તો અતિપ્રસંગદોષ પ્રાપ્ત થાય.

અર્થાત્ કોઈ સુસાધુ યતનાપૂર્વક નદી ઊતરતા હોય કે વિહારાદિ કરતા હોય અને તેમના યોગને પામીને અશક્યપરિહારરૂપ જે હિંસા થાય છે ત્યાં પણ હિંસાદોષકૃત કર્મબંધની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય. વસ્તુતઃ સંયમના પરિણામવાળા સાધુ આરંભ-સમારંભના પરિહાર અર્થે યતનાપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરે ત્યારે તે મહાત્માનો અધ્યવસાય વિશુદ્ધ હોવાથી કોઈ સૂક્ષ્મ જીવ તેમના યોગને પામીને મરે તેનાથી તનુમાત્ર પણ કર્મબંધ તે મહાત્માને થતો નથી, તેમ જિનવચનાનુસાર ઉપયુક્ત થઈને જે સાધુ અન્ય સાધુના સંયમના ઉપકારના પ્રયોજનથી ગૂઢાર્થવાળા શબ્દો દ્વારા તેઓને બોધ કરાવે છતાં કોઈ આરંભની પ્રવૃત્તિ અન્ય જીવ કરે ત્યારે તે પ્રકારના આરંભના પરિહાર અર્થે જ ઉપયુક્ત થઈને બોલનારા સાધુનો વિશુદ્ધ પરિણામ હોવાથી બાહ્યથી થતી તે હિંસાથી અલ્પમાત્ર પણ કર્મબંધ તે સાધુને થતો નથી.

વળી વિહારસ્થળમાં કોઈક ઠેકાણે ઔષધિઓનાં વૃક્ષો હોય અને તેવાં વૃક્ષોનું અન્યસાધુને કથન કરવાનો પ્રસંગ હોય ત્યારે સાધુએ ઔષધિમાં પક્વાદિના સાથે કેવા પ્રકારના શબ્દો વાપરવા જોઈએ તેથી તે ગૂઢાર્થવાળા શબ્દોથી ગૃહસ્થને આરંભનો પ્રસંગ ન આવે તે ગૂઢાર્થવાળા શબ્દો બતાવે છે –

જેમ કોઈક વનસ્પતિનાં વૃક્ષો હોય જેમાં ફળો ન હોય તેવી વનસ્પતિ ઔષધિઓ કહેવાય છે અને તેવી વનસ્પતિ પક્વ હોય તો તેને પક્વ છે એમ કહેવાથી તેને સાંભળીને આરંભની પ્રવૃત્તિ થાય તેથી સાધુ કહે કે પ્રરૂઢ વનસ્પતિ છે અથવા બહુસંભૃત છે જેથી પક્વ અર્થનો જ બોધ થાય છે.

વળી કોઈ વનસ્પતિ નીલ હોય તો તેને નીલ કહેવાને બદલે સ્થિર કહે તેથી ગૃહસ્થની પ્રવૃત્તિ થવાની સંભાવના ન રહે.

વળી છવિવાળી હોય તો ઉત્સૃત કહે તેથી એ પ્રાપ્ત થાય કે તે વનસ્પતિ છાલવાળી છે તેમ કહેવાથી તે પ્રકારના અર્થીની પ્રવૃત્તિ થાય અને ઉત્સૃતા કહેવાથી તે વનસ્પતિ છાલવાળી હોવાને કારણે જ ઉપઘાતથી જ નિર્ગત છે. તેથી અન્ય સાધુને તે વનસ્પતિ છાલવાળી છે તેવો બોધ થાય છે અને આરંભ-સમારંભનું વર્જન થાય છે.

વળી કોઈ વનસ્પતિ લવનયોગ્ય હોય તો ગર્ભિતા કહે.

વળી કોઈ વનસ્પતિ ભર્જનયોગ્ય હોય તો પ્રસૂતા કહે.

વળી કોઈ વનસ્પતિ પૃથક્ ખાદ્ય હોય તો સસારા કહે. આ રીતે પક્વાદિ વનસ્પતિને ગૂઢ અર્થોથી કહેવાથી સાધુને આરંભના પરિહારને અનુકૂળ ઉચિત યતનાની પ્રાપ્તિ થાય છે.

વળી ફળમાં ગ્રંથકારશ્રીએ બતાવેલ કે ગૂઢાર્થ શબ્દને પણ ગ્રહણ કરીને કોઈ ગૃહસ્થ તે ફળાદિમાં પ્રવૃત્તિ કરે તો સાધુને આરંભ દોષની પ્રાપ્તિ થશે એ પ્રકારનો આક્ષેપ કરીને યતનાપરાયણ સાધુને તે દોષની પ્રાપ્તિ નથી તેમ પરિહાર કર્યો તે સર્વ ઔષધિરૂપ વનસ્પતિમાં પણ આક્ષેપ અને પરિહાર જાણી લેવો. **॥૯૧॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**વળી=અન્ય કેવા પ્રકારની ભાષા સાધુએ ન બોલવી જોઈએ અને કેવા પ્રકારની ભાષા બોલવી જોઈએ તેનો સમુચ્ચય 'किञ्च'થી કરે છે –**

**ગાથા :-**

**संखडीतेणनइओ, संखडीपणियट्ठसुबहुसमतित्था ।**
**भासेज्जा पओयणओ, ण कज्जहंतव्वसुहतित्था ।।९२।।**

છાયા :-

सङ्खडीस्तेननदीः संखडिपणीतार्थसुबहुसमतीर्थाः ।
भाषेत प्रयोजनतो न कार्यहन्तव्यसुखतीर्था ।।९२।।

અન્વયાર્થ :-

संखडीतेणनइओ=સંખડી, ચોર અને નદીને આશ્રયીને, पओयणओ=પ્રયોજનથી, कज्जहंतव्वसुहतित्था=કર્તવ્ય, હંતવ્ય અને શુભતીર્થ, भासेज्जा ण=બોલે નહિ, (પરંતુ) संखडीपणियट्ठसुबहुसमतित्था= સંખડી, પણિતાર્થ અને સુબહુસમતીર્થ (એ પ્રમાણે બોલે.) ।।૯૨।।

ગાથાર્થ :-

સંખડી, ચોર અને નદીને આશ્રયીને પ્રયોજનથી કર્તવ્ય, હંતવ્ય અને શુભતીર્થ બોલે નહિ પરંતુ સંખડી, પણિતાર્થ અને સુબહુસમતીર્થ, એ પ્રમાણે બોલે. ।।૯૨।।

ટીકા :-

सङ्खड्यन्ते प्राणिनामायूंषि यस्यां प्रकरणक्रियायां सा सङ्खडी=पितृदेवताद्यर्थभोजनक्रिया, तां प्रयोजने साधुकथनादौ सङ्कीर्णादौ 'सङ्खडी' इत्येव वदेत् न तु 'पित्राद्यर्थं कार्या इयं क्रिया' इति वदेत् मिथ्यात्वोपबृंहणदोषप्रसङ्गात्, तद्भावेनाप्रयोगेऽपि तदुपबृंहकत्वेन तत्प्रयोगे निषिद्धाचरणात् ।

तथा स्तेनमपि वधस्थानं नीयमानं शैक्षकादिकर्मविपाकदर्शनादौ प्रयोजने पणितार्थं वदेत् प्राणद्यूतप्रयोजनमित्यर्थः, न तु 'वध्योऽयं' इति वदेत्, तदनुमतत्वेन बह्वपराधतया हन्तॄणां हनननिश्चयप्रसङ्गात् ।

तथा साधुकथनादिविषये नद्यः 'सुबहुसमतीर्था' इति वदेत्, न तु 'सुतीर्थाः' उपलक्षणात् 'कुतीर्थाः' इति वा वदेत्, अधिकरणविघातादिदोषप्रसङ्गात् ।।९२।।

ટીકાર્થ :-

सङ्खड्यन्ते ..... दोषप्रसङ्गात् ।। પ્રાણીનાં આયુષ્ય જે પ્રકરણક્રિયામાં વિનાશ કરાય છે તે સંખડી છે=પિતૃ, દેવતાદિ માટે ભોજનક્રિયા છે, તેને=સંખડીને, સાધુકથનાદિ પ્રયોજન હોતે છતે સંકીર્ણાદિમાં સંખડી એ જ પ્રમાણે કહે પરંતુ પિત્રાદિ માટે કર્તવ્ય આ ક્રિયા છે એ પ્રમાણે બોલે નહિ; કેમ કે મિથ્યાત્વના ઉપબૃંહણના દોષનો પ્રસંગ છે.

અહીં પ્રશ્ન થાય કે તે પ્રકારના સંખડી કૃત્યના ઉપબૃંહણના આશયથી સાધુ બોલે નહિ પરંતુ લોકો પિતાદિ માટે કર્તવ્ય આ ક્રિયા છે તેમ માનતા હોય એ અર્થને જ સ્પષ્ટ કરવા અર્થે કોઈ સાધુ તે પ્રકારનો

પ્રયોગ કરે તો મિથ્યાત્વના ઉપબૃંહણના દોષની પ્રાપ્તિ થશે નહિ. તેથી બીજો હેતુ કહે છે –

**તદ્ભાવથી=મિથ્યાત્વના ઉપબૃંહણના ભાવથી, અપ્રયોગ હોવા છતાં પણ તેનું ઉપબૃંહકપણું હોવાથી=પિત્રાદિ માટે કર્તવ્ય આ ક્રિયા છે એ પ્રકારના વચનપ્રયોગનું અન્ય જીવોને તે ક્રિયા કરવા અર્થે પુષ્ટ કરે તેવું વચનપણું હોવાથી, તેના પ્રયોગમાં=સાધુ સંખડીના બદલે પિત્રાદિ અર્થે કર્તવ્ય આ ક્રિયા છે એ પ્રકારના પ્રયોગમાં, નિષિદ્ધ આચરણ છે (માટે સાધુને દોષની પ્રાપ્તિ છે).**

**અને ચોરને પણ વધ્યસ્થાનમાં લઈ જવાતો જોઈને શૈક્ષકાદિને કર્મના વિપાકના દર્શનાદિનું પ્રયોજન હોતે છતે પણિતાર્થ બોલે=પોતાના પ્રાણને જુગારમાં મૂકવાના પ્રયોજનવાળો છે એ પ્રમાણે બોલે, પરંતુ આ વધ્ય છે એમ બોલે નહિ; કેમ કે સાધુના અનુમતપણાને કારણે=આ વધ્ય છે એ શબ્દ દ્વારા સાધુના અનુમતપણાને કારણે, બહુ અપરાધપણું હોવાથી=ચોરનું બહુ અપરાધપણું હોવાથી, હણનારને હનનની ક્રિયાના નિશ્ચયનો પ્રસંગ પ્રાપ્ત થાય.**

**અને સાધુના કથનાદિના વિષયમાં=અન્ય સાધુને કહેવા આદિના પ્રયોજનમાં, નદીઓ સુબહુ-સમતીર્થવાળી છે એ પ્રમાણે કહે, પરંતુ સુતીર્થવાળી કહે નહિ; અથવા કુતીર્થવાળી છે એ પ્રમાણે કહે નહિ; કેમ કે અધિકરણ વિઘાત આદિ દોષનો પ્રસંગ છે. ॥૯૨॥**

**ભાવાર્થ :-**

**સાધુએ શું બોલવું અને શું ન બોલવું તેનું કથન :-**

સાધુને સંયમના પ્રયોજનથી અન્ય કોઈ સાધુને કહેવાનો પ્રસંગ હોય ત્યારે કોઈક સ્થાને પિતાદિ માટે કરાતી ભોજનક્રિયા હોય અને તે સ્થાનમાં જવું ઉચિત નથી તેવો બોધ કરાવવા અર્થે અન્ય સાધુઓને કહે કે પિત્રાદિ માટે આ ભોજનક્રિયા છે તો તે સાંભળીને કોઈક ગૃહસ્થને તે કૃત્યમાં કર્તવ્યબુદ્ધિ થાય; કેમ કે સાધુ જ કહેતા હતા કે પિત્રાદિ માટે કર્તવ્ય આ છે તેથી તેવા જીવોના મિથ્યાત્વની ઉપબૃંહણાનો સાધુને પ્રસંગ આવે.

અહીં પ્રશ્ન થાય કે સાધુ તે કૃત્ય કર્તવ્ય છે તે ભાવથી પ્રયોગ કરતા નથી તેથી તેમના પરિણામમાં મિથ્યાત્વના ઉપબૃંહણનો અધ્યવસાય નથી. તેથી બીજો હેતુ કહે છે –

તે સાધુ મિથ્યાત્વના ઉપબૃંહણના આશયથી તે પ્રયોગ નહિ કરતા હોવા છતાં તે વચનપ્રયોગથી એ પ્રવૃત્તિ કરનારા જીવોની તે કર્તવ્ય છે તેવો પરિણામ થાય છે તેથી સાધુનું તે વચન શ્રોતાના મિથ્યાત્વને દૃઢ કરવામાં કારણ બને છે માટે તેવો પ્રયોગ કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે, છતાં કોઈ સાધુ કરે તો પોતાના અંતરંગ પરિણામને આશ્રયીને મિથ્યાત્વના ઉપબૃંહણનો અધ્યવસાય નહિ હોવા છતાં મિથ્યાત્વનું ઉપબૃંહણ કરે તેવા વચનનો શાસ્ત્રે નિષેધ કરેલો હોવા છતાં કોઈ સાધુ તેવો પ્રયોગ કરે તો શાસ્ત્રનિષિદ્ધ એવી આચરણા કરવારૂપ દોષની પ્રાપ્તિ થાય છે.

વળી કોઈ ચોરને વધસ્થાને લઈ જતા હોય અને નવા કોઈ શૈક્ષ સાધુને કે અન્ય કોઈ યોગ્ય જીવને

કર્મવિપાકનો બોધ કરાવવાનું પ્રયોજન હોય ત્યારે આ ચોર વધ્ય છે તેવો પ્રયોગ કરે નહિ પરંતુ આ ચોર પણિતાર્થ છે એવો પ્રયોગ કરે અર્થાત્ પોતાના પ્રાણનો જુગાર કરવાના પ્રયોજનવાળો છે અર્થાત્ પોતાના પ્રાણના ભોગે તુચ્છ બાહ્ય પદાર્થો મેળવવાના પ્રયોજનવાળો છે તેમ કહે.

કેમ વધ્ય છે તેમ ન કહે ? તેથી કહે છે –

આ વધ્ય છે એ પ્રકારે સાધુને અનુમત છે એમ સાધુના વચનને સાંભળીને આ બહુ અપરાધી છે માટે હણનારને તેને મારવાવિષયક નિશ્ચયનો પ્રસંગ આવે તેથી સાધુના તે વચનપ્રયોગથી વિશેષ પ્રકારના આરંભો થવાના પ્રસંગ આવે માટે સાધુએ તેવી ભાષા બોલવી જોઈએ નહિ.

વસ્તુતઃ સાધુએ વધસ્થાને લઈ જતા ચોરને ઉદ્દેશીને કોઈ વચનપ્રયોગ જ કરવો જોઈએ નહિ. આમ છતાં પ્રત્યક્ષ દૃષ્ટાંતથી યોગ્ય જીવોને સંવેગ ઉત્પન્ન થાય છે તેથી બોધ કરાવવા અર્થે સાધુ કહે કે જે કૃત્યનું આ ભવમાં પણ આ પ્રકારે સાક્ષાત્ ફળ હોય છે તે ચોરી આદિ કૃત્યનો અત્યંત પરિહાર કરવો જોઈએ અને સાધુને સૂક્ષ્મ ચૌર્યદોષનો પરિહાર કરવા અર્થે તીર્થંકર અદત્તનો પણ પરિહાર કરવો જોઈએ અને સાધુ જો સંયમમાં અપ્રમાદથી યત્ન ન કરે તો ગ્રહણ કરાયેલી વસ્તુ, આહાર, વસ્ત્ર આદિ સર્વથા નિર્દોષ હોય તોપણ સંયમના પ્રયોજન વગર ભગવાને અનુજ્ઞા આપી નથી છતાં ભગવાનના બતાવેલ વેષનું ગ્રહણ કરીને સાધુ સંયમની વૃદ્ધિનું કારણ ન બને તેવી કોઈપણ વસ્તુ ગ્રહણ કરે તો તીર્થંકર અદત્તને કારણે જ ઘણા ભવો સુધી અનર્થની પરંપરાની પ્રાપ્તિ થશે. જેમ આ ચોરે વર્તમાન ભવમાં ચોરી કરી જેના ફળરૂપે આ જાતની વિડંબના પામે છે આ પ્રકારનો ઉપદેશ આપતી વખતે પોતાની ભાષાથી આ વધ્ય છે એ પ્રકારનો પ્રયોગ થાય તો તેનાથી અનર્થ થવાનો પ્રસંગ આવે તેના નિવારણપૂર્વક સાધુ ઉચિત પ્રયોગ કરે.

વળી કોઈ સાધુ નદી ઊતરીને આવેલા હોય અને અન્ય સાધુને તે નદીવિષયક કંઈક કથન કરવાનો પ્રસંગ હોય ત્યારે સુબહુસમતીર્થ તેમ કહેવું જોઈએ પરંતુ સુતીર્થ છે કે કુતીર્થ છે અર્થાત્ સુખપૂર્વક તરી શકાય તેવી છે કે દુઃખપૂર્વક તરી શકાય તેવી છે તે પ્રકારે કહે નહિ; કેમ કે સુતીર્થ કહે તો કોઈ ગૃહસ્થ તરવાનું અશક્ય જણાય તેથી ગમનથી નિવર્તન થયેલો હોય છતાં તે વચન સાંભળીને ગમન કરે તેવી સંભાવના રહે, તેથી અધિકરણ દોષનો પ્રસંગ આવે અને કુતીર્થ કહે તો તે સાંભળીને તે ગૃહસ્થ જે પ્રવૃત્તિ કરતા હોય તેના કરતા અન્ય પ્રવૃત્તિ કરે તેનાથી વિઘાત આદિ દોષની પ્રાપ્તિ થાય માટે અન્ય સાધુ સમજી શકે તેવા ગૂઢાર્થ વચનથી સુબહુસમતીર્થ કહે જેથી તે વચનના પરમાર્થ પ્રાયઃ ગૃહસ્થ સમજી શકે નહિ તેથી કોઈ જાતની પ્રવૃત્તિ નિવૃત્તિ થાય નહિ. **॥૯૨॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**વળી સાધુઓએ અન્ય શું બોલવું જોઈએ ? અને શું ન બોલવું જોઈએ ? તેનો 'किञ्च'થી સમુચ્ચય કરે છે –**

ગાથા :-

पुन्ना उ कायतिज्जा, नईउ णावाहि तारिमाओ त्ति ।
ण वए अ पाणिपिज्जा, वए पुणो सुद्धवयणेणं ।।९३।।

છાયા :-

पूर्णास्तु न कायतीर्यानद्यो नौभिस्तरणीयाः ।
न वदेच्च प्राणिपेया वदेत्पुनः शुद्धवचनेन ।।९३।।

અન્વયાર્થ :-

उ=વળી, नईउ=નદીઓ, पुन्ना=પૂર્ણ છે, कायतिज्जा=કાયતીર્ય છે=કાયાથી તરી શકાય તેવી છે, णावाहि=નાવથી, तारिमाओ=તરી શકાય એવી છે, त्ति=એ પ્રમાણે, ण वए=ન કહે, अ=અને, पाणिपिज्जा= પ્રાણીથી પેય છે (એ પ્રમાણે પણ), वए=કહે નહિ. पुणो=પરંતુ, सुद्धवयणेणं=શુદ્ધવચનથી કહે. ।।૯૩।।

ગાથાર્થ :-

નદીઓ પૂર્ણ છે, કાયતીર્ય છે=કાયાથી તરી શકાય તેવી છે, નાવથી તરી શકાય એવી છે એ પ્રમાણે ન કહે અને પ્રાણીથી પેય છે એ પ્રમાણે પણ કહે નહિ. પરંતુ શુદ્ધવચનથી કહે. ।।૯૩।।

ટીકા :-

'नद्यः पूर्णाः' इति न वदेत्, तथाश्रवणतः प्रवृत्तस्य निवृत्त्यादिदोषप्रसङ्गात्, तथा 'कायतीर्याः= शरीरतरणीयाः' इत्यपि न वदेत्, साधुवचनतोऽविघ्नप्रवृत्तिधिया निवर्त्तितुमुद्यतानामप्यनिवृत्तिप्रसङ्गात्, 'कायपेयाः' इति सूत्रपाठान्तरे तु 'प्राणिपेयाः' इत्यर्थान्नातिविशेष इति ध्येयम्, तथा नौभिः=द्रोणिभिः तरणीयाः=तरणयोग्या इत्यादि न वदेत्, अन्यथा विघ्नशंकया तत्प्रवृत्तिप्रसङ्गात्, तथा प्राणिपेयाः=तटस्थजन्तुपानीयपानीयाः वा इत्यपि न वदेत्, तथैव प्रवर्त्तनादिदोषात् ।

वदेत् पुनः साधुमार्गकथनादौ प्रयोजने शुद्धवचनेन । तथाहि – 'बहुभृता एताः'=प्रायशो भृता इत्यर्थः, तथा 'बह्वगाधाः'=प्रायो गम्भीरा इत्यर्थः, तथा बहुसलिलोत्पीडोदकाः=प्रतिश्रोतोवाहिता-परसरित इत्यर्थः, तथा बहुविस्तीर्णोदकाः=स्वतीरप्लावनप्रवृत्तजला इत्यर्थः ।

अत्र यद्यपि एतादृशशुद्धवचनार्थैदम्पर्यपरिज्ञाने श्रोतॄणां प्रवृत्तिनिवृत्त्यादिपूर्वोक्तदोषतादवस्थ्यं, तदाऽऽगतप्रश्नोपेक्षया तूष्णीम्भावे च प्रयोजनाऽसिद्धेः 'न वेद्मि अहं' इत्युत्तरप्रदाने च प्रत्यक्षमृषा-वादित्वेन प्रवचनोड्डाहतत्प्रद्वेषादिदोषोपनिपातः तथापि 'एतादृशस्थले संमुग्धमेवोत्तरं देयं' इत्यभि-

**प्रायेणैतदभिधानम् । तदिदमाह भगवान् दशवैकालिकचूर्णिकारः** – "तम्हा बहुवाहडाई भणेज्जा, तमवि तुरियमवक्कमंतो भणेज्जा जहा ण विभावेइ किमवि एस भणति त्ति ।।"

**तथा चैतादृशसंमुग्धवचनाद् व्युत्पन्नानां प्रश्नोद्यतमुनीनां प्रयोजनसिद्धिरितरेषां त्वनुषङ्गतोऽपि नाधिकरणप्रवृत्तिः, अपरिज्ञानादिति सर्वमवदातम् ।।९३।।**

**ટીકાર્થ :-**

'नद्यः पूर्णाः' ..... सर्वमवदातम् ।। નદીઓ પૂર્ણ છે એ પ્રમાણે ન કહે; કેમ કે તે પ્રકારના શ્રવણથી પ્રવૃત્તને નિવૃત્તિ આદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય=નદી ઊતરવા માટે પ્રવૃત્ત એવા ગૃહસ્થોની તે વચન સાંભળીને તે પ્રમાણેની પ્રવૃત્તિથી નિવૃત્તિ કરીને અન્ય કોઈ પ્રવૃત્તિ કરે કે નાવ આદિ દ્વારા જવા માટે પ્રવૃત્તિ કરે ઇત્યાદિ દોષનો પ્રસંગ આવે. વળી સાધુ કાયતીર્ય છે=આ નદી શરીરથી તરણીય છે, એ પ્રમાણે પણ ન કહે; કેમ કે સાધુના વચનથી અવિઘ્નની પ્રવૃત્તિની બુદ્ધિથી નિવર્તન માટે ઉદ્યત એવા ગૃહસ્થને પણ=નદી તરીને જવા માટે તત્પર થયેલા ગૃહસ્થને પણ, અનિવૃત્તિનો પ્રસંગ છે. કાયપેયા એ પ્રમાણે=કાયતીર્યને સ્થાને કાયપેયા એ પ્રમાણે, સૂત્રના પાઠાન્તરમાં વળી પ્રાણિપેયા એ પ્રકારના અર્થથી અવિશેષ છે એ પ્રમાણે જાણવું અર્થાત્ તેથી તે પાઠાન્તર ઉચિત નથી એ પ્રમાણે જાણવું.

અને નાવ વડે=દ્રોણી વડે, તરણીય છે=તરવા યોગ્ય છે, ઇત્યાદિ કહે નહિ; કેમ કે અન્યથા=નાવ વગર જવામાં વિઘ્નની શંકા થવાથી=સાધુના વચનના શ્રવણને કારણે વિઘ્નની શંકા થવાથી, તત્પ્રવૃત્તિનો પ્રસંગ છે=નાવ દ્વારા નદીની પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ છે, અને પ્રાણીથી પેય છે=તટ ઉપર રહેલા જન્તુ વડે પાનીય=જલ, પાનીય છે=પી શકાય એવું છે, એ પ્રમાણે પણ કહે નહિ; કેમ કે તે પ્રકારે જ પ્રવર્તનાદિ દોષ છે=સાધુના વચનથી અલ્પપાણીનો નિર્ણય કરીને જે પ્રકારે પોતાને જવાનો પરિણામ હતો તે પ્રકારે જ સાધુના વચનથી પ્રવર્તન આદિ દોષના પ્રસંગની પ્રાપ્તિ થાય.

વળી સાધુને માર્ગનો કથનાદિ પ્રસંગ હોતે છતે શુદ્ધ વચનથી કહે. તે આ પ્રમાણે – બહુભૃત આ નદીઓ છે=પ્રાયઃ ભરાયેલી છે એ પ્રકારે અર્થ છે, અથવા બહુઅગાધ છે=પ્રાયઃ ગંભીર છે અને બહુપાણીથી ઉત્પીડોદકવાળી છે=પ્રતિશ્રોતથી વાહિત અપરસરિત છે અને બહુવિસ્તીર્ણ ઉદકવાળી છે=પોતાના તીરને પ્લાવન કરવામાં પ્રવૃત્ત જલવાળી છે.

અહીં જો કે આવા પ્રકારના શુદ્ધ વચનાર્થના તાત્પર્યના પરિજ્ઞાનમાં શ્રોતાના પ્રવૃત્તિ નિવૃત્તિ આદિ દોષો તાદવસ્થ્ય છે અને ત્યારે આગત પ્રશ્નની ઉપેક્ષાથી તૂષ્ણીભાવમાં પ્રયોજનની અસિદ્ધિ થાય અને હું જાણતો નથી એ પ્રકારના ઉત્તરના પ્રદાનમાં, પ્રત્યક્ષ મૃષાવાદીપણું હોવાને કારણે પ્રવચનનો ઉડ્ડાહ અને તત્પ્રદ્વેષ આદિ દોષનો=સાધુ પ્રત્યે પ્રદ્વેષ આદિ દોષનો, ઉપનિપાત છે, તોપણ આવા પ્રકારના સ્થળમાં સંમુગ્ધ જ ઉત્તર દેવો જોઈએ એ પ્રકારના અભિપ્રાયથી આ અભિધાન છે=શુદ્ધ વચનથી ઉત્તર આપવો જોઈએ એ અભિધાન છે. તે આ ભગવાન દશવૈકાલિકચૂર્ણિકાર કહે છે –

"તે કારણથી=સાધુને કોઈ પૃચ્છા કરે અને ઉત્તર ન આપે તો ઘણા દોષોનો સંભવ છે તે કારણથી, બહુવાહુઈ= બહુભૃતાદિ નદી છે એ પ્રમાણે કહે તે પણ=બહુભૃતાદિ શબ્દ પણ શીઘ્ર પાછા વળતાં બોલે જે પ્રમાણે જાણે નહિ=ગૃહસ્થ જાણે નહિ. આ શું બોલે છે ?=સાધુ શું બોલે છે ? એ જાણે નહિ." **(દશવૈકાલિકચૂર્ણિ)**

**અને તે પ્રકારે આવા પ્રકારના સંમુગ્ધવચનથી વ્યુત્પન્ન પ્રશ્નઉદ્યતમુનિઓના=નદીવિષયક પ્રશ્ન કરનાર મુનિઓના, પ્રયોજનની સિદ્ધિ છે. વળી ઇતર એવા ગૃહસ્થોની અનુષંગથી પણ અધિકરણ પ્રવૃત્તિ નથી=સાધુ દ્વારા સાધુને કહેવાના વચનશ્રવણના અનુષંગથી પણ નદીવિષયક ગમનાદિરૂપ અધિકરણની પ્રવૃત્તિ નથી; કેમ કે અપરિજ્ઞાન છે=સાધુના વચનથી અપરિજ્ઞાન છે એથી સર્વ અવદાત છે=શુદ્ધ વચનથી સાધુ કહે તો સર્વથા નિર્દોષ છે. ॥૯૩॥**

**ભાવાર્થ :-**

**સાધુએ શું બોલવું અને શું ન બોલવું ? તેનું કથન :-**

કોઈક પ્રયોજનથી સાધુ નદી ઊતરીને આવેલા હોય અને સન્મુખ આવેલા અન્ય સાધુ તે નદી વિષયક પૃચ્છા કરે ત્યારે સાધુ લોકભાષામાં નદીની પરિસ્થિતિને અનુરૂપ વચનપ્રયોગ કરે નહિ પરંતુ વ્યુત્પન્ન સાધુ જ તે વચનનું તાત્પર્ય ગ્રહણ કરી શકે એવી ગૂઢાર્થભાષાથી કહે.

કેવી લોકસંમતભાષાથી ન કહે ? તે બતાવે છે –

નદી પૂર્ણ છે એ પ્રમાણે તે સાધુ અન્ય સાધુને કહે નહિ; કેમ કે સાધુના તે વચનના શ્રવણને કારણે નદીમાં જવા માટે તત્પર થયેલ ગૃહસ્થ નદી જવાની પ્રવૃત્તિની નિવૃત્તિ કરે અને અન્ય નાવાદિ દ્વારા જવા પ્રયત્ન કરે તે સર્વ દોષપ્રાપ્ત થાય. વસ્તુતઃ સાધુના શબ્દના શ્રવણ વગર ગૃહસ્થની પ્રવૃત્તિ સાથે સાધુને કોઈ પરિણામનું પ્રતિસંધાન નથી, તેથી ગૃહસ્થથી સ્વતઃ કરાતી પ્રવૃત્તિમાં સાધુને કોઈ આરંભાદિ દોષમાં અનુમતિની પ્રાપ્તિ નથી અને સાધુ અન્ય સાધુને કહે કે આ નદી પૂર્ણ છે તે શ્રવણથી કોઈ ગૃહસ્થ નદીમાં જવા પ્રવૃત્ત હોય તેનાથી નિવૃત્તિ કરીને નાવાદિથી જવા પ્રવૃત્તિ કરે તે સર્વ પ્રવૃત્તિમાં સાધુનું વચન કારણ બને છે અને સાધુ જાણવા છતાં તેનો કોઈ વિચાર કર્યા વગર નદી પૂર્ણ છે એમ અન્ય સાધુને કહે ત્યારે તેમના વચનના શ્રવણથી અન્ય ગૃહસ્થની તે પ્રકારની પ્રવૃત્તિની નિવૃત્તિ આદિની સંભાવના હોવા છતાં તે દોષના પરિહારવિષયક સાધુ ઉચિત યતના ન કરે તો જે પ્રકારના આરંભની સંભાવના છે તે સર્વ આરંભના પરિહારને અનુકૂલ યતનાના અભાવને કારણે સાધુને અવશ્ય કર્મબંધ થાય છે.

વળી તે નદી પૂર્ણ ન હોય અને કાયાથી તરી શકાય તેમ હોય ત્યારે પણ સાધુ અન્ય સાધુને ઉત્તર આપતાં એમ કહે નહિ કે નદી કાયાથી તરી શકાય તેવી છે; કેમ કે સાધુના વચનને કારણે અવિઘ્નથી પ્રવૃત્તિની બુદ્ધિ થવાને કારણે નદીને જોઈને નહીં જવાના પરિણામવાળા ગૃહસ્થોને પણ અનિવૃત્તિનો પ્રસંગ છે. અર્થાત્ નદીની સ્થિતિ જોવાથી તેઓને જણાય કે શરીરથી ઊતરી શકાય તેવી નથી તેથી નહિ જવાના પરિણામવાળા પણ તે ગૃહસ્થો સાધુના વચનથી જવાના પરિણામવાળા થાય છે જેથી તે પ્રકારના આરંભની અનુમતિનો પ્રસંગ સાધુને પ્રાપ્ત થાય માટે સાધુ કાયતીર્ય છે એ પ્રકારનો પ્રયોગ કરે નહિ.

વળી કોઈ નદી નાવથી તરી શકાય તેવી જ હોય ત્યારે પણ તે સાધુ અન્ય સાધુને કહે નહિ કે આ નાવથી તરી શકાય તેમ છે; કેમ કે તે વચન સાંભળીને કોઈ ગૃહસ્થને શંકા થાય કે નાવ વગર જવામાં વિઘ્ન થશે માટે તે ગૃહસ્થ સાધુના વચનને સાંભળીને નાવથી જવા પ્રયત્ન કરે તેવો પ્રસંગ પ્રાપ્ત થાય માટે યતનાપરાયણ સાધુએ જેમ જીવરક્ષા માટે યતના આવશ્યક છે તેમ જીવહિંસાના પરિહારનું કારણ બને તેવી ભાષાની યતનામાં પણ અવશ્ય યત્ન કરવો જોઈએ.

વળી કોઈ નદી પ્રાણીથી પેય હોય=તટમાં રહેલા પ્રાણીથી પાણી પી શકાય એવી હોય, તેવી નદીને પણ આ પ્રાણીથી પેય છે તેમ સાધુ બોલે નહિ; કેમ કે તે પ્રકારે સાંભળીને કોઈકને નદીમાં તે પ્રકારે પાણી ગ્રહણ કરવાનો પરિણામ થાય. જો કે નદીને જોવા માત્રથી પણ તે પ્રકારે તે જીવો પ્રવૃત્તિ કરી શકે છે, છતાં સાધુના વચનના શ્રવણથી તે પ્રકારે ઉપસ્થિતિ થવાને કારણે તટ ઉપર રહીને પીવા યત્ન કરે તેમાં સાધુનું વચન પ્રવર્તક બને માટે તે પ્રકારના આરંભના પ્રસંગના નિવારણ અર્થે અન્ય સાધુને કથનના પ્રયોજન વખતે પણ પ્રાણિપેય છે તેમ કહે નહિ.

અહીં પ્રશ્ન થાય કે ઉપરમાં બતાવેલા નદીના સ્વરૂપોમાંથી કોઈ પ્રકારે નદી છે તેવું જ્ઞાન નદી ઊતરીને આવેલા સાધુને અથવા નદી ઊતરનાર ન હોય છતાં કોઈક રીતે નદીના તે પ્રકારના સ્વરૂપને જાણતા હોય અને અન્ય સાધુને માર્ગકથનાદિનું પ્રયોજન હોય ત્યારે શું કહે ? તેથી કહે છે –

શુદ્ધવચનથી કહે અર્થાત્ તેવા ગૂઢાર્થ શબ્દોનો પ્રયોગ કરે જેથી સાધુની ભાષાથી અન્ય સાધુ તેનો બોધ કરી શકે અને તે વચન સાંભળીને ગૃહસ્થની તે પ્રકારની પ્રવૃત્તિ થવાનો સંભવ રહે નહીં તેવાં શુદ્ધ વચનો કહે. જેમ નદી પૂર્ણ હોય તો બહુભૃત છે તેમ કહે, જેથી ગૃહસ્થને તે સાધુને નદી જલથી પૂર્ણ છે તેવો બોધ થાય.

વળી કાયાથી તરી શકાય તેવી હોય તો બહુ અગાધા કહે અર્થાત્ પ્રાયઃ ગંભીર છે.

વળી નાવથી તરી શકાય તેવી હોય તો કહે કે બહુસલિલોત્પીડોદકવાળી છે અર્થાત્ બહુપાણીથી ઉત્પીડકવાળી છે=પ્રતિશ્રોતોથી વાહિત અપર નદીવાળી છે. વળી પ્રાણીથી પેય હોય તો કહે કે બહુવિસ્તીર્ણ ઉદકવાળી છે. સ્વતીરને પ્લાવન કરવામાં પ્રવૃત્તજળવાળી છે.

આ પ્રકારના શબ્દપ્રયોગથી પ્રાયઃ ગૃહસ્થોને પ્રવૃત્તિ કરવા વિષયક કોઈ બોધ થતો નથી. અન્ય સાધુઓ સંયમના પ્રયોજનથી ગમનાદિ કરે તેમાં પણ સાધુને કોઈ પ્રકારના દોષની પ્રાપ્તિ નથી પરંતુ સુસાધુના સંયમની પ્રવૃત્તિમાં સહાયક થવાને અનુકૂળ શુભ અધ્યવસાય હોવાથી નિર્જરાની જ પ્રાપ્તિ છે. ફક્ત સાધુના વેષમાં પ્રમાદી સાધુ હોય અને અયતનાપૂર્વક પ્રવૃત્તિ કરનારા હોય તો તે સાધુને તે પ્રસંગમાં સંયોગને અનુરૂપ ઉચિત કથન કરવું જોઈએ, તેથી તેઓના અસંયમની અનુમોદનાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ અને મૃષા કહેવાનો પ્રસંગ પણ ન આવે.

અહીં=નદીના શુદ્ધપ્રયોગોમાં, કોઈ સાધુ યત્ન કરે અને જે શ્રોતા તે વચનના તાત્પર્યનું પરિજ્ઞાન કરી

શકે તેવો નિપુણ હોય તો સાધુના શુદ્ધ વચનથી શ્રોતાની તે પ્રકારના પ્રવૃત્તિ કે નિવૃત્તિ આદિ દોષો=નદી પૂર્ણ છે ઇત્યાદિ કહેવાથી પ્રાપ્ત થતા હતા તે સર્વ દોષો, પ્રાપ્ત થશે. વળી, જો સાધુ અન્ય સાધુના પ્રશ્નમાં જવાબ આપે નહિ તો અન્ય સાધુના સંયમ અર્થક ઉચિત પ્રયોજનની સિદ્ધિ થાય નહિ, માટે સાધુએ સંમુગ્ધ ઉત્તર જ આપવો જોઈએ જેથી બહુલતાએ ગૃહસ્થો તાત્પર્ય ધારણ કરી શકે નહિ અને અન્ય સુસાધુના પ્રયોજનની સિદ્ધિ થાય.

કોઈક વખતે કોઈક ગૃહસ્થ સાધુને નદીવિષયક પૃચ્છા કરે અને સાધુ કહે હું જાણતો નથી ત્યારે આ સાધુ પ્રત્યક્ષમૃષાવાદી છે એવું જણાવાથી ગૃહસ્થને થાય કે આ સાધુઓ મૃષાવાદ બોલનારા છે તેથી શાસનનો ઉડ્ડાહ થાય અને તે ગૃહસ્થને સાધુ પ્રત્યે પ્રદ્વેષ આદિ પણ થાય, જેથી તેને પાપબંધની પ્રાપ્તિ થાય તેમાં સાધુ નિમિત્ત બને, તેથી તેવા સાધુ ગૃહસ્થને પણ ગૂઢાર્થ ભાષાવાળો સંમુગ્ધ જ ઉત્તર આપે જેથી શ્રોતાને થાય કે આ સાધુ શું કહે છે ? તે જ સમજાતું નથી. ક્વચિત્ પ્રાજ્ઞ શ્રોતા તે વચનના તાત્પર્યનું જ્ઞાન કરીને પ્રવૃત્તિ કરે તોપણ સાધુએ શાસ્ત્રમર્યાદા અનુસાર ઉચિત યતના કરેલ હોવાથી કોઈ દોષની પ્રાપ્તિ સાધુને થાય નહિ; કેમ કે શાસનના ઉડ્ડાહના નિવારણ અર્થે અને ગૃહસ્થને પ્રદ્વેષ ન થાય તેની પણ ચિંતા કરીને અને પોતાના વચનથી પ્રાયઃ તે પ્રકારનો પ્રયત્ન ગૃહસ્થથી થાય નહિ તેની પણ વિચારણા કરીને સાધુએ ઉત્તર આપેલો છે. તેથી યતનાપરાયણ સાધુથી અશક્યપરિહાર એવી હિંસા થવાને કારણે જેમ દોષની પ્રાપ્તિ થતી નથી તેમ ભાષાવિષયક સર્વ ઉચિત યતનાપરાયણ સાધુના વચનથી ક્વચિત્ ગૃહસ્થની તે પ્રકારની પ્રવૃત્તિ થાય તે પણ અશક્યપરિહારરૂપ હોવાથી સાધુને કર્મબંધની પ્રાપ્તિ નથી.

આમાં દશવૈકાલિક ચૂર્ણિકારની સાક્ષી આપી છે તે પ્રમાણે એ પ્રાપ્ત થાય કે સાધુને નદીવિષયક કોઈ પ્રશ્ન કરે ત્યારે સાધુ ગૃહસ્થને નદીવિષયક બહુભૃતાદિ અસ્પષ્ટ કહે અને તરત જલ્દીથી આગળ જતા રહે જે પ્રમાણે તે ગૃહસ્થને ખબર પડે નહિ કે સાધુ કંઈક કહે છે, શું કહે છે ? તે ખબર પડે નહિ.

આ સર્વ કથનથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

નદીવિષયક કોઈ સાધુ પૂર્વમાં કહ્યું એવાં શુદ્ધ વચનોથી અન્ય સાધુને કહે તે સંમુગ્ધ વચનો હોવાથી તે વચનમાં વ્યુત્પન્ન અને પ્રશ્નમાં તત્પર એવા મુનિઓના સંયમના પ્રયોજનની સિદ્ધિ થાય છે અને ગૃહસ્થની તે વચનોના શ્રવણને કારણે અનુષંગથી પણ અધિકરણની પ્રવૃત્તિ થતી નથી; કેમ કે તે વચનના શ્રવણથી ગૃહસ્થને પ્રાયઃ નદીવિષયક કોઈ બોધ થતો નથી. **॥૯૩॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**વળી સાધુને અન્ય શું બોલવું ઉચિત છે ? અને શું બોલવું અનુચિત છે ? તે 'किञ्च'થી બતાવે છે –**

ગાથા :-

सावज्जे सुकडाइं ण वए, सुकए वए अ तं वयणं ।
अणवज्जं चिय भासे सम्मं नाऊण विहिभेयं ।।९४।।

છાયા :-

सावद्ये सुकृतादीन्न वदेत्सुकृते वदेच्च तद्वचनं ।
अनवद्यमेव भाषेत सम्यग्ज्ञात्वा विधिभेदम् ।।९४।।

અન્વયાર્થ :-

सावज्जे=સાવદ્યકાર્યમાં, सुकडाइं=સુકૃતાદિ=આ સારું કરાયું છે વગેરે, ण वए=કહે નહીં, अ=અને, सुकए=સુકૃતમાં=નિરવદ્ય કૃત્યમાં, तं वयणं=તે વચન=સુકૃત આદિ વચન, वए=કહે. विहिभेयं=વિધિભેદને, नाऊण=જાણીને, सम्मं=સમ્યક્, अणवज्जं=અનવદ્ય, चिय=જ, भासे=બોલે. ।।૯૪।।

ગાથાર્થ :-

**સાવદ્યકાર્યમાં સુકૃતાદિ=આ સારું કરાયું છે, વગેરે કહે નહીં અને સુકૃતમાં=નિરવદ્ય કૃત્યમાં, તે વચન=સુકૃત આદિ વચન કહે. વિધિભેદને જાણીને સમ્યક્, અનવદ્ય જ બોલે. ।।૯૪।।**

ટીકા :-

सावद्ये=आरम्भमये कार्ये, सुकृतादिवचनं न वदेत् । तथाहि–सुष्ठु कृतमेतत् सभादि, सुष्ठु पक्वमेतत् सहस्रपाकादि, सुष्ठुच्छिन्नमेतद्वनादि, सुष्ठु हृतं क्षुद्रस्य वित्तं, सुष्ठु मृतः प्रत्यनीकः, सुष्ठु निष्ठितं वित्ताभिमामिनो वित्तं, सुष्ठु सुन्दरा कन्या इत्यादि न भाषेत मुनिः, अनुमत्यादिदोषप्रसङ्गात् ।

सुकृते निरवद्ये तु तत्=सुकृतादि वचनं वदेत् । तथाहि – सुष्ठु कृतं वैयावृत्त्यमनेन, सुष्ठु पक्वं ब्रह्मचर्यमस्य साधोः, सुष्ठु च्छिन्नं स्नेहबन्धनमनेन, सुष्ठु हृतं शिक्षकोपकरणमुपसर्गे, सुष्ठु मृतः पण्डितमरणेन साधुः, सुनिष्ठितं कर्म अप्रमत्तसंयतस्य, सुष्ठु सुन्दरा साधुक्रिया इत्यादि ।

तथा क्वचिद्व्यवहारे प्रकान्ते पृष्टोऽपृष्टो वा साधुर्नैवं वदेत् यदुत एतत् सर्वोत्कृष्टं स्वभावेन सुन्दरमित्यर्थः, परार्घं=उत्तमार्घं महार्घं क्रीतमिति भावः, अतुलं=नास्ति इदृशमन्यत्र क्वचिदित्यर्थः, असंस्कृतं=सुलभमीदृशमन्यत्रापीत्यर्थः, अवक्तव्यं=अनिर्वचनीयगुणोपेतमित्यर्थः, अचिन्त्यं=अप्रीतिकरं वेत्यादि, एतादृशभाषणेऽधिकरणान्तरायादिदोषप्रसङ्गात् ।

तथा सुक्रीतमेतत्, सुविक्रीतमेतत्, अक्रयार्हमेवैतत्, क्रयार्हमेवैतत्, तथेदं समर्घं भविष्यति, महार्घं वा भविष्यति इत्यादि न वदेत्, अप्रीत्यधिकरणादिदोषप्रसङ्गात् ।

अभिधानप्रयोजने तूपस्थिते सम्यक्=तात्पर्यशुद्ध्या, विधिभेदं=विधिविशेषं ज्ञात्वा निरवद्यमेव भाषेत । तथाहि-ग्लानप्रयोजने प्रयत्नपक्वमेतत् सहस्रपाकादीति वदेत्, 'प्रयत्नच्छिन्नमेतद्वनादीति साधुनिवेदनादौ वदेत् । तथा प्रयत्नसुन्दरा कन्या' इति दीक्षिता सती सम्यक् पालनीयेत्यर्थः ।

तथा सर्वमेव वा कृतादि कर्मनिमित्तमालपेत् गाढप्रहारं च क्वचित्प्रयोजने गाढप्रहारं ब्रूयात् एवं हि तदप्रीत्यादयो दोषाः परिहृता भवन्तीति ।

व्यवहारं पृष्टश्च साधुरेवं भाषेत यदुत 'नाहं भाण्डमूल्यविशेषं जानामि न चात्र क्रयविक्रयार्हं वस्तु ददामि कस्यचित्, किं वा विरतानामस्माकमीदृशेन व्यापारेण' इति ।।९४।।

**ટીકાર્થ :-**

सावद्ये ..... इति ।। સાવધમાં=આરંભમય કાર્યમાં, સુકૃતાદિ વચનને કહે નહિ.

કેવા પ્રકારનાં સુકૃતાદિ વચન કહે નહિ ? તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

આ સભાદિ સુંદર કરાઈ છે, આ સહસ્રપાકાદિ સારા પકાવાયા છે, આ વનાદિ સુંદર છેદાયાં છે, ક્ષુદ્રનું ધન હરણ કરાયું એ સારું છે, શત્રુ મર્યો એ સારું છે, ધનના અભિમાનીનું ધન સારું થયું નાશ પામ્યું, આ કન્યા સુષ્ઠુ છે=સુંદર છે, ઇત્યાદિ મુનિ બોલે નહિ; કેમ કે અનુમતિ આદિ દોષનો પ્રસંગ છે.

વળી નિરવદ્ય એવા સુકૃતમાં તે=સુકૃતાદિ વચન, બોલે. તે આ પ્રમાણે – આના દ્વારા સુંદર વૈયાવચ્ચ કરાઈ, આ સાધુનું બ્રહ્મચર્ય સુંદર પક્વ છે અર્થાત્ બ્રહ્મચર્યની ગુપ્તિ અત્યંત નિર્મળ છે, આના દ્વારા સ્નેહનું બંધન સુંદર છેદાયું, ઉપસર્ગમાં શિક્ષકનું=બાળ સાધુનું, ઉપકરણ, હરણ કરાયું એ સુંદર છે, પંડિતમરણ દ્વારા સાધુ મર્યા એ સુંદર થયું, અપ્રમત્તસંયતનું કર્મ સુનિષ્ઠિત છે, સુંદર એવી સાધુની ક્રિયા=વિધિપૂર્વક કરાતી સાધુની ક્રિયા, સુંદર છે, ઇત્યાદિ નિરવદ્ય વચનો સાધુ બોલે.

અને ક્વચિત્ વ્યવહાર પ્રકાન્ત હોતે છતે પુછાયેલો કે નહિ પુછાયેલો સાધુ આ પ્રમાણે બોલે નહિ – આ સર્વોત્કૃષ્ટ છે=સ્વભાવથી સુંદર છે, એ પ્રમાણે ન કહે. પરાર્ઘ છે ઉત્તમાર્ઘ છે અર્થાત્ મહાર્ઘ ક્રીત છે=ઘણા મૂલ્યથી ખરીદાયેલું છે, એ પ્રમાણે ન બોલે, અતુલ છે=આના જેવું અન્યત્ર ક્યાંય નથી એમ સાધુ ન બોલે, અસંસ્કૃત છે=અન્યત્ર પણ આ સુલભ છે એ પ્રમાણે ન બોલે, અવ્યક્તવ્ય છે=અનિર્વચનીય ગુણથી યુક્ત છે એ પ્રમાણે ન બોલે, અચિન્ત્ય છે=અપ્રીતિકર છે, ઇત્યાદિ વચનો સાધુ બોલે નહિ; કેમ કે આવા પ્રકારની ભાષામાં અધિકરણ અંતરાય આદિ દોષનો પ્રસંગ છે.

અને આ સુકૃત છે, આ સુવિક્રીત છે, આ ખરીદવા યોગ્ય નથી, આ ખરીદવા યોગ્ય છે, અને આ સમર્ઘ થશે=આ સસ્તું થશે, અથવા મહાર્ઘ થશે=મૂલ્યવાન થશે, ઇત્યાદિ બોલે નહિ; કેમ કે અપ્રીતિ અને અધિકરણાદિ દોષનો પ્રસંગ છે.

**વળી કથનનું પ્રયોજન ઉપસ્થિત થયે છતે સમ્યક્=તાત્પર્યશુદ્ધિથી, વિધિભેદને=વિધિવિશેષને, જાણીને નિરવદ્ય જ બોલે. તે આ પ્રમાણે – ગ્લાનના પ્રયોજનમાં=ગ્લાનસાધુના આહાર આદિના પ્રયોજનમાં, આ પ્રયત્નપક્વ સહસ્રપાકાદિ છે એ પ્રમાણે બોલે. પ્રયત્નચ્છિન્ન આ વનાદિ છે એ પ્રકારે સાધુના નિવેદનમાં કહે, અને આ પ્રયત્નથી સુંદર કન્યા છે એથી દીક્ષિત કરાયે છતે સમ્યક્ પાલન કરવા યોગ્ય છે, અને સર્વ જ કૃતાદિ કર્મનિમિત્ત બોલે, ક્વચિત્ ગાઢ પ્રહાર હોય અને પ્રયોજન હોતે છતે ગાઢ પ્રહાર કહે આ રીતે અપ્રીતિ આદિ દોષોનો પરિહાર થાય છે, અને વ્યવહારને પુછાયેલો સાધુ આ પ્રમાણે બોલે – હું ભાંડના મૂલ્યવિશેષને જાણતો નથી અને અહીં ક્રય-વિક્રયયોગ્ય વસ્તુ કોઈને આપતો નથી અથવા વિરત એવા અમોને આવા પ્રકારના વ્યાપારથી શું ? ॥૯૪॥**

**ભાવાર્થ :-**

**સાધુએ શું બોલવું અને શું ન બોલવું તેનું કથન :-**

સાધુ આરંભમય કૃત્ય હોય ત્યારે આ કૃત્યો સુંદર છે તેમ બોલે નહિ. જેમ કોઈએ સુંદર સભા બનાવી હોય અને તેને જોઈને સાધુ કહે કે આ બહુ સુંદર કરાઈ છે. ત્યારે તે સુંદર સભાને જોઈને જે તેના પ્રત્યે પ્રીતિ થાય છે તે સ્વયં દોષરૂપ છે. તે પ્રીતિજન્ય આ સુંદર છે એ પ્રકારના વચનપ્રયોગો તે પ્રીતિને અભિવ્યક્ત કરીને અતિશયિત કરે છે તેથી જેઓને સુંદર કૃત્યને જોઈને પ્રીતિ થાય છે તેઓને જોવા માત્રથી પણ અનુમોદનનો પરિણામ થાય છે અને એને અભિવ્યક્ત કરનારા શબ્દોથી તે અનુમોદનનો પરિણામ અવસ્થિત થાય છે. માટે સંવૃત્તપરિણામવાળા સાધુએ સુંદર સભાદિ જોઈને ઇન્દ્રિયોને સુંદર જણાય તે રીતના ઉપયોગથી જોવું જ જોઈએ નહિ. ક્વચિત્ પ્રમાદના ઉપયોગને કારણે સુંદર જણાય છતાં તેને અભિવ્યક્ત કરીને તે પરિણામને અતિશય કરવો જોઈએ નહિ પરંતુ તે પરિણામ ઇન્દ્રિયોને સુંદર જણાયો છે તે જ અનુચિત છે તેમ ભાવન કરીને તે પ્રકારના વચનપ્રયોગથી આત્માને સંવૃત્ત કરવો જોઈએ.

વળી સુંદર જણાય ત્યારે અનુમતિદોષની પ્રાપ્તિ છે અને અભિવ્યક્ત કરવામાં વિશેષ પ્રકારની અનુમતિદોષની પ્રાપ્તિ થાય છે અને તે સાંભળીને ગૃહસ્થને તે પ્રકારનો ઉત્સાહ આદિ કે અન્ય કોઈ તે પ્રકારની પ્રવૃત્તિ થાય તેવી સંભાવના હોવાથી કરાવણ દોષની પણ પ્રાપ્તિ થાય છે.

વળી કોઈ ગૃહસ્થે સહસ્રપાકાદિ તેલ કર્યું હોય અને કોઈ પ્રયોજનથી સાધુને તે ગ્રહણ કરવાનો પ્રસંગ હોય અને તેને જોઈને કહે કે આ સુંદર પક્વ છે તો અનુમતિ આદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય, માટે સાધુ તેવા વચનપ્રયોગો કરે નહિ પરંતુ સંયમના પ્રયોજનથી ગ્રહણ કર્યા પછી કોઈ કહેવાનું કારણ ન હોય તો તે વિષયક કોઈ વચનપ્રયોગ કરે નહિ અને આ સહસ્રપાકાદિ સુંદર પક્વ છે તેવી બુદ્ધિ કરે નહિ અને વિચારે કે મારા સંયમની વૃદ્ધિનું પ્રામાણિક કારણ છે માટે હું તેને ગ્રહણ કરીને નિર્લેપ ભાવની પરિણતિની વૃદ્ધિ કરીશ.

વળી વિહાર આદિમાં વનાદિનો ચ્છેદ કરીને માર્ગ ચોખ્ખો કરાયો હોય તેને જોઈને સાધુ કહે કે આ વનાદિ સુષ્ઠુચ્છિન્ન છે તો તે વચનપ્રયોગથી તે છેદનક્રિયાની અનુમતિ અને કરાવણ આદિ દોષોની પ્રાપ્તિ

થાય અને સુંદર છેદાયેલા વનને જોઈને માર્ગ ચોખ્ખો દેખાવાથી સહેજ પ્રીતિ થાય તોપણ અનુમોદનનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે મનથી પ્રીતિ થાય તે માનસિક અનુમોદન છે, વચનથી પ્રશંસાવચન તે વાચિક અનુમોદનરૂપ છે અને કાયાથી જોઈને હર્ષની અભિવ્યક્તિના ચિહ્નો તે કાયિક અનુમોદન છે તેથી વચનથી પ્રશંસા કરતી વખતે ત્રણેય અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત થઈ શકે છે.

વળી તે વચનને સાંભળીને તેને અનુરૂપ ગૃહસ્થ કોઈ કૃત્ય કરે તો કરાવણ દોષની પણ પ્રાપ્તિ થઈ શકે.

વળી કોઈ ક્ષુદ્ર જીવે કોઈ અનુચિત પ્રવૃત્તિ કરી હોય અને રાજાદિ તેનું ધન હરણ કરે તેને જોઈને કોઈ સાધુને મનમાં પણ સહેજભાવ થાય કે આ જીવ માટે આ ઉચિત જ છે અને વચનથી કહે કે આ ક્ષુદ્રનું ધન હરણ કરાયું એ સુંદર થયું તો સાધુને અનુમતિ આદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય તેથી સાધુ તેવો વચનપ્રયોગ કરે નહિ.

વળી કોઈ સાધુઓનો શત્રુ હોય અથવા ધર્મીઓનો શત્રુ હોય અને તેના તરફથી સદા ઉપદ્રવ રહેતા હોય અને કોઈક કારણે તેનું મૃત્યુ થાય ત્યારે સાધુ બોલે નહિ કે આ પ્રત્યનીક મર્યો એ સુંદર થયું; કેમ કે તેમ બોલવાથી તેના મૃત્યુની અનુમોદનાના દોષનો પ્રસંગ આવે.

વળી કોઈ ધનનો અભિમાની હોય અને તેનું ધન કોઈક રીતે નાશ પામ્યું હોય તે જોઈને સાધુ કહે કે ધનના અભિમાનીનું ધન નાશ પામ્યું તે સુંદર થયું તો તેના ધનનાશજન્ય જે તેને પીડા આદિ થાય તે સર્વની અનુમત્યાદિ દોષની પ્રાપ્તિ થાય માટે સાધુ તેવુ બોલે નહિ.

વળી કોઈ સ્વરૂપવાન કન્યા હોય, કદાચ સંયમ લેવામાં તત્પર થઈ હોય અને તેને જોઈને સાધુ કહે નહિ કે આ કન્યા સુંદર છે; કેમ કે તેમ કહેવાથી તેના સુંદર રૂપની જે અંતરંગ પ્રીતિ તે મનની અનુમોદનારૂપ છે અને વચનપ્રયોગ દ્વારા તે પ્રકારે અભિવ્યક્તિ કરવાથી તેના પૌદ્ગલિકરૂપની વાચિક અનુમોદનાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને તે સાંભળીને અન્ય કોઈને પણ તે કન્યા તે સ્વરૂપે જોવામાં ઉપયોગ જાય તો તેના રૂપ પ્રત્યે તેને પણ રાગ થવાનો સંભવ રહે છે, તેથી અન્યને રાગ ઉત્પન્ન કરાવાનું કારણ સાધુનું વચન બને છે માટે સાધુએ કન્યાની સુંદરતા આદિ જોઈને વસ્તુસ્થિતિના પ્રતિપાદન માટે પણ તે પ્રકારનો પ્રયોગ કરવો જોઈએ નહિ.

વળી નિરવદ્ય એવા સુકૃતનાં વચનો બોલે જેથી સુકૃતની અનુમોદના અને સુકૃત કરાવણના નિમિત્તભૂત તેમનાં વચનો બને. જેમ કોઈ ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રકારે વિધિપૂર્વક ઉચિત વૈયાવચ્ચ કરી હોય તે વૈયાવચ્ચને જોઈને સાધુને હર્ષ થાય કે આ મહાત્માને ધન્ય છે કે ઉત્તમ પુરુષોની ભક્તિ કરીને ગુણવૃદ્ધિ કરે છે તેથી તેવા પ્રસંગે તેમની વૈયાવચ્ચરૂપ સુકૃતની સાધુ અનુમોદના કરે પરંતુ કોઈ વિવેકરહિત માત્ર બાહ્ય કૃત્યરૂપે વૈયાવચ્ચ કરી હોય અને તે વૈયાવચ્ચ દ્વારા પોતાના અહંકારની જ પ્રવૃતિ પોષી હોય અર્થાત્ હું બધાની વૈયાવચ્ચ કરું છું અને શાસ્ત્રમર્યાદા અનુસાર ઉચિત યતના વગર વૈયાવચ્ચ કરી હોય તેવી વૈયાવચ્ચ સ્થૂલથી વૈયાવચ્ચરૂપે દેખાય છે, પરમાર્થથી કર્મબંધના કારણરૂપ પ્રવૃત્તિ છે તેથી સાવદ્ય છે તેની વિવેકી સાધુ અનુમોદના કરે નહિ.

વળી કોઈ સાધુ મન-વચન-કાયાની સમ્યક્ યતનાપૂર્વક બ્રહ્મગુપ્તિનું પાલન કરતા હોય તેને જોઈને સાધુ કહે કે આ મહાત્માએ બ્રહ્મચર્યને સુંદર પક્વ કર્યું છે તે પ્રકારના નિરવદ્ય સુકૃતની અનુમોદનાથી સુવિશુદ્ધ બ્રહ્મચર્યનો રાગ અતિશયિત થાય છે તેથી તે સુકૃત અનુમોદના પણ મહાનિર્જરાનું કારણ બને છે.

વળી કોઈ સાધુ કોઈને સંસારનાં સ્નેહબંધનોને છોડીને સમ્યક્ સંયમમાં આવેલા કોઈ મહાત્મા દેખાય અને પૂર્વનાં સ્નેહબંધનો સુંદર રીતે છેદ્યાં હોય, જેમ સ્થૂલભદ્રને કોશાનો સ્નેહબંધન ઘણો હતો છતાં તે બંધન તોડીને સંયમ ગ્રહણ કર્યું, તે વખતે કોઈ સાધુ તેની પ્રશંસા કરે તો વિવેકપૂર્વકના તે બંધનના ત્યાગ પ્રત્યેનો દૃઢ પક્ષપાત થવાથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે માટે તેવું અનુમોદન સાધુ કરે તો મહાનિર્જરાની પ્રાપ્તિ થાય.

વળી કોઈ નવદીક્ષિત સાધુ હોય અને કોઈક ચોરાદિથી ઉપસર્ગનો પ્રસંગ હોય તે વખતે કોઈ વિવેકસંપન્ન સાધુ કે ગૃહસ્થ તે શૈક્ષ સાધુના ઉપકરણને હરણ કરે અર્થાત્ તે શૈક્ષ પાસેથી લઈને દૂર જાય જેથી ઉપસર્ગમાં તેનું રક્ષણ થાય તે વખતે તેના તે કૃત્યની સાધુ અનુમોદના કરે; કેમ કે શૈક્ષના ઉપકરણના હરણ દ્વારા તે શૈક્ષ સાધુનું ઉપદ્રવોથી રક્ષણ થાય છે. માટે સુસાધુ તેવા પ્રસંગે તે ઉચિત સુકૃતની અનુમોદના કરે જેથી યોગ્ય જીવને તે પ્રકારની પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ થાય અને સુસાધુને પણ ઉચિત કૃત્યની અનુમોદનાનો પરિણામ સ્થિર થાય.

વળી કોઈ સુસાધુ શાસ્ત્રવિધિ અનુસાર કષાયોની સંલેખના કરીને અને શક્તિ અનુસાર જિનવચનાનુસાર કાયાની સંલેખના કરીને અત્યંત શ્રુતમાં ઉપયુક્ત થઈને મરણ પામે ત્યારે તે સાધુના પંડિતમરણની પ્રશંસા સાધુ કરે, જે અનુમોદનાથી તેમના મૃત્યુનું અનુમોદન નથી પરંતુ મૃત્યુકાળમાં મહાસત્ત્વથી કરાયેલી કાયાની અને કષાયોની સંલેખનાજન્ય ઉત્તમભાવોની અનુમોદના થાય છે જે અનુમોદના પોતાને પણ પંડિતમરણને અનુકૂળ મહાબળના સંચયનું કારણ બને છે.

વળી કોઈ અપ્રમત્ત સાધુ સર્વત્ર અપ્રતિબદ્ધ માનસવાળા થવા અર્થે અત્યંત અપ્રમાદપૂર્વક સર્વક્રિયાઓ કરતા હોય તેને જોઈને સુસાધુ અનુમોદના કરે કે આ મહાત્માએ આ કર્મ સુનિષ્ઠિત કર્યું છે અર્થાત્ તે તે કૃત્યોનું લક્ષ્યને અનુરૂપ પરિણામને પ્રગટ કરી શકે તે પ્રકારે સુઅભ્યસ્ત કર્યું છે. આ પ્રકારની અનુમોદના કરવાથી પોતાને પણ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ અસંગભાવના વીર્યને ઉલ્લસિત કરે એ પ્રકારે સેવવાનો ઉત્સાહ થાય છે તેથી તે પ્રકારની અનુમોદના મહાનિર્જરાનું કારણ છે.

વળી સાધ્વાચારની ઉત્તમ ક્રિયા અસંગભાવની વૃદ્ધિનું કારણ છે તે પ્રકારનો બોધ થવાને કારણે જે મહાત્માને સંયમની સર્વક્રિયાઓ સુંદર જણાય છે તે મહાત્મા સંયમની તે સુંદર ક્રિયાનો તે પ્રકારે બોધ કરાવવા અર્થે કોઈને કહે કે આ સાધુક્રિયા અત્યંત સુંદર છે જેને સેવીને ઘણા મહાત્માઓ સુખપૂર્વક ચારગતિનો અંત કરી શક્યા છે આ પ્રકારે સાધ્વાચારની ક્રિયાની સુંદરતાની ઉપસ્થિતિપૂર્વક કરાયેલી અનુમોદના તેની પ્રાપ્તિમાં પ્રતિબંધક ઘણાં કર્મોના નાશનું કારણ બને છે તેથી સાધુ વારંવાર તે ક્રિયાની અનુમોદના કરે.

ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધનું પ્રતિસંધાન કરવા અર્થે સાધુ અન્ય શું ન બોલે ? તે બતાવતાં કહે છે –

કોઈક પ્રકારનો વ્યવહાર પ્રકાન્ત થયે છતે સાધુ કોઈના દ્વારા પુછાયેલો હોય અથવા કોઈના દ્વારા પુછાયેલો ન હોય છતાં તે વ્યવહારને જોઈને આ પ્રકારે બોલે નહિ તેમ બતાવીને કથનનું પ્રયોજન ઉપસ્થિત થાય તો તેના વિષયમાં શું વિધિવિશેષ છે ? તે સ્વયં આગળ બતાવશે.

સાધુ શું ન બોલે ? તે બતાવે છે –

આ વસ્તુ સ્વભાવથી સુંદર છે અર્થાત્ સર્વોત્કૃષ્ટ છે તેમ કહે નહિ. જેમ કોઈ વસ્તુને જોઈને લોકમાં પ્રશ્ન થયો હોય કે આ સુંદર છે કે નહિ ? તે વિવાદ વખતે સાધુને કોઈ પૂછે અને સાધુ લક્ષણશાસ્ત્રના જાણકાર હોય અને તેની સુંદરતાને જોઈ શકે તોપણ કહે નહિ કે આ સ્વભાવથી સુંદર છે અથવા સાધુની હાજરીમાં જ તે પ્રકારનો વિવાદ ચાલતો હોય કે આ સર્વોત્કૃષ્ટ નથી અને અન્ય કહે કે આ સર્વોત્કૃષ્ટ છે તે વખતે તે વસ્તુની શ્રેષ્ઠતાને જાણીને આ વસ્તુ સર્વોત્કૃષ્ટ છે તેમ સાધુ કહે નહિ; કેમ કે પૌદ્ગલાદિક પદાર્થવિષયક તે પ્રકારે કહેવામાં આરંભાદિ દોષના પ્રસંગો સાધુને પ્રાપ્ત થાય.

વળી સાધુ કોઈનાથી પુછાયેલો કે નહિ પુછાયેલો આ પરાર્ઘ છે એમ બોલે નહિ=ઘણા મૂલ્યથી ખરીદાયેલું છે તેમ બોલે નહિ; કેમ કે વસ્તુના લક્ષણને જાણનાર તે સાધુ હોય તેથી વસ્તુને જોઈને તેનું મૂલ્ય ઘણું છે તેમ જાણી શકે તોપણ એ પ્રકારે બોલવાથી સાધુના વચનને અવલંબીને કોઈ પ્રવૃત્તિ થાય તો આરંભાદિ દોષનો સંભવ રહે. કદાચ કોઈ આરંભાદિ દોષોનો સંભવ ન થાય તોપણ સાધુના તે વચનથી લોકોને જે પ્રકારના ભાવો થાય તેમાં સાધુ નિમિત્ત બને.

વળી સંયમના પ્રયોજન વગર તે પ્રકારે બોલવાથી અસંયમના પોતાના પરિણામોની પુષ્ટિ થાય છે માટે પણ સાધુ તે પ્રકારનું વચન બોલે નહિ.

વળી કોઈ વ્યવહાર પ્રવર્તતો હોય ત્યારે પુછાયેલા સાધુ કે નહિ પુછાયેલા સાધુ આ અતુલ છે, આ વસ્તુ અન્યત્ર ક્યાંય ઉપલબ્ધ નથી, તેમ તે વસ્તુને જાણવા છતાં એ પ્રકારે બોલે નહિ; કેમ કે આરંભાદિ દોષોનો પ્રસંગ છે.

વળી તે પ્રકારના પ્રયોગમાં પોતાની બુદ્ધિમાં પણ તે વસ્તુ અતુલ છે એ પ્રકારે તુચ્છ બાહ્ય પદાર્થવિષયક મહત્ત્વબુદ્ધિ થાય એ સંયમની મ્લાનિનું કારણ છે; કેમ કે સાધુ માટે મોહનાશને અનુકૂળ ઉત્તમ પરાક્રમ જ અતુલ છે અન્ય કાંઈ અતુલ નથી.

વળી ઉચિત વ્યવહાર પ્રકાન્ત થયે છતે પુછાયેલા કે નહિ પુછાયેલા સાધુ આ વસ્તુ અસંસ્કૃત છે અર્થાત્ આવી વસ્તુ અન્યત્ર પણ સુલભ છે એમ પણ કહે નહિ; કેમ કે વેચવા માટે આવેલ હોય અને તે વસ્તુને અતિદુર્લભ કહેતો હોય અને પદાર્થના સ્વરૂપને જાણનાર સાધુ તેમ કહે તો તે વેચનારને સાધુ પ્રત્યે દ્વેષ થાય, ધર્મ પ્રત્યે દ્વેષ થાય તો દુર્લભ બોધિ પણ બને. વળી સાધુના વચનથી જે કાંઈ પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય તે સર્વમાં સાધુને અનુમોદનની પ્રાપ્તિ થાય માટે તે પ્રકારે સાધુ બોલે નહિ.

વળી કોઈ અતિ દુર્લભ વસ્તુ જુએ અને સાધુને કોઈ તે વિષયમાં પૃચ્છા કરે કે ન કરે તોપણ આ વસ્તુનું સ્વરૂપ અવ્યક્તવ્ય છે અર્થાત્ વચનથી કહી ન શકાય એવા ગુણોથી યુક્ત છે તેમ સાધુ કહે નહિ; કેમ કે આરંભાદિ દોષોની પ્રાપ્તિ છે. અસાર એવી બાહ્ય વસ્તુનું મહત્ત્વ બતાવવાથી પોતાની બુદ્ધિમાં પણ જે પ્રકારના ભાવો થાય તેને અનુકૂળ કર્મબંધની પ્રાપ્તિ થાય.

વળી કોઈ પ્રસંગે કોઈ વસ્તુને જોઈને સાધુ કહે નહિ કે આ અચિંત્ય છે અર્થાત્ અપ્રીતિકર છે તેમ સાધુ કહે નહિ; કેમ કે પૂર્વમાં વર્ણન કરાયેલા સર્વ પ્રયોગોના ભાષણમાં પાપના અધિકરણરૂપ તે વચનો બને. કોઈ વેચનાર વ્યક્તિને વેચવામાં અંતરાયદોષ પ્રાપ્ત થાય, લોકોને પ્રદ્વેષ આદિ દોષોનો પ્રસંગ પ્રાપ્ત થાય, ભગવાનનું શાસન અશિષ્ટોથી પ્રવૃત્ત છે તેવું લોકોને જણાય; કેમ કે ત્યાગી પણ સાધુ તેવા પ્રકારના બાહ્ય પદાર્થ વિષયક કથન કરે છે તેથી આ ધર્મ અનાપ્ત પુરુષથી પ્રવર્તાવાયો છે તેવી લોકોને બુદ્ધિ થાય.

વળી કોઈ વસ્તુને જોઈને સાધુ આ સારી રીતે ખરીદાયેલ છે અર્થાત્ અલ્પમૂલ્યથી મૂલ્યવાન વસ્તુ પ્રાપ્ત કરાઈ છે તેમ કહે નહિ અથવા આ સુવિક્રીત છે અર્થાત્ સારાભાવથી વેચાણ થયું છે તેમ કહે નહિ અથવા આ વસ્તુ વેચવા યોગ્ય નથી જ એમ કહે નહિ. અથવા આ વસ્તુ વેચી નાખવા જેવી છે, રાખવા જેવી નથી એમ કહે નહિ. આ વસ્તુ સસ્તી થશે તેમ કહે નહિ અથવા દેશ-કાળને સામે રાખીને પોતે જાણકાર હોય છતાં આ મોંઘું થશે એમ કહે નહિ; કેમ કે આવા પ્રકારના વચનપ્રયોગોમાંથી કોઈપણ પ્રકારના વચનપ્રયોગમાં કોઈકને અપ્રીતિ થવાનો પ્રસંગ આવે. સાધુનાં તે વચનોથી લોકોની પ્રવૃત્તિ થવાથી સાધુનું તે વચન આરંભ સમારંભનું કારણ બનવાથી અધિકરણરૂપ બને અને સાધુના વચનને સાંભળીને કોઈને ધર્મ પ્રત્યે દ્વેષ થાય કે આ સાધુથી સેવાતો ધર્મ અનાપ્તથી પ્રવૃત્ત છે તેવો કોઈકને ભ્રમ થાય તે સર્વમાં સાધુને કર્મબંધની પ્રાપ્તિ થાય, માટે સંવૃત્તમનવાળા થઈને નિષ્પ્રયોજન વચનપ્રયોગ ન થાય તે પ્રકારે સાધુએ વાગ્ગુપ્તિમાં યત્ન કરવો જોઈએ.

વળી તેવા પ્રકારનું કહેવાનું પ્રયોજન ઉપસ્થિત થાય જેનાથી સંયમવૃદ્ધિનું ફળ પોતાને કે અન્યને પ્રાપ્ત થતું હોય ત્યારે સાધુ તાત્પર્યશુદ્ધિથી વિધિવિશેષને જાણીને નિરવદ્ય જ બોલે અર્થાત્ આ મારા વચનપ્રયોગથી આ પ્રકારે પોતાની કે અન્યની સંયમવૃદ્ધિરૂપ ફળ પ્રાપ્ત થશે એ પ્રકારના તાત્પર્યની શુદ્ધિથી તેને અનુરૂપ કેવો ઉચિત પ્રયોગ કરવો જોઈએ તે રૂપ વિધિવિશેષને જાણીને સાધુ નિરવદ્ય જ ભાષા બોલે જેથી બોલતી વખતે પણ પરિણામની શુદ્ધિને કારણે સંવરભાવનો જ અતિશય થાય.

કઈ રીતે તાત્પર્યની શુદ્ધિપૂર્વક વિધિવિશેષનો નિર્ણય કરીને નિરવદ્ય ભાષા બોલે તે 'तथाहि'થી બતાવે છે -

ગ્લાનસાધુના પ્રયોજન અર્થે કહે કે આ સહસ્રપાકાદિ પ્રયત્ન પક્વ છે, જેથી તે વચનાનુસાર યોગ્ય સાધુ તેને ગ્રહણ કરીને ગ્લાનસાધુના ઉપષ્ટંભક એવા તે સહસ્રપાકાદિને ગ્રહણ કરીને ગ્લાનસાધુના સંયમવૃદ્ધિમાં સહાયક થવાના પરિણામને પુષ્ટ કરે છે. આથી જ તે ગ્લાનસાધુ રોગને કારણે ગ્લાન છે. સંયમમાં ઉત્થિત છે ઇત્યાદિનો ઉચિત નિર્ણય કરીને એ પ્રકારે વચનપ્રયોગ કરે છે, માત્ર સાધુવેશને જોઈને પ્રમાદી પાસત્થાદિના પ્રમાદનું ઉપષ્ટંભન થાય એવું જણાય તો મૌન પણ સેવે છે.

વળી પૂર્વમાં કહેલ કે આ વનાદિ સુષ્ઠુચ્છિન્ન છે એમ કહે નહિ; કેમ કે સાવદ્યનો પ્રસંગ થાય, પરંતુ અન્ય સાધુઓને આ ભૂમિ અચિત્ત છે માટે ઉચિત પરઠવવા આદિ અર્થે યોગ્ય છે એવો બોધ કરાવવા અર્થે કહે કે પ્રયત્નથી ચ્છિન્ન આ વનાદિ છે જેથી તે સાધુને બોધ થાય કે આ વનનાં સર્વ સ્થાનો તે રીતે છેદાયાં છે કે જેથી ભૂમિ અચિત્ત છે અને આ સુંદર છેદાયાં છે એમ કહેવાથી તે છેદનં ક્રિયાના અનુમોદનનો પ્રસંગ પ્રાપ્ત થાય માટે અત્યંત ઉપયોગપૂર્વક પરિણામનું રક્ષણ થાય તે રીતે ભાષા બોલે. જો તે પ્રકારના તાત્પર્યશુદ્ધિથી ન બોલે તો આ પ્રયત્નચ્છિન્ન વનાદિ છે તેમ કહેવાથી પણ પોતાના હૈયામાં આ સુંદર છેદાયું છે તેવો જ ભાવ ઉપસ્થિત થાય તો સાવદ્યની અનુમતિ પ્રાપ્ત થાય માટે તાત્પર્યની શુદ્ધિમાં ઉપયુક્ત થઈને પોતાના પરિણામમાં તે સુંદર રીતે છેદાયેલા વનને જોઈને એવો ભાવ ન થાય એ રીતે બોલે.

વળી કોઈ સુંદર કન્યા હોય અને આ કન્યા સુંદર છે એમ સાધુ બોલે નહિ એમ પૂર્વમાં સાવદ્ય વચનના પરિહારમાં કહેલ. આમ છતાં કોઈ કન્યા સંયમ ગ્રહણ કરવા માટે તત્પર થયેલ હોય અને ગીતાર્થ પાસે તેના સંબંધી વગેરે તેના વિષયક પૃચ્છા કરે અને સાધુને જણાય કે આ કન્યામાં ગુણસંપત્તિ છે અને રૂપસંપત્તિ પણ છે માટે દીક્ષા ગ્રહણ કર્યા બાદ સમ્યક્ તેનું પાલન કરવામાં આવશે તો ગુણવૃદ્ધિ કરશે તેવો બોધ કરવવા અર્થે સાધુ કહે કે આ કન્યા પ્રયત્નથી સુંદર છે અર્થાત્ દીક્ષા અપાયા પછી ઉચિત ગુરુ દ્વારા સમ્યક્ ગ્રહણશિક્ષા આદિ આપવામાં આવશે તો પ્રયત્નથી સુંદર થાય એવી આ કન્યા છે, તેવું સાંભળીને તેની હિતચિંતા કરનાર સ્વજનાદિ ઉચિત સ્થાને સંયમ આપીને તેનું કઈ રીતે હિત થાય તેનો નિર્ણય તે મહાત્માના વચનથી કરીને સમ્યગ્ યત્ન કરી શકે છે અને મહાત્માએ પણ પોતાના વચનપ્રયોગમાં તાત્પર્યની શુદ્ધિથી સુંદર કન્યાવિષયક કહેવામાં વિધિવિશેષનો નિર્ણય કરીને તેવું નિરવદ્ય જ વચન કહે તો અવશ્ય મહાનિર્જરાની પ્રાપ્તિ થાય. કોઈ કન્યા દીક્ષા લેવા તત્પર થયેલ હોય અને દીક્ષિત થયા પછી સમ્યક્ પાલન થાય તેમ ન હોય છતાં વિચાર્યા વગર મુગ્ધતાથી પ્રયત્ન સુંદર છે તેમ પ્રયોગ કરે તો તે કન્યાનું જે અહિત થાય તેની ઉપેક્ષા પ્રત્યે પણ સાધુને અનુમોદનની પ્રાપ્તિ થાય. માટે વચનગુપ્તિની અને ભાષાસમિતિની મર્યાદાનો નિર્ણય કરીને જે સાધુ ઉચિત બોલે છે તેઓ જ નિરવદ્ય વચન બોલે છે.

અને-સર્વ જ કૃતાદિ સાધુ કર્મનિમિત્ત બોલે=યોગ્ય શિષ્યાદિને તે વિષયક ઉચિત બોધ કરાવવા અર્થે કહે પરંતુ સાવદ્ય પ્રવૃત્તિનું અનુમોદન થાય તે રીતે બોલે નહિ. જેમ કોઈએ કોઈ સુંદર કૃત્ય કર્યું હોય અને તે કૃત્યુનું અનુમોદન કરવાથી આરંભની અનુમતિ આદિનો પ્રસંગ હોય ત્યારે આ સુંદર કૃત્ય કરાયું છે એમ કહે નહિ પરંતુ શિષ્યને બોધ કરાવવા અર્થે કે આ પ્રકારનું બાહ્ય કૃત્ય કોઈએ સુંદર કર્યું હોય અને પોતે તેમાં નિપુણ હોય તેથી તે સુંદર કૃત્યને પોતે તે સ્વરૂપે જોઈ શકે તોપણ તેવા સુંદર કૃત્યાદિને જોઈને કયા સંયોગમાં શું બોલવું જોઈએ જેથી સંયમની મર્યાદાનો ભંગ ન થાય અને તે તે સંયોગ અનુસાર ઉત્સર્ગ અપવાદનું તે શિષ્ય ઉચિત યોજન કરી શકે તેવા કર્મનિમિત્ત=શિક્ષાનિમિત્ત, કોઈક વિવક્ષિત સર્વ જ કૃતાદિ સાધુ કહે અર્થાત્ આ સારી રીતે ખરીદાયું છે, આ સુવિક્રીત છે ઇત્યાદિ પોતે જાણતા હોય તેવા પ્રસંગે

ઉત્સર્ગથી શું બોલવું જોઈએ, અપવાદથી શું કરવું જોઈએ ? ઇત્યાદિનો બોધ કરાવવા અર્થે ક્રીતાદિવિષયક પણ સાધુ કહે.

વળી કોઈએ ગાઢપ્રહાર કરેલ હોય અને તેવું કહેવાથી કોઈક હિતની પ્રાપ્તિ જણાય તો ગાઢપ્રહાર પણ કહે જેમ દ્રોપદીના જીવે પૂર્વભવમાં સાધુને કડવી તુંબડી વહોરાવી. ગુરુના વચનાનુસાર આ કડવી તુંબડી છે તેમ જાણીને તે સાધુ પરઠવવા જાય છે અને જીવવિરાધનાને જાણીને તે સાધુ સ્વયં તે તુંબડી વાપરે છે તેથી કાળ કરી જાય છે. આ રીતે અન્ય સાધુના અનર્થના નિવારણ માટે મહાત્માએ સાધુઓને કહ્યું કે નગરમાં જઈને મુખ્ય મુખ્ય સ્થાને તમે જાહેર કરો કે આ રીતે આ બ્રાહ્મણીએ કડવી તુંબડી વહોરાવીને ઋષિહત્યા કરી છે જેથી લોકોનો તિરસ્કાર પામેલી અને ઘરમાંથી કાઢી મૂકેલી તે બ્રાહ્મણી દુર્ધ્યાન કરીને છઠ્ઠી નરકે જાય છે. તોપણ આ રીતે કહેવાથી અન્ય કોઈ સુસાધુનો ઘાત ન થાય એથી મોક્ષમાર્ગમાં પ્રસ્થિત એવા સુસાધુ પણ આવા નિમિત્તને પામી દુર્ગતિમાં ન જાય એવા ઉત્તમ અધ્યવસાયથી કહેવાયેલું તે વચન નિરવદ્ય જ છે, માટે સંયોગ અનુસાર ક્વચિત્ પ્રયોજનમાં ગાઢપ્રહારને ગાઢપ્રહાર પણ કહે, આ રીતે તે અપ્રીતિ આદિ દોષોનો પણ પરિહાર થાય છે; કેમ કે યોગ્ય શિષ્યને શિક્ષા નિમિત્તે કહેવાયેલું હોય તો કોઈને અપ્રીતિ આદિ પ્રસંગો પ્રાપ્ત થાય નહિ, ક્વચિત્ અપવાદથી કહેવાયેલું હોય ત્યારે કદાચ કોઈને અપ્રીતિ આદિ થાય તેના કરતાં બલવાન પ્રયોજન સુસાધુના સંયમરક્ષણનું હોય ત્યારે તે અપ્રીતિ આદિ દોષો પણ કર્મબંધનાં કારણો બનતા નથી; કેમ કે આશયની શુદ્ધિ છે, આથી જ દ્રૌપદીના જીવને તે સાધુના વચનથી અપ્રીતિ આદિ થવા છતાં વિવેકપૂર્વકની સાધુની પ્રવૃત્તિ હોવાથી કર્મબંધનું કારણ બનતી નથી માટે નિરવદ્ય જ છે.

વળી સાધુને કોઈ ગૃહસ્થ પોતાના ઉચિત વ્યવહાર અર્થે પૃચ્છા કરે કે આ વસ્તુ ખરીદ કરવા જેવી છે કે નહિ ? ત્યારે સાધુ તેને શું કહે તે બતાવે છે –

જો પોતે તેના મૂલ્યવિશેષને જાણતા ન હોય તો કહે કે આ વસ્તુના મૂલ્યવિશેષને હું જાણતો નથી અને કદાચ પોતે જાણતા હોય તોપણ કહે કે અમે ક્રય-વિક્રયયોગ્ય વસ્તુ કોઈને આપતા નથી તેથી આ વિષયમાં અમારાથી કાંઈ કહેવાય નહિ; કેમ કે પાપથી વિરામ પામેલા એવા અમોને આવા પ્રકારના વ્યાપારથી શું પ્રયોજન છે અર્થાત્ આ વસ્તુ મૂલ્યવાન છે કે નહિ ઇત્યાદિ જાણવું અને લોકોને કહેવું ઇત્યાદિથી અમારે શું પ્રયોજન છે, વસ્તુતઃ નિરારંભ જીવનવિષયક જ પ્રવૃત્તિનું જાણવું અને સેવવું એ અમારું મુખ્ય પ્રયોજન છે, આ પ્રકારે ઉચિત કથન કરવાથી સાધુને કોઈ આરંભદોષની પ્રાપ્તિ થતી નથી. **॥૯૪॥**

**અવતરણિકા :-**

**વળી સાધુએ અન્ય શું શું ન બોલવું જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**अब्भुच्चयं ण भासिज्जा आणत्तिं अजयाण य ।**
**असाहुलोगं साहु त्ति सदोसासंसणं तहा ।।९५।।**

**છાયા :-**

अभ्युच्चयं न भाषेत आज्ञप्तिमयतानां वा ।
असाधुलोकं साधुरिति सदोषाशंसनं तथा ।।९५।।

**અન્વયાર્થ :-**

अब्भुच्चयं=સાધુ અભ્યુચ્ચયને, ण भासिज्जा=બોલે નહિ, अजयाण य=અજયણાવાળા એવા ગૃહસ્થો, કે અસંયતોને, आणत्तिं=આવો (એ પ્રમાણે કહે નહિ), असाहुलोगं=અસાધુલોકને, साहु=સાધુ, त्ति=એ પ્રમાણે, (કહે નહિ), तहा=અને, सदोसासंसणं=સદોષ આશંસનવાળાં વચનો કહે નહિ. ।।૯૫।।

**ગાથાર્થ :-**

સાધુ અભ્યુચ્ચયને બોલે નહિ. અજયણાવાળા એવા ગૃહસ્થો કે અસંયતોને આવો એ પ્રમાણે કહે નહિ. અસાધુલોકને સાધુ એ પ્રમાણે કહે નહિ અને સદોષ આશંસનવાળાં વચનો કહે નહિ. ।।૯૫।।

**ટીકા :-**

केनचित् कस्यचित् "सर्वमेतत् त्वया वक्तव्यमि"ति संदिष्टे सर्वमेतद् वक्ष्यामीति संदेशं प्रयच्छन् 'सर्वमेतदि'ति वाभ्युच्चयं न भाषेत=न वदेत्, सर्वस्य तथास्वरव्यञ्जनाद्युपेतस्य वक्तुमशक्यत्वेनाऽसंभवाभिधाने द्वितीयव्रतविराधनाप्रसङ्गात्, तथा च 'सर्वे साधवो गता न वा ?' इत्यादिस्थले सर्वथाऽनुविचिन्त्यैव वदेत् यथाऽसंभवाभिधानं न भवतीति ।

ननु 'सर्वो ग्रामो भोक्तुमागत' इत्यादिवत् 'सर्वमेतत्' इत्यादिकं नासंभवग्रस्तमिति चेत् ? न, समुच्चये तथाविधविवक्षाऽभावात् चारित्रभावावस्थायामेतादृशाऽप्रयोगाच्च ।

तथा अयतानां=असंयतानां आज्ञप्तिं 'आस्व एहि कुरू वा इदं कार्यं शेष्व तिष्ठ प्रज' इत्यादिरूपां, न भाषेत=न वदेत्, अयतनाप्रवर्त्तनप्रयुक्तदोषप्रसङ्गात् ।

तथाऽसाधुलोकं=आजीविकादिकं लोकैः साधुशब्देनाऽभिलाप्यमानं, 'साधुरयमि'ति न वदेत्, मृषावादप्रसङ्गात्, न चैतद्वचनस्य रूपसत्याद्यन्तर्गततया न मृषात्वमिति शङ्कनीयम्, गुणोपबृंहणप्रवणानामीदृशानामन्वर्थशब्दानामविषये मोहादेव प्रयुज्यमानत्वेन दोषानुबन्धितया च मृषात्वोपपत्तेः, अत एव स्वविषये एतत्प्रयोगस्य गुणानुबन्धितया ज्ञानदर्शनचारित्रसंपन्ने भावसाधौ साधुपदानभिलापे उपबृंहणातिचारदोषप्रसङ्ग इति वदन्ति ।

ननु यद्येवं बोटिकनिह्नवादावन्वर्थसाधुशब्दाभिधानं मृषा कथं तर्हि पाषाणमय्यां प्रतिमायामन्वर्थार्हदादिपदगर्भस्तुतिकरणं सार्थकमिति चेत् ? आः पाप! वृथा छिद्रान्वेषणमेतत् उक्तस्थलेऽसंयतोपबृंहण-

दोषाभावेन स्थापनासत्यस्याऽनिरुद्धप्रसरतया दोषाभावात्, अन्यथा निक्षेपनैष्फल्यादिति दिग् ।

*तथा सदोषाशंसनं न वदेत्* । *तथाहि*–देवासुरनृतिरश्चां विग्रहेऽमुकस्य जयो भवतु मा वाऽमुकस्य भवतु इति 'नालपेद्, अधिकरणतत्स्वामिद्वेषादिदोषप्रसङ्गात् । तथा वातवृष्टिशीतोष्णक्षेमसुभिक्षादिकमपि भवतु मा वा' इति च न वदेत्, विनाऽतिशयप्राप्तं वचनमात्रात् फलाभावेन मृषावादप्रसङ्गात्, तथाभवनेऽपि आर्त्तध्यानभावात्, अधिकरणादिदोषप्रसङ्गात्, वातादिषु सत्सु सत्त्वपीडापत्तेश्च ।

कथं तर्हि "शिवमस्तु सर्वजगतः" इति ?, शिवेऽपि चौर्याद्यन्तरायदोषादिति चेत् ? सदाशयवशादेतादृशप्रार्थनाया असत्यामृषाङ्गतया श्रुतभावभाषायामधिकारेऽपि प्रकृतानुपयोगादिति दिग् ।।९५।।

**ટીકાર્થ :-**

**केनचित् ..... दिग् ।। કોઈના વડે કોઈકને કહેવાયું કે "સર્વ જ આ તારા વડે કહેવું જોઈએ" એ પ્રમાણે સંદિષ્ટ હોતે છતે સાધુ "સર્વ જ આ હું કહું છું" એ પ્રમાણે સંદેશને આપતો અથવા "સર્વ જ આ છે" એ પ્રકારે અભ્યુચ્ચયને કહે નહિ.**

કેમ સર્વ જ આ છે એ પ્રકારે કહે નહિ ? તેમાં હેતુ કહે છે –

**સર્વ જ તે પ્રકારના સ્વરવ્યંજનાદિ ઉપેતનું=જે પ્રકારે કહેનાર વ્યક્તિએ કહેલું કે મારું સર્વ વચન તમે કહેશો તેના સર્વ જ તે પ્રકારના સ્વર, વ્યંજનાદિ ઉપેતનું, કહેવા માટે અશક્યપણું હોવાથી અસંભવના અભિધાનમાં બીજા વ્રતની વિરાધનાનો પ્રસંગ છે અને સર્વ સાધુઓ ગયા કે નહિ ? ઈત્યાદિ સ્થળમાં સર્વથા વિચારીને જ કહે જેથી અસંભવનું કથન થાય નહિ.**

**'इति' શબ્દ અભ્યુચ્ચય બોલે નહિ એ કથનની ટીકાની સમાપ્તિ માટે છે.**

**'ननु'થી શંકા કરે છે –**

**"સર્વ ગામ જમવા માટે આવેલું" ઈત્યાદિની જેમ આ સર્વ=કોઈએ કહેલા સર્વશબ્દો યથાર્થ કહ્યા હોય છતાં, સ્વર, વ્યંજનાદિ કોઈક ન્યૂનતા હોય ઈત્યાદિક અસંભવગ્રસ્ત નથી અર્થાત્ સંપૂર્ણ કથન કર્યું છે એ વચન દોષરૂપ નથી એ પ્રમાણે શંકાકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે –**

**એમ ન કહેવું કેમકે; સમુચ્ચયમાં=આખું ગામ જમવા આવ્યું છે એ રૂપ સમુચ્ચયમાં, તથાવિધ વિવક્ષાનો અભાવ છે=એક આદિ પુરુષ ન્યૂન આવે તેની વિવક્ષાનો અભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે લોકવ્યવહારમાં તો એકાદિ પુરુષ ન આવ્યો હોય તોપણ આખું ગામ જમવા આવ્યું છે તેમ કહેવાય છે તેમ પ્રસ્તુતમાં પણ સ્વરાદિની ન્યૂનતા હોય તો શબ્દશઃ તેને કથન કર્યું છે માટે સાધુ

અભ્યુચ્ચયને કહે તો દોષ નથી. એ પ્રકારની શંકામાં બીજો હેતુ કહે છે -

**ચારિત્રની સદ્‌ભાવ અવસ્થામાં આવા પ્રકારનો અપ્રયોગ છે=શબ્દશઃ કોઈનું કથન કરેલું હોય તોપણ સ્વર, વ્યંજનાદિની ન્યૂનતા થાય તે કારણે મૃષા ન થાઓ એ પ્રકારની ભાષાગુપ્તિના પરિણામવાળા મુનિની ચારિત્રની અવસ્થામાં આવા પ્રકારનો પ્રયોગ કરાય નહિ.**

**અને અયતનાવાળા=અસંયતતાવાળા, સાધુ હોય કે ગૃહસ્થ હોય તેઓને આજ્ઞપ્તિ ભાષા કહે નહિ અર્થાત્ બેસ, આવ અથવા આ કાર્ય કર, સૂઈ જા, ઊભો રહે, તું જા. ઇત્યાદિરૂપ આજ્ઞપ્તિભાષા સાધુ બોલે નહિ; કેમ કે અયતનાપ્રવર્તનપ્રયુક્તદોષનો પ્રસંગ છે=ગૃહસ્થની તે તે પ્રવૃત્તિમાં અયતનાનો પ્રયત્ન થાય તેનું પ્રવર્તક સાધુનું વચન થવાથી તે આરંભમાં કરાવણદોષનો પ્રસંગ પ્રાપ્ત થાય અને અસાધુલોકને=લોકો વડે સાધુ શબ્દથી બોલાતા એવા આજીવિક આદિને, આ સાધુ છે એમ કહે નહિ; કેમ કે મૃષાવાદનો પ્રસંગ છે.**

અને આ વચનનું રૂપસત્યાદિ અંતર્ગતપણું હોવાથી=સાધુનો વેષ હોવાથી દશ સત્યમાંથી રૂપસત્યાદિ અંતર્ગતપણું હોવાથી, મૃષાપણું નથી એ પ્રકારે શંકા ન કરવી; કેમ કે ગુણઉપબૃંહણામાં તત્પર આવા પ્રકારના અન્વર્થ શબ્દોનો=આ સાધુ છે એવા પ્રકારના અન્વર્થ શબ્દોનો, અવિષયમાં=ગુણ રહિતમાં, મોહથી જ પ્રયુજ્યમાનપણું હોવાને કારણે અને દોષાનુબંધીપણું હોવાથી=નિર્ગુણમાં સાધુશબ્દનો પ્રયોગ કરવાથી તેના દોષનું પોષણપણું હોવાથી, મૃષાત્વની ઉપપત્તિ છે. આથી જ=અસાધુમાં સાધુ આ છે એ પ્રકારે બોલવામાં દોષની પોષકતા છે આથીજ, સ્વવિષયમાં=ગુણવાન પુરુષરૂપ સાધુપદથી વાચ્ય વિષયમાં, આ પ્રયોગનું=આ સાધુ છે એ પ્રકારના પ્રયોગનું, ગુણાનુબંધીપણું હોવાથી=સુસાધુના ગુણોની અનુમોદનારૂપ હોવાથી, જ્ઞાન-દર્શન-ચારિત્રસંપન્ન એવા ભાવસાધુમાં સાધુપદનો અનભિલાપ કરાયે છતે ઉપબૃંહણારૂપ દર્શનાચારના અતિચારરૂપ દોષનો પ્રસંગ છે એ પ્રમાણે કહે છે=ગીતાર્થો કહે છે.

'નનુ'થી કોઈ શંકા કરે છે – જો આ રીતે=પૂર્વમાં કહ્યું કે અસાધુમાં સાધુ આ છે એ રીતે, સાધુ બોલે નહીં એ રીતે બોટિક નિહ્નવ આદિમાં અન્વર્થ એવા સાધુશબ્દનું અભિધાન=ગુણવાચી એવા સાધુ શબ્દનું અભિધાન, મૃષા છે તો પાષાણમય પ્રતિમામાં અન્વર્થ એવા અર્હદાદિપદગર્ભસ્તુતિનું કરણ કેવી રીતે સાર્થક થાય ? અર્થાત્ થાય નહિ એ પ્રમાણે જો સ્થાનકવાસી કહે, તો ગ્રંથકારશ્રી કહે છે –

હે પાપી ! વૃથા આ છિદ્રાન્વેષણ છે=નિહ્નવ આદિ તુલ્ય પ્રતિમામાં અરિહંતપદની સ્તુતિ થાય નહીં એ વૃથા છિદ્રાન્વેષણ છે; કેમ કે ઉક્તસ્થળમાં, પાષાણમય પ્રતિમાસ્થળમાં, અસંયતના ઉપબૃંહણા દોષનો અભાવ હોવાને કારણે=ભગવાનના ગુણોની સ્તુતિ દ્વારા અસંયતના ઉપબૃંહણારૂપ દોષનો અભાવ હોવાને કારણે, સ્થાપનાસત્યનું અનિરુદ્ધ પ્રસરપણું હોવાથી=જિનપ્રતિમામાં સ્થાપનાસત્યરૂપ જિનનું અવશ્યંભાવિપણું હોવાથી, દોષનો અભાવ છે=સ્તુતિ કરનારને મૃષાની પ્રાપ્તિરૂપ દોષનો

**અભાવ છે. અન્યથા=પ્રતિમામાં સ્થાપનાસત્યરૂપ જિનનો સ્વીકાર ન કરવામાં આવે તો, નિક્ષેપના નૈષ્ફલ્યનો પ્રસંગ છે=ભગવાનના ચારે નિક્ષેપા પૂજ્ય છે એ પ્રકારનું વચન હોવાથી સ્થાપનાનિક્ષેપાને અપૂજ્ય સ્વીકારવાનો પ્રસંગ છે, એ પ્રમાણે દિશાસૂચન છે.**

**અને સદોષ આશંસન સાધુ બોલે નહિ, તે આ પ્રમાણે – દેવ, અસુર, મનુષ્ય અને તિર્યંચોના વિગ્રહમાં=પરસ્પર યુદ્ધમાં, અમુકનો જય થાઓ અથવા અમુકનો જય ન થાઓ એ પ્રમાણે બોલે નહિ; કેમ કે અધિકરણ અને તેના સ્વામીના દ્વેષાદિ દોષનો પ્રસંગ છે અને વાયુ, વૃષ્ટિ, શીત, ઉષ્ણ, ક્ષેમ અને સુભિક્ષાદિક પણ થાઓ અથવા ન થાઓ એ પ્રમાણે બોલે નહિ; કેમ કે અતિશય પ્રાપ્ત વગર વચનમાત્રથી ફળનો અભાવ હોવાને કારણે મૃષાવાદનો પ્રસંગ છે. અને તે પ્રકારે થવામાં પણ આર્તધ્યાનનો ભાવ છે=પોતાના વચનાનુસાર વાતાદિ થાય તો આરંભાદિદોષજન્ય આર્તધ્યાનનો ભાવ છે અને અધિકરણાદિ દોષનો પ્રસંગ છે=સાધુના વચનપ્રયોગમાં અધિકરણાદિ દોષનો પ્રસંગ છે અને વાતાદિ થયે છતે જીવોને પીડાની આપત્તિ છે.**

**તો પછી=સાધુ સુભિક્ષ થાઓ ઇત્યાદિ ભાષા બોલે નહિ તો પછી,** "સર્વ જગતનું શિવ થાઓ=સર્વજગત ઉપદ્રવ વગરનું થાઓ" **એ પ્રમાણે કેમ બોલાય છે ? અર્થાત્ બોલાય નહિ; કેમ કે શિવમાં પણ=જગતમાં કોઈ ઉપદ્રવ વગેરે ન હોય એવા શિવમાં પણ, ચોરી આદિના=ચોરી અનાચાર આદિ અપકૃત્યોમાં, અંતરાયદોષનો પ્રસંગ છે એ પ્રકારે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકારશ્રી કહે છે –**

**સદાશયના વશથી આવા પ્રકારની પ્રાર્થનાનું=જગતના જીવોને ઉપદ્રવ ન થાઓ એવા પ્રકારની પ્રાર્થનાનું, અસત્યામૃષાનું અંગપણું હોવાથી શ્રુતભાવભાષામાં અધિકાર હોવા છતાં પણ=શ્રુતભાવભાષામાં એ પ્રકારે સાધુને બોલવાનો અધિકાર હોવા છતાં પણ, પ્રકૃતનો અનુપયોગ છે=સાધુને કેવી ભાષા ચારિત્રની મર્યાદા અનુસાર બોલવી જોઈએ ? તે કથનમાં સુભિક્ષાદિનો નિષેધ કર્યો તેમ જગતના જીવોનું શિવ થાઓ તેનું વિધાન કરવું કે નિષેધ કરવો તેવો અનુપયોગ છે એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૯૫॥**

**ભાવાર્થ :-**

## સાધુએ શું બોલવું અને શું ન બોલવું ? તેનું કથન :-

સાધુને કોઈક મહાત્માએ કોઈ અન્ય સાધુને આ સર્વ તમારે કહેવું જોઈએ એ પ્રમાણે કહેલું હોય અને તે વચનોનું યથાર્થ અવધારણ કરીને તે મહાત્મા તે સાધુને સર્વવચનો કહે અથવા તે મહાત્માએ કહ્યા પ્રમાણે તે સર્વ વચનો ગૃહસ્થને કહે ત્યારપછી તે સાધુ અભ્યુચ્ચય વચનને કહે નહિ અર્થાત્ જે પ્રમાણે મને તે મહાત્માએ કહ્યું છે તે સર્વ વચનો મેં કહ્યાં છે, કોઈ વચન બાકી રહ્યું નથી એ પ્રમાણે સાધુ કહે નહિ; કેમ કે કહેનારા મહાત્માએ જે સ્વર, જે વ્યંજન, જે ઘોષ આદિથી વચનો કહ્યાં હોય તે સર્વ તે રીતે કહેવાનું અશક્યપણું હોવાને કારણે જે પ્રમાણે તે મહાત્માએ કહ્યું છે એ પ્રમાણે જ સર્વવચનો મેં કહ્યાં છે એમ તે સાધુ કહે તો અસંભવનું અભિધાન થવાને કારણે બીજા વ્રતમાં વિરાધનાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી બીજા

વ્રતના રક્ષણ અર્થે સ્યાદ્વાદના સૂક્ષ્મબોધવાળા સાધુએ વિચારવું જોઈએ કે જે સ્વરથી જે ઉદાત્ત આદિથી તે મહાત્માએ વચનો કહ્યાં છે તેમાં કંઈક અન્યથા સંભવ છે માટે સાધુએ તેમજ કહેવું જોઈએ કે તે મહાત્માએ જે કાંઈ કીધું છે તે મેં સામાન્યથી તેમ જ કહ્યું છે તેથી સ્વરાદિકૃત ભેદને કારણે મૃષાવાદના પરિહારરૂપ બીજા વ્રતની વિરાધના પ્રાપ્ત થાય નહિ.

વળી સર્વ સાધુઓ વિહાર કરીને જવાના હોય તેવા સ્થાને પણ બધા ગયા છે કે નહિ તેવો સ્પષ્ટ નિર્ણય ન હોય તો બધા સાધુ ગયા છે તેમ કહે નહિ પરંતુ બધા ગયા છે તેવો સ્પષ્ટ નિર્ણય હોય તો જ બધા સાધુ ગયા છે તેમ કહેવું અને સંભાવના હોય તો પ્રાયઃ બધા ગયા છે, અને કોઈ રહ્યા હોય તો મને તેનું જ્ઞાન નથી તેમ કહેવું જોઈએ જેથી મૃષાવાદનો પ્રસંગ ન આવે.

અહીં 'નનુ'થી કોઈ શંકા કરે છે કે કોઈ જમવાનો પ્રસંગ હોય ત્યારે ગામના બધા લોકો જમવા આવ્યા હોય, ક્વચિત્ ગામમાંથી એક બે જમવા ન આવ્યા હોય તોપણ ગામના બધા લોકો જમવા આવ્યા છે એ પ્રકારે વ્યવહારમાં બોલાય છે, તેમ કોઈ સાધુએ કોઈકના દ્વારા કહેવાયેલું દરેક વચન સ્મૃતિમાં રાખીને તે દરેક વચનો તે પ્રકારે જ કહ્યાં હોય ફક્ત કોઈક સ્વર, વ્યંજનનો કે હ્રસ્વ, દીર્ઘનો ભેદ પડે તોપણ તેમ કહી શકાય કે આ સાધુએ બધાં વચનો તે પ્રમાણે જ કહ્યાં છે, માટે સાધુને મૃષાવાદની પ્રાપ્તિ થશે નહિ. એ શંકાના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે આ પ્રમાણે કહેવું નહિ; કેમ કે વ્યવહારમાં આખું ગામ જમવા આવ્યું તેમાં જે પ્રકારની વિવક્ષા છે તેવી વિવક્ષા મેં સર્વ કહ્યું છે એ સ્થાનમાં નથી પરંતુ યથાવત્ મેં પૂર્ણ કહ્યું છે તેવી જ વિવક્ષા છે અને તેવું યથાવત્ કથન અસંભવિત હોવાથી મૃષાવાદનો પ્રસંગ છે.

વળી સર્વ ગામ જમવા આવ્યું છે તે સ્થાનમાં લોકવ્યવહારની અપેક્ષા છે તેથી એક બે જણ જમવા ન આવ્યા હોય તોપણ આ મૃષા બોલે એમ લોકમાં ગણાતું નથી પરંતુ ચારિત્રભાવભાષામાં આવા પ્રકારનો પ્રયોગ થાય નહિ અર્થાત્ ચારિત્રના પરિણામવાળા મુનિ સંવરના પરિણામવાળા હોય છે શ્રુતથી નિયંત્રિત થઈને સહેજ પણ મૃષા ન થાય એ પ્રકારે બોલનારા હોય છે એથી સંયમના પ્રયોજનપૂર્વક ગુપ્તિના પરિણામથી યુક્ત ચારિત્રની મર્યાદાનું સ્મરણ કરીને "લેશ પણ આ ભાષા મૃષા છે" તેવું કોઈ કહી શકે તે પ્રકારે સાધુ પ્રયોગ કરે નહિ, જેથી બીજા વ્રતમાં અતિચાર લાગે નહિ માટે સ્વરાદિકૃત ન્યૂનતાને આશ્રયીને પણ આ ભાષા પૂર્ણ તે રીતે કહેવાઈ નથી તેવું કહેવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય તે રીતે જ સાધુ વચનપ્રયોગ કરે.

વળી આ પ્રકારે અભ્યુચ્ચય વચન સાધુ ન કહે તે સાંભળીને કોઈ બુદ્ધિમાન પુરુષને જિજ્ઞાસા થાય કે આ સાધુએ દરેક વચનો એ પ્રમાણે જ કહ્યાં છે, છતાં અભ્યુચ્ચય કહેતા નથી તેનું શું કારણ ? તેથી તે સાધુને પૃચ્છા કરે અને સાધુ કહે કે આ પ્રકારની ચારિત્રના બીજા વ્રતવિષયક અમારી મર્યાદા છે તે સાંભળીને બુદ્ધિમાન પુરુષને આ ભગવાનનું શાસન આપ્ત પુરુષથી પ્રણીત છે જેથી આ પ્રકારે સૂક્ષ્મ પણ મૃષાવાદના પરિહાર અર્થે સંયમમાં યત્ન બતાવેલ છે તેથી યોગ્ય જીવને ધર્મની પ્રાપ્તિ થવાની સંભાવના રહે છે.

વળી અયતનાવાળા સાધુઓને કે ગૃહસ્થોને સાધુ આજ્ઞપ્તિ ભાષા કહે નહિ અર્થાત્ તમે બેસો, આવો, આ કાર્ય કર, તું સૂઈ જા, ઊભો રહે, તું જા, ઇત્યાદિ રૂપ કોઈ વચનપ્રયોગ કરે નહિ; કેમ કે સાધુના

વચનથી તેઓ કોઈપણ ક્રિયા કરે તેમાં અયતનાનું પ્રવર્તન થવાથી તે અયતનાપૂર્વકની પ્રવૃત્તિ કરાવવારૂપ દોષ પ્રાપ્ત થાય. આથી તેવા પ્રસંગે સ્વાભાવિક અસંયત જીવો જે કાંઈ પ્રવૃત્તિ કરે તે કરવાની સાધુની કોઈ પ્રેરણા નહિ હોવાથી તે કૃત્ય કરાવવા કૃત કે તે કૃત્યના અનુમોદનકૃત કર્મબંધની પ્રાપ્તિ થતી નથી અને જો સાધુ તે બેસે તો સારું કે આવે તો સારું અથવા આ કાર્ય કરે તો સારું આવો અભિલાષમાત્ર કરે તોપણ તે કાર્ય મનથી કરાવવાકૃત અને અનુમોદનાકૃત કર્મબંધની સાધુને પ્રાપ્તિ થાય, માટે અસંયતના કોઈ વ્યાપાર સાથે સાધુએ વિચારથી પણ વિકલ્પ ન થાય તે પ્રકારે સંવૃત્ત થવું જોઈએ અને તે સંવર કરવા અર્થે જ તેવી ભાષા બોલવી જોઈએ નહિ. જેથી સ્થૂલથી તે અસંયત બેસે કે ઊભા રહે એવા કૃત્યમાં સ્પષ્ટ કોઈ આરંભ દેખાય નહિ તોપણ ગૃહસ્થના કે અસંયતના સર્વ યોગો અસંયમના પરિણામ સાથે પ્રતિબદ્ધ છે તેથી તેઓને તે બેસવાની કે સૂવાની ક્રિયા કર્મબંધના કારણભૂત છે અને તેવી ક્રિયા કરવાની પ્રેરણા સાધુના વચનથી ગૃહસ્થને પ્રાપ્ત થાય તો તે અસંયતની પ્રવૃત્તિ પ્રત્યે સાધુનું વચન નિમિત્ત કારણ બને છે, છતાં તેના પરિહાર માટે સાધુ યતના ન કરે તો સુસંયત સાધુને પણ અસંયમના પરિણામની પ્રાપ્તિ થાય માટે ભાષાસમિતિની મર્યાદાનું સ્મરણ કરીને અસંયત સાધુને કે ગૃહસ્થને કોઈપણ પ્રકારની પ્રવૃત્તિનું કારણ બને તેવું કોઈ વચન કહેવું જોઈએ નહિ.

વળી અસાધુલોકને આ સાધુ છે એ પ્રમાણે સાધુ કહે નહિ જેમ આજીવિકાદિ મતવાળા સંન્યાસીઓને લોકો આ સાધુ છે તેમ કહેતા હોય અથવા ભગવાનના શાસનમાં રહેલા પાસત્થાદિ હોય અને વેશને કારણે લોકો સાધુ કહેતા હોય તોપણ સુસાધુ આ સાધુ એમ બોલે નહિ; કેમ કે સાધુપદથી વાચ્ય તો જેઓ નિર્વાણપદને સાધતા હોય તેવા જ સાધુ છે તેથી જેઓ તેવા નથી તેઓને સાધુ કહેવામાં આવે તો મૃષાવાદનો પ્રસંગ આવે.

અહીં કોઈ શંકા કરે કે સાધુવેશને જોઈને આ સાધુ છે એમ કહેવામાં આવે ત્યારે રૂપસત્યની કે સ્થાપનાસત્યની પ્રાપ્તિ થવાથી મૃષાવાદનો પ્રસંગ નહિ આવે; કેમ કે તે મહાત્માએ સાધુના વેશને જોઈને જ આ સાધુ છે તેમ કહ્યું છે તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે --

ગુણની ઉપબૃંહણા કરનાર એવો સાધુશબ્દ જે અન્વર્થમાં વપરાયેલો હોય તેનાથી અવિષયમાં મોહથી જ વપરાય છે અર્થાત્ જેઓને બોધ નથી કે સાધુપદથી વાચ્ય મોક્ષસાધક આત્માઓ છે, વેશધારી સાધુ નથી તેઓ અજ્ઞાનને વશ જ વેષને જોઈને આ સાધુ છે તેમ કહે છે પરંતુ સુસાધુ તેવું બોલે તો અસાધુમાં સાધુપદની ભ્રાન્તિનું કારણ બને તેવો તે વચનપ્રયોગ થાય માટે દોષના ફળવાળું જ તે વચન છે અને જે વચનથી દોષની પ્રાપ્તિ થતી હોય તે વચન મૃષાવાદરૂપ જ છે, માટે સાધુવેશને આશ્રયીને રૂપસત્ય અંતર્ગત આ પ્રયોગ થઈ શકે તેમ વિચારીને ચારિત્રના પરિણામવાળા સાધુ તેવો પ્રયોગ કરે નહિ.

આ કથનની જ પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સુસાધુમાં આ સાધુ છે એ પ્રકારનો પ્રયોગ સાધુના ગુણની અનુમોદનારૂપ હોવાથી નિર્જરાનું કારણ બને છે, આમ છતાં જ્ઞાન-દર્શન-ચારિત્રસંપન્ન એવા ભાવસાધુમાં આ સાધુ છે એ પ્રકારનું અભિધાન ન કરવામાં

આવે તો ગુણવાનના ગુણોની ઉપબૃંહણા કરવી જોઈએ એ પ્રકારના દર્શનાચારમાં અતિચાર દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય, માટે જેમ ભાવસાધુમાં સાધુપદના કથન દ્વારા નિર્જરાની પ્રાપ્તિ થાય છે તેમ અસાધુમાં સાધુ પદના કથન દ્વારા કર્મબંધની પ્રાપ્તિ થાય છે માટે સાધુવેશને આશ્રયીને આ પ્રયોગ છે તેમ કહીને આ મૃષા નથી તેમ કહેવું ઉચિત નથી.

અહીં કોઈ સ્થાનકવાસી શંકા કરે છે કે આ રીતે બોટિક નિહ્નવાદિમાં સાધુવેશ હોવા છતાં સાધુના ગુણો નહિ હોવાને કારણે સાધુશબ્દનું અભિધાન જો તમે મૃષા સ્વીકારો તો પાષાણમય પ્રતિમામાં અરિહંતાદિ-પદગર્ભસ્તુતિ કરવી કેવી રીતે સાર્થક થઈ શકે ? અર્થાત્ જેમ નિહ્નવાદિમાં આ સાધુ છે તેમ કહેવું ઉચિત નથી તેમ પાષાણની પ્રતિમામાં આ અરિહંત છે તેમ કહેવું ઉચિત નથી આ પ્રકારની સ્થાનકવાસીની શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

હે પાપી ! તું છિદ્રનું વૃથા અન્વેષણ કરે છે અર્થાત્ ભગવાનના પૂજ્ય એવા સ્થાપનાનિક્ષેપાને અપૂજ્ય-બુદ્ધિને કારણે જે તારી પાપની મનોવૃત્તિ છે તેના કારણે પ્રતિમાના લોપને અનુકૂળ તું છિદ્રો શોધે છે, વસ્તુતઃ પદાર્થને જાણવા યત્ન કરતો નથી.

કેમ સ્થાનકવાસીનું આ વચન અસંબદ્ધ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

પાષાણમય પ્રતિમા સ્થળમાં અસંયતના ઉપબૃંહણ દોષનો અભાવ છે તેથી ત્યાં સ્થાપનાસત્યનો અવકાશ છે માટે ભગવાનની સ્તુતિ કરવામાં દોષ નથી, જ્યારે વેશધારી નિહ્નવાદિમાં આ સાધુ છે એ પ્રકારે કહેવાથી તેમના અસંયમનું ઉપબૃંહણ થાય છે તેથી અસંયમની ઉપબૃંહણાને કારણે સાધુને કર્મબંધની પ્રાપ્તિ થાય છે જ્યારે જિનપ્રતિમામાં અસંયમનો પરિણામ નથી માટે સ્થાપનાસત્ય સ્વીકારીને ભક્તિ કરવાથી ગુણની વૃદ્ધિ જ થાય છે. અને જો સ્થાનકવાસી કહે છે તેમ સ્થાપનાસત્યને પૂજ્ય ન સ્વીકારવામાં આવે તો સ્થાપનાસત્યના નિક્ષેપાના નૈષ્ફલ્યનો પ્રસંગ આવે. વસ્તુતઃ ભાવનિક્ષેપાના સંબંધવાળા ચારેય નિક્ષેપા પૂજ્ય છે તેથી તીર્થંકરની જિનપ્રતિમાને પણ સ્થાપનાનિક્ષેપારૂપે પૂજ્ય સ્વીકારવી જોઈએ.

વળી સાધુ સદોષનું આશંસન હોય તેવું વચન બોલે નહિ. જેમ કોઈના વચ્ચે પરસ્પર ઝગડો ચાલતો હોય કે યુદ્ધ ચાલતું હોય ત્યારે અમુકનો જય થાઓ કે અમુકનો અજય થાઓ એવું વચન સાધુ બોલે નહિ; કેમ કે તે યુદ્ધાદિની પ્રવૃત્તિમાં સાધુનું વચન પ્રેરક બને તેથી અધિકરણરૂપ બને અર્થાત્ અમુકનો જંય થાઓ એમ કહેવાથી તે સાધુના વચનથી ઉત્સાહિત થઈને જે કાંઈ આરંભ કરે તેનું પ્રવર્તક સાધુનું વચન બને. વળી કોઈકનો જય થાઓ એ પ્રકારનો અભિલાષ પણ આરંભરૂપ હોવાથી સાધુ માટે ઇચ્છનીય નથી તેથી તેવા અભિલાષથી જન્ય વચનપ્રયોગ સાધુને માટે અત્યંત અનુચિત છે.

વળી અમુકનો જય ન થાઓ તેમ બોલવાથી તેના સ્વામીને સાધુ પ્રત્યે દ્વેષ થાય અને ભગવાનના ધર્મ પ્રત્યે પણ દ્વેષ થાય માટે સાધુ જે દોષવાળી પ્રવૃત્તિ હોય તેમાં આશંસા થાય તેવો વચનપ્રયોગ કરે નહિ.

વળી અતિશય ગરમી હોય ત્યારે પવન થાઓ અથવા વૃષ્ટિ થાઓ એ વચનપ્રયોગ સાધુ કરે નહિ.

વળી ગરમી હોય ત્યારે શીત થાઓ અથવા અતિશીતતા હોય ત્યારે ગરમી થાઓ એવો વચનપ્રયોગ સાધુ કરે નહિ.

વળી રાજ્યમાં ક્ષેમ થાઓ=રાજ્ય ઉપદ્રવ વગરનું થાઓ, તેમ પણ સાધુ બોલે નહિ. વળી સુભિક્ષ થાઓ એમ પણ સાધુ બોલે નહિ; કેમ કે સાધુના વચનમાં અતિશયતા ન હોય તો વચનમાત્રથી ફળ થતું નથી અને તેવું ફળ ન થાય તો સાધુને મૃષાવાદની પ્રાપ્તિ થાય; કેમ કે સાધુ વૃષ્ટિ આદિ થાઓ તેમ કહેવા છતાં તેવું કાંઈ થતું ન હોય ત્યારે આ સાધુ મૃષાવાદી છે એમ કહેવાનો પ્રસંગ આવે.

વળી સાધુના વચનાનુસાર વૃષ્ટિ આદિ થાય તોપણ તે સર્વપ્રસંગમાં અનુમોદનાદિનો પ્રસંગ થવાથી આર્તધ્યાનનો ભાવ પ્રાપ્ત થાય અથવા મારું વચન સત્ય પડ્યું તેવી બુદ્ધિ થવાથી પણ આર્તધ્યાનનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વળી સાધુના વચનથી વાતાદિ થાય કે ન થાય તોપણ તે સર્વ પ્રવૃત્તિમાં આરંભ-સમારંભની અનુમોદનાની પ્રાપ્તિ હોવાથી અધિકરણાદિ દોષોની પ્રાપ્તિ છે અર્થાત્ તે પાપમાં સાધુનું વચન અનુમોદનારૂપ થવાથી અધિકરણ દોષની પ્રાપ્તિ છે અને આ સાધુ આરંભ સમારંભની પ્રવૃત્તિ કરે છે તેવો બોધ થવાથી બુદ્ધિમાન જીવોને ભગવાનનો ધર્મ નિરારંભવાળો છે તેવું નહિ જણાવાથી ભગવાનના વચન પ્રત્યે અશ્રદ્ધા થાય તેમાં સાધુનું વચન નિમિત્તકારણ બને છે.

વળી જગતમાં વાતાદિ હોતે છતે જીવોને પીડાની આપત્તિ હોવાથી તે પીડામાં સાધુને અનુમોદનાની પ્રાપ્તિ થાય. જો કે જગતમાં ક્ષેમ પ્રવર્તે એવા અભિલાષમાં સાક્ષાત્ કોઈ આરંભ જણાય નહિ તોપણ સાધુના વચનથી તેમ થાય નહિ તેથી મૃષાવાદનો પ્રસંગ પ્રાપ્ત થાય અને સુભિક્ષાદિમાં લોકોને પ્રીતિ થાય તોપણ તેના કારણે જે કાંઈ આરંભ-સમારંભ થાય તે સર્વમાં સાધુને આરંભ-સમારંભની પ્રાપ્તિ થાય, માટે સાધુએ જે વચનપ્રયોગમાં સદોષની પ્રાપ્તિ હોય તેવું આશંસાવાળું વચન બોલવું જોઈએ નહિ.

અહીં પ્રશ્ન થાય કે તો સર્વ જગતનું કલ્યાણ થાઓ તેમ સૂત્રોમાં કેમ બોલાય છે ? અર્થાત્ "જગત ક્ષેમવાળું થાઓ" એ પ્રયોગમાં જેમ ઉપદ્રવના અભાવની ઇચ્છા છે તેમ "જગતનું શિવ થાઓ" ત્યાં પણ ઉપદ્રવના અભાવની ઇચ્છા છે અને જો એમ કહેવામાં આવે કે જગતમાં ઉપદ્રવ દૂર થાય તો ચોરી આદિમાં અંતરાયદોષની પ્રાપ્તિ થાય અર્થાત્ ચોરી કરનારને નિરુપદ્રવવાળું જગત હોય તો વિઘ્ન થાય અને પરદારાસેવન કરનારને નિરુપદ્રવવાળું જગત હોય તો અંતરાય થાય માટે સાધુએ એવો પ્રયોગ કરવો જોઈએ નહિ એ પ્રકારની કોઈને શંકા થાય. તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

"જગતમાં ઉપદ્રવ ન થાઓ" એ પ્રકારના વચનપ્રયોગમાં સદાશય વર્તે છે તેથી શ્રુતભાવભાષાના અધિકારમાં અસત્યામૃષાભાષામાં તેનો અંતર્ભાવ થાય છે માટે સાધુની શ્રુતભાવભાષાને આશ્રયીને તેમાં દોષની પ્રાપ્તિ નથી અને ચોરાદિને અંતરાય કરવાનો પણ આશય નથી પરંતુ "જગતમાં ઉપદ્રવ ન થાઓ" એ પ્રકારના અભિલાષ દ્વારા સદાશયની વૃદ્ધિ થાય તેવી પ્રાર્થના કરાય છે માટે તે મૃષાભાષા પણ નથી અને સત્યભાષા પણ નથી પરંતુ શ્રુતભાવભાષા અંતર્ગત અસત્યામૃષાભાષા છે અને પ્રકૃતમાં ચારિત્રી કેવી ભાષા

બોલે અને કેવી ભાષા ન બોલે ? તેનો અધિકાર છે તેથી તે સ્થાનમાં "જગતનું શિવ થાઓ" એ વચનનો અનુપયોગ છે.

તેથી એ ફલિત થાય કે નગરમાં વર્તતા ઉપદ્રવવિષયક ક્ષેમ થાઓ તેમ સાધુ બોલે અને નગરમાં તે પ્રમાણે કાર્ય ન થાય ત્યારે મૃષાનો પ્રસંગ આવે, માટે સાધુ તેવી ભાષા બોલે નહિ એ ચારિત્રની મર્યાદા છે. જ્યારે "જગતનું શિવ થાઓ" તે સ્થાનમાં વિધાનરૂપ વચન નથી પરંતુ પ્રાર્થનારૂપ વચન છે, તેથી મૃષાનો પ્રસંગ નથી. જેમ ભગવાન આરોગ્ય, બોધિલાભ આપો એ પ્રકારની પ્રાર્થના શુભાશયની વૃદ્ધિ અર્થે કરાય છે તેમ જગતમાં અનુપદ્રવ થાઓ એ પ્રકારની પ્રાર્થનામાં દોષ નથી; પરંતુ કોઈ નગરમાં ઉપદ્રવ ચાલતો હોય અને સાધુ કહે કે ક્ષેમ થાઓ અને સાધુના વચનથી તેમ થાય નહિ તેવી સંભાવના હોવા છતાં સાધુ તેમ બોલે તો મૃષાવાદનો પ્રસંગ આવે માટે ચારિત્રની મર્યાદાનુસાર તેવા પ્રસંગે સાધુએ બોલવું જોઈએ નહિ. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**વળી સાધુ શું બોલે ? અને શું ન બોલે ? તેનો સમુચ્ચય કરવા અર્થે 'किञ्च'થી કહે છે –**

**ગાથા :-**

**मेहं णहं मणुस्सं वा देव त्ति न लवे मुणी ।**
**उण्णए अंतलिक्खत्ति इड्ढिमंतत्ति वा वए ।।९६।।**

**છાયા :-**

**मेघं नभो मनुष्यं वा देव इति न लपेन्मुनिः ।**
**उन्नतोऽन्तरिक्षमिति ऋद्धिमानिति वा वदेत् ।।९६।।**

**અન્વયાર્થ :-**

**मेहं=મેઘને, णहं=નભને, वा=અથવા मणुस्सं=મનુષ્યને, देव=દેવ, त्ति=એ પ્રમાણે, मुणी=મુનિ, न लवे=બોલે નહિ. उण्णए=ઉન્નત=મેઘને ઉન્નત, अंतलिक्ख=અંતરીક્ષ=નભને અંતરીક્ષ, त्ति=એ પ્રમાણે, वा=અથવા इड्ढिमंत=ઋદ્ધિમાન=મનુષ્યને ઋદ્ધિમાન, त्ति=એ પ્રમાણે, वए=બોલે. ॥૯૬॥**

**ગાથાર્થ :-**

**મેઘને, નભને અથવા મનુષ્યને દેવ એ પ્રમાણે મુનિ બોલે નહિ. ઉન્નત=મેઘને ઉન્નત, અંતરીક્ષ=નભને અંતરીક્ષ, અથવા ઋદ્ધિમાન=મનુષ્યને ઋદ્ધિમાન, એ પ્રમાણે બોલે. ॥૯૬॥**

**ટીકા :-**

**मेघं नभो मनुष्यं वा राजानं 'देव' इति मुनिर्न लपेत्, मिथ्यावादलाघवादिदोषप्रसङ्गात्, 'कथं तर्हि वदेत्'? इत्याह – मेघं दृष्ट्वा 'उन्नतोऽयं मेघः' इति वदेत्, आकाशं पुनः 'इदमन्तरिक्षमि'ति, राजानं च 'ऋद्धिमानयं' इति ।**

**कारणे च राजस्तुत्यादौ देवादिपदैरपि राजाद्यालापनं न विरुद्ध्यत इति ध्येयम् ।।९६।।**

**ટીકાર્થ :-**

**मेघं ..... ध्येयम् ।। મેઘને, નભને અથવા મનુષ્યને=રાજાને, દેવ=આ દેવ છે, એ પ્રમાણે મુનિ બોલે નહિ; કેમ કે મિથ્યાવાદ અને લાઘવાદિ દોષનો પ્રસંગ છે.**

તો કેવી રીતે સાધુ કહે ? એથી કહે છે –

**મેઘને જોઈને ઉન્નત આ મેઘ છે આ પ્રમાણે કહે. વળી આકાશને જોઈને આ અંતરીક્ષ છે એ પ્રમાણે કહે. અને રાજાને જોઈને ઋદ્ધિમાન આ છે એ પ્રમાણે કહે અને કારણે રાજાની સ્તુતિ આદિમાં દેવાદિ પદોથી રાજાદિનું આલાપન વિરુદ્ધ નથી એ પ્રમાણે જાણવું. ।।૯૬।।**

**ભાવાર્થ :-**

**સાધુ શું બોલે અને શું ન બોલે તેનું કથન :-**

લોકમાં મેઘદેવ, નભોદેવ પ્રસિદ્ધ છે, તેથી સાધુ પ્રસંગ હોય અને બોલે કે મેઘ દેવ છે, નભ દેવ છે એમ બોલે તો મિથ્યાવાદનું પોષણ થાય; કેમ કે મિથ્યાદર્શનવાદી મેઘને, નભને દેવ માનીને તેની ઉપાસના કરતા હોય છે અને સાધુના વચનથી લોકોમાં પણ તે માન્યતા જૈનસાધુને સંમત છે તેવો પ્રવાદ ઉત્પન્ન થાય માટે સાધુ તેવાં વચનો બોલે નહિ.

વળી રાજા પ્રજાનું રક્ષણ કરે છે માટે દેવ છે એ પ્રકારે પણ કેટલાક અન્યદર્શનવાદી માનતા હોય છે પરંતુ સાધુ તે પ્રકારે બોલે તો લાઘવ થાય; કેમ કે ઉપાસ્ય દેવ સિવાય કોઈને દેવ કહી શકાય નહિ, આમ છતાં જૈનસાધુ પણ રાજાને દેવતુલ્ય માને છે તેવો પ્રસંગ પ્રાપ્ત થાય.

વળી શિષ્ટલોકને જણાય કે દેવગતિનામકર્મજન્ય દેવપણું દેવોમાં છે, નભ વિગેરેમાં નથી અને દેવોના દેવ વીતરાગ છે તે સિવાય કોઈને દેવ કહેવાય નહિ; છતાં જૈનસાધુ મેઘને, નભને કે રાજાને દેવ કહે છે એથી મિથ્યાભાષી છે એ પ્રકારના દોષનો પ્રસંગ આવે, માટે તેવી ભાષા સાધુ બોલે નહિ. વસ્તુતઃ કોઈ પ્રયોજન ન હોય તો સાધુ નભવિષયક, મેઘવિષયક કે રાજાવિષયક કાંઈ બોલે નહિ, પરંતુ સંયમવૃદ્ધિનું કે અન્ય કોઈ પ્રયોજન હોય અને મેઘાદિવિષયક કહેવું આવશ્યક જણાય તો મેઘને જોઈને કહે કે આ ઉન્નત મેઘ છે, આકાશને જોઈને વળી કહે કે આ અંતરીક્ષ છે અને રાજાને જોઈને કહેવાનું પ્રયોજન હોય તો કહે કે આ ઋદ્ધિમાન છે.

વળી રાજાવિષયક અપવાદ કહે છે –

રાજાને ધર્મપ્રાપ્તિ આદિ થાય તેવું કોઈ પ્રયોજન હોય કે રાજાથી અનર્થનું નિવારણ કરવાનું પ્રયોજન હોય ત્યારે રાજાની સ્તુતિ આદિ કરવી આવશ્યક જણાય તે વખતે દેવાદિ પદોથી પણ રાજાદિનું કથન કરે તો ચારિત્રમાં કોઈ મલિનતા પ્રાપ્ત થાય નહિ. ॥૯૬॥

**અવતરણિકા :-**

**तदेवमुक्तः कियांश्चिदनुमतभाषाभाषणविधिः । अथ (ग्रन्थाग्रम्-१००० श्लोक) कियद्विस्तरतोऽनुशासितुं शक्यमिति सामान्यतो रहस्योपदेशमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=અત્યાર સુધી ચારિત્રભાવભાષાનું વર્ણન કર્યું એ રીતે કેટલીક અનુમત એવી ભાષાની ભાષણવિધિ કહેવાઈ=સાધુને સંયમના અર્થે બોલવા માટે ઉપયોગી એવી ભાષાના ભાષણની વિધિ કહેવાઈ, હવે કેટલા વિસ્તારથી અનુશાસન આપવા માટે શક્ય છે ? અર્થાત્ વિસ્તારથી અનુશાસન આપવું શક્ય નથી એથી સામાન્યથી રહસ્યના ઉપદેશને=ભાષાવિષયક ચારિત્રની મર્યાદાના રહસ્યને કહેનારા ઉપદેશને કહે છે –**

**ગાથા :-**

**दोसे गुणे य णाऊणं जुत्तीए आगमेण य ।**
**गुणा जह न हायंति, वत्तव्वं साहुणा तहा ।।९७।।**

**છાયા :-**

**दोषान् गुणांश्च ज्ञात्वा युक्त्याऽऽगमेन च ।**
**गुणा यथा न हीयन्ते वक्तव्यं साधुना तथा ।।९७।।**

**અન્વયાર્થ :-**

**जुत्तीए**=યુક્તિથી, **य**=અને, **आगमेण**=આગમથી, **दोसे**=દોષોને, **य**=અને **गुणे**=ગુણોને, **णाऊणं**=જાણીને= ભાષા બોલવાવિષયક દોષોને અને ગુણોને જાણીને, **जह**=જે પ્રમાણે, **गुणा**=ગુણો **न हायंति**=નાશ પામે નહિ, **तहा**=તે પ્રમાણે, **साहुणा**=સાધુએ, **वत्तव्वं**=બોલવું જોઈએ. ।।૯૭।।

**ગાથાર્થ :-**

**યુક્તિથી અને આગમથી દોષોને અને ગુણોને જાણીને=ભાષા બોલવાવિષયક દોષોને અને ગુણોને જાણીને, જે પ્રમાણે ગુણો નાશ પામે નહિ તે પ્રમાણે સાધુએ બોલવું જોઈએ. ।।૯૭।।**

**ટીકા :-**

**यथा गुणाः=चारित्रपरिणामवृद्धिहेतवो न हीयन्ते=अपकर्षं नाशं वा न गच्छन्ति, तथा साधुना वक्तव्यम्, किं कृत्वा ? आगमेन युक्त्या च दोषान् गुणांश्च ज्ञात्वा, एवञ्च गुणदोषचिन्तया क्वचिद्विहितस्याऽकरणे विपर्यये वा न दोषः, पुष्टालम्बनाश्रयेणनाऽऽज्ञानतिक्रमात् । अत एवोक्तं -**

"तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य, पवयणे नत्थि ।
आयं वयं तुलिज्जा, लाहाकंखि व्व वाणियओ ।।" **(उपदेशमाला ३९२) ।।९७।।**

**ટીકાર્થ :-**

**यथा ..... वाणियओ" ।। જે પ્રમાણે ગુણો=ચારિત્રના પરિણામની વૃદ્ધિના હેતુ એવી ભાષાના ગુણો, ક્ષય ન પામે=અપકર્ષ અથવા નાશ ન પામે તે પ્રમાણે સાધુએ બોલવું જોઈએ. શું કરીને બોલવું જોઈએ ? એથી કહે છે –**

**આગમથી અને યુક્તિથી દોષોને અને ગુણોને જાણીને=કયાં વચનો બોલવાથી દોષોની પ્રાપ્તિ છે ? અને કયાં વચનો બોલવાથી ગુણોની પ્રાપ્તિ છે ? તેનો નિર્ણય કરીને, સાધુએ બોલવું જોઈએ એમ અન્વય છે અને આ રીતે=ગાથામાં કહ્યું એ રીતે, ગુણદોષની ચિંતાથી=ભાષા વિષયક ગુણદોષની ઉચિત વિચારણાથી, ક્વચિત્ વિહિતના અકરણમાં અર્થાત્ જે પ્રકારે ભાષા વિહિત હોય તે પ્રકારના ભાષાના અકરણમાં અથવા વિપર્યયમાં=જે પ્રમાણે વિહિત હોય તેનાથી વિપરીતરૂપે ભાષા બોલવામાં, દોષ નથી; કેમ કે પુષ્ટાલંબનના આશ્રયણને કારણે=આગમ અને યુક્તિપૂર્વક ગુણદોષનો નિર્ણય કરવારૂપ પુષ્ટાલંબનના આશ્રયણને કારણે, આજ્ઞાનો અનતિક્રમ છે. આથી જ=પુષ્ટાલંબનથી વિપરીત કરણમાં દોષ નથી આથી જ, કહેવાયું છે –**

"તે કારણથી સર્વ અનુજ્ઞા=કોઈ કૃત્યવિષયક સર્વ અનુજ્ઞા કે કોઈ કૃત્યવિષયક સર્વ નિષેધ પ્રવચનમાં નથી લાભાકાંક્ષી વણિકની જેમ આય-વ્યયની તુલના કરવી જોઈએ." **(ઉપદેશમાલા ગાથા-૩૯૨) ।।૯૭।।**

**ભાવાર્થ :-**

**ભાષાવિષયક ચારિત્રની મર્યાદાના રહસ્યને કહેનારો ઉપદેશ :-**

ચારિત્રી એવા મુનિને ચારિત્રના પરિણામની વૃદ્ધિનું કારણ બને તેવી કઈ ભાષા બોલવી જોઈએ અને કઈ ભાષા ન બોલવી જોઈએ જેથી ચારિત્રનો પરિણામ ક્યારેય ભાષાને કારણે મ્લાનિ ન પામે તે ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી બતાવ્યું. હવે તેનો સર્વત્ર નિર્ણય કરવાવિષયક ઉચિત રહસ્ય બતાવે છે –

વિવેકસંપન્ન સાધુએ આગમથી અને યુક્તિથી બોલાતી ભાષામાં થનારા સાવદ્ય પ્રવૃત્તિ આદિ દોષો જાણી લેવા જોઈએ અને પ્રસંગે તેવી ભાષા બોલવાથી સંયમવૃદ્ધિ આદિ ગુણો થાય છે તેનું રહસ્ય જાણી લેવું જોઈએ અને તેનો યથાર્થ નિર્ણય કર્યા પછી સાધુ ચારિત્રના પરિણામની વૃદ્ધિના હેતુઓ સેવે છે જેનાથી

સાધુના ચારિત્રના પરિણામની વૃદ્ધિ થાય છે, આમ છતાં નિમિત્તને આશ્રયીને ભાષા બોલવાને કારણે ચારિત્રના પરિણામની વૃદ્ધિના હેતુઓ અપકર્ષને પામે છે અથવા નાશ પણ પામે છે તેનું સમ્યક્ સમાલોચન કરીને જે ભાષા બોલવાથી પોતે જે ચારિત્રના પરિણામના વૃદ્ધિના હેતુઓ સેવે છે તેનો અપકર્ષ ન થાય કે નાશ ન થાય તેનો નિર્ણય કરીને ઉચિતભાષા બોલવી જોઈએ. જેમ સાધુ ભગવાનના વચનથી આત્માને વાસિત કરીને ચારિત્રના પરિણામની વૃદ્ધિ થાય તે રીતે સ્વાધ્યાય આદિ સર્વ કૃત્યો કરે છે જેનાથી સાધુના સંયમના કંડકો પ્રાયઃ સદા વૃદ્ધિ પામે છે, છતાં અનાભોગથી કે કુતૂહલથી નિષ્પ્રયોજન ભાષા બોલે તો અસંવરભાવની પ્રાપ્તિ થવાથી ચારિત્રના પરિણામની વૃદ્ધિના હેતુઓના સેવનમાં મ્લાનિ થાય છે તેથી અનાભોગથી કે કુતૂહલથી સાધુ કોઈ ભાષા બોલે નહિ પરંતુ સ્વપરના કલ્યાણનું અંગ જણાય તેવી ઉચિત ભાષા જ પ્રસંગે બોલે આ રીતે સ્વપરના કલ્યાણરૂપ ગુણોને અને પ્રમાદરૂપ ભાષાના દોષોને જાણીને પુષ્ટાલંબનથી કોઈ સાધુ વિહિત એવું ભાષણ ન કરે કે વિહિત કરતાં વિપરીત ભાષણ કરે તોપણ તે ભાષા કલ્યાણનું કારણ બને તેમ હોય તો સાધુને દોષની પ્રાપ્તિ નથી; કેમ કે ભગવાનની આજ્ઞા પોતાના અપ્રમાદની વૃદ્ધિ થાય અને યોગ્ય જીવોને માર્ગની પ્રાપ્તિ થાય તે પ્રકારે જ સર્વકૃત્યો કરવાની છે આથી જ કોઈ કૃત્યવિષયક એકાંતે કરવાની અનુજ્ઞા નથી કે એકાંતે કરવાનો નિષેધ નથી પરંતુ લાભના અર્થી વાણિયાની જેમ ગુણવૃદ્ધિરૂપ લાભના અર્થી સાધુ આય-વ્યયની તુલના કરે એ પ્રમાણે ઉપદેશમાલામાં કહેવાયું છે. **॥૯૭॥**

**અવતરણિકા :-**

**अथ कीदृशस्येयं भाषा चारित्रं विशोधयतीत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કેવા સાધુની આ ભાષા=અત્યાર સુધી વર્ણન કર્યું એ ભાષા, ચારિત્રની વિશુદ્ધિને કરે છે ? એને કહે છે –**

**ગાથા :-**

**महेसिणो धम्मपरायणस्स अज्झप्पजोगे परिणिट्ठिअस्स ।**
**पभासमाणस्स हियं मियं च, करेइ भासा चरणं विसुद्धं ।।९८।।**

**છાયા :-**

**महर्षेर्धर्मपरायणस्य अध्यात्मयोगे परिनिष्ठितस्य ।**
**प्रभाषमाणस्य हितं मितं च करोति भाषा चरणं विशुद्धम् ।।९८।।**

**અન્વયાર્થ :-**

**अज्झप्पजोगे=અધ્યાત્મયોગમાં, परिणिट्ठिअस्स=પરિનિષ્ઠિત, हियं=હિતને, च=અને, मियं=મિતને, पभास-**

माणस्स=પ્રકર્ષથી બોલનારા, धम्मपरायणस्स=ધર્મમાં=ચારિત્રધર્મમાં, પરાયણ એવા, महेसिणो=મહર્ષિની, भासा=ભાષા, चरणं=ચારિત્રને, विसुद्धं=વિશુદ્ધ, करेइ=કરે છે. ॥૯૮॥

ગાથાર્થ :-

**અધ્યાત્મયોગમાં પરિનિષ્ઠિત, હિતને અને મિતને પ્રકર્ષથી બોલનારા, ધર્મમાં=ચારિત્રધર્મમાં, પરાયણ એવા મહર્ષિની ભાષા ચારિત્રને વિશુદ્ધ કરે છે. ॥૯૮॥**

**ટીકા :-**

**धर्मे=चारित्रधर्मे, परायणस्य=नित्यमुद्युक्तस्य, तथा अध्यात्मयोगे=परद्रव्यप्रवृत्तिनिवृत्तिप्रादुर्भूत-प्रभूतगुणग्रामरामणीयकमये स्वस्वभावसमवस्थाने, परिनिष्ठितस्य=प्राप्तनिष्ठस्य, तथा हितं=आयति-गुणावहं, मितं च=स्तोकं, प्रकर्षेण=अवसरोचितत्वादिलक्षणेन, भाषमाणस्य महर्षेर्भाषा चरणं= चारित्रं, विशुद्धं=विपुलनिर्जराप्रवणं करोति ।।९८।।**

**ટીકાર્થ :-**

**धर्मे ..... करोति ।। ધર્મમાં પરાયણ=ચારિત્રધર્મમાં હંમેશાં ઉદ્યુક્ત, અને અધ્યાત્મયોગમાં પરિનિષ્ઠિત=પરદ્રવ્યની પ્રવૃત્તિની નિવૃત્તિથી પ્રાદુર્ભૂત થયેલા ઘણા ગુણગ્રામથી રામણીયકમય એવા સ્વસ્વભાવના સમવસ્થાનમાં પ્રાપ્ત નિષ્ઠાવાળા, અને હિતને અને મિતને પ્રકર્ષથી બોલતા=ભવિષ્યમાં ગુણને કરનારા પરિમિત શબ્દને અવસર ઉચિતત્વાદિ લક્ષણ પ્રકર્ષથી બોલતા, એવા મહર્ષિની ભાષા ચારિત્રને વિશુદ્ધ કરે છે=ચારિત્રને વિપુલ નિર્જરામાં સમર્થ કરે છે. ॥૯૮॥**

ભાવાર્થ :-

**કેવા મહાત્માની ભાષા ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને છે ? તેનું સ્વરૂપ :-**

જે મહાત્મા સંસારથી ભય પામેલા છે અને શાસ્ત્રના અધ્યયનથી સૂક્ષ્મ બોધ થયેલો છે કે આત્માથી ભિન્ન એવા સર્વ પણ દ્રવ્યવિષયક માનસિક-વાચિકાદિ વ્યાપારરૂપ પ્રવૃત્તિ સંસારનું કારણ છે તેથી તેનાથી નિવૃત્ત થઈને આત્માના સમભાવની વૃદ્ધિમાં વ્યાપારવાળા છે તેના કારણે અસંગપરિણતિના સ્થિરીકરણરૂપ ઘણા ગુણો વૃદ્ધિ પામ્યા છે તેથી સહજ રીતે પોતાના અસંગસ્વભાવમાં પ્રાપ્ત નિષ્ઠાવાળા છે અને ચારિત્રધર્મના કંડકોની વૃદ્ધિમાં હંમેશાં તત્પર છે અને કઈ ભાષા બોલવાથી ભવિષ્યમાં ગુણની પ્રાપ્તિ થશે તેનો નિર્ણય કરીને અવસરના ઔચિત્ય આદિનો નિર્ણય કરીને પરિમિતભાષા બોલે છે તેવા સાધુનું ચિત્ત સદા વીતરાગભાવમાં નિષ્ઠા પામવા માટે વ્યાપારવાળું છે, તેથી ઉચિત કાળે ઉચિત ભાષા બોલીને પણ તે મહાત્મા પોતાના ચારિત્રને વિશુદ્ધ કરે છે=વિપુલ નિર્જરાને કરે છે, તેથી જેઓ આ રીતે અંતરંગ અપ્રમાદવાળા નથી તેથી અસંવરના પરિણામવાળા હોવાથી જે કાંઈ બોલશે તેનાથી તે વચનપ્રયોગને અનુકૂળ જે જે પ્રકારના ભાવો થશે તે ભાવોને અનુરૂપ કર્મબંધની જ પ્રાપ્તિ કરશે, માટે જે મહાત્મા સદા ત્રણગુપ્તિના પરિણામને સ્થિર

કરવા માટે દૃઢ અભ્યાસવાળા છે તેઓ જ વિવેકપૂર્વકની ભાષા બોલીને પણ ગુપ્તિના પરિણામની જ વૃદ્ધિ કરે છે. ॥૯૮॥

**અવતરણિકા :-**

**ततः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

તેનાથી શું ?=ત્રણગુપ્તિવાળા મહાત્મા ભાષા દ્વારા ચારિત્રની વિશુદ્ધિને કરે છે એમ ગાથા ૯૮માં કહ્યું તેનાથી શું ? એથી કહે છે –

**ગાથા :-**

**चरित्तसोहीइ खवित्तु मोहं, लद्धुं तओ केवलनाणलच्छिं ।**
**सेलेसिजोगेण सुसंवुडप्पा, अणुत्तरं पावइ मुक्खसुक्खं ।।९९।।**

**છાયા :-**

चारित्रशोध्या क्षपयित्वा मोहं लब्ध्वा ततः केवलज्ञानलक्ष्मीं ।
शैलेशीयोगेन सुसंवृतात्मा अनुत्तरं प्राप्नोति मोक्षसौख्यं ।।९९।।

**અન્વયાર્થ :-**

चरित्तसोहीइ=ચારિત્રની વિશુદ્ધિથી=પૂર્વગાથામાં કહ્યું એ પ્રકારે ભાષા દ્વારા કરાતી એવી ચારિત્રની વિશુદ્ધિથી, मोहं=મોહનો, खवित्तु=ક્ષય કરીને, तओ=ત્યારપછી, केवलनाणलच्छिं=કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને, लद्धुं=પ્રાપ્ત કરીને, सेलेसिजोगेण=શૈલેશીના યોગથી, सुसंवुडप्पा=સુસંવૃત એવો આત્મા, अणुत्तरं=અનુત્તર એવા, मुक्खसुक्खं=મોક્ષસુખને, पावइ=પ્રાપ્ત કરે છે. ॥૯૯॥

**ગાથાર્થ :-**

**ચારિત્રની વિશુદ્ધિથી=પૂર્વગાથામાં કહ્યું એ પ્રકારે ભાષા દ્વારા કરાતી એવી ચારિત્રની વિશુદ્ધિથી, મોહનો ક્ષય કરીને ત્યારપછી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરીને શૈલેશીના યોગથી સુસંવૃત એવો આત્મા અનુત્તર એવા મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. ।।૯૯।।**

**ટીકા :-**

चारित्रशुद्ध्या मोहं=अष्टाविंशतिप्रकृतिमयं कर्म, क्षपयित्वा ततः=तदनन्तरं, केवलज्ञानलक्ष्मीं लब्ध्वा=सयोगिकेवलिभावमनुभूय, उत्कर्षतः पूर्वकोटीं यावद् विहृत्य, शैलेशीयोगेन=योगत्रयनिरोधकरणेन, सुसंवृतः=सर्वसंवरभाक्, आत्मा, यश्चैतादृशो महर्षिः, अनुत्तरं=सकलसांसारिकसुखसमूहादनन्तगुणत्वेन दुःखलेशासंपृक्ततया चातिशायितं मोक्षसौख्यं प्राप्नोति ।।९९।।

**ટીકાર્થ :-**

चारित्रशुद्ध्या ..... प्राप्नोति ।। **ચારિત્રની શુદ્ધિથી મોહનો=અટ્ઠ્યાવીસ પ્રકૃતિમય કર્મનો, ક્ષય કરીને ત્યારપછી કેવળજ્ઞાનલક્ષ્મીને પ્રાપ્ત કરીને=સયોગીકેવલીભાવનો અનુભવ કરીને, ઉત્કર્ષથી પૂર્વકોટીવર્ષ સુધી વિહાર કરીને શૈલેશીના યોગથી=યોગત્રયના નિરોધને કરવાથી, સુસંવૃત=સર્વસંવર-વાળા આત્મા છે, અને જે આવા પ્રકારના મહર્ષિ છે તે અનુત્તર એવા મોક્ષસુખને=સકલ સાંસારિકસુખના સમૂહથી અનંતગુણપણું હોવાને કારણે અને દુઃખના લેશથી અસંપૃક્તપણું હોવાને કારણે અતિશાયી એવા મોક્ષસુખને, પ્રાપ્ત કરે છે. ॥૯૯॥**

**ભાવાર્થ :-**

**ચારિત્રની વિશુદ્ધિથી મોહનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શૈલેશીના યોગથી સુસંવૃત આત્માને મોક્ષસુખની પ્રાપ્તિ :-**

જે મહાત્મા ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સદા આત્માના મોહથી અનાકુળ ભાવમાં સ્થિર થવા માટે દૃઢ માનસવ્યાપારપૂર્વક જિનવચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેઓ ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને એવી જ હિતકારી ભાષા બોલે છે અને તે ભાષાના પ્રયોગથી અને અન્ય સર્વ ચારિત્રની ઉચિત પ્રવૃત્તિથી મોહનીયકર્મની અટ્ઠાવીશ પ્રકૃતિઓને ક્ષય કરે છે; કેમ કે ચારિત્રમાં ઉદ્યમશીલ મહાત્મા ક્રોધાદિ ચાર કષાયોના પ્રતિપક્ષભૂત ક્ષમાદિ ભાવોમાં જ સદા યત્ન કરે છે તેથી ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા સંપૂર્ણ મોહનો નાશ થાય છે. ત્યારપછી અન્ય ઘાતીકર્મનો નાશ કરીને કેવળજ્ઞાનની લક્ષ્મીને પ્રાપ્ત કરે છે અને ઉત્કર્ષથી પૂર્વકોટી વર્ષસુધી સયોગીકેવલીભાવનો અનુભવ કરીને તે મહાત્મા આયુષ્યના અંતકાળે યોગત્રયનો નિરોધ કરે છે ત્યારે તે મહાત્મા સર્વસંવરવાળા બને છે. આવા મહાત્મા સર્વસંસારી જીવોના સુખના સમુદાયથી અનંતગુણ, દુઃખના લેશથી અસંપૃક્ત એવું પૂર્ણસુખ મોક્ષમાં છે તેને પ્રાપ્ત કરે છે. **॥૯૯॥**

**અવતરણિકા :-**

**तदेवं चारित्रशुद्धेर्मोक्षफलत्वमुक्त्वा प्रकृतग्रन्थोपयोगमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૯૯માં કહ્યું એ રીતે, ચારિત્રની શુદ્ધિનું મોક્ષફળપણું કહીને પ્રકૃત ગ્રંથના ઉપયોગને= મોક્ષપ્રાપ્તિ પ્રત્યે ભાષારહસ્યગ્રંથના ઉપયોગને કહે છે –**

**ગાથા :-**

**तम्हा बुहो भासारहस्समेयं चरित्तसंसुद्धिकए समिक्ख ।**
**जहा विलिज्जंति हु रागदोसा, तहा पवट्टिज्ज गुणेसु सम्मं ।।१००।।**

**છાયા :-**

तस्माद् बुधो भाषारहस्यमेतच्चारित्रसंशुद्धिकृते समीक्ष्य ।
यथा विलीयेते खलु रागद्वेषौ तथा प्रवर्तेत गुणेषु सम्यक् ।।१००।।

**અન્વયાર્થ :-**

तम्हा=તે કારણથી=ગાથા ૯૮માં કહ્યું કે વિવેકસંપન્ન સાધુની ભાષા ચારિત્રનું વિશોધન કરે છે જેનાથી સાધુ મોક્ષને પ્રાપ્ત કરે છે તે કારણથી, चरित्तसंसुद्धिकए=ચારિત્રની શુદ્ધિ માટે, एयं भासारहस्सं= આ ભાષારહસ્યને, समिक्ख=જાણીને=ચારિત્રની શુદ્ધિ માટે આ ભાષારહસ્ય ગ્રંથ રચાયો છે એ પ્રમાણે નિર્ણય કરીને, बुहो=બુદ્ધિમાન પુરુષે, हु=ખરેખર, जहा=જે પ્રમાણે, रागदोसा=રાગ-દ્વેષ, विलिज्जंति=વિલય પામે, तहा=તે પ્રમાણે, सम्मं=સમ્યગ્, गुणेसु=ગુણોમાં, पवट्टिज्ज=પ્રવર્તવું જોઈએ. ।।૧૦૦।।

**ગાથાર્થ :-**

**તે કારણથી=ગાથા ૯૮માં કહ્યું કે વિવેકસંપન્ન સાધુની ભાષા ચારિત્રનું વિશોધન કરે છે જેનાથી સાધુ મોક્ષને પ્રાપ્ત કરે છે તે કારણથી, ચારિત્રની શુદ્ધિ માટે ભાષારહસ્યને જાણીને=ચારિત્રની શુદ્ધિ માટે આ ભાષારહસ્ય ગ્રંથ રચાયો છે એ પ્રમાણે નિર્ણય કરીને, બુદ્ધિમાન પુરુષે જે પ્રમાણે રાગ-દ્વેષ વિલય પામે તે પ્રમાણે સમ્યગ્ ગુણોમાં પ્રવર્તવું જોઈએ. ।।૧૦૦।।**

**ટીકા :-**

तस्मात्=उक्तहेतोः, बुधः=विचक्षणः, चारित्रशुद्धेः कृते एतद् भाषारहस्यं समीक्ष्य हुः=निश्चये, यथा रागद्वेषौ विलीयेते तथा सम्यग् गुणेषु=चारित्रपालनोपायेषु प्रवर्त्तेत, न चाऽत्र प्रवृत्तौ एकान्तः, किन्तु रागद्वेषपरित्यागलक्षणफल एव, फलेच्छायाः फलसिद्धिं विनाऽपूर्णत्वात्, उपायेच्छापूर्तेस्त्वन्यतर-सम्पत्त्याऽपि निर्वाहात्, न च फलविशेषसम्पत्तये उपायविशेषे प्रवृत्तिनियमः, फलविशेषस्यैवासिद्धेः, राजरङ्कमरणयोरविशेषदर्शनेनाऽऽयुःकर्मण इव कर्मान्तरस्यापि क्षये विशेषाभावात्, न च प्रतियोगि-विशेषकृतस्तद्विशेषः, प्रतियोगिविशेषस्याऽपि तथाविधस्यासिद्धेः स्वरूपात्मकस्य च तस्य हेतुहेतु-मद्भावभेदानियामकत्वात् ।

कथं तर्हि व्यभिचाराद् बहूनामुपायानामेकफलहेतुत्वमिति चेत् ? किं न दृष्टं तृणारणिमणी-नामेकवह्निहेतुत्वम् ? तृणादिजन्यवह्नौ जातिविशेषोऽस्त्येवेति चेत् ? न, अनुपलम्भात्, जाति-त्रयकल्पनात् एकशक्तिकल्पनाया एव लघुत्वाच्च, यथा तृणादीनामेकशक्त्या वह्निहेतुत्वं तथा बहूनामप्युपायानामेकयैव शक्त्या कर्मक्षयहेतुत्वं नानुपपन्नमिति सर्वमवदातम् ।।१००।।

**ટીકાર્થ :-**

**तस्मात् ..... सर्वमवदातम् ।। તે કારણથી=ગાથા ૯૯માં કહ્યું કે ચારિત્રની વિશુદ્ધિથી મોક્ષ થાય છે તે કારણથી, બુધ પુરુષ=વિચક્ષણપુરુષ, ચારિત્રની શુદ્ધિ માટે નિશ્ચિત આ ભાષારહસ્યને જાણીને ચારિત્રની શુદ્ધિ માટે નક્કી આ ભાષારહસ્ય રચાયું છે એ પ્રમાણે નિર્ણય કરીને, જે પ્રમાણે રાગ-દ્વેષ વિલય પામે તે પ્રમાણે સમ્યક્ ગુણોમાં=ચારિત્રપાલનના ઉપાયભૂત ગુણોમાં, પ્રવર્તે.**

**અને અહીં=ચારિત્રપાલનના ઉપાયવિષયક પ્રવૃત્તિમાં, એકાંત નથી=પ્રતિનિયત જ પ્રવૃત્તિ કરવી જોઈએ અન્ય નહિ તેવો એકાંત નથી, પરંતુ રાગ-દ્વેષના પરિત્યાગરૂપ ફળમાં જ એકાંત છે; કેમ કે ફળની ઈચ્છાનું ફળની સિદ્ધિ વગર અપૂર્ણપણું છે=વીતરાગતાની પ્રાપ્તિરૂપ ફળની ઈચ્છાનું તેને અનુરૂપ રાગ-દ્વેષની વિલયરૂપ ફળની સિદ્ધિ વગર અપૂર્ણપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે કોઈ મહાત્મા ચારિત્રનાં અનુષ્ઠાનો દ્વારા રાગ-દ્વેષનો વિલય કરી શકે છે તેથી ફળની ઇચ્છાવાળા મહાત્માને તેના ઉપાયોમાં પણ પ્રવૃત્તિ એકાંતે આવશ્યક છે એમ સ્વીકારવું જોઈએ. તેથી અન્ય હેતુ કહે છે –

**વળી, અન્યતરની સંપત્તિથી પણ=ચારિત્રપાલનના અનેક ઉપાયોમાંથી અન્યતર ઉપાયના સેવનથી પણ, ઉપાયની ઈચ્છાની પૂર્તિનો નિર્વાહ છે. (તેથી ચારિત્રપાલનના ઉપાયોમાં એકાંત નથી જ્યારે રાગ-દ્વેષના વિલયરૂપ ફળમાં એકાંત છે.)**

**અને ફળવિશેષની પ્રાપ્તિ માટે ઉપાયવિશેષમાં પ્રવૃત્તિનો નિયમ છે (માટે પ્રવૃત્તિમાં પણ એકાંત સ્વીકારી શકાશે) એમ ન કહેવું; કેમ કે ફળવિશેષની જ અસિદ્ધિ છે=કર્મક્ષયરૂપ ફળમાં ફળવિશેષની જ અસિદ્ધિ છે.**

કેમ ફળવિશેષની અસિદ્ધિ છે ? તેમાં હેતુ કહે છે –

**રાજાના અને રંકના મરણમાં અવિશેષનું દર્શન હોવાથી આયુષ્યકર્મની જેમ=આયુષ્યકર્મના ક્ષયમાં વિશેષ નથી તેની જેમ, કર્માન્તરના પણ ક્ષયમાં વિશેષનો અભાવ છે (માટે કર્માન્તરના ક્ષયવિશેષરૂપ ફળવિશેષ પ્રત્યે ઉપાયવિશેષમાં પ્રવૃત્તિનો નિયમ નથી પરંતુ કોઈપણ પ્રવૃત્તિથી રાગ-દ્વેષના ક્ષયને અનુરૂપ કર્મક્ષય થાય છે માટે પ્રવૃત્તિમાં એકાંત નથી એમ યોજન છે) અને પ્રતિયોગિવિશેષકૃત તેનો વિશેષ છે=જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાયરૂપ કર્મક્ષયના પ્રતિયોગી એવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યના વિશેષકૃત કર્મક્ષયના ઉપાયનો વિશેષ છે એમ ન કહેવું; કેમ કે તેવા પ્રકારના પ્રતિયોગિવિશેષની પણ અસિદ્ધિ છે=આ અનુષ્ઠાનથી જ્ઞાનાવરણીય નાશ થશે, આ અનુષ્ઠાનથી દર્શનમોહનીય નાશ થશે, આ અનુષ્ઠાનથી ચારિત્રમોહનીય નાશ થશે, આ અનુષ્ઠાનથી વીર્યાન્તરાય નાશ થશે એવા પ્રકારના પ્રતિયોગિવિશેષની પણ અસિદ્ધિ છે.**

અહીં પ્રશ્ન થાય કે રાગ-દ્વેષના વિલયથી કર્માન્તરનો જે ક્ષય થાય છે તે ક્ષયના પ્રતિયોગી એવા જ્ઞાનાવરણીય આદિનો કર્મોનો પરસ્પરભેદ છે, તેથી તે તે કર્મોના નાશ પ્રત્યે તે તે અનુષ્ઠાનો કારણરૂપે સ્વીકારવાથી પ્રવૃત્તિમાં પણ એકાંતની પ્રાપ્તિ થશે. તેના નિવારણ માટે બીજો હેતુ કહે છે –

**અને સ્વરૂપાત્મક એવા તેનું=જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને વીર્યાંતરાયરૂપ ભિન્ન ભિન્ન પ્રતિયોગિવિશેષાત્મક એવા પ્રતિયોગિવિશેષનું, હેતુ-હેતુમદ્‌ભાવના ભેદનું અનિયામકપણું છે=આ અનુષ્ઠાન જ્ઞાનાવરણીયકર્મનો નાશ કરશે, આ અનુષ્ઠાન દર્શનમોહનીયકર્મનો નાશ કરશે, આ અનુષ્ઠાન ચારિત્રમોહનીયકર્મનો નાશ કરશે, આ અનુષ્ઠાન વીર્યાંતરાય કર્મનો નાશ કરશે, આ પ્રકારે તે તે કર્મનાશ પ્રત્યે તે તે અનુષ્ઠાન કારણ છે એ પ્રકારના હેતુ-હેતુમદ્‌ભાવના ભેદનું અનિયામકપણું છે (તેથી ઉપાયની પ્રવૃત્તિમાં એકાંત નથી).**

**તો વળી બહુ ઉપાયોનો વ્યભિચાર હોવાથી એકફળહેતુપણું=રાગ-દ્વેષના નાશરૂપ એકફળહેતુપણું, કેવી રીતે થાય ? અર્થાત્ તે સર્વ ઉપાયો એક ફળ પ્રત્યે હેતુ બની શકે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**તૃણ, અરણિ, મણિનું એકફળહેતુપણું શું જોવાયું નથી ? અર્થાત્ જેમ તૃણ, અરણિ, મણિમાંથી અન્યતર એક વસ્તુ વહ્નિ પ્રત્યે હેતુ છે તેમ ધર્મનાં અનેક અનુષ્ઠાનોમાંથી અન્યતર કોઈ એક અનુષ્ઠાન રાગ-દ્વેષના નાશરૂપ ફળ પ્રત્યે હેતુ છે.**

**અહીં પૂર્વપક્ષી તૃણાદિજન્ય વહ્નિમાં જાતિવિશેષ છે જ એમ જો કહે તો=તૃણજન્ય વહ્નિમાં તૃણજન્યત્વ જાતિ છે, અરણિજન્ય વહ્નિમાં અરણિજન્યત્વ જાતિ છે અને મણિજન્ય વહ્નિમાં મણિજન્યત્વ જાતિવિશેષ છે તેમ જ્ઞાનની આરાધનાથી જન્ય જ્ઞાનાવરણીયકર્મનો નાશ છે, દર્શનની આરાધનાથી જન્ય દર્શનમોહનીયકર્મનો નાશ છે, ચારિત્રની આરાધનાથી જન્ય ચારિત્રમોહનીયકર્મનો નાશ છે અને સમ્યક્ વીર્યના પ્રવર્તનથી જન્ય વીર્યાંતરાયકર્મનો નાશ છે માટે ફળવિષયક પ્રવૃત્તિમાં જેમ એકાંત છે તેમ ઉપાયવિષયક પ્રવૃત્તિમાં એકાંત સ્વીકારવો જોઈએ, એમ જો પૂર્વપક્ષી કહે તો, તેને ગ્રંથકારશ્રી કહે છે –**

**એમ ન કહેવું; કેમ કે અનુપલંભ છે=તૃણાદિજન્ય અરણિમાં ભિન્નજાતિનો ઉપલંભ નથી.**

અહીં પ્રશ્ન થાય કે તૃણજન્ય વહ્નિ પ્રત્યે તૃણકારણ છે તેમ ન સ્વીકારવામાં આવે અને તૃણાદિ ત્રણેયથી એક વહ્નિ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારવામાં આવે તો તૃણથી વહ્નિ ઉત્પન્ન થાય છે ત્યાં અરણિથી વહ્નિનો અભાવ હોવાથી અરણી આદિને વહ્નિ પ્રત્યે વ્યભિચારી સ્વીકારવાની પ્રાપ્તિ થાય. તે આપત્તિના નિવારણ માટે અન્ય હેતુ કહે છે –

**જાતિત્રયની કલ્પનાથી=તૃણાદિ જન્ય ત્રણ પ્રકારના વહ્નિમાં જાતિત્રયની કલ્પનાથી એકશક્તિની કલ્પનાનું જ લઘુપણું છે=તૃણ, અરણિ અને મણિ એ ત્રણમાં વહ્નિના કારણભૂત એકશક્તિની કલ્પનાનું જ લઘુપણું છે.**

આ કથનથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે તૃણાદિનું એક શક્તિથી=તૃણ, અરણિ, મણિ આદિનું, વહ્નિને અનુકૂળ એવી એકશક્તિથી વહ્નિનું હેતુપણું છે તે પ્રમાણે ઘણા પણ ઉપાયોનું=રાગ-દ્વેષના વિલયના કારણીભૂત જુદા જુદા અનુષ્ઠાનોરૂપ ઘણા પણ ઉપાયોનું, એકશક્તિથી જ=મોહનાશને અનુકૂળ એવી એક શક્તિથી જ, કર્મનાશનું હેતુપણું અનુપપન્ન નથી એથી સર્વ અવદાત છે=ફલમાં એકાંત છે, પ્રવૃત્તિમાં એકાંત નથી એમ જે પૂર્વમાં કહ્યું તે સર્વ કથન સુંદર છે. ॥૧૦૦॥**

**ભાવાર્થ :-**

**મોક્ષપ્રાપ્તિ પ્રત્યે ભાષારહસ્ય ગ્રંથનો ઉપયોગ :-**

ગાથા-૯૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અધ્યાત્મયોગમાં પરિનિષ્ઠાવાળા ચારિત્રધર્મમાં હંમેશાં ઉદ્યુક્ત હિત મિત એવી ભાષા બોલે છે તે ચારિત્રની વિશુદ્ધિનું કારણ છે અને એ રીતે ચારિત્રની વિશુદ્ધિ કરીને મહાત્મા કેવળજ્ઞાન અને ક્રમે કરીને મોક્ષને પામે છે એમ ગાથા ૯૯માં કહ્યું. તેથી બુધ પુરુષે ચારિત્રની વિશુદ્ધિ માટે આ ભાષારહસ્ય ગ્રંથ છે તેવો નિર્ણય કરીને ચારિત્રના પાલનભૂત ગુણોમાં તે રીતે યત્ન કરવો જોઈએ જેથી પ્રસ્તુત ગ્રંથને અવલંબીને વચનગુપ્તિ અને ભાષાસમિતિ પ્રકર્ષવાળી બને જેથી રાગ-દ્વેષનો વિલય થાય.

આ કથનથી એ ફલિત થયું કે કલ્યાણના અર્થી સાધુ માટે રાગ-દ્વેષના વિલયમાં યત્ન વિષયક એકાંત છે, પરંતુ પ્રતિનિયત અનુષ્ઠાનના પાલન વિષયક એકાંત નથી; કેમ કે ચારિત્રપાલનના સર્વ ઉપાયો રાગ-દ્વેષના વિલય દ્વારા જ મોક્ષ પ્રત્યે કારણ છે.

રાગ-દ્વેષના વિલયરૂપ ફળ પ્રત્યે એકાંત છે અને અનુષ્ઠાનવિષયક પ્રવૃત્તિમાં એકાંત નથી. તેને સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ફળની ઇચ્છા ફળની પ્રાપ્તિ વગર પૂર્ણ થતી નથી અને સંયમ ગ્રહણ કરનાર મહાત્માનું પ્રયોજન વીતરાગતાની પ્રાપ્તિરૂપ ફળ છે તેથી વીતરાગતાના અર્થી જીવને વીતરાગતાની પ્રાપ્તિ સુધી વીતરાગતામાં યત્ન કરવો આવશ્યક છે માટે ફળમાં સાધુની એકાંતે પ્રવૃત્તિ આવશ્યક છે.

વળી વીતરાગતાની પ્રાપ્તિના ઉપાયભૂત ચારિત્રનાં અનુષ્ઠાનો અનેક છે તેમાંથી કોઈ એક ઉપાયની પૂર્તિથી પણ ઉપાયની ઇચ્છાનો નિર્વાહ થાય છે. આથી જ ઢંઢણઋષિ પોતાના અંતરાયકર્મનો નાશ કરવા અર્થે અદીનભાવથી ભિક્ષા અટનમાં યત્ન કરતા હતા એ ઉપાયની પ્રવૃત્તિથી પણ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તો વળી નાગકેતુને પુષ્પપૂજારૂપ ભાવસ્તવના કારણ એવા દ્રવ્યસ્તવની પ્રવૃત્તિથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તેથી અનેક ઉપાયોમાંથી એક ઉપાય પણ રાગ-દ્વેષના ઉચ્છેદને અનુકૂળ દૃઢ રીતે સેવવામાં આવે તો તે ઉપાયના સેવનથી વીતરાગતાની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે, માટે વીતરાગતાના ઉપાયભૂત અનુષ્ઠાનોના

સેવનમાં એકાંત નથી પરંતુ જે કોઈ અનુષ્ઠાન સેવવામાં આવે તેના દ્વારા વીતરાગતાના અર્થીએ રાગ-દ્વેષના પરિત્યાગરૂપ ફળમાં યત્ન કરવો જોઈએ એવો એકાંત નિયમ છે. આથી જ પુષ્પપૂજા દ્વારા પણ રાગ-દ્વેષનો પરિત્યાગ કરીને નાગકેતુ કેવળજ્ઞાન પામ્યા અને ભિક્ષાટન દ્વારા પણ રાગ-દ્વેષનો પરિત્યાગ કરીને ઢંઢણઋષિ કેવળજ્ઞાન પામ્યા.

આ રીતે સર્વ અનુષ્ઠાનો રાગ-દ્વેષના વિલય દ્વારા વીતરાગતા પ્રત્યે કારણ છે તેમ નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી ગ્રંથકારશ્રીએ કહ્યું ત્યાં વ્યવહારનયની દૃષ્ટિથી કોઈક કહે છે કે ફળવિશેષની પ્રાપ્તિ માટે ઉપાયવિશેષમાં પણ પ્રવૃત્તિનો નિયમ છે જેમ જ્ઞાનાવરણીયના ક્ષય માટે જ્ઞાનની આરાધના કરાય છે, દર્શનમોહનીયના ક્ષય માટે દર્શનપદની આરાધના કરાય છે, ચારિત્રની શુદ્ધિ માટે ચારિત્રાચારનું સેવન કરાય છે, અને વીર્યાંતરાયના ક્ષય માટે અપ્રમાદથી વીર્યમાં યત્ન કરાય છે. તેથી જ્ઞાનાવરણીયકર્મના નાશ પ્રત્યે તેના ઉપાયભૂત એવા અનુષ્ઠાનવિશેષમાં એકાંતે પ્રવૃત્તિ આવશ્યક છે, તે રીતે દર્શનાદિ અનુષ્ઠાનોમાં પણ તે તે કર્મના ક્ષય માટે તે તે પ્રવૃત્તિ આવશ્યક છે માટે પ્રવૃત્તિમાં પણ એકાંત સ્વીકારી શકાશે. આ પ્રકારના વ્યવહારનયના કથનનું નિરાકરણ કરતાં નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી ગ્રંથકારશ્રી કહે છે.

ફળવિશેષની જ અસિદ્ધિ છે=આ અનુષ્ઠાનથી જ્ઞાનવરણીયનો નાશ થશે, આ અનુષ્ઠાનથી દર્શનમોહનીયનો નાશ થશે ઇત્યાદિરૂપ ફળવિશેષની જ અસિદ્ધિ છે માટે તે તે ફળ માટે તે તે અનુષ્ઠાનમાં એકાંતે પ્રવૃત્તિ આવશ્યક છે તેવો નિયમ નથી.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાનાવરણીયના નાશ માટે તેને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો જ્ઞાનાવરણીયકર્મ નાશ પામે છે તેવું ફળવિશેષ અસિદ્ધ છે તેમ કેમ કહી શકાય ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

જેમ રાજા અને રંક મરણ પામે ત્યારે તે બન્નેના મૃત્યુમાં કોઈ ભેદ દેખાતો નથી, તેથી આયુષ્યકર્મના ક્ષયમાં તે બન્નેની સમાનતા છે, આથી જ આયુષ્યકર્મના ક્ષયથી રાજા મૃત્યુ પામે છે તેમ આયુષ્યકર્મના ક્ષયથી રંક મરણ પામે છે તેની જેમ અન્ય કર્મોના ક્ષયમાં પણ વિશેષ નથી અર્થાત્ કોઈપણ ઉચિત અનુષ્ઠાનો કરવાથી રાગ-દ્વેષનો વિલય થાય તો જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાયકર્મનો ક્ષય અવિશેષથી થાય છે, માટે પ્રતિનિયત અનુષ્ઠાનથી જ્ઞાનાવરણીયકર્મ નાશ પામે છે તેવો વિશેષ નથી.

આ રીતે નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી રાગ-દ્વેષના વિલયને અનુકૂળ અંતરંગ યત્નથી ઘાતીકર્મનો નાશ થાય છે તે પ્રકારે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું ત્યાં વ્યવહારનયની દૃષ્ટિથી કોઈ કહે કે આયુષ્યકર્મના ક્ષયમાં જેમ ભેદ નથી તેમ જ્ઞાનાવરણીય આદિ કર્મક્ષયમાં વિશેષ નથી તોપણ જ્ઞાનાવરણીય આદિ કર્મક્ષયના પ્રતિયોગી એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મ તેના વિશેષકૃત એવા તેના અનુષ્ઠાનમાં વિશેષ છે=જ્ઞાનાવરણીયકર્મના નાશ માટે તે પ્રતિનિયત અનુષ્ઠાન કરાય છે, દર્શનમોહનીયકર્મના નાશ માટે તે પ્રતિનિયત અનુષ્ઠાન

કરાય છે, આ પ્રકારનો ભેદ તે તે કર્મક્ષયના પ્રતિયોગી એવા જ્ઞાનાવરણીય આદિ કર્મકૃત છે. આમ કહીને વ્યવહારનય એ સ્થાપન કરે છે કે કર્મક્ષયમાં કોઈ ભેદ નહિ હોવા છતાં કર્મક્ષયના પ્રતિયોગી એવા તે તે કર્મમાં ભેદ છે અને તે તે કર્મના નાશ પ્રત્યે તે તે અનુષ્ઠાન કારણ છે તેમ સ્વીકારવાથી તે તે કર્મના નાશના કારણરૂપે તે તે પ્રવૃત્તિમાં પણ એકાંત સ્વીકારી શકાશે.

જેમ ફળના અર્થીની પ્રવૃત્તિ ફળની પ્રાપ્તિ સુધી પૂર્ણ થતી નથી તેમ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયના અર્થીની તેના ઉપાયના સેવન દ્વારા જ્ઞાનાવરણીયકર્મ નાશ ન થાય ત્યાંસુધી તેના ઉપાયમાં અવશ્ય પ્રવૃત્તિ હોય છે, માટે જ્ઞાનાવરણીયાદિ કર્મના નાશના કારણીભૂત તે તે પ્રવૃત્તિમાં પણ એકાંત સ્વીકારવું જોઈએ આથી જ વ્યવહારનય જ્ઞાનની આરાધના માટે, દર્શનની આરાધના માટે અને ચારિત્રની આરાધના માટે તે તે પ્રતિનિયત અનુષ્ઠાનો કારણરૂપે સ્વીકારે છે.

*આ પ્રકારના વ્યવહારનયના વચનનું નિરાકરણ કરવા અર્થે નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી ગ્રંથકારશ્રી કહે છે* –

તેવા પ્રકારના પ્રતિયોગિવિશેષની પણ અસિદ્ધિ છે.

આશય એ છે કે જ્ઞાનાવરણીયકર્મના નાશનો પ્રતિયોગી જ્ઞાનાવરણીયકર્મ છે. દર્શનમોહનીયકર્મના નાશનો પ્રતિયોગી દર્શનમોહનીયકર્મ છે, ચારિત્રમોહનીયકર્મના નાશનો પ્રતિયોગી ચારિત્રમોહનીયકર્મ છે. વીર્યાંતરાયકર્મના નાશનો પ્રતિયોગી વીર્યાંતરાયકર્મ છે; તોપણ જ્ઞાનની આરાધનાથી જ્ઞાનાવરણીયકર્મ જ નાશ પામે, દર્શનની આરાધનાથી દર્શનમોહનીયકર્મ જ નાશ પામે ઇત્યાદિરૂપ પ્રતિયોગિવિશેષની અસિદ્ધિ છે; પરંતુ ધર્મનાં સર્વ ઉચિત અનુષ્ઠાનોથી રાગાદિનો વિલય થાય અને જે જે પ્રકારે રાગાદિનો વિલય થાય તે તે પ્રકારે સર્વ ઘાતીકર્મનો વિલય થાય તેવી વ્યાપ્તિ છે. આથી જ પુષ્પપૂજા કરતાં રાગાદિનો વિલય થવાથી ચારેય ઘાતીકર્મોરૂપ પ્રતિયોગિવિશેષનો નાશ નાગકેતુને થયો.

અહીં વ્યવહારનય કહે કે ચાર પ્રકારનાં ઘાતીકર્મો પરસ્પર ભિન્નસ્વરૂપવાળાં છે તેથી ભિન્નસ્વરૂપવાળા એવા પ્રતિયોગીના નાશ પ્રત્યે તેના ઉપાયભૂત તે તે અનુષ્ઠાનનો ભેદ પણ સ્વીકારવો આવશ્યક છે. તેના નિરાકરણ માટે નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી ગ્રંથકારશ્રી કહે છે –

સ્વરૂપાત્મક એવા તેનું=ભિન્ન ભિન્ન સ્વરૂપાત્મક એવા ભિન્ન ભિન્ન પ્રતિયોગીનું, હેતુ-હેતુમદ્‌ભાવના ભેદનું અનિયામકપણું છે.

આશય એ છે કે મોહના પરિણામથી જ્ઞાનાવરણીય આદિ સર્વઘાતીકર્મો બંધાય છે અને મોહના વિલયને અનુકૂળ એવા યત્નથી સર્વ ઘાતીકર્મનો વિલય થાય છે તેથી મોહના વિલયમાં એકાંત પ્રવૃત્તિ છે પરંતુ તે તે ઘાતીકર્મરૂપ પ્રતિયોગીના સ્વરૂપના ભેદને કારણે તેના ઉપાયરૂપ અનુષ્ઠાનમાં ભેદ છે તેવો નિયમ નથી. માટે જે કોઈ ઉચિત અનુષ્ઠાન હોય તે સર્વ અનુષ્ઠાન જ્ઞાનાવરણીય આદિ સર્વઘાતીકર્મના નાશ માટે એક શક્તિથી કારણ છે, ફક્ત સ્થૂલ વ્યવહારદૃષ્ટિથી જ આ અનુષ્ઠાન જ્ઞાનાવરણીયનો નાશક છે, આ

અનુષ્ઠાન દર્શનમોહનીયકર્મનો નાશક છે, આ અનુષ્ઠાન ચારિત્રની વિશોધિજનક છે ઇત્યાદિ વ્યવહાર પ્રવર્તે છે, પરમાર્થથી તો સર્વ અનુષ્ઠાનો દ્વારા અંતરંગ રાગાદિના વિલયને અનુકૂળ યત્ન કરવાથી જ વીતરાગતાની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે, માટે પ્રસ્તુત ભાષારહસ્યને જાણીને કલ્યાણના અર્થી જીવે તે તે અનુષ્ઠાનોમાં સમ્યક્ પ્રયત્ન કરવો જોઈએ જેથી રાગાદિનો વિલય થાય. તે અનુષ્ઠાન ક્વચિત્ સૂત્ર પોરિસી અર્થપોરિસીરૂપ પણ હોઈ શકે, ક્વચિત્ જિનપ્રતિમાનાં દર્શનરૂપ પણ હોઈ શકે, ક્વચિત્ ભાષારહસ્ય ગ્રંથના રહસ્યનો યથાર્થ નિર્ણય કરીને ભાષાસમિતિ અને વાગ્ગુપ્તિના યત્નરૂપ પણ હોઈ શકે. આથી જ જિનવચનના નિયંત્રણપૂર્વક ભાષા બોલતાં બોલતાં પણ કેટલાક મહાત્માઓ રાગ-દ્વેષનો નાશ કરીને કેવળજ્ઞાન પામે છે.

આ રીતે નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી સર્વ અનુષ્ઠાનો દ્વારા રાગ-દ્વેષના ઉચ્છેદને અનુકૂળ યત્ન આવશ્યક છે તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. ત્યાં વ્યવહારનયથી જોનાર પ્રશ્ન કરે છે કે તે તે અનુષ્ઠાનો જ્ઞાનાવરણીય આદિ તે તે કર્મના નાશક ન હોય અને સર્વ અનુષ્ઠાન રાગ-દ્વેષના વિલય દ્વારા વીતરાગતાના કારણભૂત હોય તો ઘણા ઉપાયોનો તે ફળ પ્રત્યે વ્યભિચાર દેખાય છે તેથી તે સર્વ કારણો એકફળ પ્રત્યે કઈ રીતે હેતુ થઈ શકે ?

આશય એ છે કે પ્રતિનિયત કાર્ય પ્રત્યે પ્રતિનિયત કારણ સ્વીકારવામાં આવે તો તે કારણની પ્રાપ્તિથી તે કાર્ય થાય છે અને તે કારણના અભાવમાં તે કાર્ય થતું નથી એમ અન્વય-વ્યતિરેકવ્યાપ્તિ પ્રાપ્ત થાય, અને સર્વઘાતીકર્મના નાશ પ્રત્યે બધાં અનુષ્ઠાનો કારણ છે એમ સ્વીકારીને કાર્ય-કારણભાવ સ્વીકારવામાં આવે ત્યારે તે ઘણાં અનુષ્ઠાનમાંથી કોઈ એક અનુષ્ઠાન દ્વારા ફળ પ્રાપ્ત થાય છે ત્યારે અન્ય અનુષ્ઠાનો નહિ હોવા છતાં તે એક કાર્ય થયું તેથી તે અન્ય અનુષ્ઠાનો તે કાર્ય પ્રત્યે કારણ નથી તેમ માનવું પડે. જેમ નાગકેતુને પુષ્પપૂજા કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે વખતે જ્ઞાનની આરાધના, ચારિત્રની આરાધનારૂપ અનુષ્ઠાન નહિ હોવા છતાં જ્ઞાનાવરણીય આદિ કર્મનો નાશ થયો તેમ માનવું પડે. જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહનીયના અનુષ્ઠાન વગર તે કર્મોનો નાશ થતો હોય તો તે ઉપાયોને તેના પ્રત્યે કારણ કહી શકાય નહિ માટે ઘાતીકર્મના ક્ષયરૂપ એક ફળ પ્રત્યે સર્વ અનુષ્ઠાનો કારણ સ્વીકારવાં ઉચિત નથી એ પ્રકારનો વ્યવહારનયનો આશય છે. તેને નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી ગ્રંથકારશ્રી કહે છે –

જેમ એક વહ્નિરૂપ કાર્ય પ્રત્યે તૃણ, અરણિ, આદિમાંથી કોઈ એક હેતુ છે તેમ ઘાતીકર્મના વિગમન પ્રત્યે જિનપૂજા કે અન્ય ચારિત્ર આદિનાં સર્વ અનુષ્ઠાનો હેતુ છે, તેથી જેમ વહ્નિ પ્રત્યે તૃણ કારણ હોવા છતાં અરણિ, મણિની અપ્રાપ્તિ થાય એટલા માત્રથી અરણિ મણિ આદિ વહ્નિ પ્રત્યે હેતુ નથી તેમ કહી શકાય નહિ પરંતુ તૃણ, અરણિ, મણિમાં વહ્નિજનક એક શક્તિ છે તેથી તે ત્રણેમાંથી એકની પ્રાપ્તિથી પણ વહ્નિરૂપ કાર્ય થાય છે, તેમ યોગમાર્ગના ઉચિત સર્વ અનુષ્ઠાનોમાં રાગ-દ્વેષના વિલયને અનુકૂળ એકશક્તિ છે, તેથી એ એક અનુષ્ઠાનથી રાગ-દ્વેષનો વિલય થાય એટલા માત્રથી અન્ય અનુષ્ઠાનો રાગ-દ્વેષના વિલય

પ્રત્યે વ્યભિચારી છે માટે હેતુ નથી એમ કહી શકાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે તૃણજન્ય વહ્નિમાં અન્ય પ્રકારની જાતિ છે તે જાતિવાળા વહ્નિ પ્રત્યે તૃણ જ કારણ છે, અરણિ મણિ નથી. અરણિજન્ય વહ્નિમાં અન્ય જાતિ છે તે જાતિવાળા વહ્નિ પ્રત્યે અરણિ જ કારણ છે, એ પ્રકારે જ્ઞાનાવરણીયકર્મના નાશ પ્રત્યે જ્ઞાનની જ આરાધના કારણ છે, દર્શનમોહનીયકર્મના નાશ પ્રત્યે દર્શનની જ આરાધના કારણ છે, ચારિત્રમોહનીયકર્મના નાશ પ્રત્યે ચારિત્રની જ આરાધના કારણ છે તેમ સ્વીકારવું જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અગ્નિમાં ત્રણ પ્રકારની ભિન્ન જાતિવિશેષ પ્રાપ્ત થતી નથી. વળી અગ્નિમાં ત્રણ જાતિની કલ્પના કરીને તે તે પ્રકારના વહ્નિ પ્રત્યે તૃણાદિ કારણ છે તેમ કલ્પના કરતાં તૃણ, અરણિ, મણિ એ ત્રણેયમાં વહ્નિજનક એકશક્તિની કલ્પના કરવી જ લઘુભૂત છે, તેથી જે પ્રમાણે તૃણ, અરણિ, મણિ ત્રણેમાં વહ્નિજનક એકશક્તિથી વહ્નિનું હેતુપણું છે એ પ્રમાણે ઘણા પણ ઉપાયોનું રાગ-દ્વેષનાશક એકશક્તિથી કર્મક્ષયનું હેતુપણું સ્વીકારવું અનુપપન્ન નથી, આથી જ જે સાધુ પોતાની શક્તિ અનુસાર ચારિત્રપાલનના જે ઉપાયો છે તેમાંથી જે ઉપાય દ્વારા વિશેષ પ્રકારનો રાગ-દ્વેષનો વિલય કરી શકે તે પ્રકારે તે એક અનુષ્ઠાનને સેવીને પણ વીતરાગ સર્વજ્ઞ થઈ શકે છે આથી ચારિત્રશુદ્ધિને માટે ભાષાના રહસ્યને જાણીને જેઓ દૃઢ વચનગુપ્તિમાં યત્ન કરનારા છે તે મહાત્મા વચનગુપ્તિના અને ભાષાસમિતિના બળથી પણ રાગ-દ્વેષનો નાશ કરીને સુખપૂર્વક કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. **॥૧૦૦॥**

**ગાથા :-**

**एयं भासरहस्सं रइयं भविआण तत्तबोहत्थं ।**
**सोहिंतु पसायपरा तं गीयत्था विसेसविऊ ।।१०१।।**

**છાયા :-**

**एतद् भाषारहस्यं रचितं भव्यानां तत्त्वबोधार्थम् ।**
**शोधयन्तु प्रसादपरास्तद्गीतार्था विशेषविदः ।।१०१ ।।**

**અન્વયાર્થ :-**

**भविआण=ભવ્ય જીવોના, तत्तबोहत्थं=તત્ત્વના બોધ માટે, एयं=આ, भासरहस्सं=ભાષારહસ્ય, रइयं=રચાયો છે=ગ્રંથકારશ્રી વડે રચાયો છે, तं=તેને=તે ગ્રંથને, विसेसविऊ=વિશેષના જાણનારા, पसायपरा=પ્રસાદપર એવા, गीयत्था=ગીતાર્થો, सोहिंतु=શોધન કરો. ।।૧૦૧।।**

**ગાથાર્થ :-**

**ભવ્ય જીવોના તત્ત્વના બોધ માટે આ ભાષારહસ્ય ગ્રંથકારશ્રી વડે રચાયો છે તેને=તે ગ્રંથને, વિશેષના જાણનારા પ્રસાદપર એવા ગીતાર્થો શોધન કરો. ।।૧૦૧।।**

**ટીકા :-**

**स्पष्टा ।।१०१।। (ग्रन्थाग्रम्-१०५५ श्लोक)**

**ટીકાર્થ :-**

**स्पष्टा ।। સ્પષ્ટ છે. ।।૧૦૧।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ ભાષાના રહસ્યના પરમાર્થને જાણીને વચનગુપ્તિમાં અને ભાષાસમિતિમાં બદ્ધરાગવાળા થાય તેવા યોગ્ય જીવોના તત્ત્વબોધ માટે આ ભાષારહસ્ય ગ્રંથ રચ્યો છે. ગ્રંથકારશ્રીએ સ્વમતિથી રચેલો નથી. પૂર્વાચાર્યોના અવલંબનથી જ પ્રસ્તુત ગ્રંથ રચ્યો છે, છતાં તેનું રહસ્ય ગીતાર્થ પુરુષો જ જાણે છે અને ગીતાર્થ પુરુષોમાં પણ ક્ષયોપશમભાવની તરતમતાની અપેક્ષાએ વિશેષને જાણનારા પણ મહાત્માઓ હોય છે તેથી ગ્રંથકારશ્રી એવા વિશેષને જાણનારા ગીતાર્થ પુરુષોને અભ્યર્થના કરે છે કે તમે પ્રસાદપર થઈ પ્રસ્તુત ગ્રંથનું શોધન કરજો, જેથી અનાભોગથી પણ જિનવચનના યથાર્થ તાત્પર્યમાં ક્યાંય અસ્પષ્ટતા હોય તો તેને સ્પષ્ટ કરીને પ્રસ્તુત ગ્રંથથી જીવોને ઉપકાર થાય એવો યત્ન કરજો. આ પ્રકારે અભિલાષ કરીને પોતાને જિનવચન પ્રત્યે બદ્ધરાગ છે અને તેના વિસ્તારનો જ એક અભિલાષ છે એ અભિલાષને જ પ્રસ્તુત વિજ્ઞપ્તિ દ્વારા ગ્રંથકારશ્રીએ પુષ્ટ કર્યો છે જેથી ગ્રંથકારશ્રીનાં પ્રીતિઉત્પાદક વચનો સાંભળીને પણ ભાવિમાં થનારા વિશેષગીતાર્થો તે ગ્રંથને અતિશયિત કરીને પ્રસ્તુત ભાષારહસ્ય ગ્રંથ કેમ અધિક ઉપકાર કરે તેવો યત્ન કરે. **॥૧૦૧॥**

# अथ प्रकरणकारगुरुपरम्पराप्रशस्तिः

**ટીકા :-**

सोम इव गोविलासैः कुवलयबोधप्रसिद्धमहिमकलः ।

श्रीहीरविजयसूरिस्तपोगच्छव्योमतिलकमभूत् ।।१।।

**ટીકાર્થ :-**

ગોવિલાસથી=કિરણોના વિલાસથી, જેમ ચન્દ્ર રાત્રિમાં વિકાસ પામે તેવા કુવલયને=કમળોને, વિકસાવે છે તેમ કુવાદીરૂપ કુવલયના બોધમાં પ્રસિદ્ધ મહિમાની કલાવાળા તપાગચ્છરૂપી આકાશમાં તિલક સમા હીરસૂરિ થયા. ॥૧॥

**ટીકા :-**

श्रीविजयसेनसूरिस्तत्पट्टोदयरविरिवाभूत् ।

यस्य पुरो द्योतन्ते शलभा इव भान्ति कुमतिगणाः ।।२।।

**ટીકાર્થ :-**

તેમના પટ્ટમાં ઉદયમાન રવિ જેવા વિજયસેનસૂરિ થયા. જેમની આગળ=જે વિજયસેનસૂરિ આગળ, કુમતિના સમૂહો આગિયાની ભ્રાંતિ જેવા પ્રકાશે છે. ॥૨॥

**ટીકા :-**

तत्पट्टनन्दनवने कल्पतरुर्विजयदेवसूरिवरः ।

विबुधैरुपास्यमानो जयति जगज्जन्तुवांछितदः ।।३।।

**ટીકાર્થ :-**

તેમના પટ્ટરૂપી નંદનવનમાં=વિજયસેનસૂરિના પટ્ટરૂપી નંદનવનમાં, કલ્પતરુ જેવા વિબુધોથી ઉપાસ્યમાન, જગતના જીવોને વાંછિતને આપનારા વિજયદેવસૂરિ જય પામે છે. ॥૩॥

**ટીકા :-**

तत्पट्टरोहणगिरौ सुररत्नं विजयसिंहसूरिगुरुः ।

भूपालभालतिलकीभूतक्रमनखरुचिर्जयति ।।४।।

**ટીકાર્થ :-**

તેમના પટ્ટરૂપી રોહણગિરિમાં=વિજયદેવસૂરિના પટ્ટરૂપી રોહણગિરિમાં, સુરરત્ન=ચિંતામણિરત્ન-

રૂપ, રાજાઓના ભાલમાં તિલકીભૂત થયેલા ચરણના નખની રુચિવાળા=નખનાં કિરણોવાળા, વિજયસિંહસૂરિ ગુરુ જય પામે છે=ઘણા રાજાઓ તેમના ચરણકમળમાં નમસ્કાર કરનારા છે એવા વિજયસિંહસૂરિ ગુરુ જય પામે છે. ॥૪॥

**ટીકા :-**

राज्ये प्राज्ये विजयिनि तस्य जनानन्दकन्दजलदस्य ।

ग्रन्थोऽयं निष्पन्नः सन्नयभाजां प्रमोदाय ।।५।।

**ટીકાર્થ :-**

લોકોના આનંદના કંદને સિંચન કરે એવા મેઘ જેવા તેમનું=વિજયસિંહસૂરિનું, વિસ્તૃત રાજ્ય વિજય પામતું હોતે છતે=તેમનું શાસન વિદ્યમાન હોતે છતે, સુંદર દૃષ્ટિવાળા જીવોના પ્રમોદ માટે આ ગ્રંથ નિષ્પન્ન થયો=નિર્માણ કરાયો. ॥૫॥

**ટીકા :-**

यस्यासन् गुरवोऽत्र जीतविजयप्राज्ञाः प्रकृष्टाशयाः,

भ्राजन्ते सनया नयादिविजयप्राज्ञाश्च विद्याप्रदाः ।

प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः,

सोऽयं न्यायविशारदः स्म तनुते भाषारहस्यं मुदा ।।६।।

**ટીકાર્થ :-**

જેમના ગુરુ પ્રકૃષ્ટ આશયવાળા જિતવિજયજી પ્રાજ્ઞ હતા તે સુંદર દૃષ્ટિવાળા નયાદિવિજય પ્રાજ્ઞ વિદ્યાને આપનારા શોભે છે. અને જેમના=જે ગ્રંથકારશ્રીના, પ્રેમનું ઘર સુંદર બુદ્ધિવાળા પદ્મવિજય ભાઈ થયા. તે આ ન્યાયવિશારદ ગ્રંથકારશ્રીએ પ્રીતિથી ભાષારહસ્યનો વિસ્તાર કર્યો. ॥૬॥

**ટીકા :-**

कृत्वा प्रकरणमेतत् यदवापि शुभाशयान्मया कुशलम् ।

तेन मम जन्मबीजे रागद्वेषौ विलीयेताम् ।।७।।

**ટીકાર્થ :-**

આ પ્રકરણને કરીને શુભાશયથી=ગ્રંથના પદાર્થોથી આત્માને ભાવિત કરવારૂપ અને યોગ્ય જીવોના ઉપકાર કરવાના શુભાશયથી, જે કુશળ મારા વડે પ્રાપ્ત કરાયું તેના દ્વારા જન્મના બીજ એવા મારા રાગ-દ્વેષો વિલયને પામો. ॥૭॥

**ટીકા :-**

सूर्याचन्द्रमसौ यावदुदयेते नभस्थले ।

तावन्नन्दत्वयं ग्रन्थो वाच्यमानो विचक्षणैः ।।८।।

**ટીકાર્થ :-**

**જ્યાં સુધી નભસ્થલમાં સૂર્ય અને ચન્દ્ર ઉદય પામે છે, ત્યાં સુધી વિચક્ષણોથી વંચાતો આ ગ્રંથ જગતમાં વિદ્યમાન રહો. ।।૮।।**

**ટીકા :-**

असतां कर्णयोः शूलं सतां कर्णामृतच्छटा ।

विभाव्यमानो ग्रन्थोऽयं यशोविजयसम्पदे ।।९।।

**ટીકાર્થ :-**

**અયોગ્ય જીવોના કર્ણોમાં શૂલરૂપે અને સત્પુરુષોના કર્ણોમાં અમૃતને છાંટનારરૂપે વિભાવન કરાતો આ ગ્રંથ યશ અને વિજયની સંપદા માટે છે. ।।૯।।**

**ભાવાર્થ :-**

**પ્રકરણકારની ગુરુપરંપરાપ્રશસ્તિ :-**

પ્રસ્તુત ગ્રંથના રચયિતા ન્યાયવિશારદ યશોવિજયજી મહારાજા છે અને તેમના પૂર્વે ગુરુપરંપરામાં હીરસૂરિ મહારાજ થયા. તેમની પાટે વિજયસેનસૂરિ મહારાજ થયા. તેઓ કેવા છે ? તેનો કાંઈક બોધ ગ્રંથકારશ્રીએ શ્લોક ૧-૨માં જણાવ્યો છે. વિજયસેનસૂરિ મહારાજની પાટે આવેલા વિજયદેવસૂરિ મહારાજ ગ્રંથકારશ્રીના સમકાલીન થયેલા મહાત્મા છે. તેમની પાટે વિજયસિંહસૂરિ મહારાજ આવેલા છે. તેઓ કેવા છે ? તેનો બોધ ગ્રંથકારશ્રીએ શ્લોક-૩-૪માં કરાવેલો છે. વિજયસિંહસૂરિ મહારાજના સામ્રાજ્યકાળમાં આ ગ્રંથ નિર્માણ થયો છે તેમ ગ્રંથકારશ્રીએ શ્લોક-૫માં કહ્યું છે.

ગ્રંથકારશ્રીના પ્રગુરુ જિતવિજયજી મહારાજ હતા અને વિદ્યાદિ આપનારા ગુરુ નયવિજય મહારાજ હતા અને સંસારી ભાઈ પદ્મવિજયજી મહારાજ હતા તેમ શ્લોક-૬માં કહ્યું છે. આવા ગ્રંથકારશ્રીએ આ ભાષારહસ્ય ગ્રંથ રચ્યો છે તેની સ્પષ્ટતા શ્લોક-૭માં કરી છે.

વળી ગ્રંથરચના કરતી વખતે ભાષાસમિતિના અને વાગ્ગુપ્તિના રહસ્યને લક્ષ્યમાં રાખીને તેના મર્મનો યથાર્થબોધ થાય એ પ્રકારે ઉપયુક્ત થઈને ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથ રચ્યો છે તેથી ગ્રંથરચનાકાળમાં જે શુભાશય થયો અને યોગ્ય જીવને મુનિભાવના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવવાનો જે ગ્રંથકારશ્રીનો શુભાશય હતો તેનાથી ગ્રંથકારશ્રીએ જે પુણ્યાનુબંધી પુણ્યરૂપ કુશલની પ્રાપ્તિ કરી તેના ફળરૂપે

જન્મના બીજ એવા રાગ-દ્વેષ વિલય પામો. એ પ્રકારે ગ્રંથકારશ્રીએ શ્લોક-૮માં પ્રાર્થના કરી છે જેનાથી એ ફલિત થાય કે પ્રસ્તુત ગ્રંથનું સમ્યગ્ ભાવન રાગ-દ્વેષના વિલયનું પ્રબળ કારણ છે અને ગ્રંથકારશ્રીએ પણ એવી પ્રાપ્તિના આશયથી જ પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે. તેથી જે યોગ્ય જીવો તે રીતે પ્રસ્તુત ગ્રંથથી આત્માને ભાવિત કરશે તેઓ પણ વાગ્ગુપ્તિના પ્રકર્ષને પામીને અવશ્ય રાગ-દ્વેષના નાશ માટે સમર્થ બનશે.

વળી આ ગ્રંથ રાગ-દ્વેષના વિલયનું પ્રબળ કારણ હોવાથી ગ્રંથકારશ્રી શ્લોક-૯થી અભિલાષ કરે છે કે રાગ-દ્વેષના વિલયના અર્થી એવા વિચક્ષણ પુરુષોથી વંચાતો એવો આ ગ્રંથ શાશ્વતકાળ જગતમાં રહો, જેથી યોગ્ય જીવોને સદા સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ બને.

વળી આ ગ્રંથ કેવો રમ્ય છે તેની સ્પષ્ટતા શ્લોક-૧૦માં કરતાં કહે છે કે જેઓ અયોગ્ય જીવો છે તેઓના કર્ણ માટે શૂલ જેવો છે; કેમ કે અયોગ્ય જીવોનું મનસ્વી રીતે સંયમમાં યત્ન કરીને ફળની આકાંક્ષા હોય છે તેઓને ઉચિત પ્રવૃત્તિનો રાગ હોતો નથી તેથી ભાષાવિષયક ઉચિત પ્રવૃત્તિનું વર્ણન અપ્રીતિકર થાય છે.

વળી સજ્જન પુરુષોના કર્ણ માટે અમૃતનાં છાંટણાં જેવો આ ગ્રંથ છે; કેમ કે ઉત્તમ પુરુષો અત્યંત ઉચિત પ્રવૃત્તિના અર્થી હોય છે અને ભાષાવિષયક અત્યંત ઉચિત પ્રવૃત્તિના રહસ્યને સાંભળીને તેઓના કર્ણમાં અમૃતનું સિંચન થાય છે, અને જેઓ આ ગ્રંથથી આત્માને ભાવિત કરશે તેઓ સદ્‌ગતિની પરંપરા દ્વારા ઉત્તમ પુરુષના યશને પામશે અને મોહનો વિજય કરીને આત્મા ઉપર પોતાનું આધિપત્ય પ્રાપ્ત કરશે, તેથી યશ અને વિજયની સંપત્તિ માટે ઉદ્‌ભાવન કરાતો આ ગ્રંથ છે માટે સદ્‌ગતિની પ્રાપ્તિ દ્વારા મોહનો જય કરવાના અર્થી મહાત્માએ સદા આ ગ્રંથ વિભાવન કરવો જોઈએ.

**ભાષારહસ્ય પ્રકરણ ભાગ-૨ સમાપ્ત**

तिविहा सुअम्मि भासा सच्चा मोसा असच्चमोसा य ।
सम्मं उवउत्तस्स उ, सच्चा सम्मत्तजुत्तस्स ।।

✻

શ્રુતમાં ભાષા=ભાવભાષા, સત્યા, મૃષા, અસત્યામૃષા
ત્રણ પ્રકારની છે. વળી સમ્યક્ત્વ યુક્ત
સમ્યગ્ ઉપયુક્તને સત્યાભાષા છે.


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in